

# ષોડશગ્રંથગત ઉપદેશો

# અને

# તેમની ૬૪ વાર્તાઓ

(૮૪-૨૫૨ વૈષ્ણવોની વાર્તાઓ પૈકી)

ભૂપેન્દ્ર ભાટિયા

।।શ્રીકૃષ્ણાય નમઃ।।

।।શ્રીમદાચાર્યચરણમકમલેભ્યો નમઃ।।

# પ્રાક્કથન

કોઈ પણ જીવતં સંપ્રદાય માટે પાયાની માફક એક પ્રાથમિક આવશ્યકતા તેના પ્રવર્તક આચાર્યની વાણીથકી ઉપદિષ્ટ કર્તવ્યોપદેશ કે તત્ત્વોપદેશની હોય છે.

બીજી આવશ્યકતા પોત-પોતાની સમજ શ્રદ્ધા અને નિષ્ઠા સાથે તે ઉપદિષ્ટ આદર્શોને વ્યવહાર્ય બનાવનારાઓની ચરિત્રગાથાઓની હોય છે.

ત્રીજા સ્થાને આવે છે : કોઈ આદર્શને વ્યવહાર્ય બનાવવાની સંનિષ્ઠાની સામે, જે તે-તે દેશ-કાલમાં ધાર્મિક સામાજિક આર્થિક રાજનૈતિક પારિવારિક શારીરિક અથવા તો માનસિક પરિબળો પડકાર બનીને આવતા હોય, તેવા પડકારોનો સામનો કરનારાઓની કોઠાસૂઝ અને જીજિવિષા. આ બંને તે-તે સંપ્રદાયોમાં લાક્ષણિક રૂઢિઓના રૂપે પ્રતિષ્ઠા પામતી હોય છે. આવી રૂઢિઓ સમૂળ કે નિર્મૂળ બંને જાતની હોઈ શકે. તે પૈકી સમૂળ રૂઢિમાં, ઉપદિષ્ટ સિદ્ધાંત કે આદર્શ ને અનુસરનારાઓની કોઠાસૂઝ શ્રદ્ધા નિષ્ઠા અને જીજિવિષા ઝળહળતી જોઈને, જોનારાઓનું માથું આદરથી નમ્યા વિના રહેતું નથી.

જયારે કે બીજી કેટલીક રૂઢિઓ નિર્મૂળ પણ ચાલી નિકલતી હોય છે. મૂલ આદર્શોના પ્રકટરૂપની સરખામણીમાં આ રૂઢિઓ વિરોધાભાસી લાગતી હોવા છતાંય તેનાં મર્મને જાળવવા માટે તે-તે દેશ-કાલમાં ઉપદિષ્ટ આદર્શોને અનુસરનાર સંનિષ્ઠો દ્વારા કરવામાં આવેલી બાંધછોડ તરીકે ચાલી નિકળેલી રૂઢિ હોય છે. મૂલ આદર્શોના મર્મથી વિરૂદ્ધ જતી ન હોય તો આવી રૂઢિઓનું મહત્વ તેને સ્થાપિત કરનારાઓના દેશ-કાળ પૂરતું ક્ષમ્ય હોય છે. છતાંય સાર્વદેશિક કે સાર્વકાલિક રૂપે આવી રૂઢિઓનું મહત્ત્વ સ્વીકારી શકાતું નથી.

તદુપરાંત પોતાના સાચા આદર્શોનું સદંતર ભાન ભૂલી જનારા નિષ્ઠાવિહીન સ્વસંપ્રદાયના દુરભિમાનીઓ પણ ઘણી વખતે પોતાનો નોખો ચોકો ઘડવા કે તેને નભાવી રાખવા માટે રૂઢિ પ્રકટાવતા હોય છે. મૂળ સિદ્ધાન્તોની સંપૂર્ણ અવહેલના કરવાને કારણે નિર્મૂળ એવી સિદ્ધાંતવિરોધી રૂઢિને અન્ધરૂઢિ સમજવી. આવી અંધરૂઢિઓનું વળગણ કોઈ પણ સંપ્રદાયને તેના સાચા સ્વરૂપમાં જીવવામાં વિષરૂપ જ બની જતું હોય છે.

શ્રીવલ્લભાચાર્ય મહાપ્રભુ દ્વારા પ્રવર્તિત પુષ્ટિસંપ્રદાયમાં પણ, ઉપર જણાવેલ પાંચેપાંચ પાસાઓને જો છૂટા પાડવા હોય તો અનાજના દાણાઓની સાથે ભળી ગયેલી કાંકરીઓથી તે દાણાઓને નોખા ચાળવવા માટે ચાળનીની માફક કયું સાધન કામ આવે ?

આ પ્રશ્નનું સમાધાન શોધતાં પહેલાં સંસ્કૃતભાષામાં મળતું એક સુભાષિત હું ટાંકવા માગીશ-

> भोक्तुं गजोऽपि हन्तव्यो भोक्तव्यश्चेद् हतो यदि ।
> गजभक्षणव्यापारे व्याघ्रो व्याघ्रो वृको वृकः ॥

એટલે વાઘ જો અતિશય ભૂખ્યો હોય તો હાથીનો પણ શિકાર કરવા ખંચકાતો નથી. પરંતુ વરૂ કે શિયાળિયા જેવા ક્ષુદ્ર માંસાહારી પશુઓ કયારેય હાથીના શિકાર કરી શકતાં નથી. છતાંય મરેલો હાથી ક્યાંક પડ્યો મળી જાય તો મોઢું મારવાનું ચૂકતા નથી. તે મુજબ દરેક સંપ્રદાયમાં કેટલાક ઉત્તમ કોટીના અનુગામીઓ પોતાના અડગ પુરુષાર્થ વડે પોતાના આદર્શ સિદ્ધાંતોને અનુસરતા હોય છે, વાઘની માફક! તો બીજા અલ્પપુરુષાર્થી અનુગામીઓ વરૂ જેવા ક્ષુદ્ર પશુઓની માફક પોતાના પુરુષાર્થના પ્રયોગ વિના તૈયાર માલનો ભોગવટો કરનારા હોય છે!! વળી ત્રીજા કેટલાક મરેલા હાથીના સડતા શરીરનાં ભક્ષણ દ્વારા પરોપજીવી કીડાઓ જેવા નિર્માલ્ય અનુગામીઓ પણ હોઈ શકે છે!!!

અસ્તુ ! અનુગામી કેવા સારા કે કેવા ખોટા એની આથી વધુ છણાવટમાં પડ્યા વિના સાચા સિદ્ધાંતને અને સાચી રૂઢિઓને ખોટી ભ્રમણાઓ અને અંધરૂઢિઓથી નોખી ચાળવા માટે આપણી પાસે કોઈક નિકષ હોવો જરૂરી લાગે છે. તેથી આપણા સંપ્રદાયના મૂળ આચાર્યો - શ્રીમહાપ્રભુજી અને તેમનાં બંને આત્મજો શ્રીગોપીનાથજી અને શ્રીવિઠ્ઠલનાથજીનાં ઉપદેશગ્રંથોમાં આપવામાં આવેલી આજ્ઞાઓ અને તેમને માંથી ઝીલીને જીવનમાં અમલમાં લાવનારા તેમના શિષ્યો કે સેવકો ના ચરિત્રોને સમન્વિત કરીને જોવાની વિચારરીતિ આપણને સાચું માર્ગદર્શન પૂરૂં પાડી શકે છે.

આજે એક તરફ આપણે મૂલાચાર્યોના ઉપદેશથી વિપરીત એવા જાહેર સેવા-કથાપ્રણાલીના ધંધાકીય કે સખાવતી ભંડોળી સેવામનોરથોના પ્રદર્શનોને અને ભાગવતસપ્તાહોને આપણા સંપ્રદાયના પ્રમુખ ધર્માનુષ્ઠાન માની લેવાની ભ્રમણામાં ભટકી રહ્યા છીએ. તો બીજી તરફ કહેવાતા નાનાવિધ પેટા પંથો, નામશ:, વલ્લભપંથ યમુનાપંથ ગિરિરાજપંથ દામોદરપંથ જેવા કઢંગા સિદ્ધાંતવિહોણા વેવલાવેડાઓમાં આપણે આપણી સમજ અને શ્રદ્ધાને વેડફી રહ્યા છીએ. આવી કપરી કસોટીમાંથી આજે આપણો સંપ્રદાય પસાર થઈ રહ્યો છે.

ચાલી રહ્યા હોઈશું આપણે સ્વમાર્ગ ઉપર જ પણ હકીકતમાં જયાંથી યાત્રા આરંભ કરીને જયાં સુધી પહોંચવાનો અભિગમ રાખવો જોઈએ તેથી વિપરીત દિશામાં જ દોડાદોડ કરીને પોતાના ગંતવ્યનું ભાન ભૂલી ગયા હોઈએ એવું સ્પષ્ટ રીતે દેખાઈ રહ્યું છે. આના નિરાકરણ માટે આપણા ઉપદેશગ્રંથો અને આપણી ચોરાસી-બસ્સો બાવન વૈષ્ણવોની વાર્તાઓના સમન્વિત અભ્યાસ થકી સાચો કર્તવ્યબોધ મેળવવા ઉપર

હું ભાર આપવા માંગુ છું. એટલે આ નિષ્ઠાશીલ ભગવદીયોની વાર્તાઓને આધારે યદ્વા-તદ્વા સિદ્ધાંત ઘડી કાઢવાની છીછરી માનસિકતા ત્યાગીને આપણાં આચાર્યશ્રીઓ જે ઉપદેશ તે-તે ભગવદીયોને આપ્યા તે ઉપદેશોને તે-તે ભગવદીયોએ પોતાના વ્યવહારમાં કેવી રીતે આત્મસાત્ કર્યા તે મુજબ ઉપદેશોને વાર્તાઓમાં શોધવા જરૂરી છે. આ વાર્તાઓ કયા-કયા ઉપદેશોને કથામય ઉદાહરણોથી મંડિત કરે છે તે વાર્તાઓને ઉપદેશગ્રંથોમાં પણ શોધી કાઢવાની મારા વચનોમાં પ્રેરણા આપતો રહું છું.

મને હાર્દિક પ્રસન્નતા થાય છે આ દિશામાં પોતે સંશોધન-મનન અને લેખન કરીને, તે લેખનમાં યોજાયેલ પોતાની આગવી સૂઝો ક્યાંય સ્વમાર્ગીય સિદ્ધાંતથી વિપરીત તો નથી જતી તેની ખાતરી કરવા માટે અવાર-નવાર મારાથી ચર્ચા કરીને પણ શ્રીભૂપેન્દ્રભાઈએ આ ગ્રંથ તૈયાર કર્યો છે. આમ આ ગ્રંથ એક નવી મનોહર ભાત પાડનાર ભાવનાપ્રચુર સરસ પુષ્ટિમાર્ગીય લખાણરૂપે પ્રકટ થવા જઈ રહ્યું છે. તેથી આ ગ્રંથની અભિવંદનીયતા અને સ્વમાર્ગીય ભાવુક જનોના પુષ્ટિમાર્ગીય ભાવોની અભિવર્ધકતામાં બેમત હોઈ શકતા નથી. આ ગ્રંથની ટ્રાંસ્પરંસી પ્રિંટરમાંથી કાઢી આપનાર શ્રીપરેશભાઈ અને સુશ્રી ખ્યાતિ, જેણે કવરડિઝાઈનની ગ્રાફિક પણ બનાવી આપી, તે બંનેને મારા હાર્દિક સાધુવાદ આપું છું.

આમ લેખિત રૂપે કે ચિંતન રૂપે દરેક પુષ્ટિમાર્ગીય વ્યકિત પોતાના સ્વાધ્યાયમાં ષોડશગ્રંથ, પંચશ્લોકી, સર્વનિર્ણયનું સાધનપ્રકરણ, સાધનદિપીકા વિ. ઉપદેશગ્રંથોનું આપણાં વાર્તાસાહિત્ય અને વચનામૃત સાહિત્ય સાથે પરસ્પર સમન્વય સાધીને વાંચન મનન કે સત્સંગનો અભિગમ અપનાવે તો પ્રવર્તમાન ઘણી બધી અંધરૂઢિ અને ભ્રમણાઓનું આપણે આપણી પુષ્ટિનિષ્ઠામાંથી નિરાકરણ કરવા સમર્થ બની શકીએ છીએ. "બુદ્ધિપ્રેરકકૃષ્ણસ્ય પાદપદ્મં પ્રસીદતુ!"

ગોસ્વામી શ્યામમનોહર

## તૃતીય આવૃત્તિની ભૂમિકા

આટલા અલ્પ સમયમાં ત્રીજી આવૃત્તિ શ્રીવલ્લભવિઠ્ઠલસિદ્ધાંતજિજ્ઞાસુ-મંડલ પ્રકાશિત કરાવી રહ્યો છે તે સ્વયંસ્ફૂર્ત ઉત્સાહ આ ગ્રંથની હૃદયાવર્જકતાનું પ્રમાણ છે. શ્રીમહાપ્રભુની કૃપાથી આવો અભિગમ સહુ પુષ્ટિમાર્ગીઓનો પોતાના પુષ્ટિસત્સંગમાં શ્રવણ અને મનનને રૂપે વિકસે તેવી શુભકામના સાથે...

૬૩, સ્વસ્તિક સોસાયટી, ૪થો રસ્તો, જુહુસ્કીમ, પારલે, મુંબઈ ૪૦૦૦૫૬. અડૈલ, મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યમાર્ગ, નયા શહર, કિશનગઢ ૩૦૫૮૦૨.

# પુરોવાક્

પાર્લાવાળા પૂ.પા.ગો. શ્રી.શ્યામમનોહરજીએ, આપના એક વચનામૃતમાં એવી આજ્ઞા કરી છે કે ષોડશગ્રંથ અને ચોરાસી વૈષ્ણવોની વાર્તાઓ એકમેક કરી, બે વર્ષ સુધી જે વૈષ્ણવ અધ્યયન કરશે, એમના પુષ્ટિ સંપ્રદાય સંબંધીત, લગભગ ૮૦ % પ્રશ્નોનું નિવારણ થઈ જશે. ત્યારે મને વિચાર આવ્યો કે, બાવાશ્રી જો આટલું પ્રચંડ statement કરતા હોય, તો એનું અવશ્ય ગંભીર રહસ્ય હશે. એટલે મેં ત્રણેક વર્ષ સુધી, પુરુષવાચક લાગતા ગ્રંથો અને સ્ત્રીવાચક વાર્તાઓનું એકીકરણ કરી, એમની સુધા સંગમને માણવાનો પ્રયાસ કર્યો. બાવાશ્રીની આજ્ઞા ત્યારે સમજાઈ કે જો ષોડશગ્રંથો શ્રીમહાપ્રભુજીની વાણીનો ઉપદેશ છે, તો વાર્તાઓ, વાક્પતિના વાક્સિંધુનો લીલાત્મક ઉપદેશ છે. એની સાથે નામાત્મક ઉપદેશ એવા સર્વોત્તમજી અને નામરત્નાખ્યને સંમિશ્રિત કરવાથી સોનામાં સુગંધ પ્રકટ થઈ જાય છે. ત્રણ વર્ષના અવગાહન પછી, આ બધીય પ્રતીતિ મને અકલ્પિત, આનંદાત્મક અને ચમત્કૃતિભરી લાગી. પૂ.પા. શ્રીશ્યામુબાવાને એ સંબંધીત મેં નિવેદન કર્યું, ત્યારે બાવાશ્રીએ, આ ગ્રંથ લખવાની મને સહઆશીર્વાદ આજ્ઞા આપી. શ્રીમહાપ્રભુજી, શ્રીવિઠ્ઠલેશ પ્રભુ, શ્રીઠાકુરજી, મારા પરમ પૂજય ગુરુજી ગો. શ્રીદીક્ષિતજી મહારાજશ્રી અને શ્રીશ્યામુબાવાની કૃપાની ફલશ્રુતિરૂપ આ ગ્રંથ છે.

મહારાજશ્રીની આજ્ઞા પ્રમાણે, ષોડશગ્રંથ અને વાર્તાઓને એકમેક કરી "સાનવાથી", એમાં મને જે અનેકરંગી પહેલુઓ દૃષ્યમાન થયાં તેને સહેજ અભિવ્યકત કરવા માટે મન લાલાયિત થાય છે. આના થકી, શ્રીશ્યામુબાવાની આજ્ઞાની ગરિમાનો સહેજ પરિચય થશે. ષોડશગ્રંથો અને વાર્તાઓ, એકબીજામાં ઓતપ્રોત થઈને વિલસવા લાગી, ત્યારે શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંત, ભાવ અને લીલાઓનું એક મૃદુલતમ implosion મારા અંતઃકરણમાં થયું. સિદ્ધાંતસભર ગ્રંથો લીલાભાવાત્મક દર્શાવા લાગ્યા અને ભાવાત્મક વાર્તાઓ સિદ્ધાંતની સૌરભ પ્રકટ કરવા લાગી. ત્યારે મને સ્પષ્ટ



સમજાયું કે ભકિતરસ, સિદ્ધાંતના પાત્રમાં ઝલકે છે. ષોડશગ્રંથ અને વાર્તાઓનું મિલન કરવાથી પ્રમાણ, પ્રમેય બની જાય છે અને પ્રમેય, પ્રમાણરૂપ. ગ્રંથ અને વાર્તાઓનો આવો શુદ્ધાદ્વૈત છે.

શ્રી આચાર્યજીએ જે ષોડશગ્રંથ જે વૈષ્ણવ માટે પ્રકટ કર્યો છે, અથવા તો જે વૈષ્ણવની વાર્તા જે ગ્રંથ સાથે સંકળાયેલી છે, તે ભગવદીયના અંતઃકરણમાં, એ ગ્રંથના સર્વ ભાવો અને લીલા રહસ્યો વિદ્યમાન છે, કારણકે એ વૈષ્ણવ, આચાર્યચરણના એ ગ્રંથને ઝીલવા અને જીવવાનું સંપૂર્ણ પાત્ર છે. તેમજ, પ્રત્યેક ચોરાસી વૈષ્ણવના મૂલ સ્વરૂપમાંથી સાત્ત્વિક, રાજસ અને તામસ એવા ત્રણ આવિર્ભાવ બસોબાવન વૈષ્ણવોમાં પ્રકટ થયાં છે. અર્થાત્ બસોબાવન વૈષ્ણવોના આવા આવિર્ભાવમાં, તદ્ તદ્ ચોરાસી વૈષ્ણવોના ભાવ વિદ્યમાન છે. ચોરાસી વૈષ્ણવોના ભાવોની, એમના આવા બસો બાવન વૈષ્ણવોના ત્રણ પ્રાકટયમાં continuity છે. એટલે જ ગોકુલેશપ્રભુ પ્રત્યેક બસોબાવન વૈષ્ણવ માટે આજ્ઞા કરે છે કે ; "वे इनते प्रकटी ताते इनके भावरूप है ।" આનાથી એ પણ સુસ્પષ્ટ થાય છે કે, ચોરાસી વૈષ્ણવ માટે શ્રીવલ્લભે, જે ષોડશગ્રંથ પ્રકટ કર્યો છે, તેના સર્વે મર્મો એમના બસોબાવન વૈષ્ણવોના પ્રાકટયમાં પણ વ્યાપ્ત છે.

ચોરાસી વૈષ્ણવો નિર્ગુણભાવાત્મક હોવાથી, સ્થલ વિશેષ પર એમના ગૂઢ ભાવો એમની વાર્તામાં અપ્રકટ રહયાં છે, પણ એમના corresponding બસોબાવન વૈષ્ણવની વાર્તા વાંચવાથી, આ ભગવદીયોના અને ષોડશગ્રંથના ગૂઢ ભાવોનો વિશેષ પરિચય થાય છે. નહિ તો, માનસિ સેવામાં સદા વિમગ્ન રહેતા અચ્યુતદાસજીના અંતરના ભાવ તરંગોની પિછાણ આપણને કેમ થાત ?

બધાય ષોડશગ્રંથોમાં ભકિતનું જ પ્રાચુર્ય છે. તેથી આચાર્યચરણ સિદ્ધાંતના રૂપમાં ષોડશગ્રંથ નથી સમજાવતા, પણ પુષ્ટિભકિતમાર્ગ પર અભિસરણ કરતી વખતે ભકતને જે જે સમસ્યાઓ ઉત્પન્ન થાય છે, તેનું સમાધાન મહાપ્રભુજી ષોડશગ્રંથમાં કરે છે. કઈ વાર્તામાં કયું સમાધાન કેવી રીતે કર્યું છે, એ પ્રત્યેક

વાર્તાને ષોડશગ્રંથની પંકિતઓ સાથે મેળવવાથી જ ખ્યાલ આવશે.

ચોરાસી - બસોબાવન વૈષ્ણવની વાર્તાઓમાં પુષ્ટિભકતોનો, પ્રભુ માટે જે પ્રગાઢ સ્નેહ છે, તેના દર્શન થાય છે, તો ષોડશગ્રંથો આચાર્યશ્રીનો પુષ્ટિ ભકતો માટેનો સ્નેહ છે તેને અભિવ્યકત કરે છે. તેથી જ, ષોડશગ્રંથમાં મહાપ્રભુજી સ્વયં પોતાના ભકતોના અનંત ગૂઢ ભાવોનું વર્ણન ગૂઢ રીતે કરવાનાં moodમાં છે. એમ ન હોત તો દરેક વાર્તા આચાર્યશ્રીની વાણીનો લીલાત્મક ઉપદેશ ન બનત. એમ ન હોત તો દરેક વાર્તાના અંતમાં શ્રીગોકુલનાથજી એમ આજ્ઞા ન કરત કે ; " इनकी वार्ता कहां ताइ कहिये ।" અર્થાત્ ષોડશગ્રંથ પ્રકટ કરતી વખતે, શ્રીવલ્લભપ્રભુ પોતે જ પોતાના સ્વકીયજનોની કીર્તિનું વર્ધન કરવાના આવેશમાં છે, તો શ્રીગોકુલેશ વિચારે છે કે ; "હું આ ભગવદીયની વાર્તા વિશેષ ક્યાં સુધી કહું ?" ગોકુલનાથજી આમ કહી પ્રત્યેક વાર્તામાં ઈશારો કરી રહયા છે કે, આ ભગવદીયની ભાવતરંગોનો સમ્યક્ અનુભવ કરવો હોય તો ષોડશગ્રંથનો આશ્રય લેવો અનિવાર્ય છે. શ્રીમહાપ્રભુજી - શ્રીગુસાંઈજીના અવતાર કાલમાં પણ, વૈષ્ણવો ષોડશગ્રંથ અને ભગવદીયોની વાર્તાઓની સુધાસંગમનો આસ્વાદ માણતા, તેનો ઉલ્લેખ ૨૫૨ વૈષ્ણવોમાં બે ભાઈની વાર્તામાં કરેલ છે.

પ્રપંચવિસ્મૃતિપૂર્વક ભગવદાસકિત એ આચાર્યચરણના નિરોધનું સ્વરૂપ છે. પ્રપંચવિસ્મૃતિમાં પુષ્ટિભકતોનો સાક્ષિભાવ અભિવ્યકત થાય છે અને ભગવદાસકિતમાં રમણાત્મક ભાવ. તેથી જ, નવરત્ન ગ્રંથમાં મહાપ્રભુજી આજ્ઞા કરે છે કે ; "साक्षिणो भवताखिलाः અને "यैः कृष्णसात् कृतप्राणैः ।" ચોરાસી બસોબાવન વૈષ્ણવની વાર્તાનો સહારો લીધા વિના, ષોડશગ્રંથમાં અવસ્થિત આવા સાક્ષિ અને રમણાત્મક ભાવોનું દર્શન કેવી રીતે થશે ? શ્રીસુબોધિનીજીમાં પ્રકટ થયેલ આચાર્યચરણની વાણીના યથાર્થ દર્શન ગ્રંથ અને વાર્તાના સંગમવિલાસથી જ થાય છે. "आत्मा यावत् प्रपन्नोभूत् तावद् वै रमते हरिः ।"

લીલોપદેશયુકત વાર્તામાંથી, મહાપ્રભુજીના સિદ્ધાંતનો



નિષ્કર્ષ ન પણ મળી શકે, કારણકે લીલા કરતી વેળા સર્વસમર્થ પ્રભુ પોતાના સિદ્ધાંતનું અતિક્રમણ કરવાનાં moodમાં પણ હોઈ શકે છે. આચાર્યશ્રીની ઉકિત છે ; " मर्यादाभंगोहि पुष्टिः ।" જેમકે બસોબાવન વૈષ્ણવની એક વાર્તામાં એક ભગવદીયે ઠાકુરજીને દાતણ ધરાવ્યું, તો એમાંથી પ્રભુને દાતણ ધરાવવું એ મહાપ્રભુજીનો સિદ્ધાંત છે, એમ નિષ્કર્ષ ન નીકળે. તેથી જ ષોડશગ્રંથના આધારથી વાર્તાઓના ભાવોમાં પ્રવેશ કરવાથી સિદ્ધાંત અને લીલાઓનું યથાર્થ જ્ઞાન મળે છે. મહાત્મ્યજ્ઞાનપૂર્વક સર્વતોધિક સુદૃઢ સ્નેહનો આસ્વાદ મળે છે.

મહાપ્રભુજીની વાણી વેણુનાદાત્મક છે સુધા સભર છે. "અબહી ઈલ્લમા કૂખ ઉદય હૈ દૈવિજન વચનામૃતાનંદ." સારસ્વત કલ્પમાં રાસનો અધિકાર એમને જ મળ્યો જેમણે વેણુનાદની સુધાનું પાન કર્યું. અદ્યતન કાલમાં આચાર્યશ્રીની વાણી વેણુસુધા પ્રચુર હોવાથી, વેણુનાદાત્મક હોવાથી, આપની વાણીના અવગાહનથી જ પુષ્ટિસંપ્રદાયનો જીવ, રાસલીલાનો અધિકારી બની શકે છે, એના વિના નહિ. કોટિનમેં વિરલા પદ્મનાભદાસજીનું પદ આનું પ્રમાણ છે. "તબ વેણુનાદ દ્વાર અબ શ્રીલક્ષ્મણભટ્ટ ભૂપકુમાર." આચાર્યજીની વાણી રાસસ્થલીનું દ્વાર છે અને આપ रासस्त्रीभावपुरित विग्रह હોવાથી એ સ્થલીમાં અખંડ વિદ્યમાન છે. શ્રીવલ્લભની વાણી અમૃત અને અગ્નિબીજથી પુરિત છે, અર્થાત્ સંયોગ અને વિપ્રયોગની સુધાથી ભરપૂર છે એના શ્રવણથી જીવમાં પ્રભુ માટે પ્રેમનું ઉદ્દીપન થાય છે. વાણીથી પ્રેમનું પ્રવર્ધન થતાં પુષ્ટિભકતને રાસાધિકાર મળે છે. આ જ processને સમજાવતાં પદ્મનાભદાસજી ગાજે છે ; "વાગધીશ વચનામૃત ગહવર, પરાકાષ્ઠા પ્રેમ પ્રસંગિત, વ્રજપુર વધૂ સ્વરૂપ નેહ સુન સુન કાહુ ન કસકો."

ખુબસુરતી તો એ છે કે, શ્રીવલ્લભની ષોડશગ્રંથની પ્રત્યેક વાણીમાં અલૌકિક Layer ભીતર Layers છે. આને આવરવાનો, પ્રત્યેક ષોડશગ્રંથમાં મારો યથામતિ અહીં નમ્ર પ્રયાસ છે, કારણકે આ વિષયનું વિલક્ષણ રહસ્ય છે. એનો એક ખુલાસો પ્રભુચરણની

ઉક્તિમાં મળે છે. "वाण्या यदा तदा स्वास्थ्यं ।" એટલે વાક્‌પતિની જે Layerની વાણી પુષ્ટિ જીવનાં અંતરમાં પ્રવિષ્ટ થઈ, એવા ભગવદીયને પ્રભુ तदा स्वास्थ्यं એટલે કે એ Layerને અનુરૂપ સ્વમુખામૃતનું પાન કરાવે છે. આધુનિક પુષ્ટિ સંપ્રદાયના જીવોનો ઉદ્ધાર કેવલ શ્રીમહાપ્રભુજી કથિત સિદ્ધાંતો પાળવાથી જ છે, એવી મહોર સ્થાપીત કરતાંય શ્રીવિઠ્ઠલેશ પ્રભુ ઉદ્‌ઘોષ કરે છે કે ; वाण्या यदा तदा स्वास्थ्यं ।"

હવે અહીં સહેજ અવલોકી લઈએ કે, શ્રીવલ્લભની વાણીના આ વિવિધ Layers કેવાં છે ? આચાર્યશ્રીના પ્રત્યેક શબ્દ ભીતર એનો અર્થ છે, એમાં ગૂઢાર્થ બિરાજે છે અને એમાં નિગૂઢાર્થ. તેની અંદર અનંત ભાવ અને લીલાઓ. શ્રીવલ્લભની પ્રતિપલની વૃત્તિ રસલીલાભાવાત્મક હોવાથી, આપની વાણીથી ઉચ્ચારેલ એક અક્ષર પણ એ વૃત્તિને અસ્પર્શિત થઈને પ્રકટ નથી થતો. prism માંથી પસાર કરવાથી સૂર્યકિરણો અનેકરંગી દર્શાય છે તેમ "भक्तिमार्गाब्जमार्तंड"ની વાણીને, વાર્તાઓના prism માંથી પસાર કરવાથી અનેક Layers ની ભાવતરંગો ઉમટે છે. વાક્‌પતિનીવાણીનો ગૂઢાર્થ પુષ્ટિ જીવમાં ભાવનું ઉદ્દીપન કરે છે, અને એ જ વાણીનો નિગૂઢાર્થ પુષ્ટિ ભક્તને લીલાની માનસિ કે માનસિસેવામાં લઈ જનારો છે. એમ ન હોત તો કેવલ "સિદ્ધાંતમુક્તાવલિ"ના શ્રવણથી અચ્યુતદાસને માનસિ સેવા ઉપલબ્ધ ન થાત કે "સેવાફલ" ગ્રંથના શ્રવણથી વિષ્ણુદાસ છિપાને લીલાની માનસિ સિદ્ધ ન થાત. "બાલબોધ" ગ્રંથ સાંભળીને, નારાયણદાસ કાયસ્થને અતિ દુર્લભ એવો "ક્વાસિભાવ" સુલભ ન થાત કે કેવલ "ભક્તિવર્ધિની"ના શ્રવણથી પુરુષોત્તમ જોશી નિર્ગુણભક્તિના ઉત્તમ અધિકારી ન બનત. સ્પંદનોથી અલિપ્ત એવા નરહરિ સંન્યાસીને શ્રીવલ્લભે, "સંન્યાસનિર્ણય" ગ્રંથ સંભળાવીને નિતાન્ત દુર્લભ એવા વિકલત્વ અને અસ્વાસ્થ્યયુક્ત ગોપીભાવનું દાન કર્યું છે. "ભજ સખી ભાવ ભાવિત દેવ." કયા પુષ્ટિભક્ત શ્રીમહાપ્રભુજીની વાણીના કયા Layer સુધી પહોંચ્યા છે, એના પરથી એમની ભક્તિની કક્ષાના આજે પણ દર્શન થાય છે. શ્રીમહાપ્રભુજીની



વાણી સામાન્ય કે અસામાન્ય નથી પણ સ્વરૂપાત્મક છે. ભજનાનંદ અને સ્વરૂપાનંદમાં ઓતપ્રોત કરાવનારી છે. તેથી જ ગવાયું; "વેણુગીત પુન: યુગલગીતકી રસ બરખા બરખાઈ."

શ્રીઆચાર્યચરણની વાણી અનંત લીલાઓનું ઉદ્‌બોધન કરનારી છે, નિત્યલીલામાં, ઉદ્દિપન વિભાવ અને તન્મયતાનું cycle ચાલે છે, ત્યારે જ તો ગોપાલદાસજી ગાજે છેકે; "નિત્યલીલા નિત્ય નૌતમ શ્રુતિ ન પામે પાર." નિત્યલીલાના આ અનિર્વચનીય processને શ્રીઆચાર્યચરણે પ્રત્યેક ષોડશગ્રંથમાં સ્થાપિત કર્યો છે. ષોડશગ્રથમાં પુષ્ટિજીવને શ્રીવલ્લભ કયારેક ઉદ્દીપન કરે છે તો વળી કયારેક તન્મયતા તરફ દોરે છે. આનું રહસ્ય કેવલ વાર્તાઓના માધ્યમથી જ પ્રસ્ફૂટ થશે. જેમકે વિશેષત: વૈષ્ણવોને શ્રીમહાપ્રભુજી શ્રીગુસાંઈજીએ "સિદ્ધાંતમુક્તાવલિ" કથિત "तत्सिद्ध्यै तनुवित्तजा"ના ઉદ્દિપન વિભાવાત્મક processથી પુષ્ટિ ભક્તિમાર્ગમાં દોર્યા છે. અચ્યુતદાસજીનો અત્યાવેશ ત્વરાથી સેવાની તન્મય અવસ્થા સંપાદન કરવાનો હોવાથી શ્રીવલ્લભ તેમને "मानसि सा परामता"ની તન્મય અવસ્થાનું સીધું જ પ્રદાન કરે છે.

ચાચા હરિવંશજી કહે છે કે ; "સેવા તો બાપ બેટા કરી જાને." ચાચાજીની આ ઉક્તિ શ્રીમહાપ્રભુજી શ્રીગુસાંઈજીની ભગવત્સેવા સુધી જ સીમિત નથી, પણ પિતાપુત્રનો જે વૈષ્ણવ સેવાનો આવેશ છે તેને પણ આવરી લે છે. એવી એકપણ વાર્તા નથી, જેમાં પિતાપુત્રની વૈષ્ણવ પ્રત્યેની પ્રીતિ અને સેવા દૃષ્યમાન થતી ન હોય, કયારેક આ સેવા શ્રીવલ્લભે અને શ્રીવિઠ્ઠલેશે, दैवोद्धारप्रयत्नात्मा સ્વરૂપે પૃથ્વી પરિક્રમા કરીને કરી છે, તો વળી કયારેક, જીવના ઉદ્ધાર માટેનો વિલંબ સહન ન કરી શકવાથી, અતિ પુષ્ટિના આવેશમાં स्मृतिमात्रार्तिनाशन રૂપે કરી છે. પુષ્ટિમાર્ગના ઠાકુર, શ્રીમહાપ્રભુજીના ભાવાત્મક હોવાથી, શ્રી અને હરિ એમ બન્ને પિતાપુત્રના આવા વૈષ્ણવસેવાના ભાવથી સંપૂર્ણ રીતે અવગત છે. તેથી જ તો ગાયની સેવા કરતા પટેલ વૈષ્ણવ જયારે ભૂખ્યા છે, ત્યારે યુગલસરકાર સ્વયં એમના માટે લાડુ લઈ જઈને વૈષ્ણવ

સેવાનો આહ્‌લાદ લઈ રહયાં છે. બસોબાવન વૈષ્ણવની વાર્તામાં એક ભગવદીય બહેને સાડી વેચી ઘેર આવેલા વૈષ્ણવનું સમાધાન કર્યું, ત્યારે કોઠીમાં છૂપાયેલા એ બહેનને સાડી આપી સ્વામિનીજી સ્વયં વૈષ્ણવની સેવાનો આસ્વાદ લઈ રહ્યાં છે. વાર્તાઓમાં આવી વિરુદ્ધધર્માશ્રયની લીલાઓને અનુમતિ આપતી ષોડશગ્રંથની પંકિત ઉદ્‌ઘોષ કરે છે. "इत्येवं भगवच्छास्त्रं गूढतत्वं निरूपितम् ।" ભકતવશ્ય લીલાનું આવું અનિર્વચનીય માહાત્મય છે.

પૂ.પા.ગો. શ્રીશ્યામુબાવા ષોડશગ્રંથ અને વાર્તાઓના અવિરત મિલનની ગાથા સદા ગાતા હોય છે એનું બીજું પણ એક અદ્‌ભૂત રહસ્ય છે. શ્રીઆચાર્યચરણે સૂત્રાત્મક રીતે coded ભાષામાં ચોરાસી બસોબાવન વૈષ્ણવોના ભાવોને ષોડશગ્રંથમાં ઠોસ ઠોસ ભર્યા છે. એનું decoding વાર્તાઓ દ્વારા જ થઈ શકે છે. તદુપરાંત શ્રીમહાપ્રભુજીનો ષોડશગ્રંથ પ્રકટ કરવાનો અથાગ પ્રયાસ સાર્થક થાય અને વૈષ્ણવો ષોડશગ્રંથનું અવગાહન કરે એ હેતુથી, શ્રીગોકુલેશ પ્રભુ અને શ્રીહરિરાયચરણ લગભગ પ્રત્યેક વાર્તામાં સ્થલવિશેષ પર coded ભાષા વાપરે છે. ષોડશગ્રંથના આધાર વગર એનું decoding કયારે પણ થઈ નહિ શકે અને વાર્તાને decode કર્યા સિવાય, એમાં ગર્ભિત રહેલ લીલા અને રહસ્યો જાણી કે માણી નહિ શકાય. આ વિષયનું ગાંભીર્ય અને વિલક્ષણતા સમજવા માટે માધવદાસે વેશ્યા રાખેલ, એ વાર્તાનો એકજ paragraph, ષોડશગ્રંથના માધ્યમથી decode કરવાનો અહીં નમ્ર પ્રયાસ છે.

વાર્તા સાહિત્યમાં શ્રીગોકુલનાથજી કે શ્રીહરિરાયજી, વૈષ્ણવોના હીન નામો કયારેય લખતાં નથી. એવા નામવાળા વૈષ્ણવોને આપ "અમુકી" વગેરેથી સંબોધીત કરે છે. પરંતુ માધવદાસની વાર્તામાં વેશ્યાએ શ્રીગુસાંઈજી પાસે નામ લીધું તે પછી પણ આ પ્રસંગના એક જ પેરેગ્રાફમાં શ્રીહરિરાયચરણ આ બહેન માટે છ વખત "વેશ્યા" શબ્દ વાપરે છે. આ રહસ્યને decode કરવા તો "અંતઃકરણપ્રબોધ" ગ્રંથની એક પંકિતનો આધારે લઈએ. "चाण्डाली



चेद्राजपत्नी जातां राज्ञा च मानिता ।" વેશ્યા શબ્દને અહીં ચાંડાલીનો પર્યાયવાચક લઈએ તો હરિરાયજી છ વખત શબ્દ તો વેશ્યા વાપરે છે, પરંતુ એ વખતે આપનું અનુસંધાન એ વેશ્યા કે ચાંડાલીના પુષ્ટિમાર્ગીય "राजपत्नी અને "जाता राज्ञा च मानिता"ના અધિકાર અને સ્વરૂપ તરફ છે લૌકિક વેશ્યાના છ લક્ષણોનું પુષ્ટિકરણ થયા પછી, આ બહેનમાં, પ્રભુ સમ કેવા ષડ્‌ધર્મો આવિષ્કૃત થયા છે એની ઝાંખીમાય શ્રીહરિરાયચરણ વિમગ્ન છે. એના દર્શન "અંતઃકરણપ્રબોધ" ગ્રંથના આધારથી અહીં સહેજ કરી લઈએ.

(૧) લૌકિકમાં વેશ્યા લાજ, શરમ અને મર્યાદાનો ભંગ કરનાર છે. આ લક્ષણોનું પુષ્ટિકરણ થતાં અને चाण्डालीचेद्राजपत्नी" બનતાં, આ બહેને ભગવદ્‌ સ્નેહના આવેશમાં અટકાવમાંય સેવા કરીને મર્યાદાનું શતખંડ ખંડન કર્યું છે. એમાં એમનો અલૌકીક "ઐશ્વર્ય" ધર્મ નિખાર પામે છે.

(૨) આધિભૌતિકમાં, વેશ્યા એની પાસે જનારને લૂંટી લેનારી હોય છે અને લૂંટાયેલો માણસ પરવશ બનીને પુનઃ વેશ્યા પાસે જ જાય છે. માધવદાસજીવાળા વેશ્યા "जाताराज्ञाचमानिता" બનતાં, ભક્ત પરાધીન અવસ્થામાં, એમના પ્રભુ આ ભગવદીય પાસે લૂંટાવાનો આનંદ માણી રહયા છે અને લૂંટાયા પછીપણ આ બહેન વગર, ઠાકુરજી બેચેન બની જાય છે. તેથી શ્રીગુસાંઈજી, આ ભગવદીયનાં "વીર્ય" ધર્મનો પ્રકાશ કરતાં એમને કહે છે કે "जो वेगि जा तेरे लिये श्रीठाकुरजी बेठी रहे है ।"

(૩) ભજનાનંદ અને સ્વરૂપાનંદની મસ્તીમાં, પોતાના "શ્રી" ધર્મનું અનાયાસ દર્શન કરાવતાં, આ ભગવદીય શ્રીવિઠ્ઠલેશપ્રભુને વિનંતિ કરે છે, "अब एक धनी अलौकिक आपु करि दिये, तिन बिना कैसे चारि दिन रह्यो जाई ।" આવો "શ્રી" ધર્મ વૈષ્ણવમાં કયારે ઝલકે ? "અંતઃકરણપ્રબોધ" ગ્રંથની પંકિત આજ્ઞા કરે છે. "लौकिक प्रभुवत्कृष्णो न दृष्टव्यः कदाचन ।"

(૪) પોતાના "જ્ઞાન" ધર્મનો પ્રકાશ કરતા આ બહેન શ્રીગુસાંઈજીને

વિનવે છે. "अरु पांचवे दिन अपरस ह्‌व कादि पंचामृतसो श्रीठाकुरजीको स्नान करावत है ।" ભકિતના આવેશમાં ભકત ભલે મર્યાદાનું ઉલ્લંઘન કરી જાય, પણ જો આવેશ ઓસરી ગયા પછી એણે પુનઃ નવી અપરસ કરવી જોઈએ. એ સેવક ધર્મ છે. "અંતઃકરણ પ્રબોધ" ગ્રંથની પંકિત બોલી ઊઠે છે "सेवकस्य तु धर्मोयं ।"

(૫) સંસારમાં વેશ્યાને પોતાના વ્યવસાય સિવાય અન્ય સર્વ વિસ્મૃતિ છે. આ લક્ષણનું પુષ્ટિમાર્ગીય ઉર્ધ્વગમન થયા પછી આ બહેનને "વૈરાગ્ય ધર્મ" પ્રચુર પ્રપંચવિસ્મૃતિપૂર્વક ભગવદાસકિત સિદ્ધ છે. પોતાના આત્મનિવેદનનું ભાવન અભિવ્યકત કરતાં આ ભગવદીય શ્રીગુસાંઈજીને વિનંતિ કરે છે કે "सो आपु तो अन्तर्यामी हो । एकक्षणको अंतराय सह्यो नाहिं जात है ।" એમની આવી નિરોધયુકત અવસ્થાને સમજાવતાં "અંતઃકરણપ્રબોધ" ગ્રંથ આહ્‌લાદથી ઉદ્‌ગાર કરે છે. "सर्वं समर्पितं भक्त्या कृतार्थोऽसि सुखी भव ।"

(૬) આવા ઉત્તમકક્ષાના ભગવદીયના "યશ" ધર્મનો વિસ્તાર કરતાં પ્રભુચરણ સ્વયં આસપાસના વૈષ્ણવોને આજ્ઞા કરે છે; "वाकी देखादेखी और कोइ मति करियो, वा पर श्रीठाकुरजी याही भांति प्रसन्न होंईगे ।" આમ શ્રીગુસાંઈજીએ આ બહેનને સર્વ રીતે નિશ્ચિંત કરી દીધાં છે. "અંતઃકરણપ્રબોધ" ગ્રંથની પંકિતઓ ઉલ્લાસથી બોલે છે. "भक्तो निश्चिंततां व्रजेत् ।"

પુષ્ટિભકિતની આવી ઉત્કૃષ્ટ અવસ્થામાં વિહાર કરતાં હોવા છતાંય રાજાની માનિની રાણી બની ગયા પછી પણ આ ભગવદીય બહેન પોતાના મૂલ ચાંડાલી સ્વરૂપને કયારેય વિસ્મરતાં નથી અને શ્રીવિઠ્ઠલેશને વિનવે છે ; "महाराज ! मेरे जितने रोम है इतने धनी लौकिकमें किये है ।" આવા દૈન્ય પ્રચુર રાજાની માનિતી રાજપત્નીનું, પ્રભુ કયારેય અપમાન ન કરે, એ "અંતઃકરણપ્રબોધ" ગ્રંથની corrolary છે.

પ્રત્યેક વાર્તા અને ષોડષગ્રંથના સંગમમાં આવી અનેકવિધ આનંદાત્મક ચમત્કૃતિઓ સંકળાયેલી છે. એવી ચમત્કૃતિઓનો



પ્રથમ આનંદ મેં મારી સાચા અર્થમાં સહધર્મચારિણી મારી પત્ની હંસા સાથે share કર્યો છે.

પૂ.પા.ગો. શ્રીશ્યામુબાવાએ, ષોડશગ્રંથ અને વાર્તા સાહિત્યને એકમેક કરી અવલોકવાની જે આજ્ઞા કરી, એના પરિપાલનમાં હું તો નિહાલ થઈ ગયો. એ કૃતકૃત્યતાના આવેશમાં, આ ગ્રંથ હું પૂ.પા.ગો. શ્રીશ્યામુબાવાને સદૈન્ય અર્પણ કરવા જતો હતો ત્યારે બાવાશ્રીએ આ ગ્રંથ શ્રીમહાપ્રભુજીને સમર્પિત કરવાની મને આજ્ઞા કરી. મારા પરમ પૂજ્ય ગુરુજી ગો. શ્રીદીક્ષિતજીમહારાજ અને આપના પુત્રરત્ન શ્રીશ્યામુબાવાને બેરબેર દંડ્‌વત કરીને વાક્‌પતિ શ્રીવલ્લભને આ ગ્રંથ સદૈન્ય સમર્પિત કરતાં મને રોમાંચભર્યો આહ્‌લાદ થાય છે.

**<u>રહેઠાણ :</u>**
૭૩, નેતાજી સુભાષ રોડ,
અલસબહ કોર્ટ, ૪થે માળે,
મુંબઈ-૪૦૦૦૨૦

ભૂપેન્દ્ર ભાટિયાના
શ્રીવલ્લભકુલને દંડવત્
વૈષ્ણવોને જયશ્રીકૃષ્ણ.

# श्रीयमुनाष्टकम् ।

नमामि यमुनामहं सकलसिद्धिहेतुं मुदा
मुरारिपदपंकजस्फुरदमन्दरेणूत्कटाम् ।
तटस्थनवकाननप्रकटमोदपुष्पाम्बुना
सुरासुरसुपूजितस्मरपितुः श्रियं बिभ्रतीम् ॥ १ ॥

कलिन्दगिरिमस्तके पतदमन्दपूरोज्ज्वला
विलासगमनोल्लसत्प्रकटगण्डशैलोन्नता ।
सघोषगतिदन्तुरा समधिरूढदोलोत्तमा
मुकुन्दरतिवर्धिनी जयति पद्मबन्धोः सुता ॥ २ ॥

भुवं भुवनपावनीमधिगतामनेकस्वनैः
प्रियाभिरिव सेवितां शुकमयूरहंसादिभिः ।
तरंगभुजकंकणप्रकटमुक्तिकावालुका-
नितम्बतटसुन्दरीं नमत कृष्णतुर्यप्रियाम् ॥ ३ ॥

अनन्तगुणभूषिते शिवविरञ्चिदेवस्तुते
घनाघननिभे सदा ध्रुवपराशराभीष्टदे ।
विशुद्धमथुरातटे सकलगोपगोपीवृते
कृपाजलधिसंश्रिते मम मनस्सुखं भावय ॥ ४ ॥

यया चरणपद्मजा मुररिपोः प्रियम्भावुका
समागमनतोऽभवत्सकलसिद्धिदा सेवताम् ।
तया सदृशतामियात्कमलजासपत्नीव यत्
हरिप्रियकलिन्दया मनसि मे सदा स्थीयताम् ॥ ५ ॥

नमोऽस्तु यमुने सदा तव चरित्रमत्यद्भुतं
न जातु यमयातना भवति ते पयःपानतः ।
यमोऽपि भगिनीसुतान्कथमु हन्ति दुष्टानपि
प्रियो भवति सेवनात्तव हरेर्यथा गोपिकाः ॥ ६ ॥

ममाऽस्तु तव सन्निधौ तनुनवत्वमेतावता
न दुर्लभतमा रतिर्मुररिपौ मुकुन्दप्रिये ।
अतोऽस्तु तव लालना सुरधुनी परं संगमात्
तवैव भुवि कीर्तिता न तु कदापि पुष्टिस्थितैः ॥ ७ ॥

स्तुतिं तव करोति कः कमलजासपत्निप्रिये
हरेर्यदनुसेवया भवति सौख्यमामोक्षतः ।
इयं तव कथाऽधिका सकलगोपिकासंगमः
स्मरश्रमजलाणुभिः सकलगात्रजैः संगमः ॥ ८ ॥

तवाऽष्टकमिदं मुदा पठति सूरसूते सदा
समस्तदुरितक्षयो भवति वै मुकुन्दे रतिः ।
तया सकलसिद्धयो मुररिपुश्च सन्तुष्यति
स्वभावविजयो भवेद्वदति वल्लभः श्रीहरेः ॥ ९ ॥

॥ इति श्रीमद्वल्लभाचार्य विरचितं श्रीयमुनाष्टकस्तोत्रंसंपूर्णम् ॥

# ગ્રંથ - શ્રીયમુનાષ્ટકમ્

૮૪ વૈષ્ણવ વાર્તા ૭૦ - કનૈયાશાલ ક્ષત્રિ (લીલાનું નામ - "કમોદિની") (નિર્ગુણ ભક્ત)

૨૫૨ વૈષ્ણવ વાર્તા ૨૦૯ - કિશોરીબાઈ (લીલાનું નામ - "કિશોરી") (સાત્ત્વિક ભક્ત)

૨૫૨ વૈષ્ણવ વાર્તા ૨૦૮ - ચાંપાભાઈ અધિકારી (લીલાનું નામ - "ચર્ચિકા") (રાજસ ભક્ત)

૨૫૨ વૈષ્ણવ વાર્તા ૨૧૦ - બે ભાઈ, મલયાગિરીથી ચંદન લાવ્યા (લીલાનું નામ - "સુમંગલ" અને "શ્રીમંગલ") (તામસ ભક્ત)

**" नमामि यमुनामहं "**

**" कृष्णदासनि कहे ताहे अब कोन डर जाके उपर श्रीयमुनेसी गाजे "**

વ્રજની પ્રત્યેક રજની પિછાણ કરાવનાર શ્રીવલ્લભ, એકવખત, "रासलीलैकतात्पर्य" વૃત્તિથી, ઠકુરાણીઘાટ પર ઠાડા રહીને, ઠકુરાણી ઘાટ ક્યાં હશે એ સંબંધિત પૂછી રહ્યાં છે. આપની એ પૃચ્છાથી ઉદ્દીપ્ત થઈને, શ્રીયમુનાજી, આધિદૈવિક સ્વરૂપે ત્યાંજ પ્રકટ થયાં અને એ ઘાટ વિષેનું નિર્દેશન શ્રીઆચાર્યજીને કર્યું. શ્રીતુર્યપ્રિયાનું પુષ્ટિ રસાત્મક લાવણ્યાત્મક સ્વરૂપનું દર્શન કરતાં જ શ્રીમહાપ્રભુજી, સ્તુતિ રૂપે "શ્રીયમુનાષ્ટક" સ્તોત્રને પ્રકટ કરે છે. "પુષ્ટિ યમુને ભજો."

સારસ્વત કલ્પમાં ઠાકુરજીને વ્રજભક્તો સાથે રમણ કરવાનો જે મનોરથ હતો તેને પ્રભુએ વેણુનાદ દ્વારા જણાવ્યો. આધુનિક પુષ્ટિજીવોને, શ્રીકૃષ્ણના આવા મનોરથને શ્રીમહાપ્રભુજી ષોડશગ્રંથ દ્વારા પ્રકટ કરે છે. પ્રભુના રમણના મનોરથને પ્રતિસાદ આપવા પુષ્ટિજીવને પુષ્ટિભક્ત બનવું પડે છે. તેથીજ, પુષ્ટિ ભક્તિનું ઉદ્‌બોધન અને વર્ધન કરવા માટે શ્રીવલ્લભે ષોડશગ્રંથો રચ્યાં છે. "**भक्त्याचारोपदेशार्थं नानावाक्यनिरूपकः**" ષોડશગ્રંથના મંગલાચરણરૂપે શ્રીઆચાર્યજી, શ્રીયમુનાષ્ટક ગ્રંથને પ્રકટ કરે છે, કારણકે મહારાણીજી સ્વયં પુષ્ટિભક્તિરૂપા છે.

સારસ્વત કલ્પમાં વ્રજભક્તોને તથા અદ્યતન કાલમાં પુષ્ટિજીવોને, શ્રીઠાકુરજી સાથે સંયોગ કરાવવાની અસ્ખલિત તાત્પર્યવૃત્તિ રાખનાર શ્રીયમુનાજીનો નિર્ગુણ ભાવ છે. "**सबनको सुख देन, पिय संग करत सेन, चित्तमें तब परत चेन, जबही बोले ।**" પ્રભુની પુષ્ટિ લીલામાં નિર્ગુણ ભાવ એ આદર્શભાવ છે. પુષ્ટિજીવને કૃષ્ણને અંગીકાર કરાવવા સદાય તત્પર રહેનાર શ્રીવલ્લભનોય આવોજ નિર્ગુણ ભાવ છે. તેથીજ આચાર્યજીએ ષોડશગ્રંથના પ્રારંભમાં જ પોતાના સમભાવી શ્રીયમુનાજીનું સ્મરણ કર્યું છે. હરિરાયચરણ આજ્ઞા કરે છેકે, "**प्रथमाचार्यवर्य स्वरूपमेतत्सजातीयधर्मवत्त्वेन निरूपयन्तः ।**"

પ્રભુમાં મહાત્મ્યજ્ઞાનપૂર્વક સર્વતોધિક સુદઢ સ્નેહ થવો એ નિર્ગુણભાવનો હાર્દ સિદ્ધાંત છે. આવા નિર્ગુણભાવવાળા ભક્તોના સાન્નિધ્યમાં ઠાકુરજીને "ડર" નથી રહેતો, કારણકે આવા ભક્તો, ક્યારે પણ પ્રભુનો કોઈપણ પ્રકારનો અતિરેક

નથી કરતાં. યમુનાષ્ટકમાં પુષ્ટિભક્તિનો પ્રારંભ શ્રીવલ્લભ બ્રહ્મવાદથી કરે છે. **सर्वं खल्विदंब्रह्मः** જડ, જીવાદિ અખિલ સૃષ્ટિ બ્રહ્મરૂપ હોવા છતાંય, પુષ્ટિજીવને દાસભાવથીજ પ્રભુની ભક્તિ કરવાની છે. શ્રીયમુનાજી અને શ્રીઆચાર્યચરણમાં પુરુષોત્તમત્વ સિદ્ધ હોવા છતાં પણ, આપ ઉભય સ્વરૂપ, નિર્ગુણ ભાવથી કૃષ્ણની ભક્તિ કરે છે. જેને શ્રીગુસાંઈજી "**बस्तुतः कृष्ण एव**" કહે છે, એવા શ્રીવલ્લભ, અંતઃકરણપ્રબોધ ગ્રંથના અંતમાં પોતાના માટે **इति कृष्णदासस्य वल्लभस्य हितं वचः** કહે છે. એવીજ રીતે શ્રીયમુનાજીના કૃષ્ણરૂપ સ્વરૂપનું વર્ણન કરતાં કૃષ્ણદાસજી ગાએ છેકે, "**कृष्ण तन वर्ण, गुणधर्म श्रीकृष्णके, कृष्णलीलामयी कृष्ण सुखकंदनी ।**" આજ પદમાં કૃષ્ણદાસજી શ્રીયમુનાજીના સમર્પણભાવના ય દર્શન કરાવે છે. "**देत पति पंथ, प्रिय कंथ सन्मुख करत, अतुल करुणामयी नाथ अंग अर्धिनी**". શ્રીઆચાર્યજી "**श्रीयमुनाष्टकम्**" ના પ્રથમ શ્લોકથીજ શ્રીમહારાણીજીના પુરુષોત્તમત્વ અને દાસત્વનો, એમ બંને ભાવનો હિલોળો લે છે. **स्मरपितुः श्रियं बिभ्रतिम्** આ પંક્તિ મહારાણીજીનું કૃષ્ણત્વ નિરૂપિત કરે છે. **मुरारिपद पंकज स्फुरदमन्दरेणूत्कटाम्** શ્રીયમુનાજીના દાસત્વને નિર્દેશિત કરે છે. યમુનાષ્ટકની ટીકામાં શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છેકે, **प्राकट्यदशायां स्वामिनीभावेन सेवादिकृतौ तद्रूपत्वं भगवद्भावेन भगवद्रूपत्वं ।** આવા શ્રીયમુનાજી ભક્તિશૃંગારાત્મિકા છે.

પુષ્ટિભક્તિમાર્ગમાં શ્રીઠાકુરજી ઈશ્વર છે અને શ્રીયમુનાજી ઈશ્વરી છે. ઠાકુરજી સ્વયં, શ્રીમહારાણીજીનું રૂપ ધરીને શ્રીયમુનારૂપથી ભક્તિ કરે છે. તેથીજ શ્રીયમુનાજીમાં

પુષ્ટિભક્તિમાર્ગનું સર્વ ઐશ્વર્ય સ્થાપિત છે. પુષ્ટિ સંપ્રદાયનું સર્વ ઐશ્વર્ય શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીમાંય સ્થિત છે. તેથીજ પુષ્ટિ સંપ્રદાયના દ્વારથી, પુષ્ટિભક્તિમાર્ગમાં, પુષ્ટિજીવને વિલસવાનું છે. પુષ્ટિજીવને પુષ્ટિભક્તિ સુલભ થાય એના માટે શ્રીઆચાર્યજી શ્રીયમુનાજીને પુષ્ટિ સંપ્રદાયમાં પધરાવે છે. ગ્રંથના અંતમાં **वदंति वल्लभः श्रीहरेः** કહીને.

અશરણના શરણ એવા આચાર્યચરણના ચરણકમલનો આશ્રય કરીને પુષ્ટિજીવ, શ્રીયમુનાષ્ટકનો પાઠ કરે તો, શ્રીવલ્લભની કાનિથી, તે ભક્તને, શ્રીયમુનાજી અષ્ટસિદ્ધિનું દાન કરે છે. શ્રીમહાપ્રભુજીની કૃપાથી મહારાણીજીનું સ્વરૂપ સમજાય છે. "નંદદાસ જાપર કૃપા શ્રીવલ્લભ કરે તાકે શ્રીયમુને સર્વસ્વ જુ દેઈ."

જીવ તો શ્રીયમુનાજીને નમન કરવાનેય યોગ્ય નથી. તેથી શ્રીવલ્લભપ્રભુ ગ્રંથના પ્રારંભમાં જ પોતાના અંતઃકરણથી શ્રીયમુનાજીને નમન કરે છે. "**नमामि यमुनामहं**" શ્રીમહાપ્રભુજીના અંતઃકરણમાં આપના વૈષ્ણવો હોવાથી, આપ શ્રીયમુનાજીના ચરણયુગલમાં પુષ્ટિજીવોને સોંપી દે છે. પુષ્ટિભક્તિનો પ્રારંભ શ્રીઆચાર્યચરણ **नमामि** શબ્દથી કરે છે. એમાં દિનતા, દાસત્વ તથા આશ્રયની ભાવનાની અભિવ્યક્તિ છે. "**यमुनाष्टकम्**" ષોડશગ્રંથનો પ્રથમ ગ્રંથ છે અને કાલક્રમે છેલ્લો ગ્રંથ અંતઃકરણપ્રબોધ છે. ષોડશગ્રંથના પહેલા શબ્દો છે "**नमामि यमुनामहं**" અને અંતઃકરણપ્રબોધમાં છેલ્લા શબ્દો છે "**भक्तो निश्चिंततां व्रजेत् ।**" અર્થાત્ શ્રીયમુનાજીનું પુષ્ટિ માહાત્મ્ય સમજી, પુષ્ટિજીવ આપને મન, વચન, કર્મથી નમન કરે ત્યારે એ

ભગવદ્‌સ્વરૂપમાં ભક્તને આપ તન્મય બનાવે છે અને વિરહી પુષ્ટિજીવને સર્વત્ર પ્રભુની જ સ્ફુર્તિ કરાવે છે.

**શ્લોક-૨ मुकुन्दरतिवर्धिनी**

શ્રીયમુનાજી પુષ્ટિજીવમાં પ્રભુ માટે ભગવદ્‌ભાવનું વર્ધન કરનાર છે. "**शरण प्रतिपाल गोपाल रति वर्धिनी**" શ્રીતુર્યપ્રિયા, પ્રભુનેય જીવની સુધિ કરાવી ઠાકુરજીની પ્રીતિ ભક્તમાં વધારનાર છે. "**जिन्हे भूली जात पिय तिन्हे सुधि करि देत, कहांलो कहिये इनके जु हितके ।**"

**શ્લોક-૩ भुवं भुवनपावनीम्**

શ્રીયમુનાજી પુષ્ટિજગતના પાવની છે. શ્રીકૃષ્ણ સાથે સંબંધ જોડવામાં પુષ્ટિજીવને જે પ્રતિબંધ કે વિઘ્નો આવે છે, તેનો મહારાણીમા વિનાશ કરે છે. "**श्रीयमुनाके नाम अघ दूर भाजे ।**"

**શ્લોક-૪ अनन्तगुणभूषिते**

"**तन मन धन सब लाल गिरिधरनको ।**" જેવા રૂપ અને ગુણધર્મ શ્રીઠાકુરજીએ પુષ્ટિલીલામાં પ્રકટ કર્યાં છે એ સર્વે શ્રીમહારાણીજીમાંય વિદ્યમાન છે. "**गुण अपार मुख एक कहांलो कहिये**" શ્રીયમુનાજી સાથે સંબંધ જોડનારનો સંબંધ પરબ્રહ્મ કૃષ્ણ સાથે વગર પ્રયાસે સિદ્ધ થાય છે.

**શ્લોક-૫ मुररिपो प्रियम्भावुका**

શ્રીયમુનાજીની કૃપાથી પુષ્ટિજીવ, પ્રભુના પ્રિયભાવવાળો

સુખી થઈ જાય છે.

આચાર્યજીએ શ્રીયમુનાષ્ટક સ્તોત્રમાં શ્રીમહારાણીજીના પુષ્ટિમાર્ગીય અસાધારણ આઠ પ્રકારના ઐશ્વર્યનું વર્ણન આઠ શ્લોકમાં ક્રમશ: કર્યું છે. આવા અષ્ટ ઐશ્વર્યના સમ્યક્ દર્શનાર્થ **श्रीयमुनाष्टकम्** ગ્રંથ અને શ્રીયમુનાજીના ૪૧ પદોને એકમેક કરીને નિરખી લઈએ.

**શ્લોક-૧ सकलसिद्धिहेतुं मुदा**

શ્રીયમુનાજી, પુષ્ટિમાર્ગીય અનેક સિદ્ધિઓના દાતા છે. પુષ્ટિજીવ શ્રીઠાકુરજીના દર્શન કરી શકે એવું સામર્થ્ય શ્રીયમુનાજી આપે છે. "**कुंभनदास कहे लाल गिरिधरन मुख इनकी कृपा भई तब निहारो ।**"

પ્રભુની પુષ્ટિલીલાઓના દર્શન કરાવવાનું સામર્થ્ય અને લીલામાં ઉદ્‌ભૂત થતાં રસોનોય અનુભવ કરાવવાની યોગ્યતા પણ શ્રીમહારાણીજી પુષ્ટિભક્તને આપે છે.

શ્રીયમુનાજી સર્વાત્મભાવની સિદ્ધિના ય દાતા છે. સર્વાત્મભાવવાળા ભગવદીયો જ રાસમાં પ્રવેશી શકે છે. "**प्रेमके पुंजमें, रास रस कुंजमें ताही राखत रसरंगभरी ।**"

શ્રીયમુનાજી, પુષ્ટિજીવને ઠાકુરજીને વશીકરણ કરવાની વિદ્યાનુંય દાન કરે છે. " **लेत श्रीयमुने नाम देत अभयपद दान, रसिक प्रितम पिया बसजु इनके ।**"

તદ્‌ઉપરાંત શ્રીયમુનાજી પુષ્ટિજીવને સેવોપયોગી દેહની સિદ્ધિ કરાવે છે અને અંતરમાં આવિર્ભૂત થયેલા પ્રભુના દર્શન દિવ્ય ચક્ષુઓ દ્વારા જીવને કરાવે છે. ભાવાત્મક

થાય છે. પુષ્ટિભક્તોના કલિકાલના દોષોની નિવૃત્તિ શ્રીયમુનાજી કરે છે. "**कलियुग जीव उद्धारन कारन काटत पाप अब धार पेनी ।**"

**શ્લોક-૬ तवचरित्रमत्यद्‌भूतम्‌**

લઘુરાસ પછી ઠાકુરજીનું અન્વેષણ કરતી વ્રજાંગનાઓને શ્રીયમુનાજીની કૃપાથી પ્રભુ મળે છે. શ્રીયમુનાજીનું માહાત્મ્ય ન જાણનાર અને કેવલ પોતાની તૃષા શાંત કરવા જીવ, શ્રીયમુનાજલનું પાન કરે, તો એવા જીવને યમયાતના થતી નથી. "**यमहु रहत ताहीं हाथ जोरे ।**" મહારાણીજીનું આવું અતિઅદ્‌ભુત કર્મ છે.

**શ્લોક-૭ ममास्तु तव संन्निधौ तनुनवत्वमेतावता**

શ્રીમહારાણીજી તનુનવત્વના દાતા છે. "**यमुने तट रेणुते होत है नवीन तनु, इनके सुख देनकी कहा करो बडाइ ।**" તનુનવત્વ થવાથી પુષ્ટિભક્ત પોતાના મનુષ્ય દેહ, ઈન્દ્રિય, પ્રાણ, અંતઃકરણ અને આત્માથી ભગવદ્‌રૂપ અને ભગવદ્‌લીલાની અનુભૂતી કરી શકે છે. શ્રીયમુનાજી પુષ્ટિભક્તને પોતાના જેવું રૂપ આપનાર અતિ દયાલુ દાતા છે. "**देत अद्‌भुतरूप आप जैसी ।**" શ્રીયમુનાજીએ સંપાદન કરાવેલ અલૌકિક સામર્થ્યથી જીવ ઠાકુરજીની રસાત્મિકા લીલાની અનુભૂતિ કરી શકે છે. તદ્‌ઉપરાંત નિત્યલીલામાં પણ એવા જીવને નૂતન દેહની જ પ્રાપ્તિ થાય છે.

श्लोક-૮ स्मरश्रमजलाणुभिः सकलगात्रजै संगमः

"સુરત શ્રમ બિન્દુતે સિંધુસી બહી ચલી". શ્રીયમુના સ્નાનથી પુષ્ટિભક્તોને પ્રભુના અંગસંગની ગરિમાનો અનુભવ થાય છે. શ્રીયમુનાષ્ટક સ્તોત્ર દ્વારા પુષ્ટિજીવ શ્રીયમુનાજીને પ્રાર્થના કરે છેકે, આપ અમારા ઉપર એવી કૃપા કરો કે, તનુનવત્વ પ્રાપ્ત થાય ત્યાંસુધી અમે આપની આ સ્તુતિરૂપ લાલના (तव लालना) કરી શકીએ અને તનુનવત્વને સંપાદન કર્યા પછી આપના તટ પર લીલા રસનો અનુભવ કરી શકીએ. "रसिक प्रितम रास करत श्रीयमुना पास ।"

૨૫૨ વૈષ્ણવની વાર્તામાં, શ્રીયમુનાષ્ટકગ્રંથનું લીલાત્મક ઉદાહરણ કિશોરીબાઈની વાર્તા છે.

કિશોરીબાઈનું લીલામાં પ્રાકટ્ય કનૈયાશાલ ક્ષત્રિના લીલાના મૂલસ્વરૂપમાંથી છે. કનૈયાશાલની વાર્તા નિગૂઢ ભાવથી સભર છે. તેથી કિશોરીબાઈની વાર્તાના માધ્યમથી, કનૈયાશાલજીની વાર્તાના અગાધ રહસ્યો અને કનૈયાશાલમાં વિદ્યમાન યમુનાષ્ટક કથિત અષ્ટ સિદ્ધિઓની ઝાંખી કરીએ.

૨૫૨ વૈષ્ણવ વાર્તા-૨૦૭ : કિશોરીબાઈ બ્રાહ્મણી ગુજરાતના જેમને શ્રીયમુનાજી નિત્ય દર્શન દેતાં.
(લીલાનું નામ-કિશોરી")
(સાત્ત્વિક ભક્ત)

"सौ वा किसोरीबाईकी देह सीतलामें रहि गई । हाथ-पॉव सो लूली भई । काननसो सूने नाहीं । पाँवनसो चल्यो जाय नाहीं । मुखते कछू बोल्यो न जाय । सो वाने अपने पिताके मुखसों श्रीयमुनाष्टक पढयो हतो । सो वाको आधो श्लोक याद रहयो हतो । सो वा किसोरीबाई आठों प्रहर वा श्लोक को पाठ करती । सो काहूको जतावती नाहीं । सो ऐसे आढो प्रहर पाठ कियो करती ।"

શ્રીયમુનાષ્ટકનો પાઠ કેવી રીતે કરવો તે કિસોરીબાઈ પાસેથી શીખીએ. "और किसोरीबाई श्रीयमुनाष्टकको पाठ करे और महाराणीजीको ध्यान मनमें करती । और काहूसों बोलती नाहीं ।" "श्रीयमुनाजीको नाम लीजे जु छाने ।" કિસોરીબાઈને શ્રીયમુનાજીના સ્વરૂપનું ધ્યાન કેવી રીતે સ્ફુરતું ? શ્રીવલ્લભે, શ્રીયમુનાષ્ટક સ્તોત્રમાં શ્રીયમુનાજીના સ્વરૂપને સ્થાપિત કર્યું છે. કિસોરીબાઈ ચિત્ત લગાડીને પાઠ કરતાં, તેથી સ્તોત્રમાં બિરાજેલ શ્રીયમુનાજીના સ્વરૂપનું ધ્યાન એમના હૃદયમાં અનાયાસ સ્થિર થઈ ગયું. એ સ્વરૂપનો રસ ઉછલિત થઈને બહાર ન સ્રવી જાય એના માટે કિસોરીબાઈ "काहुसो बोलती नाहीं । सो एक दीन श्रीयमुनाजी मैले वस्त्र करि पहरि किसोरीबाईकी बहनी हती ताके घर पधारी ।" શ્રીયમુનાષ્ટકના પાઠથી પુષ્ટિજીવના હૃદયનો મેલ શ્રીયમુનાજી બહાર ખેંચી લે છે એ દર્શાવવા યમુનાજીએ મેલા વસ્ત્ર પહેરેલા છે. કિસોરીબાઈના બહેનની રજા લઈને શ્રીમહારાણીજી નિત્ય કિસોરીની રસોઈ કરી એમને પ્રસાદ લેવડાવે છે. "ता दिनतें श्रीयमुनाजी अपने श्रीहस्तकमलसों रसोई करिके किसोरीबाई को खवावती ।"

માતા પોતાના બાળકની સંભાળ રાખે એનાથી અત્યધિક જતન યમુનાજી પુષ્ટિજીવનું કરે છે. "**इनकी कृपा अब कहां लग बरनिये, जैंसे राखत जननी पुत्र बारे ।**" ભાવપ્રકાશમાં શ્રીહરિરાયજી આજ્ઞા કરે છેકે, "**जो यमुनाष्टकके आधे श्लोक को हू पाठ जो कोइ निरंतर करत है ताके उपर श्रीयमुनाजी या भांति कृपा करती है । वाकी रसोइ करती है । वाको अपने श्रीहस्तसों खवावती है । तो जो कोइ सगरे यमुनाष्टकको पाठ निरंतर प्रीतिपूर्वक करे ताके भाग्यको क्या कहिए ।**"

કિશોરીબાઈ જે અર્ધા શ્લોકનું રટણ કરતાં તે શ્લોક છે, "**विशुद्धमथुरातटे सकल गोपगोपीवृते कृपाजलधिसंश्रिते मम मनः सुखं भावय ।**" **विशुद्धमथुरातटे** શબ્દોએ કિશોરીબાઈના હૃદયને શુદ્ધ કરીને એમને શ્રીયમુનાજીના જ્ઞાન ધર્મની અનુભૂતિ કરાવી. **कृपाजलधिसंश्रिते** થી કિશોરીબાઈને મહારાણીજીના વૈરાગ્યધર્મની સ્ફૂર્તિ થઈ. "**किशोरीबाई को श्रीयमुनाजीकी कृपातें लीला ऐश्वर्य स्फुर्यो । तब चित्तमें प्रसन्नता भई । लौकिक क्लेश बाधा न कियो ।**" "**अतिही सुखकरन दुःख सबनके हरन ।**" કિશોરીબાઈની સિતલા નિવૃત્ત ન થઈ, પણ તદ્‌જનિત કલેશ હતો તે ગયો. કિશોરીબાઈને ગોપબાલકો અને ગોપીજનોથી આવૃત્ત શ્રીયમુનાજીના લીલા ઐશ્વર્યની ઝાંખી થઈ.

"**गोपगोपी रमत मध्य रस कंदनी ।**" કિશોરીબાઈ સમજી ગયાં કે શ્રીમહારાણીજીમાં સંબંધ સ્થાપિત કરવાથી કૃષ્ણ સાથે સંબંધ અનાયાસ થઈ જાય છે. "**तब किसोरीबाईको**

श्लोक उद्बोध भयो । और या श्लोक को भावार्थ हृदयारूढ भयो । और अपने मनमें बहोतही प्रसन्न होन लागीं ।"

એક વખત શ્રીગુસાંઈજી કિશોરીબાઈના ગામમાં પધારે છે. ત્યારે શ્રીઠાકુરજી આપને આજ્ઞા કરે છેકે, "या गाममें एक दुर्बल पिंगला वैष्णव है । सो ताको श्रीयमुनाजी नित्य महाप्रसाद लिवावति है । तातें वहां पधारिके दरसन देउंगे । तब वाको कार्य सिद्ध होईगो ।" ભાવપ્રકાશમાં શ્રીહરિરાયજી આજ્ઞા કરે છેકે ; "गुरुनकी कृपा बिना जीवको कार्य होइ नाहीं । यामें श्रीयमुनाजी ते हुं श्रीगुसांइजीकी कृपाको उत्कर्ष विशेष कहे ।" શ્રીગુસાંઈજી તુરતજ કિશોરીબાઈના ઘેર પધારે છે. ત્યાં શ્રીયમુનાજી શ્રીવિઠ્ઠલેશને કહે છેકે, "और अब ये (किशोरीबाई) शुद्ध भई है तातें आप इनको सेवा पधराय दीजिये ।" અહીં શ્રીયમુનાજીના "भुवंभुवनपावनीम्" શ્લોકમાં કથિત ઐશ્વર્યનું દર્શન થાય છે.

પિંગલા એવા કિશોરીબાઈ માટે શ્રીયમુનાજી શ્રીહસ્તકમલથી રસોઈ બનાવે છે અને એમને મહાપ્રસાદ લેવડાવીને પુષ્ટિરસથી પુષ્ટ કરે છે. પ્રભુના નિતાન્ત સુખ માટે પ્રભુની સેવા યોગ્ય બનાવી, શ્રીયમુનાજી, શ્રીગુસાંઈજીને સેવા પધરાવી આપવાનું કહે છે. "तब ताहीं समय श्रीगुसांइजीको सोलह सिंगार सहित श्रीयमुनाजीको दरसन भयो ।" શ્રીતુર્યપ્રિયાનું આવું લાવણ્યાત્મક આધિદૈવિક સ્વરૂપ કૃષ્ણાવતારના સમયે કે કોઈ અંતરંગ ભક્ત માટે જ પ્રકટ થાય છે. શ્રીઠાકુરજીના મનને લોભાયમાન કરતું શ્રીયમુનાજીનું આવું મૃદુલ રસાત્મક સ્વરૂપ રસોવૈશ: કૃષ્ણના

સ્નેહના આલંબન વિભાવરૂપ છે. "**सबहीनको मन मोहत मोहन सो पियाको मन है जू हरनी**" શ્રીગુસાંઈજીની સન્મૂખ પ્રકટ થયેલાં તૂર્યપ્રિયાના આવા અનિર્વચનીય સ્વરૂપની ઝાંખી શ્રીયમુનાષ્ટક સ્તોત્ર કરાવે છે.

"**तरंगभुजकंकण प्रकटमुक्तिकावालुका**
**नितंबतटसुंदरीं नमत कृष्णतुर्यप्रियाम्**"

મોતીથી જડિત કંકણોવાળા શ્રીહસ્તને સ્વનિતંબ પર સ્થાપિત કરેલું છે. એવા શ્રીયમુનાજીના આધિદૈવિક સ્વરૂપને શ્રીપ્રભુચરણ નિહાળે છે. કૃષ્ણના સ્નેહાત્મક નેત્રોને પુલકિત કરે એવું સ્વરૂપ કૃષ્ણપ્રિયાએ અહીં ધર્યું છે.

એ વખતે કિશોરીબાઈને શ્રીયમુનાજીના આધિભૌતિક સ્વરૂપની ઝાંખી થાય છે. એમને યમુના તટ પર પ્રસરતી જલતરંગો યમુનાજીની ભુજા સમાન હોય એવા દર્શન થાય છે અને તટમાં ચમકતી રેણુ, યમુનાજીના ભુજકંકણમાં અવિરત અભિરમતાં મોતી જેવી, દ્રષ્યમાન થાય છે. શ્રીયમુનાષ્ટક ગ્રંથમાં મહારાણીજીના આધિદૈવિક, આધ્યાત્મિક અને આધિભૌતિક સ્વરૂપનું વર્ણન છે.

શ્રી યમુનાષ્ટક સ્તોત્રની ફૂલશ્રુતિ શ્રીયમુનાજી સ્વયં કહે છે, "**तब श्रीयमुनाजी कहे जो यह श्रीआचार्यजी महाप्रभुनको वाक्य है जो कोइ श्रींयमुनाष्टकको पाठ करत है ताकों हम प्रीतिसों निजलीलाके निजजलसों स्नान करावति है । तातें वाको सकल दुरितनको क्षय होत है (समस्त दुरितक्षयोभवती) । मुकुन्दमें रति बढावती है (मुकुन्दरतिवर्धिनी) और मुकुन्दकी रति**

वा जीवमें बढावती है । या प्रकारको स्वरूप उज्जवल करति है । यमको नहीं दिखावत है (न जातु यमयातना) और वाकों पुष्टिमार्गमें प्रवेश करावती है । परंतु तुम्हारे कुलमें नाम निवेदन करत है और श्रीयमुनाष्टकको पाठ करत है ताको रासलीलाको सुख होत है ।" ભાવપ્રકાશમાં શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે, "यह कहि वल्लभकुलके सरनिको उत्कर्ष दिखाये । सो कहा ? जो वल्लभकुलके सरनि विना पुष्टि रासमें प्रवेश होइ नाहीं । और श्रीआचार्यजीके वचनको उत्कर्ष कहे जो केवल यमुनाष्टकके पाठ मात्र सों श्रीयमुनाजी अष्टैश्वर्यको दान करत है ।"

જે અષ્ટસિદ્ધિનું શ્રીયમુનાજી દાન કરે છે એને પ્રદાન કરવા શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજી પણ સમર્થ છે. આચાર્યનું નામ છે "अदेयदानदक्षश्च" અને શ્રીવિઠ્ઠલેશનું "सर्वस्वदानकुशलो". તેથીજ શ્રીયમુનાષ્ટક ગ્રંથની અદ્ભુત continuity કિશોરીબાઈની વાર્તામાં છે. "तब श्रीगुसांइजीको वा किसोरीबाईके उपर दया आई । सो आपु वा किसोरीबाईके घर पधारे । तब आपकी द्रष्टि किसोरीबाईके अंग-अंग पर परी । तब ताही समय किसोरीबाईकी देह अलोकिक सेवोपयोगी निर्मल निर्विकार भई ।" ચિરહરણ લીલા વેળા શ્રીઠાકુરજીની દ્રષ્ટિ માત્રથી કુમારિકાઓ અલૌકીક દેહથી પુષ્ટ થઈ, તેમ શ્રીવિઠ્ઠલેશની અમીદ્રષ્ટિથી કિસોરીબાઈ પણ પુષ્ટ થયાં. લીલામાં કિશોરીબાઈ કુમારીકાના યુથમાંજ છે. શ્રીગુસાંઈજીની કૃપાથી કિશોરીબાઈને પ્રાપ્ત થયેલ તનુનવત્વનો ભાવ શ્રીયમુનાષ્ટક ગ્રંથમાં અવલોકી લઈએ. "ममास्तु तव सन्निधौ तनुनवत्वमेतावता न दुर्लभतमा रतिः मुररिपौ मुकुंदप्रिये ।" સેવાફલ ગ્રંથમાં વર્ણવેલ "અલૌકીક

સામર્થ્ય" નું ફલ તનુનવત્વના પર્યાયવાચક રૂપ છે. "तब आपने (श्रीगुसांइजींने) कृपा करिके एक बंटीमें रमनरेती पधराय दिये । जो याकी तु सेवा भली भांतिसो करियो .... और श्रीठाकुरजींकी सेवा बोहोत प्रींतिसों करन लागीं ।" અર્થાત્ શ્રીગુસાંઈજીની કૃપાથી મુરરિપો માટે, કિશોરીમાં રતિ દુર્લભ ન રહી. એ પ્રભુના प्रियंभावुका બની ગયાં.

શ્રીમહાપ્રભુજીએ શ્રીઠાકુરજીને અદ્દભુતકર્મા કહ્યાં છે પરંતુ શ્રીઆચાર્યચરણ, શ્રીપ્રભુચરણ અને શ્રીયમુનાજી અતિઅદ્દભુતકર્મા છે. "नमोस्तु यमुने सदा तव चरित्रमत्यद्भुतम् ।" ભગવાનના અદ્દભુત કર્મનું વર્ણન કરતાં શ્રીઆચાર્યજી આજ્ઞા કરે છેકે, "असाधन साधनं करोति". કૃષ્ણાવતાર સમયે, કામ, ક્રોધ કે દ્વેષથી પ્રભુનું સ્મરણ કરનારનો આપે ઉદ્ધાર કર્યો છે, એવા કૃષ્ણ અદ્દભુતકર્મા છે. પરંતુ શ્રીયમુનાજીનું માહાત્મ્ય ન જાણનાર જીવ, કેવલ પોતાની પ્યાસ બુઝાવવા માટે જ યમુનાજલનું પાન કરે તો એનેય યમયાતના થતી નથી અને ભગવાનને એવા જીવ પર સ્નેહ આવી જાય છે, એવા યમુનાજી અતિઅદ્દભુતકર્મા છે. તેવીજ રીતે શ્રીઆચાર્યજી અને શ્રીગુસાંઈજીએ દેશાંતર ફરી, અદૈવિ જીવોનોય ઉદ્ધાર કેવલ પોતાના પદરજની ગંધથી કર્યો છે. "पद्मनाभ दैवोद्धार अर्थ त्यागीं" અર્થાત્ દૈવિજીવોનોજ ઉદ્ધાર કરવો એવા અર્થનો પિતાપુત્રએ ત્યાગ કર્યો છે.

કિશોરીબાઈ પર તો અતિઅદ્દભુતકર્મા શ્રીવલ્લભ, શ્રીવિઠ્ઠલ અને મહારાણીમા એમ ત્રણેયની કૃપા છે. શ્રીવિઠ્ઠલેશપ્રભુ

શ્રીમુખથી આજ્ઞા કરે છેકે ; "तब श्रीगुसांईजीने कह्यो जो या किसोरीबाई पे तो श्रीयमुनाजीकी कृपा भई है । तब हम या प्रकार कृपा करि है ।"

"नंददास जापर कृपा श्रीवल्लभ करे
ताके श्रीयमुने सर्वस्व जु देहीं"

આ ત્રણેય સ્વરૂપની કૃપાથી કિશોરીબાઈને "શ્રીયમુનાષ્ટક" માં કથિત વિવિધ સિદ્ધિઓ ઉપલબ્ધ છે. એમની વાર્તામાં આના દર્શન કરી લઈએ. "तब वाही समय किसोरीबाइकी देह अलौकिक सेवोपयोगी निर्मल निर्विकार भई ।" શ્રીગુસાંઈજીનું નામ છે, "धर्मसेतु भक्तिसेतु सुखसेव्यो व्रजेश्वरः ।" શ્રીવિઠ્ઠલે કિશોરીબાઈને વ્રજેશ્વરની સુખાત્મિકા સેવા કરવા માટે तनुनवत्व એવા સેવોપયોગી દેહનું દાન કર્યું છે. कृष्णलीलारसाविष्ट શ્રીપ્રભુચરણે, કિશોરીબાઈના દેહમાં, ભગવદ્લીલાનુભૂતિ કરી શકે એવી યોગ્યતા પ્રાપ્ત કરાવી છે. તદ્જજનિત રસોનેય માણવાનું સામર્થ્ય આપ્યું છે. વાર્તા કહે છે, "और किसोरीबाईके घरमें श्रीठाकुरजी श्रीस्वामिनीजी सहित लीला करत है । सो उह किसोरीबाइ सब रसको दर्शन करती ।"

"व्रजेश्वरप्रीतिकर्ता" શ્રીવિઠ્ઠલેશની કૃપાથી કિશોરીબાઈની મુકુંદમાં રતિનું વર્ધન થયું છે, ઠાકુરજીને ય કિશોરીબાઈ માટે નિરતિશય સ્નેહ છે. "सौ ऐसे करत किसोरीबाई श्रीनाथजीद्वार श्रीगोवर्धननाथजीके दरसनको आई । तब श्रीगोवर्धननाथजीके दरसन करिके बोहोत प्रसन्न भई ।

तब श्रीगोवर्धननाथजी वा किसोरीबाईको देखिके हँसे । तब किसोरीबाई हुं हँसी ।" "પરસ્પર પ્રિત સહજહી ગોપાલકો ભાવે." શ્રીગુસાંઈજી કિશોરીબાઈ માટે આજ્ઞા કરે છેકે, "सो किसोरीबाईसो श्रींगोवर्धननाथजीको स्पर्स है ।" તનુનવત્વ વિના આવો સાક્ષાત્ ભગવત્સ્પર્શ અસંભવિત છે. "स्मरश्रमजलाणुभिः सकल गात्रजैः संगम" ની ય અનુભૂતિ કિશોરીબાઈને સિદ્ધ છે.

પુષ્ટિમાર્ગનું ફલ સ્વરૂપ રાસલીલા છે. સર્વાત્મભાવ વિના રાસમાં પ્રવેશ નથી. શ્રીયમુનાજીદત્ત સિદ્ધિઓમાં સર્વાત્મભાવની સિદ્ધિ પણ અવગત છે. रासलीलारसमहोदधी એવા શ્રીગુસાંઈજીને કિશોરીબાઈને આ સિદ્ધિનું દાન કરવાનો મનોરથ થયો. "तब ता समय किसोरीबाईको रासलीलाको दरसन करवायो । तब श्रींगुसांईजीको ता समय किसोरीबाईको चर्वित तांबुल दियो । और अनेक जूथ दिखावत भए ---- पाछें किसोरीबाईने श्रींगुसांईजीसो दंडवत् कीनी । तब श्रींगुसांईजीने श्रींमुखते आशिर्वाद दियो । और माथे उपर श्रीहस्तकमल धरे । और श्रींमुखतें कहे जो सर्वदा वैष्णवनको संग करियो ।" તનુનવત્વ પ્રાપ્ત કરનાર, રાસલીલાની અનુભૂતિ કરનાર અને જેનો બીજભાવ દૃઢ થઈ ગયો છે એવા કિશોરીબાઈને શ્રીવિઠ્ઠલેશ વૈષ્ણવોનો સંગ કરવાનું શા માટે કહે છે ? "तब चाचा हरिवंसजीने श्रींगुसांईजीसो पूछयो जो महाराजाधिराज । यह कहा कारन है ? जो किसोरीबाईके माथे उपर श्रीहस्तकमल धरे । और आज्ञा किये जो सदा सर्वदा भगवदीयनको संग करियो । गंगाजलसो जल मिले

तो उह गंगाजल समान है । और आसिरवाद दिये ताको हेतु कहा ? तब श्रीगुसांईजी श्रीमुखतें कहे जो भगवदीयनको स्वरूप है, सो गंगाजलरुप है । सो ताहीतें उनहींसें मिले ते हमारो स्वरूप जानेगी । तातें कह्यो जो भगवदीयनको सत्संग करनो । और उनकी वार्ता चर्चा सुनत रहेनी । उनहींके हाथको महाप्रसाद लीजिए । यह सुनिके चाचाजी बोहोत प्रसन्न भए । और श्रीगुसांईजी आप आज्ञा किये जो किसोरीबाईको जन्म फेरि भूतलपे होईगो । सो श्रीगोकुलनाथजीकी बहुजी होईगी ।"

ચોરાસી અને બસોબાવન વૈષ્ણવની વાર્તા પ્રકટ કરનાર શ્રીગોકુલનાથજીને ભગવદીયના ભાવોનું ગહન ચિંતન અને એમની ચર્ચા કરવામાં નિતાન્ત પ્રીતિ છે. બીજા જન્મમાં, કિશોરીબાઈ ગોકુલનાથજીના વહુજી બનનાર છે. તેથી શ્રીગોકુલેશપ્રભુ અને એમના વહુજી એક રસવિભોર થઈને ભગવદીયની ચર્ચા અને સત્સંગ કરી શકે એની પૂર્વ તૈયારી રૂપે શ્રીવિઠ્ઠલેશપ્રભુ કિશોરીબાઈને ભગવદીયનો સંગ કરવાની આજ્ઞા કરે છે.

વાર્તાના અંતમાં શ્રીહરિરાયજી એક વાત અદ્ભૂત કહે છેકે ; "श्रीयमुनाजी जब कृपा करे तब जीवकों सेवोपयोगी नूतन देहकी प्राप्ति होई । और श्रीगुसांईजीकी कृपातें वा जीवको लीलाको अनुभव होई । निज अंतरंग सृष्टिमें अंगीकार हु होई । तातें जीवको दोउनको आश्रय कर्तव्य है । यह जताए ।"

"जा मुखतें श्रीयमुने यह नाम आवे,
तापर कृपा करे श्रीवल्लभप्रभु सोइ श्रीयमुनाजीको भेद पावे ।"

## ૮૪વૈષ્ણવ વાર્તા-૭૦: કન્હૈયાશાલ ક્ષત્રિ

"**श्रीयमुनाष्टक**" ગ્રંથમાં વર્ણવેલ અષ્ટસિદ્ધિઓ કિશોરીબાઈને સિદ્ધ છે. કિશોરીબાઈનું પ્રાકટય કન્હૈયાશાલના લીલાના સ્વરૂપમાંથી છે. તેથી, કન્હૈયાશાલની વાર્તામાં "**श्रीयमुनाष्टक**" ગ્રંથોક્ત અષ્ટૈશ્વર્યના દર્શન સૌથી પહેલા કરી લઈએ. શ્રીયમુનાજી **भुवंभुवनपावनीम्** છે. તેમ આચાર્યચરણેય, કનૈયાશાલના અંત:કરણને વિશુદ્ધ કરી પુષ્ટિ ભક્તિનું પ્રદાન કર્યુ છે. કલિકાલના દોષ, દેહના અધ્યાસાદિ કન્હૈયાશાલને બાધા નથી કરી શકતાં. કન્હૈયાશાલ **मुररिपोप्रियंभावुका** છે. એમની રતિનું વર્ધન મુકુન્દમાં થઈ ગયું છે અને શ્રીઠાકુરજીનું કન્હૈયાશાલમાં. એટલે તો અટવીમાં અટવાયલા કન્હૈયાશાલ પાછળ શ્રીઠાકુરજીય ભમે છે. કન્હૈયાશાલને એમના દેહેન્દ્રિયાદિથી વિવિધ પુષ્ટિલીલાઓના રસની અનુભૂતિ છે. આચાર્યજી "**कन्हैयाशालसों कहे अब तुम घरमें जाय रसको अनुभव करो ।**" કન્હૈલાશાલને તનુનવત્વ અને સર્વાત્મભાવ સિદ્ધ છે. "**पाछें श्रीआचार्यजी महाप्रभु आगरे पधारे तब कन्हैयाशालके घर उतरे । सगरे ग्रंथके भाव, लीलाके भाव, पुष्टिमार्गको सिद्धांत कन्हैयाशाल को हृदयमें स्थापन किये ।**" શ્રી આચાર્યચરણે સ્વમાર્ગીય સિદ્ધાંત પ્રકટ કરવા અને **भक्त्याचारोपदेशार्थ** ષોડશગ્રંથો રચ્યા છે. સર્વ ગ્રંથોનો ભાવ શ્રીમહાપ્રભુજીએ કન્હૈયાશાલના હૃદયમાં સ્થાપિત કર્યો

હોવાથી, કન્હૈયાશાલની વાર્તામાં, શ્રીયમુનાષ્ટક ઉપરાંત, અન્ય સર્વ ષોડશગ્રંથોના અગણિત ભાવ ના પણ અનુપમ દર્શન થાય છે. એની ઝાંખી કરી લઈએ.

શ્રીવલ્લભપ્રભુએ "**सिद्धांतमुक्तावलि**" ગ્રંથ પ્રકટ કરીને અચ્યુતદાસજીને માનસિ સેવા સિદ્ધ કરાવી. "સેવાફલ" ગ્રંથના માધ્યમથી આપે વિષ્ણુદાસ છિપાને સેવાના મુખ્ય ફલ એવા અલૌકિક સામર્થ્યનું દાન કર્યું. "નિરોધલક્ષણ" ગ્રંથ સંભળાવી આચાર્યચરણે રાજા અને માધો દવેને ફલનિરોધ પ્રદાન કર્યો. "ભક્તિવર્ધિની" ગ્રંથના શ્રવણથી પુરુષોત્તમ જોશી ભક્તિમાર્ગના ઉત્તમ અધિકારી બન્યાં. તો જેના હ્યદયમાં શ્રીમહાપ્રભુજીએ ષોડશગ્રંથના ભાવ પધરાવ્યા હોય, એવા કન્હૈયાશાલને આ સર્વ ગ્રંથમાં ગર્ભિત રહેલ સિદ્ધિઓ અને લીલા રહસ્યોની અનુભૂતિ નિશવાસર થાય એ સ્વાભાવિક જ છે. કન્હૈયાશાલની વાર્તામાં અખિલ ષોડશગ્રંથના દર્શન કરી લઈએ.

"**तदाश्रयतदीयत्वं बुद्धयै किंचित्समाचरेत**". એ બાલબોધ ગ્રંથનો હાર્દ ભાવ છે. અરણ્યમાં અટવાઈ ગયેલા કન્હૈયાશાલને ગોવાળનું સ્વરૂપ ધરી પ્રભુ કહે છેકે, "**जो यहां तु क्यों बैठयो है । यहां स्यॉंप नाहरको डर है । तब कन्हैयाशालने कही मैं श्रीआचार्यजी महाप्रभुनको सेवक हों । स्यॉंप नाहर तो मेरे पास कोई आवे नाहीं ।**" આ પ્રસંગમાં દ્રષ્યમાન થતો કન્હૈયાશાલનો દ્રઢ ભગવદાશ્રય, બાલબોધ ગ્રંથ કથિત **तदाश्रयत्व** નું નિરૂપણ કરે છે અને **कृष्णाश्रय** અને **विवेकधैर्याश्रय**

ગ્રંથની પણ ઝાંખી કરાવે છે. આવા સઘન વનમાં પીવા માટે જલ પણ નથી ત્યારે કન્હૈયાશાલ વિચારે છેકે, "**जो देह छूटेगी । तब श्रीआचार्यजीके ग्रन्थ एक रूख के नीचे बेठिके पाठ करन लागे ।**" આ પ્રસંગમાં કન્હૈયાશાલનું **तदीयत्व** પ્રતિપાદિત થાય છે. એમના જીવનની એક પણ પલ અસમર્પિત ન રહેવી જોઈએ, એના માટે, આવા અઘોર વનમાંય કનૈયાશાલ ક્ષત્રિ નિશ્ચિંતતાથી આચાર્યજીના ગ્રંથોનું અવલોકન કરે છે અને પોતાના ચિત્તને સમર્પિત રાખે છે. આ પ્રસંગમાં "સિદ્ધાંત રહસ્ય" ગ્રંથનો હાર્દ પણ ઉભરી આવે છે. "**असमर्पित वस्तूनां तस्माद्वर्जनमाचरेत्**". કન્હૈયાશાલના આવા પ્રતિપલના સમર્પણને નિહાળી અંત:કરણ પ્રબોધની પંકિત જાણે બોલી ઊઠી "**सर्व समर्पीतं भक्त्या कृतार्थोऽसि सुखी भव ।**" એ જ ક્ષણે ગોવાળિયાના વેશમાં પધારી ઠાકુરજી કન્હૈયાશાલને મહાપ્રસાદ આપે છે. કન્હૈયાશાલ કાયા, વાક્ , મનસા પોતાની દેહેન્દ્રિયાદિનો અન્ય વિનિયોગ નથી થવા દેતાં. દ્વારકા આવે છે ત્યારે શ્રીગુસાંઈજી એમને પૂછે છેકે, "**मार्गमें काहुसो बोले के नाहीं ? तब कन्हैयाशाल कहे महाराज । मेरे औरसो बोलिवेको कहा काम है ? तब श्रीगुसांईजी कहें तुम तीनि ग्वारियानसों बोले (तातें) ऐसे क्यों कहत हों ? तब कन्हैयाशालने कही महाराज ! मेरी बानी आप बिना और काहुसों निकसे नाहीं ! तीनों ग्वारियाको स्वरूप आप बिना मोकों वनमें सखडी अनसखडी महाप्रसाद कोन धरे ? औरके हाथकों मैं लेउ कैसे ? यह सब आपकी कृपा है ।**" એટલે નવરત્નમાં કથિત દેહેન્દ્રિયાદિનો અન્ય વિનિયોગ થવાની ચિંતા તો કન્હૈયાશાલને છે જ નહીં. ગદ્યમંત્રમાં

નિવેદિત કરેલ એમની સર્વવસ્તુઓનો કેવલ પ્રભુ માટેજ વિનિયોગ છે. "**यह सब आपकी कृपा हय ।**" એમ શ્રીગુસાંઈજીને વિનન્તી કરનાર કન્હૈયાશાલ "નવરત્ન" ગ્રંથ કથિત "**निजेच्छातः करिष्यति**" ના સિદ્ધાંત પર અસ્ખલિત જીવે છે. પ્રભુની પ્રત્યેક ઈચ્છાને ભગવત્કૃપા માને છે. કન્હૈયાશાલની વાર્તામાં, નવરત્નગ્રંથમાં ગર્ભિત એવી "**निजानाम् इच्छातः करिष्यति**" ના દર્શન પણ થાય છે. વ્રજલીલામાં મગ્ન કન્હૈયાશાલનો હાથ પકડી શ્રીગુસાંઈજી એમને રણછોડજીના દર્શન કરવા લઈ જાય છે ત્યારે કન્હૈયાશાલને રણછોડજીના સ્થાને ગોવર્ધનનાથજીના દર્શન થાય છે. "**यामें यह जताये जो कन्हैयाशालको व्रजलीला बिना ओरमें मन जायहीं नाहीं**" તેથી ભક્તેચ્છાપૂરક ગોવરધનધરને રણછોડજીના સ્થાને સ્વસ્વરૂપના દર્શન આપવા પડે છે. આવા અનન્ય સ્નેહીભક્તોને પ્રભુ સ્વરૂપાનંદનું દાન કરે છે. આ ભગવદીયનો, શ્રીગોવરધનનાથજીમાં, "વિવેકધૈર્યાશ્રય" માં કહેલ "ચાતક ભાવ" છે.

શ્રીઆચાર્યજી અને શ્રીગુસાંઈજી જેવા સર્વોત્તમ વક્તા જેમને પોતાના ગ્રંથોના રહસ્યભાવ કહે એવા કન્હૈયાશાલની વાર્તાથી "જલભેદ" ગ્રંથ કેમ અલિપ્ત રહી શકે ? "પંચપદ્યાનિ" ગ્રંથમાં કહેલ ઉત્તમશ્રોતાના લક્ષણ કન્હૈયાશાલમાં પ્રકટ છે.

ઘરમાં રહેવા છતાંય, કન્હૈયાશાલનું જીવન, પુષ્ટિભક્તિમાર્ગના ઉત્તમ સન્યાસી જેવું છે. દ્વારકાથી પાછા આવતાં કન્હૈયાશાલ શ્રીગુસાંઈજીને વિનન્તી કરે છેકે ; "**आपतों देवी जीवनको अंगीकार करनकों पधारे हो सो**

**आपुको ढील लागेगी । और मोको अकेले बहोत सुहात है । तातें आपकी कृपातें आगरे जाय पहोंचोंगो ।"** સંન્યાસ નિર્ણય ગ્રંથમાં કહેલ વિકલત્વ અને અસ્વાસ્થ્ય ભાવના અદ્દભુત દર્શન કન્હૈયાશાલની વાર્તામાં છે. "**कन्हैयाशाल शरीरकी सुधि होय तब खानपान करें । नाहींतो वैसे ही बैठे रहे ।"**

"**चतुःश्लोकी**" ગ્રંથમાં સંયોગ અને વિપ્રયોગ એમ ઉભયાવસ્થાનું ચક્ર ગતિમાન છે. "**स्मरणं भजनं चाऽपि न त्याज्यं इति मे मति"** ચતુ:શ્લોકી ગ્રંથના લીલોપદેશ રૂપે કન્હૈયાશાલની વાર્તા કહે છે કે "**या प्रकार श्रीआचार्यजी श्रीगुसांईजीकी कृपातें कन्हैयाशाल संयोगरस विप्रयोगरस दोउ लीलाके रसमें मगन रहेंते ।"**

કન્હૈયાશાલ ક્ષત્રિ એવા પુષ્ટિભક્તિના અધિકારી છે, જે " સિદ્ધાંતરહસ્ય " ગ્રંથનો હાર્દભાવ છે. એમના ચરિત્રમાં "પુષ્ટિપ્રવાહમર્યાદા" ગ્રંથનો શ્લોક - ૧૩ મો ઉભરી આવે છે. "**स्वरूपेणावतारेण लिंगेनचगुणेनच तारतम्यं न स्वरूपे देहे वा तत्क्रियासुवा ॥ तथापि यावता कार्यं तावत् तस्य करोति हि ।"** વાર્તા કહે છેકે, "**श्रीगुसांईजी कन्हैयाशाल पास श्रीआचार्यजीके सगरे ग्रंथ पढे ।"** કન્હૈયાશાલના ભૂતલ પર થયેલ અવતારનું આ એક વિલક્ષણ પ્રયોજન છે.

કન્હૈયાશાલ માટે વાર્તા કહે છેકે ; "**कन्हैयाशाल को लोकिक वैदिक जब सरीरकी सुधि होय तब करे । परंतु**

**पाछे कछु सुधि न रहें ।**" "નિરોધલક્ષણ"માં કહેલ પ્રપંચવિસ્મૃતિપૂર્વક ભગવદાસકિતની અવસ્થા કન્હૈયાશાલની છે. એમને ફલનિરોધ સિદ્ધ છે. વાર્તા કહે છેકે, "**कन्हैयाशाल लीलारसमें मगन रहेते । सो कन्हैयाशालकी ऐसी लोकवेद विरुद्ध बात है ।**" આ મનુષ્ય દેહથી લીલારસમાં મગ્ન રહેવું એ કન્હૈયાશાલનું "સેવાફલ" માં કહેલ "અલૌકિક સામર્થ્ય" છે કે "સિદ્ધાંતમુક્તાવલિ" માં વર્ણવેલ **मानसि सा परामता** ની અવસ્થા છે અને "ભક્તિવર્ધિની" ગ્રંથમાં નિર્દેશિત કરેલ વ્યસનોત્તર કૃતાર્થતા છે. તેથીજ અખિલ ષોડશગ્રંથના ભાવો જેના હૃદયમાં વિદ્યમાન છે એવા તનુનવત્વ ધારણ કરનાર કન્હૈયાશાલની વાર્તાનો ગૂઢભાવ લોકવેદાતીત છે. ભગવત્સ્વરૂપાનંદમાં સદા વિમગ્ન, ભજનાનંદી કન્હૈયાશાલને, ષોડશ ગ્રંથની અખિલ સિદ્ધિઓ ઉપરાંત, સિદ્ધિઓની નિધિરૂપ શ્રીવલ્લભનું સ્વરૂપ એમના હૃદયમાં સાક્ષાત્ બિરાજે છે. "**कन्हैयाशाल को श्रीगुसांईजी दंडवत् न करन देते । काहेते तुम्हारे हृदयमें श्रीआचार्यजी बिराजत है ।**" તો ય કન્હૈયાશાલનો શ્રીગુસાંઈજી પ્રત્યેનો દાસત્વભાવ અખંડિત છે. શ્રીમહાપ્રભુજી અને શ્રીયમુનાજીનો આવો નિર્ગુણ ભાવ એમનામાં સદા અભિરમે છે.

## ૨૫૨ વૈષ્ણવ વાર્તા - ૨૧૦ : બે ભાઈ કણબી પટેલ મલયાગિરીથી ચંદન લાવ્યાં તે

(લીલાનું નામ - "સુમંગલ" અને "શ્રીમંગલ") (તામસભક્ત)

આ બંને ભાઈને શ્રીગુસાંઈજી ચંદન લેવા મલયાગિરિ મોકલે છે. ત્યાં નાનાભાઈનો દેહ સર્પદંશથી છૂટે છે. મોટાભાઈ

પુનઃ શ્રીગીરીરાજજીમાં આવી ચંદન શ્રીગુસાંઈજીને આપે છે. "**तब श्रीगुसांईजी प्रसन्न व्है आज्ञा किये जो मांगि । तब वाने कहीं जो महाराज, श्रीनाथजीके श्रीअंगमें चंदन समर्पो । तब आपने कही जो-आछो । तब वाने चंदन सिद्ध करीके श्रीनाथजीको समर्प्यो । तब तहां देखेतो दूसरो भाई पंखा करत है ।**" જે ભાઈ પોતાના હસ્તથી શ્રીજીને ચંદન સમર્પે છે તેમને "યમુનાષ્ટક" માં કહેલ સેવોપયોગી તનુનવત્વ સિદ્ધ છે અને જે ભાઈ દેહ છોડીને શ્રીનાથજીને પંખો કરે છે તેમને "નવતનુત્વ" પ્રાપ્ત થયું છે. શ્રીયમુનાજી દત્ત તનુનવત્વ અને નવતનુત્વ એમ ઉભય સિદ્ધિઓનું આ વાર્તામાં પ્રતિપાદન છે.

## ૨૫૨ વૈષ્ણવ વાર્તા - ૨૦૮ : ચાંપાભાઈ ક્ષત્રી અધિકારી (લીલાનું નામ - "ચર્ચિકા") (રાજસ ભક્ત)

---

શ્રીયમુનાજી, કૃષ્ણતુર્યપ્રિયા હોવા છતાંય આપ દાસત્વના ભાવથી સભર છે. દાસભાવમાં સમર્પણનો ભાવ મુખ્ય છે. ચાંપાભાઈની વાર્તા સર્વસમર્પણ ભાવની ઝાંખી કરાવે છે. "**तब श्रीगुसांईजीने कृपा करिके चांपाभाइको नाम सुनायो । पाछे दूसरे दिन उपवास करिके निवेदन करवायो । तब चांपाभाईने सब द्रव्य, घर श्रीगुसांईजीकी भेंट करयो । तब श्रीगुसांईजीने चांपाभाइकी ऐसीं दसा देखिके अपने पास राखे ।**"

આમ સર્વ સમર્પણ કરનાર ભગવદીયો પ્રભુની સદા નિકટ રહે છે.

❖ ❖ ❖ ❖ ❖ ❖

# बालबोधः ।

नत्वा हरिं सदानन्दं सर्वसिद्धान्तसंग्रहम् ।
बालप्रबोधनार्थाय वदामि सुविनिश्चितम् ॥ १ ॥

धर्मार्थकाममोक्षाख्याश्चत्वारोऽर्था मनीषिणाम् ।
जीवेश्वरविचारेण द्विधा ते हि विचारिताः ॥ २ ॥

अलौकिकास्तु वेदोक्ताः साध्यसाधनसंयुताः ।
लौकिका ऋषिभिः प्रोक्तास्तथैवेश्वरशिक्षया ॥ ३ ॥

लौकिकास्तु प्रवक्ष्यामि वेदादाद्या यतः स्थिताः ।
धर्मशास्त्राणि नीतिश्च कामशास्त्राणि च क्रमात् ॥ ४ ॥

त्रिवर्गसाधकानीति न तन्निर्णय उच्यते ।
मोक्षे चत्वारि शास्त्राणि लौकिके परतः स्वतः ॥ ५ ॥

द्विधा द्वे द्वे स्वतस्तत्र सांख्ययोगौ प्रकीर्तितौ ।
त्यागात्यागविभागेन सांख्ये त्यागः प्रकीर्तितः ॥ ६ ॥

अहन्ताममतानाशे सर्वथा निरहंकृतौ ।
स्वरूपस्थो यदा जीवः कृतार्थः स निगद्यते ॥ ७ ॥

तदर्थं प्रक्रिया काचित् पुराणेऽपि निरुपिता ।
ऋषिभिर्बहुधा प्रोक्ता फलमेकमबाह्यतः ॥ ८ ॥

अत्यागे योगमार्गो हि त्यागोऽपि मनसैव हि ।
यमादयस्तु कर्त्तव्याः सिद्धे योगे कृतार्थता ॥ ९ ॥

पराश्रयेण मोक्षस्तु द्विधा सोऽपि निरुप्यते ।
ब्रह्मा ब्राह्मणतां यातस्तद्रुपेण सुसेव्यते ॥ १० ॥

ते सर्वार्था न चाऽऽद्येन शास्त्रं किंचिदुदीरितम् ।
अतः शिवश्च विष्णुश्च जगतो हितकारकौ ॥ ११ ॥

वस्तुनः स्थितिसंहारौ कार्यौ शास्त्रप्रवर्तकौ ।
ब्रह्मैव तादृशं यस्मात् सर्वात्मकतयोदितौ ॥ १२ ॥

निर्दोषपूर्णगुणता तत्तच्छास्त्रे तयोः कृता ।
भोगमोक्षफले दातुं शक्तौ द्वावपि यद्यपि ॥ १३ ॥

भोगः शिवेन मोक्षस्तु विष्णुनेति विनिश्चयः ।
लोकेऽपि यत्प्रभुर्भुंक्ते तन्न यच्छति कर्हिचित् ॥ १४ ॥

अतिप्रियाय तदपि दीयते क्वचिदेव हि ।
नियतार्थप्रदानेन तदीयत्वं तदाश्रयः ॥ १५ ॥

प्रत्येकं साधनचैतत् द्वितीयार्थे महान श्रमः ।
जीवाः स्वभावतो दुष्टा दोषाभावाय सर्वदा ॥ १६ ॥

श्रवणादि ततः प्रेम्णा सर्वं कार्यं हि सिद्ध्यति ।
मोक्षस्तु सुलभो विष्णोर्भोगश्च शिवतस्तथा ॥ १७ ॥

समर्पणेनाऽऽत्मनो हि तदीयत्वं भवेद्ध्रुवम् ।
अतदीयतया चाऽपि केवलश्चेत्समाश्रितः ॥ १८ ॥

तदाश्रयतदीयत्वंबुद्ध्यै किंचित्समाचरेत् ॥
स्वधर्ममनुतिष्ठन् वै भारद्वैगुण्यमन्यथा ॥ १९ ॥

इत्येवं कथितं सर्वं नैतज्ज्ञाने भ्रमः पुनः ॥१९ $\frac{१}{२}$ ॥

॥ इति श्रीमद्वल्लभाचार्यविरचितो बालबोधः संपूर्णः ॥

# ગ્રંથ - બાલબોધ

૮૪ વૈષ્ણવ વાર્તા ૫૭ - નારાયણદાસ કાયસ્થ
(લીલાનું નામ - "વ્રજવિલાસિની")

૨૫૨ વૈષ્ણવ વાર્તા ૧૭૧ - નારાયણદાસ પાંડે
(લીલાનું નામ- "નારાયણી") સાત્વિક ભક્ત

૨૫૨ વૈષ્ણવ વાર્તા ૧૭૦ - ભીષ્મદાસ ક્ષત્રિ
(લીલાનું નામ - "દૃઢવ્રતા") રાજસ ભક્ત

૨૫૨ વૈષ્ણવ વાર્તા ૧૬૯ - કાન્હબાઈ
(લીલાનું નામ - "કન્હિયાં") તામસ ભક્ત

નારાયણદાસ કાયસ્થ માટે પ્રકટ કરેલ "બાલબોધ" ગ્રંથમાં શ્રીમદાચાર્યચરણ સ્વસિદ્ધાંત નિરૂપણ નથી કરતાં પણ સર્વ સિદ્ધાંતોનો સંગ્રહ કરે છે. "**सर्वसिद्धान्तसंग्रहम्**". બાલકબુદ્ધિવાળા જીવનું મન, ચર્ષણીની જેમ, સર્વત્ર ન ભટકતાં, એક સિદ્ધાંતમાં સ્થિર થઈ જાય એ હેતુથી આચાર્યજી જીવને વિવિધ સિદ્ધાંતોની તસ્વીર બાલબોધમાં દેખાડે છે. શ્રીમહાપ્રભુજીને અમાન્ય એવા સર્વસિદ્ધાંતો આ ગ્રંથમાં નથી. આ ગ્રંથના વિષયો પુષ્ટિભક્તિના અંગરૂપ છે.

શ્રીઆચાર્યજીએ, બાલબોધ ગ્રંથમાં, વેદમાં પ્રતિપાદિત એવા ચાર પુરૂષાર્થોનું વિસ્તરણ નથી કર્યું. પુષ્ટિભક્તિમાં ફલની પ્રાપ્તિ કેવલ ભગવત્કૃપા પર જ નિર્ભર છે. **यमैवेषवृणुते तेन लभ्य** વેદનો આ અર્કરૂપ સિદ્ધાંત હોવાથી,

શ્રીવલ્લભને, વેદના સાધન અંગને સ્પર્શવાની "બાલબોધ" માં આવશ્યકતા ન રહી, કારણકે આ ગ્રંથ જેના માટે પ્રકટ કર્યો છે એવા શ્રોતા નારાયણદાસ કાયસ્થ, પુષ્ટિભક્તિના અધિકારી છે. મોક્ષના કે મર્યાદા ભક્તિના નહીં.

વેદનું પ્રતિપાદન કરનાર શ્રીમદાચાર્યચરણ, આ ગ્રંથમાં વેદોક્ત મોક્ષનું વર્ણન કેમ નથી કરતા એનું રહસ્ય વાર્તા સમજાવે છે. નારાયણદાસ "**श्रीआचार्यजीके पास आय रहे । सो श्रीमुखकी वार्ता सुने, महाप्रसाद लिये चित्त में आनंद पाये ।**" વેદોક્ત **यमैवेषवृणुते** ની પ્રક્રિયાથી શ્રીમહાપ્રભુજીએ અહીં નારાયણદાસમાં ભજનાનંદનું બીજ રોપી દીધું છે. એટલે વાર્તા કહે છે "**चित्तमें आनंद पाये**". નારાયણદાસે આ આનંદ પુષ્ટિ પુરૂષોત્તમ સંબંધિત અનુભવ્યો, તેથી વેદોકત મોક્ષનું વર્ણન બાલબોધ ગ્રંથમાં અપ્રયોજક બન્યું. વેદકથિત બ્રહ્માનંદના મોક્ષમાં આચાર્યજીએ નારાયણદાસની મતિ જવા જ ન દીધી. શ્રીગોપીજનોની જેમ, ભજનાનંદની સિદ્ધિમાં જ નારાયણદાસને વેદોક્ત બ્રહ્માનંદ અનાયાસ અવાન્તર ફલરૂપ પ્રાપ્ત થઈ જવાનો છે. તોય વેદની મર્યાદાને માન આપનાર શ્રીવલ્લભે, નારાયણદાસને વેદથી અછૂત ન રાખ્યો. "**तब श्रीआचार्यजी झारीतें जल ले वेदमंत्रसों पढि एक दोनामें दिये । और कहे, यह जल लरिका पर छिरक्यो, लरिका उठेंगो ।**" શ્રીવલ્લભે જો ઝારીજીનું જલ આપ્યું હોત તો તેનાથીય એ બાલકની મૂર્છા નિવૃત્ત થાત. પરંતુ એ બાલક પુષ્ટિનું ન હોવાથી, ઝારીજીના પુષ્ટિજલમાં, શ્રીમદાચાર્યચરણે વેદની મર્યાદા છીરકી. શ્રીવલ્લભે બાલબોધ ગ્રંથમાં ભલે વેદોક્ત સાધન અને ફલ

ન દર્શાવ્યાં પણ આ પ્રસંગ દ્વારા મહાપ્રભુજીએ વેદનો મહિમા અવશ્ય બતાવ્યો. **लौकिका ऋषिभिः प्रोक्ताः ।** શ્રીવલ્લભે બાલબોધમાં ઋષિઓથી કથિત અને સ્મૃતિઓમાં વિચારેલ ધર્મ, અર્થ અને કામ પુરૂષાર્થનો ઉલ્લેખ ન કરતાં, કેવલ મોક્ષ પુરૂષાર્થનું જ આલેખન કરે છે. ઋષિઓથી કહેવાયેલ ધર્મ, અર્થ અને કામ પુરૂષાર્થમાં નારાયણદાસની મતિ છે કે નહીં તે તપાસવા આચાર્યજી નારાયણદાસને કહે છે. "**वह लरिका तो आछो होहि जायगो, परंतु पाछे तु फेरी उही काम करेगो ? तब नारायणदासने कही, महाराज, मैं आपको दास, गुलाम होइ आपके पास रहुंगो । आप आज्ञा देउगे, सो मैं करुंगो ।**" પોતાનો અલૌકિક ધર્મ બતાવવા નારાયણદાસ મહાપ્રભુજીને વિનવે છેકે, "હું આપનો દાસ થઈને રહીશ ઠાકુરજીનો ગુલામ થઈને રહીશ" અર્થાત્ **सोऽहम्** ની બદલે નારાયણદાસ **दासोऽम्** ની અસ્મિતાથી ઉજ્જવલ થઈ ગયા છે. પુષ્ટિમાર્ગીય ધર્મ પાળવા તત્પર છે. પોતાના અલૌકિક અર્થ પુરૂષાર્થને અભિવ્યક્ત કરતાં નારાયણદાસ શ્રીવલ્લભને નિવેદન કરે છેકે, "આપ જે કહેશો એનું પરિપાલન જ મારી અર્થોપલબ્ધી માનીશ." "**आपके पास रहुंगो**" એમ કહીને નારાયણદાસ શ્રીવલ્લભની નિકટ જ રહેવાની પોતાની કામનાને અભિવ્યક્ત કરે છે. એજ આ ભગવદીયનો કામ પુરુષાર્થ છે. ભવિષ્યમાં આજ કામ પુરુષાર્થ નારાયણદાસના "**क्वासि**" ભાવનું સ્વરૂપ લેશે. નારાયણદાસને આવી અલૌકીક બુદ્ધિનું દાન કર્યા પછી આચાર્યજીને બાલબોધ ગ્રંથમાં ઋષિઓએ કહેલ ધર્મ, અર્થ અને કામ પુરુષાર્થનું નિરૂપણ કરવું નિરર્થક લાગે છે. તેથીજ શ્રીવલ્લભ આજ્ઞા કરે છેકે, "**त्रिवर्गसाधकानीति**

**न तन्निर्णय उच्यते ।"**

નારાયણદાસ પર થયેલ કૃપાનું કારણ દર્શાવતાં શ્રીવલ્લભ સ્વયં આજ્ઞા કરે છેકે, **"जीवेश्वरविचारेण द्विधा ते हि विचारिताः"** આ શ્લોકમાં આચાર્યજી પ્રથમ જીવ શબ્દ કહે છે અને પછી ઈશ્વર, કારણકે નારાયણદાસના ઉદ્ધારનો પ્રથમ વિચાર પુષ્ટિજીવ એવા કૃષ્ણદાસ મેઘને કર્યો છે. મહાપ્રભુજી પાસે નારાયણદાસની સિફારશ કરતાં કૃષ્ણદાસજી વિનન્તી કરે છે **"महाराज ! नारायणदास कायस्थ एक अम्बालयको यहां हय । देवी जीव है । वाकों मैं समुझायो सो मान्यो नाहीं ।"** એ સાંભળ્યા પછી "ઈશ્વર" એવા શ્રીમદાચાર્યચરણ કૃષ્ણદાસને કહે છેકે, **"तब श्रीआचार्यजी कहे, न मान्यो तो कहा भयो ? तुमने वाकों समुजायो । तुमकों ढूंढत अबही आवेगो ।" क्वासि** ભાવમાં નારાયણદાસનું વરણ કરતાં શ્રીવલ્લભ નારાયણદાસને, સર્વ પ્રથમતો ભગવદીય એવા કૃષ્ણદાસને શોધતાં કરી દે છે અને પછી એ શોધ, એ લગની, પ્રભુ માટે લગાવે છે. **नत्वा हरिं सदानन्द** મંગલાચરણમાં શ્રીવલ્લભે "હરિ" કહ્યું તેમ પ્રભુ નારાયણદાસના દુ:ખહર્તા બને છે અને સદાનંદ કહેવાથી પ્રભુ એમના સુખકર્તા બને છે. નારાયણદાસ માટે આચાર્યજીએ સર્વ પુરૂષાર્થોની સિદ્ધિ મંગલાચરણમાંજ કરી.

**द्विधा द्वे द्वे स्वतस्तत्र सांख्ययोगौ प्रकीर्तितौ ।** અને **अतः शिवश्च विष्णुश्च जगतो हितकारकौ ।** ઋષિઓથી બોધિત થયેલ મોક્ષ શાસ્ત્રને સમજાવતાં શ્રીઆચાર્યચરણ કહે છેકે, પોતાના પ્રયાસથી મળતો મોક્ષ સ્વતઃ મોક્ષ

કહેવાય છે. એનું નિરૂપણ સાંખ્ય અને યોગશાસ્ત્રમાં છે. શિવ અને વિષ્ણુથી ઉપલબ્ધ થતી મુક્તિ પરતઃ મોક્ષ છે.

સાંખ્ય પક્ષ ત્યાગ પ્રધાન છે. બાહ્ય વિષયો પ્રત્યે ક્ષુદ્રતાનો ભાવ જગાડી વિષયોથી અલિપ્ત રહેવા સાંખ્ય શાસ્ત્ર કહે છે. યોગમાર્ગ બાહ્ય વિષયો પ્રત્યે અત્યાગનો ભાવ રાખે છે. યોગશાસ્ત્ર કહે છે કે જીવ પોતાના આત્મનિયંત્રણમાં સ્વતંત્ર હશે તો બાહ્ય વિષયો જીવનું કાંઈ નહીં બગાડી શકે. અર્થાત્ યોગમાર્ગમાં બાહ્ય ત્યાગ કરતાં આંતરિક ત્યાગનું અતિ વિશેષ મહત્વ છે. સાંખ્ય, વિષયને અનાત્મરૂપે જુએ છે. તેથી એ જ્ઞાન પ્રધાન છે. યોગ ધ્યાન પ્રધાન છે. આંતરિક ત્યાગને એ આત્મ ધ્યાનથી કેળવે છે. અહંતા અને મમતામાંથી મુક્તિ મેળવવી એ બંને શાસ્ત્રોનું પ્રયોજન છે. સાંખ્ય અને યોગ શાસ્ત્રના માધ્યમથી મળતી મુક્તિ આત્મસુખરૂપા છે.

કેવળ આત્મસુખ સુધી સિમિત ફલ આપતા સાંખ્ય અને યોગના સાધનોના અભિમાનને વિષ્ણુ અને શિવના ભક્તો દુર્લક્ષ કરે છે. પોતાની જાતનુંય વિસ્મરણ કરી, વિષ્ણુ અને શિવના ભક્તો, આ દેવ થકી, આત્મસુખ કરતાંય વિશેષ સુખ મેળવે છે. સામાન્યતયા શિવ ભોગનું દાન કરે છે અને વિષ્ણુ મોક્ષનું. શિવનો ભોગ તામસ સ્વભાવવાળો છે. મોક્ષ સાત્ત્વિક સ્વભાવયુક્ત છે. તેથી શિવને મોક્ષ આપતી વેળા પોતાના ભક્તના તામસ સ્વભાવને સાત્ત્વિક બનાવવાનો શ્રમ લેવો પડે છે. એવીજ રીતે વિષ્ણુના ભક્તો સાત્ત્વિક પ્રધાન છે. એમને ભોગ આપવો

હોય તો વિષ્ણુને ભક્તના સ્વભાવનું તામસમાં રૂપાંતર કરવાનો કષ્ટ લેવો પડે છે. બીજી દ્રષ્ટિથી જોઈએ તો શિવ મુક્ત દશામાં રહે છે અને વિષ્ણુ ભોગમાં. સ્વામી જે સ્વયં ભોગવતાં હોય તે અન્યને ન આપે. એમના અતિપ્રિય ભક્તો કેવલ અપવાદરૂપ છે. પરંતુ મહોદાર ચરિત્રવાન શ્રીવલ્લભ પોતે જે ભોગવે છે તેજ નારાયણદાસ અને પુષ્ટિભક્તોને આપવા ઉત્સુક છે.

પરત: મોક્ષ ઉપલબ્ધ કરવા માટે જીવને શિવ અથવા વિષ્ણુના તદીય (સમર્પિત) અને તદાશ્રિત (આશ્રિત) થઈને રહેવું અનિવાર્ય છે. અર્થાત્ પરત: મોક્ષને ચાહતો જીવ એ દેવનો અનન્યાશ્રિત અને એમને સમર્પિત હોવો જ જોઈએ. એ દેવના દાસ બન્યા પછી, એમનાં સંબંધિત શ્રવણ, કીર્તનાદિથી નવધા ભક્તિના પથ પર અભિસરણ કરવાથી જીવના દોષો નિવૃત્ત થાય છે. "**जीवाः स्वभावतो दुष्टाः**" ભગવદ્અંશરૂપે તો જીવ શુદ્ધ જ છે, પણ એ સ્વભાવથી દુષ્ટ છે.

શિવ વૈષ્ણવ ધર્મના ઉપદેષ્ટા છે. **शिवस्तु आद्य वैष्णवधर्मोपदेष्टाः ।** વેણુનાદ વેળા ઠાકુરજીએ વેણુ વગાડી તે રુદ્રરૂપ જ છે. તેથી પુષ્ટિ સંપ્રદાયને રુદ્ર સંપ્રદાય પણ કહેવામાં આવે છે. રુદ્ર વિષયના સંહારના દેવ હોવાથી, વેણુવાદન વેળા, વેણુએ પણ ગોપીજનોના સંસારનો વિનાશ કર્યો અને રુદ્ર **वैष्णवधर्मोपदेष्टा** હોવાથી, વેણુએ, નાદ દ્વારા ગોપીજનોને ભગવાન તરફ વાળી. આવો વેણુપથ છે. શુકદેવજી શિવના અવતાર છે. તેથીજ

ભાગવતનો બોધ આપે છે, પણ પોતે ભગવત્સેવા ન કરી. પુષ્ટિભક્તિ પ્રાપ્ત ન કરી. એટલે જ આચાર્યજી નિરોધલક્ષણમાં આજ્ઞા કરે છેકે, "**यथा तथा शुकादिनां नैवात्मनि कुतोऽन्यतः ।**"

બ્રહ્મા વિષયના કર્તા હોવાથી, એમની ભક્તિ કરવાથી મોક્ષ ન મળે. પરંતુ મુક્તિજનક કર્મનું જ્ઞાન એમની પાસેથી મેળવી શકાય. વિષ્ણુ વિષયના પાલક છે. તેથી એમના ભક્તોનુંએ એવી રીતે પાલન કરે છેકે, એવા ભક્તો વિષયમાં પ્રવૃત્ત થવા જ ન પ્રેરાય. શિવ વિષયનો, internally સંહાર કરે છે. શિવ અને વિષ્ણુના ભક્તો એમના આશ્રિત થઈને આ દેવોના સામર્થ્યને realise કરે છે અને એમને સમર્પિત થઈને રહેવાથી એમને relish કરે છે.

દિકરીને કહીને સાસુ વહુને સંભળાવે, તેમ શ્રીમદાચાર્યચરણ શિવ અને વિષ્ણુનું દૃષ્ટાંત બાલબોધ ગ્રંથમાં આપીને કૃષ્ણના તદીય અને તદાશ્રિત રહેવાનું આ ગ્રંથમાં નારાયણદાસને indication આપે છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ પુરુષાર્થથી અતિ અતિરિક્ત અને અતીત એવી પંચમ પુરુષાર્થરૂપ પુષ્ટિભક્તિને અહીં introduce કરે છે.

નાટ્યશાસ્ત્રમાં કહેલું છેકે, કોઈપણ નાટકની climax લાવવી હોય તો પહેલાનાં અંકોમાં એના બીજની વાવણી થાય છે. આવી રીતે અખિલ ષોડશગ્રંથનું બીજરૂપ ગ્રંથ "બાલબોધ" છે. શિવ અને વિષ્ણુના દૃષ્ટાંતથી ષોડશગ્રંથના હાર્દરૂપ સિદ્ધાંત એવા તદીયત્વ અને તદાશ્રયત્વને આચાર્યજીએ

બાલબોધમાં બીજરૂપે વાવી દીધો છે. શિવ અને વિષ્ણુનું નામ આપી શ્રીમહાપ્રભુજી કૃષ્ણની ભક્તિ કેમ કરવી એનો નિર્દેશ કરે છે. આચાર્યજી "બાલબોધ" ગ્રંથમાં, સાંખ્ય અને યોગથી કે શિવ અને વિષ્ણુથી થતાં મોક્ષને "સર્વ સિદ્ધાંત સંગ્રહ" કહે છે. મહાપ્રભુજીએ સિદ્ધાંત મુક્તાવલી ગ્રંથમાં પંચમ પુરૂષાર્થરૂપ પુષ્ટિ ભક્તિને પ્રકટ કરી છે. એ ભક્તિ આપનો "સ્વસિદ્ધાંત" હોવાથી અંશી છે અને બાલબોધમાં વર્ણવેલ સર્વસિદ્ધાંત પુષ્ટિભક્તિનો અંશ છે. આવી રીતે અંશાશિ રૂપે એકમયતા હોવાથી, બાલબોધ ગ્રંથોક્ત સાંખ્ય, યોગ, નવધાભક્તિ, મોક્ષ, શિવ અને વિષ્ણુના વર્ણનથી શ્રીવલ્લભની સદાય રસમાં તત્પર રહેતી વૃત્તિને કાંઈપણ સ્ખલન થતું નથી. સાંખ્યથી મળતું આત્મસુખ એ બ્રહ્માનંદ કે ભજનાનંદનો એક અંશ જ છે. તેવી રીતે શિવકે વિષ્ણુ દ્વારા મળતી સાલોક્યાદિ મુક્તિ પણ બ્રહ્માનંદ કે ભજનાનંદનો અંશ છે. સાંખ્યયોગમાં કથિત સુખદ્ આત્મા **ममैवांशोजिवलोके:** સિદ્ધાંતમાં અભિરમે છે અને શિવ અને વિષ્ણુ પણ ભગવાનમાંથી પ્રકટ થયેલા અવતાર હોવાથી, અહીં વર્ણવામાં આવેલ સાધન પણ ભક્તિના અંશરૂપે છે. આ લેખમાં આ વિષયનો વિશેષ ખુલાસો આગળ જતાં પંચપર્વાવિદ્યામાં થશે, જેનાથી સુસ્પષ્ટ થશે કે આ સર્વે ભક્તિના અંગ છે. આ ગ્રંથના શ્રવણથી નારાયણદાસ કાયસ્થને જે બોધ આપવાનો છે અને એમનામાં જે ભાવનું સિંચન કરવાનું છે તે અનાયાસ સિદ્ધ થઈ જાય છે. નારાયણદાસે મહાપ્રભુજીને વિનન્તી કરેલ કે, **ऐसी कृपा करो जो संसारको दुःख सुख कछू मोको बाधा न करे, चित्त ठाकुरजीके चरणारविंदमें लग्यो रहे"** અહીં નિરોધ માંગી

માંગી રહ્યાં છે. સાંખ્ય, યોગ, વિષ્ણુ કે શિવથી નારાયણદાસના સંસારના સુખ અને દુ:ખ નિવૃત્ત થઈ શકત, પણ નારાયણદાસનું ચિત્ત ઠાકુરજીના ચરણારવિંદમાં ન લાગી શકત. આ કાર્ય શિવ અને વિષ્ણુ પણ ન કરી શકે તો સાંખ્ય અને યોગની ક્યાં ગતિ ? "**चित्त ठाकुरजीके चरणारविंदमें लग्यो रहे**" એ જે નારાયણદાસે માંગ્યું એમાં જ પંચમ પુરૂષાર્થરૂપ પુષ્ટિ ભક્તિની ટશરો ફૂટે છે. નારાયણદાસે સંસારનું સુખ, દુ:ખ જાય અને ઠાકુરજીના ચરણકમલમાં મન સ્થિર રહે એવા total package ની માંગણી કરી છે. અંશ અને અંશીનું આ package છે. સિદ્ધાંતમુક્તાવલી અને અન્ય ષોડશગ્રંથોમાં વર્ણવેલી પુષ્ટિ ભક્તિ અંશી છે, અંગી છે અને "બાલબોધ" અંશ કે અંગ છે. કેવી બેજોડ સિફતતાથી આચાર્યજી "અંગ" ને "અંગી" તરફ લઈ જાય છે એની અનિર્વચનીય ઝાંખી સહેજ કરી લઈએ.

ચંદ્રમુખી પ્રિયતમાના મુખ પર ઓજલ આવે અને એના મુખદર્શન ન થવાથી, પ્રત્યક્ષ વિરહમાં, પ્રેમીને જે સ્પંદનો થાય છે એનાથી અનેકવિધ વિયોગજનિત વિરહના અલૌકિક સ્પંદનો નારાયણદાસને આ ગ્રંથના શ્રવણથી થાય છે. બાલબોધ ગ્રંથમાં મહાપ્રભુજીએ નારાયણદાસના વરણની એવી વ્યૂહરચના રચી છેકે આ ગ્રંથનો ભાવ હૃદયમાં સ્થિર થતાં જ નારાયણદાસને **क्वासि** ભાવના વિરહ સિવાય કોઈ દિશા નથી રહેતી. બાલબોધગ્રંથમાં કહેલ સાંખ્ય અને યોગ એ પુષ્ટિભક્તિના ઉપાંગ છે. વિષ્ણુ અને શિવ ભક્તિમાં ગર્ભિત રહેલ તદીયત્વ અને તદાશ્રયત્વ, પુષ્ટિભક્તિનું

અંગ છે. પુષ્ટિભક્તિ સ્વયં અંગી છે. બહુજ કૌશલ્યથી શ્રીવલ્લભે આ ગ્રંથમાં અંગ પ્રકટ કરી અંગીને છૂપાવ્યો છે. અંગીને સિદ્ધાંત મુકતાવલીમાં પ્રકટ કર્યો. જેમ વેણુવાદન દ્વારા ઠાકુરજીએ અંગોનું ઉદ્દ્બોધન કર્યું ત્યારે ગોપીજનનોને અંગી એવા કૃષ્ણ માટે વિપ્રયોગ જાગ્યો, એજ પ્રક્રિયા આચાર્યજીએ નારાયણદાસના વરણમાં સ્થાપિત કરી. આગળ જોયું તેમ આપણો રુદ્ર સંપ્રદાય છે. રુદ્ર અગ્નિરૂપ છે અને અગ્નિ વાણીનો પતિ છે. તેથી અગ્નિરૂપ વાક્પતિ શ્રીવલ્લભની વાણી વેણુનાદાત્મક હોવાથી, નારાયણદાસનું વરણ વેણુનાદના process થી કરે છે.

નારાયણદાસના વરણની પ્રક્રિયામાં સાંખ્ય અને યોગે મહાત્મ્યજ્ઞાનનો પાઠ ભજવ્યો. તદીયત્વ અને તદાશ્રયે કૃષ્ણ માટે ભાવનાઓ પ્રેરીત કરી, પણ ભાવરૂપ કૃષ્ણ ન દેખાયા. અંગી ગુપ્ત રહ્યાં એટલે ફલશ્રુતિ **क्वासि क्वासि** ભાવમાં આવી. આ **क्वासि** ભાવને વિશેષ પ્રજવલિત કરવા શ્રીવલ્લભે નારાયણદાસને સ્વરૂપ સેવા ન આપી. "**तोसो स्वरुप सेवा निबहेगी नाहि ।**" નારાયણદાસને બ્રહ્મસંબંધ કરાવી આચાર્યજી એમને ઠાકુરજી સાથે વરાવે છે અને નારાયણદાસને બોધ પણ આપે છેકે, તું પ્રભુ માટે છે, પણ ભગવદ્સેવા ન પધરાવી, મહાપ્રભુજી નારાયણદાસના **क्वासि** ભાવને ઉત્તેજીત કરે છે. નારાયણદાસના **क्वासि** ભાવના તાપને તપ્ત કરવા, ઉદ્દીપન કરવા, શ્રીમહાપ્રભુજી એમના માથે, તદીયત્વના (સમર્પણના) મૂર્તિમંત સ્વરૂપ રૂપ ગદ્યમંત્રને અને તદાશ્રયત્વના સ્વરૂપ એવા અષ્ટાક્ષર મંત્રને, સ્વહસ્તાક્ષર રૂપે પધરાવી આપે છે. ગદ્યમંત્ર એ વિપ્રયોગની દિક્ષા છે. એની સેવાથી

અને એના સાન્નિધ્યથી, નારાયણદાસનો વિપ્રયોગ પ્રગાઢ બને છે. સમર્પણના મંત્રને સેવ્ય બનાવી મહાપ્રભુજીએ નારાયણદાસનાં હૃદયમાં સમર્પણના ભાવની સરિતાને અસ્ખલિત વહેતી કરી દીધી અને એમને સ્વરૂપ સેવા ન પધરાવી એટલે એ સરિતાને સમાવવા મહાસાગર ન મળ્યો. પરિણામે સરિતાએ વિપ્રયોગનો પંથ લીધો. આ દશામાં શ્રીવલ્લભ નારાયણદાસને એ નિચોડ પર લાવી રહ્યાં છેકે, "**अविनियोगे क्वासि क्वासि भवति ।**" દિકરી પરણીને સાસરે જાય કે ન જ પરણી હોય એમાં **क्वासि** ભાવ ન ઉદ્‌ભવે. પણ પરણ્યા પછી દિકરી સાસરે ન જઈ શકતી હોય અને હૃદયમાં પ્રેમના અંકુરો ફુટ્યા હોય ત્યારે **क्वासि** ભાવ જનિત થાય છે. બાલબોધ ગ્રંથનું આવું બાલ પ્રબોધન છે.

આવી રીતે નારાયણદાને સર્વ દિશાઓથી ઘેરી, મહાપ્રભુજી, એમને રાસપંચાધ્યાયીમાં કહેલ **क्वासि** ભાવની સિદ્ધિ કરાવે છે. વિપ્રયોગાગ્નિમાં આ ભગવદીયનું હૃદય દીનતા અને નિ:સાધનતાથી આર્દ્ર રહે છે. જે ભાવનો આર્તનાદ કરે છે તે ભાવ છે "**हा नाथ ! हा रमणप्रेष्ठ ! क्वासि क्वासि महाभूजः ।**" પોતાના નાથ તિરોધાન થયાં છે એટલે પોતાનો ધર્મ પુરુષાર્થ સિદ્ધ ન કરી શકનાર ગોપી વિલાપ કરે છે, "હા નાથ". પોતાના અર્થ પુરુષાર્થને નિર્દિષ્ટ કરતાં ઉદ્‌ગાર સ્રવે છે, "રમણપ્રેષ્ઠ". કામ પુરુષાર્થ સિદ્ધ ન થતા **क्वासि** ભાવ જાગે છે. મહાભુજમાં સમાવવું એ ગોપીનો મોક્ષ પુરુષાર્થ છે. આ ભાવને પ્રતિપાદિત કરતાં વાર્તા કહે છે. "**भैयाजी ! श्रीगोकुल श्रीआचार्यजीके**

**दरसनको कब चलोगे ?"** એ સાંભળતાં નારાયણદાસના **"नेत्रनमें जल भरी लीलारसमें मगन होइ जाते ।"**

વિપ્રયોગની શરત છેકે, એ અપૂર્ણ અનુભૂતિમાં જાગે. પ્રભુની પૂર્ણાનુભૂતિ થાય કે અનુભૂતિ જ ન થાય તો વિપ્રયોગ ન પ્રકટે. પુષ્ટિ ભક્તને આવી અપૂર્ણ અનુભવની અવસ્થામાં રાખવા શ્રીવલ્લભે સેવા અને કથા એમ ભક્તિના બે અંગોને પેશ કર્યાં. જેથી બુદ્ધિથી અને ઉર્મિથી, પુષ્ટિ જીવમાં એવો ભાવ ન આવે કે ભક્તિ સંપૂર્ણ થઈ ગઈ. સેવા કરતી વેળા કથાનો અભાવ રહે છે અને અનોસરમાં ભગવત્કથા થતી હોય ત્યારે સેવાનો અવસર નથી. આમ, સર્વદશામાં અતિ કૃપા કરી, આચાર્યચરણ પુષ્ટિ જીવને અપૂર્ણ રાખે છે. પુષ્ટિ જીવના શેષ મહાત્મ્યનો આવો અશેષ મહિમા છે. નારાયણદાસની વાર્તા એનું પ્રમાણ છે. ગોપીજનોને ભજનાનંદના આવેશમાં બ્રહ્માનંદ અનાયાસ સિદ્ધ થઈ ગયેલ. એજ અવસ્થા નારાયણદાસની છે. અન્ય માર્ગમાં જે સાધ્ય છે તે મહાપ્રભુજીના માર્ગમાં સાધન છે, પુષ્ટિ ભક્તિનું અંગ છે. ભગવાને જ્ઞાન અને વૈરાગ્યને ભક્તિના દિકરા તરીકે મોકલ્યા અને મુક્તિને દાસી તરીકે મોકલી. જ્ઞાન એટલે યોગ અને વૈરાગ્ય, સાંખ્ય છે. સાંખ્ય અને યોગ ભગવાનના કુંડલ છે. નવધા ભક્તિ કર્માત્મિકા છે. એ ભક્તિથી જ્યાંસુધી પ્રેમલક્ષણા ભક્તિ સિદ્ધ નથી થતી ત્યાંસુધી પુષ્ટિમાર્ગીય તત્ત્વ ઉપલબ્ધ નથી થતું. નારાયણદાસને આચાર્યજીએ બ્રહ્મ સંબંધ કરાવી, એમના સમર્પણમાં પ્રૌઢત્વને સ્થાપન કરી, એમનામાં જે **क्वासि** ભાવ જગાડયો એજ નારાયણદાસની બાલબોધ ગ્રંથમાંથી

સિદ્ધાંતમુક્તાવલી ગ્રંથ તરફની ઉડ્ડાન છે. એમની પ્રેમલક્ષણા ભક્તિનું દર્શન છે. તેથી જ વાર્તા કહે છે નારાયણદાસ લીલારસમાં મગન થઈ જતાં.

આત્મસમર્પણ એ નવધા ભક્તિનો અંતિમ અંગ છે અને પ્રેમલક્ષણા ભક્તિનો આદ્ય અંગ છે. નવધા ભક્તિ હોય પણ પ્રેમલક્ષણા ભક્તિ સિદ્ધ ન થઈ હોય એવા જીવની અવસ્થા માથા વગરના ધડ જેવી છે. બાલબોધ ગ્રંથ દ્વારા શ્રીવલ્લભે નારાયણદાસને પુષ્ટિભક્તિના અંગમાં પ્રવેશ કરાવ્યો એટલે નારાયણદાસને "**गोकुल कब चलोगे**" નો ભાવ જાગ્યો.

આ ગ્રંથમાં ખુબસુરતી તો એ છેકે, અહીં શ્રીવલ્લભ અંગી તરફ કેવલ ઈશારો કરે છે, પણ કૃષ્ણનું નામ બાલબોધમાં નથી ઉચ્ચારતા. કેવલ મંગલાચરણમાં **हरि** કહ્યું છે, ઉપદેશમાં કૃષ્ણનું નામ જ નથી બોલ્યા. તેથીજ શિવ અને વિષ્ણુનું નામ સાંભળનાર નારાયણદાસ, કૃષ્ણનું નામ આ ગ્રંથમાં નથી સાંભળતાં ત્યારે **क्वासि** ભાવની તડપન અનુભવે છે. જે પ્રેમી માટે રોમાંચ થતાં હોય એનું કોઈ નામ જ ન લે, તો કેવી વિહ્વળ દશા થાય એવી નારાયણદાસની છે. અંગમાંથી અંગી તરફ જતી વેળા જે border line છે તે તદીય અને તદાશ્રયનો ભાવ છે. આ border ની એક તરફ teen age ની દશા છે અને એને ઓળંગી જતાં youthfullness પ્રકટ થાય છે. આવી **क्वासि** ભાવની youthfullness ના આવેશમાં નારાયણદાસ, સાંખ્યશાસ્ત્રમાં નિષેધ કરેલ, બાહ્ય જગતના વિષયની અનાત્મનાનો અનુભવ નથી કરતાં અને એક

યોગીની પ્રગાઢ સમાધી હોય તેમ "**लीलारसमें मगन होइ जाते ।**"

ષોડશગ્રંથના મંગલાચરણરૂપ યમુનાષ્ટક છે. યમુનાજી સંયોગાત્મિકા છે. યમુનાષ્ટક પછી બાલબોધ ગ્રંથનું placing રહસ્યમય છે. **क्वासि** ભાવ ન જાગ્યો તો સેવા નિરર્થક થાય એટલે ષોડશગ્રંથનો દ્વિતીય ગ્રંથ બાલબોધ બન્યો, જેમાં નારાયણદાસના વિપ્રયોગના ભાવની કથા છે.

**सांख्ययोगो प्रकीर्तितौ ।**
**त्यागात्यागविभागेन सांख्ये त्यागः प्रकीर्तितः ॥**
**अहन्ताममतानाशे सर्वथा निरहंकृतौ ।**

આ શ્લોકના શ્રવણથી નારાયણદાસને વેણુગીતની સુબોધિનીજીમાં વર્ણવેલ પંચપર્વા વિદ્યાનું દાન થાય છે. આ પંચપર્વા વિદ્યા છે સાંખ્ય, યોગ, તપ, વૈરાગ્ય અને ભક્તિ. આ શ્લોકમાં સાંખ્ય શબ્દ સાંભળતાં નારાયણદાસને ગોપીઓની જેમ બોધ થઈ જાય છેકે પૂર્ણ પુરુષોત્તમ રસાત્મક છે. અહીં યોગ શબ્દનો ઉચ્ચાર કરી શ્રીવલ્લભે, નારાયણદાસના મનનો યોગ પ્રભુમાં એવો ઘનિષ્ઠ કર્યો છેકે જાણે મોતીમાં દોરી ન પૂરાઈ ગઈ હોય ? "ત્યાગ" શબ્દ કહેતાં શ્રીમહાપ્રભુજી, નારાયણદાસજીને પંચપર્વાવિદ્યાત્મક વૈરાગ્યનું દાન કરે છે. તેથી નારાયણદાસને ભગવદ્અતિરિક્ત સર્વ પદાર્થોમાં ત્યાગ કે વૈરાગ્યનો ભાવ દૃઢ થઈ જાય છે. **अहंताममतानाशे सर्वथा निरहंकृतौ ।** હાકીમી કરાવી શ્રીઆચાર્યજી નારાયણદાસને યોગ શાસ્ત્રમાં કહેલ બાહ્ય અત્યાગની અવસ્થામાં રાખે છે. આવી અત્યાગ દશામાં

શ્રીવલ્લભપ્રભુ નારાયણદાસને "તપ" નું દાન કરે છે જે આ ભગવદીયનાં અંતરમાં તાપ રૂપે રહે છે. પંચપર્વા વિદ્યાના દાનથી નારાયણદાસમાં નવધા ભક્તિ સિદ્ધ થાય છે. જે એમના તાપ દ્વારા પલ્લવિત થઈ, પ્રેમલક્ષણા ભક્તિ રૂપે ઉભરી આવે છે. એના ફલ રૂપે નારાયણદાસ **"लीलारसमें मगन होई जाते ।"**

હાકીમી કરતી વેળાય નારાયણદાસનું મન શ્રીવલ્લભે ભગવદ્ચરણારવિંદમાં જ સ્થિર કરી દીધું છે. એમના લૌકીક કાર્યો સ્વયં પ્રભુ કરે છે. **"एवं सदास्म कर्तव्यं स्वयमेव करिष्यति"** નારાયણદાસના મનનો યોગ સદા પ્રભુ સંગ ન હોય તો, "ભૈયાજી, આચાર્યજીના દર્શન માટે ક્યારે ગોકુલ ચાલશો", એટલું સાંભળતાંજ એમના નેત્ર આંસુથી ન ભરાત. નાટ્યશાસ્ત્રની દ્રષ્ટિએ આ અવસ્થા ઉપક્ષેપની છે. રથ આગળ ચાલે તો એના ઉપર રહેલી ધ્વજા પાછળ ફરકતી જાય છે, તેમ નારાયણદાસની ભક્તિનો રથ જેમજેમ વેગથી આગળ જાય છે તેમ તેમ એના પર ફરકતી **क्वासि** ભાવની ધ્વજા ગોકુલ તરફ મુખ કરી પાછળ ફરકતી જાય છે.

નારાયણદાસને પોતાના વરણની પિછાન છે એટલે આચાર્યચરણે પ્રદાન કરેલ **क्वासि** ભાવને સદાય જાગૃત રાખવા એમણે એક ચાકરને રાખ્યો છે. એ ચાકર એમને સદંતર સુધ્ધી અપાવે છેકે, **"भैयाजी श्रीगौकुल आचार्यजी के दर्शनको कब चलोगे ?"** ગોકુલ નિરોધનું સ્થાન છે અને ચાકરનું આવું વાક્ય સાંભળી નારાયણદાસ ભગવદ્ ઉત્કંઠાના

ભાવમાં વિભોર થઈ જાય છે. જેમની કૃપાથી નારાયણદાસને **क्वासि** ભાવની અનુપમ સિદ્ધિ ઉપલબ્ધ થઈ છે એવા શ્રીવલ્લભ ક્યારેય ન વિસરાય એના માટે ચાકરને એ યાદ અપાવવાનું કહી રાખેલ છેકે, આચાર્યજીના દર્શન માટે ગોકુલ ક્યારે જવું છે. અહીં કોઈ પૂર્વપક્ષ કરે કે અવૈષ્ણવ એવા ચાકર પાસે પ્રભુની સુધ્ધી લેવાથી જલભેદ ગ્રંથની બાધા લાગશે. આ શંકા અસ્થાને છે, કારણકે જલભેદમાં અન્યમાર્ગીય પાસે માર્ગોપદેશ ન સાંભળવાની આજ્ઞા કરી છે. ચાકર પાસેથી નારાયણદાસ ઉપદેશ નથી ગ્રહણ કરી રહ્યાં પણ એ સાંભળીને એમના પ્રપંચની વિસ્મૃતિ થઈ રહી છે. આપણા ઘરમાં ગાય કે ભેંસ હોય તો તે સ્વતંત્ર રૂપે સમર્પિત નથી, પણ આપણી અહંતા અને મમતાનો એક part હોવાથી, પરંપરાથી એ સમર્પિત છે. તેમજ નારાયણદાસનો ચાકર પરંપરાથી પુષ્ટિમાર્ગીય છે. અવૈષ્ણવ નથી. આપણી અહંતા મમતા સાથે જોડાયેલી વસ્તુ આપણી સત્તાની હોવાથી સમર્પિત છે.

**जीवाः स्वभावतो दुष्टाः** સિદ્ધાંતને દર્શિત કરતું જુગારી નારાયણદાસનું જીવનચરિત્ર ક્યાં અને કોઈપણ મોક્ષશાસ્ત્રની કલ્પનામાંય ન આવે એવા આચાર્યજીના સ્વકીયત્વને પ્રાપ્ત કરનાર નારાયણદાસ ક્યાં !! નારાયણદાસની વાર્તામાં દુષ્ટ જીવથી લઈને પુષ્ટિથી અતિ પુષ્ટ થયેલા એજ જીવના એક નિતાન્ત્ વિશાલ ફલની કથા છે. નારાયણદાસની વાર્તા સંસારમાં વ્યસ્ત રહેતા આધુનિક જીવો માટે પ્રેરણા રૂપ છે. એક વખતના જુગારી નારાયણદાસ, મહાપ્રભુજીના કૃપાબલથી હાકિમ નારાયણદાસ બની, તાપ ભાવ માધુરીની તડપનને

અનુભવી, રોમાંચિત થઈ, પ્રભુના ભક્તિના લલિત લીલારસમાં પ્રેમાર્દ્ર થઈ જાય છે.

બાલબોધ ગ્રંથના ભાવ સહિત નારાયણદાસના પુષ્ટિ જીવનની વાર્તા કોઈ સમજશે એના માટે શ્રીવલ્લભ આશિર્વાદ આપે છે, **इत्येवं कथितं सर्वं नैतज्ज्ञाने भ्रमः पुनः ॥**

બાલબોધ ગ્ંથમાં આચાર્યવર્ય શ્રીવલ્લભે aesthetics, metaphysics અને theology એમ ત્રણે ય પહેલુને વિલક્ષણતાથી ચમકાવ્યાં છે. આત્મસુખ તરફ લઈ જનારા સાંખ્ય અને યોગમાર્ગ, આત્માના વિશેષ સૌંદર્ય સામે સંસારના વિષય સૌંદયને તુરછ કરી દીધો. આત્મસુખ માટે જીવને પ્રેરિત કર્યો. આજ aesthetics નો અનુભવ છે. આત્મા, બ્રહ્મનો અંશ છે, એ metaphysics નો વિષય બન્યો. ભક્તિ theology નો વિષય છે. તદાશ્રયત્વ, તદીયત્વ, પ્રપંચ વિસ્મૃતિ, ભગવદાસક્તિ ભક્તિના ફલક હોવાથી, આચાર્યશ્રીએ બાલબોધમાં theology ને પણ આવરી લીધી છે.

શ્રીઠાકુરજી, શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીએ, અવતારદાશામાં ઘણાં પુષ્ટિજીવોને પહેલા ફલનું દાન કરી પછી સાધનમાં રાખ્યાં છે. પ્રત્યેક પુષ્ટિજીવને સાધન ફલના ચક્રમાંથી પસાર થવું પડે છે. એના કારણે જીવ પરિપક્વ બને છે. અચ્યુતદાસને મહાપ્રભુજીએ સીધાજ ફલાત્મક માનસી સેવામાં લીધાં. નારાયણદાસને પ્રમાણના માધ્યમથી મહાપ્રભુજી પ્રમેયરૂપ **क्वासि** ભાવનું દાન કરે છે.

## ૨૫૨ વૈષ્ણવ વાર્તા૧૭૧ - નારાયણદાસ પાંડે
## (લીલાનું નામ - "નારાયણી")
## સાત્ત્વિક ભક્ત

બાલબોધમાં તદીયત્વ અને તદાશ્રયનો પુષ્ટિ જીવો માટે મુલોપદેશ છે. તદીય એટલે સમર્પિત થઈ રહેવું. "**समर्पणेनाऽऽत्मनो हि तदीयत्वं भवैद्धुवम्** ।" નારાયણદાસજી પર શ્રીવલ્લભના હસ્તાક્ષરની સેવા બિરાજતી હતી એટલે એમની વાર્તામાં એમના સમર્પણના ભાવ અને ક્રિયાનું વિસ્તૃત વર્ણન ન થયું. બાલબોધ ગ્રંથના આ ભાવને શ્રીગુસાંઈજી સ્વયં, સમર્પણને કૃતિમાં લાવીને એના દર્શન કરાવે છે. આ વાર્તામાં, શ્રી વિઠ્ઠલેશપ્રભુ, શ્રીગોવર્ધનધર અને શ્રીનવનીતપ્રિયાજીની સેવામાં કેવી રીતે રત રહે છે એનું વિસ્તૃત વર્ણન છે. જેથી વૈષ્ણવોને તદીયત્વના સમ્યક્ દર્શન થાય.

નારાયણદાસ પાંડેના તદીયત્વનું વર્ણન કરતાં વાર્તા કહે છેકે, "**नारायणदास जो-श्रीगुसांईजी आपकी सेवामें तत्पर रहे । तब श्रीनवनीतप्रियजी नारायणदास पांडे को अनुभव जतावन लागे** ।" તદીયત્વની આ ફ્લાવસ્થા છે.

નારાયણદાસ પાંડેને શ્રીવિઠ્ઠલેશ માટે જે તદાશ્રયત્વ છે એને ભાવપ્રકાશમાં સમજાવે છેકે, "**जो वैष्णवको या प्रकार गुरुको आश्रय द्रढ होइ तो श्रीठाकुरजी आपहीते अनुभव जतावे** ।"

નારાયણદાસ કાયસ્થના ભાવની continuity આ વાર્તામાં છે. નારાયણદાસ કાયસ્થને શ્રીગોકુલ જવાની ઉત્કંઠા હતી તો નારાયણદાસ પાંડે પણ **"श्रीगोकुल छोरिके कहुं न गये । सो नारायणदास पांडेने देह छोडी तहां तांइ कहू न गए ।"** એટલે આ વાર્તાના પ્રારંભમાં કહ્યું **"ये इनते प्रगटी है ताते इनके भावरुप है ।"**

## ૨૫૨ વૈષ્ણવ વાર્તા ૧૭૦ - ભીષ્મદાસ ક્ષત્રિ
(લીલાનું નામ - "દ્રઢવતા")
રાજસ ભક્ત

---

શ્રીગુસાંઈજી, શ્રીનાથજી અને શ્રીનવનીતપ્રિયાજીને કેવી રીતે સમર્પિત થયા છે એનું વિસ્તૃત વર્ણન આ વાર્તામાં છે. નારાયણદાસ કાયસ્થના અનુસંધાનરૂપે આ ભીષ્મદાસ પણ **"श्रीगौकुल छोरि कहु न गये ।"**

સમર્પિત પુષ્ટિજીવના અંતરમાં કેવો આહ્લાદ હોવો જોઈએ એ ભીષ્મદાસ અને એમના પત્ની અહીં શીખવાડે છે. **"परम आनंदसो भगवत्सेवा करते ।"** પ્રભુએ પોતાનો આનંદ માણવા બીજાને પ્રકટ કર્યાં અથવા તો પોતેજ ભક્તરૂપે પ્રકટ થયાં. **"एकाकि न रमते स द्वितीयमैच्छत्"** અર્થાત્ એ દ્વિતીય, આનંદથી પ્રભુને સમર્પિત ન થાય, તો પ્રભુ એના દ્વારા પોતાના આનંદને કેવી રીતે માણી શકશે ? પ્રથમાવસ્થામાં તો જીવને સેવામાં આનંદ આવવો જોઈએ.

પછી એ પ્રભુના સુખનો વિચાર કરી શકે. આવા તદીય ભિષ્મદાસજી માટે ગોકુલનાથજી આજ્ઞા કરે છેકે, "सो इनसों ठाकुरजी सानुभावता जतावते ।"

## ૨૫૨ વૈષ્ણવ વાર્તા ૧૬૯ - કાન્હબાઈ
(લીલાનું નામ - "કન્હિયાં")
તામસ ભક્ત

---

આ વાર્તામાં તદીય અને તદાશ્રિત ભગવદીયના લક્ષણ અને એની વિવિધ ફલશ્રુતિના દર્શન આપણને થશે. શરણે આવતા જ કાન્હબાઈએ શ્રીગુસાંઈજી સન્મુખ, પોતાની સમર્પિત રહેવાની ભાવના અભિવ્યક્ત કરી. मोकों सेवा पधराय दीजिए । मेरो मनोरथ सेवा करिवेको है ।"

તદીયભાવમાં અહર્નિશ વિચરતા કાન્હબાઈને શ્રીઠાકુરજી કેવો પ્રતિસાદ આપતા ? "सौ कान्हबाइसो श्रीठाकुरजी सानुभावता जनावते ! और श्रीठाकुरजी कान्हबाईसों बाते करते, जो वस्तु चाहिये सो मांगि लेते ।"

કાન્હબાઈનું તદીયત્વ બાલભાવથી સિદ્ધ છે. તેથી એમના ઠાકુરજી લૌકિક બાલકની જેમ પાતલમાંથી આરોગી ખેલવા જાય છે અને પુનઃ ખેલીને એજ પાતલમાંથી આરોગે છે. કાન્હબાઈ શ્રીઠાકુરજીમાં અને એમના સેવ્યસ્વરૂપ કાન્હબાઈમાં, એટલા ઓતપ્રોત છેકે કાન્હબાઈને જ્યારે

લાગ્યું કે ઠાકુરજીને બહુજ ટાઢ લાગી છે ત્યારે સેવક સેવ્યને હૃદયથી ચાંપીને પોતાની સંગ પોઢાવે છે. નારાયણદાસ કાયસ્થમાં તદીયત્વનો ભાવ કેટલો ગહરાઈથી હતો એનું અનુમાન આ પ્રસંગથી થશે.

❖ ❖ ❖ ❖ ❖ ❖

# सिद्धान्तमुक्तावली ।

नत्वा हरिं प्रवक्ष्यामि स्वसिद्धान्तविनिश्चयम् ।
कृष्णसेवा सदा कार्या मानसी सा परा मता ॥ १ ॥

चेतस्तत्प्रवणं सेवा तत्सिद्ध्यै तनुवित्तजा ।
ततः संसारदुःखस्य निवृत्तिर्ब्रह्मबोधनम् ॥ २ ॥

परं ब्रह्म तु कृष्णो हि सच्चिदानन्दकं बृहत् ।
द्विरूपं तद्धि सर्वं स्यादेकं तस्माद्विलक्षणम् ॥ ३ ॥

अपरं तत्र पूर्वस्मिन् वादिनो बहुधा जगुः ।
मायिकं सगुणं कार्यं स्वतंत्रं चेति नैकधा ॥ ४ ॥

तदेवैतत्प्रकारेण भवतीति श्रुतेर्मतम् ।
द्विरूपं चापि गंगावज्ज्ञेयं सा जलरूपिणी ॥ ५ ॥

माहात्म्यसंयुता नृणां सेवतां भुक्तिमुक्तिदा ।
मर्यादामार्गविधिना तथा ब्रह्मापि बुध्यताम् ॥ ६ ॥

तत्रैव देवता मूर्तिर्भक्त्या या दृश्यते क्वचित् ।
गंगायां च विशेषेण प्रवाहाभेदबुद्धये ॥ ७ ॥

प्रत्यक्षा सा न सर्वेषां प्राकाम्यं स्यात्तया जले
विहिताच्च फलात्तद्धि प्रतीत्यापि विशिष्यते ॥ ८ ॥

यथा जलं तथा सर्वं यथा शक्ता तथा बृहत् ।
यथा देवी तथा कृष्णस्तत्राप्येतदिहोच्यते ॥ ९ ॥

जगत्तु त्रिविधं प्रोक्तं ब्रह्मविष्णुशिवास्ततः ।
देवतारूपवत्प्रोक्ता ब्रह्मणीत्थं हरिर्मत ॥ १० ॥

कामचारस्तु लोकेऽस्मिन्ब्रह्मादिभ्यो न चान्यथा ।
परमानन्दरूपे तु कृष्णे स्वात्मनि निश्चयः ॥ ११ ॥

अतस्तु ब्रह्मवादेन कृष्णे बुद्धिर्विधीयताम् ।
आत्मनि ब्रह्मरूपे तु छिद्रा व्योम्नीव चेतनाः॥ १२ ॥

उपाधिनाशे विज्ञाने ब्रह्मात्मत्वावबोधने ।
गंगातीरस्थितो यद्वद् देवतां तत्र पश्यति ॥ १३ ॥

तथा कृष्णं परं ब्रह्म स्वस्मिन्ज्ञानी प्रपश्यति ।
संसारी यस्तु भजते स दूरस्थो यथा तथा ॥ १४ ॥

अपेक्षितजलादिनामभावात्तत्र दुःखभाक् ।
तस्माच्छ्रीकृष्णमार्गस्थो विमुक्तः सर्वलोकतः ॥ १५ ॥

आत्मानंदसमुद्रस्थं कृष्णमेव विचिन्तयेत् ।
लोकार्थी चेद्भजेत्कृष्णं क्लिष्टो भवति सर्वथा॥ १६ ॥

क्लिष्टोऽपि चेद्भजेत्कृष्णं लोको नश्यति सर्वथा ।
ज्ञानाभावे पुष्टिमार्गी तिष्ठेत्पूजोत्सवादिषु ॥ १७ ॥

मर्यादास्थस्तु गंगायां श्रीभागवततत्परः ।
अनुग्रहः पुष्टिमार्गे नियामक इति स्थितिः ॥ १८ ॥

उभयोस्तु क्रमेणैव पूर्वोक्तैव फलिष्यति ।
ज्ञानाधिको भक्तिमार्ग एवं तस्मान्निरूपितः ॥ १९ ॥

भक्त्यभावे तु तीरस्थो यथा दुष्टैः स्वकर्मभिः ।
अन्यथाभावमापन्नस्तस्मात्स्थानाच्च नश्यति ॥ २० ॥

एवं स्वशास्त्रसर्वस्वं मया गुप्तं निरूपितम् ।
एतद्बुद्ध्वा विमुच्येत पुरुषः सर्वसंशयात् ॥ २१ ॥

॥ इति श्रीमद्वल्लभाचार्यविरचिता सिद्धान्तमुक्तावली समाप्ता ॥

# ગ્રંથ - સિદ્ધાંતમુક્તાવલી

૮૪ વૈષ્ણવ વાર્તા ૫૪ - અચ્યુતદાસ સનોઢિયા
(લીલાનું નામ - "મધુરા")

૨૫૨ વૈષ્ણવ વાર્તા ૧૬૨ - એક વિરક્ત બ્રાહ્મણ ગુજરાતના
(લીલાનું નામ -"ભાવનિપુણા") (સાત્ત્વિક ભક્ત)

૨૫૨ વૈષ્ણવ વાર્તા ૧૬૦ - ગુજરાતના ભગવદીય અને તાદૃશી
(લીલાનું નામ - ભગવદીય-"કમલાક્ષિ"
તાદૃશી- "હિરણાક્ષિ") (રાજસ ભક્ત)

૨૫૨ વૈષ્ણવ વાર્તા ૧૬૧ - એક વૈષ્ણવ જેનેશ્રીગિરિરાજી પર ચડતાં જોઈ શ્રીગુસાંઈજીએ મસ્તક હલાવ્યું.
(લીલાનું નામ- "મુક્તા") (તામસ ભક્ત)

શ્રી મહાપ્રભુજીએ, અચ્યુતદાસજી માટે સ્વસિદ્ધાંતના અર્કરૂપ "સિદ્ધાંતમુક્તાવલિ" ગ્રંથ પ્રકટ કર્યો છે. આ ગ્રંથનું શ્રવણ કરતા અચ્યુતદાસને કયા સિદ્ધાંતો અંતર્ગત થયાં અને પ્રત્યેક શ્લોક સાંભળતાં, એમના અંતઃકરણમાં કેવા કેવા વિલક્ષણ ભાવોની અનેકરંગી નૂતન તરંગો આવિર્ભૂત થઈ, એની ઝાંખી ગ્રંથ અને વાર્તાને ઓતપ્રોત કરીને કરીએ. પુરુષવાચક ગ્રંથ અને સ્ત્રીવાચક વાર્તાના સંગમથી રસનિષ્પત્તિ થાય છે. પ્રમાણ અને પ્રમેયના અભેદાત્મક મિલનના દર્શન કરવાનો અહીં નમ્ર પ્રયાસ છે. શ્લોકના અર્થ અને એના ગૂઢાર્થને નિહાળીએ તો વાસ્તવમાં તો ષોડશગ્રંથમાં પ્રકટ પુંભાવ અને ગૂઢ સ્ત્રીભાવ છે. વાર્તાઓમાં

પ્રકટ સ્ત્રીભાવ અને ગૂઢ પુંભાવ છે. ષોડશગ્રંથનો અર્થ અખિલ પુષ્ટિસૃષ્ટિને અનુલક્ષીને છે અને ગ્રંથનો ગૂઢાર્થ, શ્રીવલ્લભ અને અચ્યુતદાસ વચ્ચેના અંતરંગ સંવાદ છે. વિવાદ એટલો જ છેકે, આચાર્યજીએ તનુવિત્તજા સેવાની આજ્ઞા કરી અને અચ્યુતદાસજીએ સીધી માનસી સેવાજ માંગી લીધી. પરંતુ ભક્તવત્સલ શ્રીમહાપ્રભુજીએ એ વિવાદને પણ સંવાદરૂપ બનાવી દીધો અને પોતાના "તનુવિત્તજા" સેવાના આગ્રહને અચ્યુતદાસ માટે અપવાદરૂપ બનાવી, એમને સીધુંજ માનસી સેવાની સિદ્ધિનું દાન કર્યું. માનસી સેવાની ઉપલબ્ધિ માટે શ્રીમદાચાર્યચરણ અચ્યુતદાસજીને પ્રમાણ કે સાધન માર્ગથી ન લઈ ગયાં એ અપવાદ છે. અચ્યુતદાસની અવ્યાવૃત્ત અવસ્થા માનસિ સેવાના દાનમાં એક નિમિત્ત કારણ બની.

શ્લોક ૧ અને ૨ :-

**नत्वा हरिं प्रवक्ष्यामि स्वसिद्धान्त विनिश्चयम्**
**कृष्णसेवा सदा कार्या मानसी सा परा मता ।**
**चेतस्तत्प्रवणं सेवा तत्सिद्ध्यै तनुवित्तजा**
**ततः संसारदुःखस्य निवृत्तिर्ब्रह्मबोधनम् ॥**

કૃષ્ણની સેવા બાહ્યાભ્યંતર છે. બાહ્ય સેવાને નિર્દિષ્ટ કરતાં આચાર્યજી આજ્ઞા કરે છે **तत्सिद्ध्यै तनुवित्तजा ।** સેવાનું આ સાધન લક્ષણ છે. **कृष्ण सेवा सदा कार्या** એ પ્રત્યેક નિવેદિતાત્માનું કર્તવ્ય લક્ષણ છે. કોડામણાં કૃષ્ણમાં સ્નેહ જગાડનારું આ સોહામણું કર્તવ્ય લક્ષણ છે. **चेतस तत् प्रवणं सेवा,** આ સેવાનું સ્વરૂપ લક્ષણ છે. અર્થાત્ ચિત્તનું સેવામાં

અને પ્રભુમાં પ્રવણ થવું તે સેવા છે. **मानसी सा परामता** એ સેવાની ફલદશા છે. સેવાનું અભ્યંતર સ્વરૂપ છે.

ભગવદ્‌ગીતામાં ભગવાન આજ્ઞા કરે છેકે, "**ममैवांशो जीवलोके** ।" જીવ પ્રભુનો અંશ છે, દાસ છે. તેથીજ દાસ એવા પુષ્ટિજીવનું મુખ્ય કર્તવ્ય જ ભગવત્સેવા છે. એ કર્તવ્ય નિભાવવાથી પુષ્ટિભક્તિ માર્ગનું ફલ મળે છે. ભગવત્સેવા ન કરનાર પર પ્રભુ કૃપા કરી કયારેક અનુભવ કરાવે તોય ભગવત્સેવા કરતાં આવા અનુભવનું વિશેષત્વ નથી, એવું અપ્રતિમ માહાત્મ્ય ભગવત્સેવાનું છે.

**कृष्ण सेवा सदा कार्या** । શ્રીવલ્લભના આવા મૃદુલ વચન સાંભળતા જ અચ્યુતદાસજીના અંગેઅંગમાં રોમાંચ પ્રકટ થાય છે, કારણકે સેવા માર્ગ દ્વારા પુષ્ટિજીવને હવે પુરૂષોત્તમનો સાક્ષાત્ સ્પર્શ થશે એવો એમને વિશ્વાસ આવી જાય છે.

જેની સેવા કરવાની શ્રીવલ્લભે આજ્ઞા કરી છે એ કૃષ્ણ કોણ છે ? શ્રીઆચાર્યચરણ આજ્ઞા કરે છેકે, "**परं ब्रह्म तु कृष्णो हि** ।" આવા આનંદ સ્વરૂપ પૂર્ણપુરૂષોત્તમ કૃષ્ણની સેવા કરવાથી પુષ્ટિજીવનું હૃદય પણ આનંદરૂપ બને છે. આપણા સેવ્યસ્વરૂપ આનંદરૂપ છે એ પુષ્ટિજીવનો પ્રથમ વિશ્વાસ છે. જીવનું આનંદાત્મક હૃદય એ પરબ્રહ્મ શ્રીકૃષ્ણનું ધામ છે. લાકડામાં અગ્નિ તિરોહિત છે. એને પ્રજવલિત કરવા જેમ લાકડાને અગ્નિનો સ્પર્શ કરાવાય છે, તેમ જીવમાં તિરોહિત થયેલા આનંદાંશને પુનઃ પ્રકટ કરવા સદાનંદ સ્વરૂપ શ્રીકૃષ્ણની સેવા અનિવાર્ય છે. અચ્યુતદાસ

સમજી જાય છે કે ભજનાનંદની પ્રાપ્તિમાં સેવા એ આનંદનો વ્યાપાર છે. એટલે જ તો અચ્યુતદાસ, શ્રીગુસાંઈજીને, ભગવાનદાસ ભિતરીયાને કૃષ્ણસેવામાં પુન: અંગીકાર કરવા વિનન્તી કરે છે, કારણકે વલ્લભની આજ્ઞા છેકે, **कृष्ण सेवा सदा कार्या** । સેવામાં ભૂલ થાય તો પ્રભુની દીનતાથી ક્ષમા યાચવી પણ કૃષ્ણ સેવા તો ન જ છોડવી.

તીર્થસ્થાનમાં વહેતા ગંગાજીમાં, આધિદૈવિક દેવી ગંગાનો ભાવ ભક્તને આવે, ત્યારે મર્યાદા ભક્તને ગંગાજી પોતાના આધિદૈવિક સ્વરૂપનો અનુભવ કરાવે છે. તેવી જ રીતે, પોતાના સેવ્ય સ્વરૂપમાં, પૂર્ણ પુરૂષોત્તમ વ્રજરાજકુમારનો ભાવ સ્થિર કરવાથી, સેવા ફલિત થાય છે.

આ શ્લોકમાં મહાપ્રભુજી તનુવિત્તજા સેવાની આજ્ઞા કરે છે, એની ભીતર મનુષ્ય સ્વભાવનો વિલક્ષણ process સમાયેલો છે. આપણી ભીતર રહેલી self awareness માટે પ્રભુએ આપણને એક special instrument આપ્યું છે, અને તે છે અહંકાર. દેહેન્દ્રિયાદિથી આપણે એનો અનુભવ કરીએ છીએ. તનુજા સેવામાં આ દેહેન્દ્રિયને આચાર્યજી ભગવત્સમર્પિત કરાવે છે. મમતા માટે કેવલ મન જ આપ્યું છે. જેનું મન પ્રભુમાં લાગી ગયું એને મમતાના અન્ય વિનિયોગનું કારણ નથી રહેતું, પણ જેનું મન પ્રભુમાં નથી બંધાયું એવા જીવના મનને ભગવદીય કરવા આચાર્યજી શીખવાડે છેકે જે વિત્ત, પુત્ર, ગૃહમાં મન લાગ્યું છે, એને પ્રભુ સાથે જોડવાથી, મન પ્રભુ સંગ જોડાશે. ભગવદીય બનશે. મન સ્વભાવથી ચંચલ છે. એ ચંચલ મનની care લેવા શ્રીમહાપ્રભુજીએ સેવા માર્ગમાં બહુજ વૈવિધ્ય રાખ્યું છે.

જેમકે, ઠાકુરજીને જગાડવાં, શૃંગાર કરવા, ભોગ ધરવો વિગેરે. તદ્દુપરાંત એક-એક પ્રકારમાં પાછી અનેકવિધતા રાખી છે. જેમકે, અનેક જાતના શૃંગાર, અનેક પ્રકારની સામગ્રી, કિર્તન આદિ. ચંચલ મનને પુષ્ટિ ભક્તિ માર્ગમાં ભમવાના ઘણા સ્થાન હોવાથી, ભગવત્સેવાના માધ્યમ દ્વારા, પુષ્ટિજીવનું મન પ્રભુમાં ઓતપ્રોત થઈ જાય છે. મન ઓતપ્રોત થયા પછી ધીરેધીરે પુષ્ટિ ભક્તના ચિત્તમાં સેવાનો ભાવ અખંડિત વિલસી જાય છે, ત્યારે ભગવદીય માનસી સેવામાં રમતો થઈ જાય છે. તનુવિત્તજા સેવાથી જીવની અહંતા અને મમતાને પ્રભુમય કરવાની, ભગવદીય બનાવવાની, મહાપ્રભુજીની આવી અદ્વિતીય strategy છે. મહાપ્રભુજી સુબોધિનીજીમાં આજ્ઞા કરે છેકે જે વસ્તુનું નિત્ય સેવન કરીએ, એમાં મમતા બંધાય છે. તનુવિત્તજા સેવા નિત્ય કરવાથી પ્રભુમાં સ્નેહ જાગે છે.

આ શ્લોકમાં શ્રીમહાપ્રભુજી "તનુવિત્તજા" ને એક શબ્દરૂપે કહે છે. તનુજા "અથવા" વિત્તજા સેવાને પૃથક ન કરતાં, "તનુવિત્તજા" સેવાની આજ્ઞા કરીને, આચાર્યજી પોતાનો હાર્દ સ્પષ્ટ કરે છેકે, પોતાના તનથી અને પોતાના ધનથી સેવા કર્યા વિના માનસી સેવા સિદ્ધ થતી નથી. તનુવિત્તજા સેવા એ માર્ગની રીતિ છે. "પ્રકટ વ્હૈ મારગ રીતિ દિખાઈ." માર્ગની રીતિનું અનુસરણ કરતાં એમાં પ્રીતિ ઉમેરાય ત્યારે માનસી સેવા તરફ જવાય. ગોપીકાના માર્ગને મહાપ્રભુજીએ પોતાના માર્ગાન્વિત કર્યો છે. તેથી પુષ્ટિમાર્ગમાં "સેવા રીત પ્રીત વ્રજજનકી" છે. ગોપીજનોની દૈહિક કે માનસી સેવામાં ભેદ નથી. તનુવિત્તજા

સેવા સાથે સંકળાયેલી સેવાની રીતિ અને પ્રીતિનો સંબંધ, શ્રીઆચાર્યચરણે પ્રતિપાદિત કરેલ **साकारब्रह्मवाद** સાથે છે. શ્રીગુસાંઈજી તેથી જ સર્વોત્તમજીમાં કહે છે **साकारब्रह्मवादैकस्थापकः ।** સર્વવ્યાપી બ્રહ્મના એક સાકાર રૂપને ચુનીને, પુષ્ટિજીવને, એ મૂર્તિ સ્વરૂપમાં ભગવદ્‌ભાવ સ્થાપિત કરવાનો છે અને તનુવિત્તજા સેવાના માધ્યમથી એ મૂર્તિ સ્વરૂપમાં સર્વતોધિક સુદૃઢ સ્નેહ વિલસાવવાનો છે. આ પ્રક્રિયાથી માનસી સેવા તરફ જવાશે. અખિલ જગત બ્રહ્માત્મક હોવા છતાંય આપણા ઉદ્ધારની યોજના આપણે માથે બિરાજતા મૂર્તિ સ્વરૂપેજ ઘડી છે. વ્યાપક બ્રહ્મ અન્યરૂપથી આપણો ઉદ્ધાર કરવા નથી ચાહતાં. તેથી પોતાના સેવ્ય સ્વરૂપમાં અનન્ય આસક્તિ અને આશ્રય અનિવાર્ય છે.

આપણા સેવ્ય સ્વરૂપને કેવલ સાકાર જ માનશું તો પ્રભુમાં પરિચ્છિન્નતા આવશે. એટલે આપણા સેવ્ય સ્વરૂપ વ્યાપક છે, અખિલ બ્રહ્માંડના આધાર પણ એજ છે, એવી સાકાર બ્રહ્મવાદની અભેદ બુદ્ધિ રાખવી અત્યાવશ્યક છે. આપણા સેવ્ય સ્વરૂપમાં આ માહાત્મ્યજ્ઞાનને દૃઢ કરવા સિદ્ધાંતમુક્તાવલીમાં શ્રીવલ્લભ આજ્ઞા કરે છેકે, **अतस्तु ब्रह्मवादेन कृष्णे बुद्धिर्विधीयताम् ।**

તનુવિત્તજા સેવા કરતી વેળાય આપણે ત્યાં આલંબન વિભાવ પ્રભુને નથી કહ્યાં. આપણે માથે બિરાજતી મૂર્તિ આલંબન વિભાવ છે, અર્થાત્ આલંબન વિભાવરૂપ ભગવાન વસ્તુગત્યા છે. સ્થાયી ભાવ વસ્તુમાં નથી પ્રકટ થતો પણ આપણા હૃદયમાં થાય છે. તેથીજ આપણા હૃદયમાં આવિર્ભૂત

થતાં સ્થાયી ભાવને, મૂર્તિરૂપ આલંબન વિભાવનો સંપર્ક થાય છે, ત્યારે રસ ઉત્પન્ન થાય છે. બ્રહ્મ સ્વયં રસાત્મક નથી પણ રસ કારણ છે. ભક્ત, બ્રહ્મને ભગવાન બનાવે છે. રસાત્મક બનાવે છે. ભક્તના ભાવ સ્થાપનથી બ્રહ્મ રસાત્મક બને છે. એટલા માટે બ્રહ્મ એકલા નથી રમતાં પણ બીજાને ચાહે છે. **स द्वितीयमैच्छतः** । અર્થાત્ બ્રહ્મ ભક્ત સાપેક્ષ છે. આપણે માથે બિરાજતાં મૂર્તિરૂપના જ્યાં હસ્ત છે ત્યાં પરબ્રહ્મનો સાક્ષાત્ શ્રીહસ્ત છે, ચરણ છે ત્યાં સાક્ષાત્ ભગવચ્ચરણ છે. માથે બિરાજતાં સ્વરૂપનું અખિલાંગ આમ સાક્ષાત્ છે. આપણી ભક્તિ દૃઢ ન થાય ત્યાંસુધી આપણા સેવ્ય સ્વરૂપમાં ભાવ અને માહાત્મ્યજ્ઞાનનું ચક્ર ચાલવું જોઈએ અને ભક્તિ દૃઢ થઈ ગયા પછી સંયોગ અને વિપ્રયોગનું. આ process થી તનુવિત્તજા સેવા થકી માનસી સેવા સિદ્ધ થાય છે. સિદ્ધાંતમુક્તાવલીમાં કહેલ તનુવિત્તજા સેવાની આવી વિલક્ષણ ગરિમા છે. પ્રભુની કૃપા અને ભક્તના ભાવને કારણે આપણે માથે બિરાજતી મૂર્તિમાં અનિર્વચનીય સામર્થ્ય રહેલ છે. એના કારણે સેવ્યસ્વરૂપ સેવકનો ઉદ્ધાર કરે છે. આપણા સેવ્યસ્વરૂપમાં સંપૂર્ણતયા જ્ઞાનશક્તિ અને આનંદનો પ્રાદુર્ભાવ છે. તેથી તનુવિત્તજા સેવા વેળા આપણા પ્રભુ સાથે આપણો સાક્ષાત્ સંબંધ છે. તેથી મૂર્તિમાં એવો ભાવ રાખવો કે મારૂં જે અભિલષિત અને સર્વસ્વ છે એ એમાં જ બિરાજે છે. શ્રદ્ધાપૂર્વક ભગવાનની પ્રતિમાનું ભજન કરવું અને એમ વિશ્વાસ રાખવો કે ભગવદ્ સાનુભાવ આમાં જ થશે.

માનસી સેવાતો કેવલ ભગવત્સુખાત્મક છે જ. પરંતુ તનુવિત્તજા સેવામાં પણ મુખ્ય ભાવ પ્રભુના સુખનો જ

હોવો જોઈએ. **યથા દેહે તથા દેવે** ના સિદ્ધાંતથી. ગોપીજનોનું ચિત્ત સદા પ્રભુમાં પ્રવણ હોવાથી એમનામાં સેવાનું સ્વરૂપ લક્ષણ અખંડ વિદ્યમાન છે. તેથી એમની દૈહિક અને માનસી સેવામાં ભેદ નથી.

પરબ્રહ્મનો આનંદ માણવામાં બાધક તત્વ, જીવના બધાય સુખ અને દુ:ખના કારણરૂપ, એની અહંતા અને મમતા છે. જીવ જે કાંઈ "પોતાને" માને છે, એ એની અહંતા છે અને જે કાંઈ "પોતાનું" માને છે, એ જીવની મમતા છે. તેથીજ તનુજા સેવામાં પોતાના દેહેન્દ્રિયાદિથી ભગવત્સેવા કરવાથી જીવની અહંતા પ્રભુને સમર્પિત થાય છે અને પોતાના વિત્તથી સેવા કરવાથી જીવની મમતાનું ય સમર્પણ પ્રભુ અર્થ થાય છે. બિચારા જીવ પાસે પ્રભુને સમર્પવા માટે અહંતા અને મમતા સિવાય બીજુ છે પણ શું ? તેથી જ શ્રીમહાપ્રભુજીએ, અહંતા મમતાનો નાશ કરવા નથી કહ્યું, પરંતુ સેવામાર્ગ પ્રકટ કરીને એને ભગવત્સમર્પિત કરાવી છે. ઋષિઓને પણ દુષણરૂપ લાગતી અહંતા અને મમતાને, શ્રીવલ્લભે પુષ્ટિભક્તિનું ભૂષણ બનાવી દીધી છે.

પુરુષોત્તમે પુરૂષને (જીવને) અહંતા અને મમતાથી સંસારમાં બાંધ્યો. શ્રીવલ્લભે, પુરૂષને (પુષ્ટિ જીવને) શિખવાડ્યું કે તારી અહંતા અને મમતાને ભગવદીય કરીને તું પુરુષોત્તમને બાંધ. પુરુષોત્તમે પુરૂષને બાંધ્યો તે એની ભક્તિ કહેવાય છે. આપણી અહંતા અને મમતા ભગવદીય બને એજ આપણા માટે ભગવદીયનો એક મોટો સંગ છે. જેમ ગંગાજળ માં પ્રવેશ થતું કિચડનું પાણી ગંગાજળ થાય છે, તેમ જેટલી માત્રામાં આપણે આપણી અહંતા અને મમતાને પ્રભુમાં

સમર્પિત કરીએ છીએ એટલી માત્રામાં એ ભગવદીય બને છે અને એના કારણે આપણે અનુભવતા સુખ દુ:ખની સાંસારિકતા મટીને, એમાં ભગવદ્લીલાત્મકતા દેખાય છે. સુખ દુ:ખ નથી મટતાં પણ એના તરફ જોવાનો આપણો નઝરીયો બદલે છે. અહંતા મમતાના કારણે આપણા સુખ દુ:ખના અનુભવમાં આપણને સાંસારિક મોહ હોય છે. અહંતા મમતા ભગવદીય બનતાં આપણો સાંસારિક મોહ મટી લીલાત્મક મોહ થાય છે, ભક્ત્યાત્મક મોહ થાય છે. જેમ બાલકના જન્મ વખતે માતાને પ્રસુતિની વેદના થાય છે, પણ માતાના પુત્ર માટેના ધ્યેયની સિદ્ધિ થતાં, એને વેદનાને relish કરવાની capacity આવે છે. એવી રીતે પ્રત્યેક દુ:ખના પ્રસંગમાં, પ્રભુ આપણું અલૌકિકમાં કેવું વરણ અને હિત કરી રહ્યાં છે, એ જોવાની ભગવદીયમાં લીલાત્મક દ્રષ્ટિ હોય છે. ત્યારે આપણી મૂઢતા, સંસારાત્મિકા મટી, ભકત્યાત્મક બને છે.

**"ततः संसारदुःखस्य निवृत्तिर्ब्रह्मबोधनम्"**

ભગવદાનંદનો પ્રવાહ જ એટલો અગાધ છેકે એ, જીવના સુખ દુ:ખ રૂપી સંસારને પોતાના પ્રવાહમાં ખેંચી લઈ કયાંય દૂર ફેંકી દે છે.

"બ્રહ્મબોધન" એટલે પ્રભુના વેણુનાદનું શ્રવણ કરવું. "ભયો મહાબ્રહ્મનાદ ઉઠત ઉગ્ર આહ્‌લાદ." આ બ્રહ્મવિદ્યા છે. શ્રીવલ્લભની વાણી જ વેણુનાદની સુધા છે અને સિદ્ધાંતમુક્તાવલી ગ્રંથનું શ્રવણ કરતાં કરતાં અચ્યુતદાસ ભગવદ્‌ભોગ્ય સુધાનું અનુપાન કરે છે.

શ્રીમહાપ્રભુજી અચ્યુતદાસને આજ્ઞા કરે છેકે, "**तुम भगवद्सेवा करो ।**" પરંતુ નિઃસાધન જનોના ફલાત્મા એવા શ્રીવલ્લભના સાન્નિધ્યમાં અચ્યુતદાસને, સેવાના સાધનલક્ષણરૂપ "તનુવિત્તજા" સેવાનું વિસ્મરણ થઈ જાય છે. સ્નેહના આવેશમાં અચ્યુતદાસને તનુવિત્તજા સેવાથી લઈને માનસી સેવા સુધી પહોંચવાનો પથ બહુજ લાંબો લાગે છે. તેથી જ, શ્રીવલ્લભના **कृपानिधि** સ્વરૂપને ઉદ્દીપન કરતાં, નિઃસાધન અચ્યુતદાસજી, અતિ દિનતાથી વિનન્તી કરે છેકે, "**श्रीआचार्यजीकों दंडवत् करि विनंती कियो, महाराज ! मो पर ऐसी कृपा करो, जो-एकांतमें बैठिके मानसि सेवामें मन लागे ।**" **रहःप्रिय** શ્રીઆચાર્યજીને એકાંતમાં રહેવાની વાત વિશેષ રુચિકર લાગી હશે. આ પ્રસંગમાં અચ્યુતદાસે કેવું નિતાન્ત દૈન્ય પ્રકટ કર્યું હશે કે એના પ્રતિસાદ રૂપે, શ્રીમહાપ્રભુજી દૈન્યવશ થઈ, અચ્યુતદાસને માનસી સેવાનું દાન કરી દીધુ છે. તનુવિત્તજા સેવા દ્વારા માનસી સેવા ઉપલબ્ધ કરવાની આચાર્યચરણે એક મર્યાદા બાંધેલ છે અને એને ભંગ કરવાનો આવેશ, શ્રીવલ્લભને આવ્યો, ત્યારે આપણને આચાર્યજીના જ વચનામૃતની સ્મૃતિ થઈ જાય છે "**मर्यादा भंगोही पुष्टि ।**" અર્થાત્ અચ્યુતદાસના દૈન્યએ મહાપ્રભુજીના હૃદયને દ્રવિત કર્યું અને એમની નિઃસાધનતાએ વલ્લભને એમના સાધન સિદ્ધ કરવા પ્રેરિત કર્યાં. "**तब श्रीआचार्यजी अपनो चरणामृत दिये । सो अच्युतदास पान करि, हाथ नेत्रनसों लगाय, मस्तक पर लगाय, हृदयसों लगायो । तब अच्युतदासके नेत्र अलोकिक व्है गये । लीलाको दरसन करन लागे । मस्तक पर धरे ।**" શ્રીઆચાર્યચરણનું ચરણામૃત પોતાના હાથ પર લગાડતાં જ અચ્યુતદાસને તનુજા સેવાની

સિદ્ધિ પ્રાપ્ત થઈ. નેત્ર પર લગાડતાં એમને કૃષ્ણ પૂર્ણ પુરુષોત્તમરૂપે દેખાયાં. મસ્તક પર લગાડતાં અચ્યુતદાસને પ્રભુ અર્થ પૂર્ણ દાસભાવ સિદ્ધ થયો. હૃદય પર લગાડતાં એમના હૃદયમાં રહેલ મમતા ભગવત્સ્નેહમાં પરિણમિત થઈ ગઈ, જેથી એમને વિત્તજા સેવાનીય ચરમ સિદ્ધિ ઉપલબ્ધ થઈ ગઈ. અર્થાત્ શ્રીવલ્લભનું ચરણામૃત મસ્તક પર લગાડતાં અચ્યુતદાસની અહંતાનું શોધન થયું, હૃદય પર લગાડતાં એમની મમતાનું શોધન થયું, હાથ અને નેત્ર ક્રિયાત્મિકા અને સાનુભાવાત્મિકા સેવા માટે છે, એનું ચરણામૃતથી અલૌકીકરણ થયું. સાનુભાવ એ માનસી સેવાની પહેલી કડી છે. Intensified સાનુભાવ માનસી સેવા છે. અર્થાત્ માનસી સેવાના momentary flashes એ સાનુભાવ છે, એનું hangover રહી જાય ત્યારે માનસી સેવા સિદ્ધ થઈ ગણાય. શ્રીવલ્લભના ચરણામૃતને નિષ્ઠાથી મસ્તક પર ધરી, એની છાયામાં રહેનાર અચ્યુતદાસનું માહાત્મ્ય પ્રકટ કરતાં શ્રીહરિરાયજી આજ્ઞા કરે છેકે, **"सो जैसे मर्यादामार्गमें, गंगाजी मस्तक पर धरि महादेवजी भक्तराज भये । तैसे अच्युतदास माथे पर श्रीआचार्यजीको चरणोदक धरि, ताकी छायामें सदा रहें । हृदयके लगाये सगरी लीला मार्गको सिद्धांत हृदयारूढ भयो ।"** શ્રીમહાપ્રભુજીએ, અચ્યુતદાસને હજી તો સિદ્ધાંતમુક્તાવલી ગ્રંથ સંભળાવ્યો પણ નથી તે પહેલા જ સિદ્ધાંતમુક્તાવલીનો સિદ્ધાંત શ્રીવલ્લભના ચરણઅમ્ભોજના પ્રતાપથી અચ્યુતદાસને હૃદયારુઢ થઈ જાય છે. ઠાકુરજીએ ગોપીજનોને પહેલા ફલાનુભવ કરાવી પછી ભ્રમરગીતમાં વિપ્રયોગ કરાવ્યો, એમની પાસે સાધન કરાવ્યાં, તેમ અચ્યુતદાસના હૃદયમાંય પહેલા સિદ્ધાંત સ્થિર કરી પછી

સિદ્ધાંતમુક્તાવલી ગ્રંથ ભણાવ્યો. જેમ વ્રજસુંદરીઓને સાકાર પુરુષોત્તમનો અનુભવ થયા પછી ઠાકુરજીએ ઉદ્ધવજી દ્વારા એ સાકારની બ્રહ્મતાનો સંદેશો મોકલી એક reverse process પ્રકટ કર્યો, તેમ અચ્યુતદાસના હૃદયમાંય સિદ્ધાંતનો ફલાત્મક અનુભવ ચરણામૃતથી કરાવ્યા પછી આચાર્યજી એમને સાકારની બ્રહ્મતા સિદ્ધાંતમુક્તાવલીમાં સમજાવે છે. **परं ब्रह्म तु कृष्णो हि सच्चिदानंदकं बृहत्** । ગોપીજનો અને અચ્યુતદાસના આ દ્રષ્ટાંતમાં, ઠાકુરજી અને આચાર્યજી પ્રમેયથી ફલ આપ્યા પછી એ ફલને પ્રમાણથી justify કરે છેકે કોઈપણ પુષ્ટિભક્ત માટે પ્રમાણ અને પ્રમેયનું ચક્ર ગતિમાન થવું જોઈએ. "**तब श्रीआचार्यजीने "सिद्धांतमुक्तावली" करि पढाये । ता करी मानसि सेवामें मग्न भये ।**" પુષ્ટિભક્તિમાં અનુક્રમે તનુજા વિત્તજા અને માનસી સેવા છે. અચ્યુતદાસને માનસી સેવા સિદ્ધ થયા પછી એઓ ભાવાત્મિકા, તનુવિત્તજા સેવા કરે છે, અર્થાત્ ભાવાત્મક દેહથી અને સ્નેહાત્મક ભાવથી. અચ્યુતદાસજી જાણે છેકે, આવી અનિર્વચનીય સિદ્ધિને એ પોતાની ઉપલબ્ધી માનશે તો અહંતા અને મમતાને પોષણ મળશે, તેથી અચ્યુતદાસ નિઃસાધન ભાવ રાખી, આચાર્યજીની કૃપા પર અવલંબિત છે.

તનુજા સેવા અહંતાનું પ્રતીક હોવાથી, અચ્યુતદાસનો માનસી સેવા કરવાનો જે અહેસાસ છે એજ એમની ભાવાત્મક "તનુ" સેવા છે. એવીજ રીતે મમતાની અનુભૂતિ માટે પ્રભુએ જીવને મન આપ્યું છે. તેથી મનને ભગવદીય કરવા મહાપ્રભુજીએ આપણું મન જ્યાં લાગ્યું છે એવા વિત્ત, પુત્ર, ગૃહને પ્રભુમાં જોડવાની strategy પ્રકટ કરી. જેથી

પુષ્ટિજીવની મમતાનો વિનિયોગ થાય છે. માનસી સેવા વખતે અચ્યુતદાસનો પ્રભુ પ્રત્યે જે સ્નેહ છે, એ એમની મમતાનું અલૌકિકરણ છે. એ સ્નેહને લક્ષ્યમાં રાખીને વાર્તા કહે છેકે, "**नेत्र प्रेमरसमें भरे रहेते ।**"

માનસી સેવા સિદ્ધ થયા પછીની ભાવાત્મક તનુ સેવાનું એક દ્રષ્ટાંત આશકરણ રાજા છે. એમની માનસી સેવામાં કેવલ મનનો જ પ્રકાર હોત અને એ વેળા એમનું ભાવાત્મક તન સામેલિત ન હોત તો માનસીમાં કઢી ન ઢોળાત. એવીજ રીતે, ૨૫૨ વૈષ્ણવમાં શ્રીગુસાંઈજીની આજ્ઞાથી માનસી સેવા કરતાં એક વૈષ્ણવે લોભના કારણે પોતાની સત્તાની સાકર વિશેષ વપરાઈ ગઈ એ ભાવથી, ખીરમાંથી સાકર પુન: કાઢે છે, એ એમની ભાવાત્મિકા વિત્તજા સેવા કે માનસી સેવા વેળા મમતાના સમર્પણનું સાક્ષાત્ ઉદાહરણ છે.

વાસ્તવમાં તો તનુવિત્તજા સેવાનું જ માનસી સેવામાં રૂપાન્તર થતું હોવાથી, માનસી સેવામાં, ભાવાત્મિકા તનુવિત્તજા સેવા એના અંગરૂપે જ છે. માનસી સેવા સિદ્ધ થયા પછી અચ્યુતદાસજી કેવા ભાવમાં વિલસે છે, એના દર્શન કરી લઈએ. મનથી કૃષ્ણ સેવા કરીએ એ સાધનાવસ્થા છે. પરંતુ અચ્યુતદાસનું તો મન જ કૃષ્ણ સેવા કરતું થઈ ગયું છે. એમના ચિત્તની સમગ્ર વૃત્તિઓ અવિરત પ્રભુમાં પરોવિત છે. માનસી સેવામાં એમને અતિ દિનતા પ્રાપ્ત થઈ ગઈ છે અને પ્રભુ માટે ફલરૂપ વિરહદશામાં એ અવિચ્છિન્ન વિહરે છે. આ અવસ્થાનું વર્ણન કરતાં શ્લોકમાં શ્રીઆચાર્યજી આજ્ઞા કરે છેકે, "**मानसि सा परामता ।**"

અચ્યુતદાસમાંથી દેહ, ઈન્દ્રિય, પ્રાણ, અંતઃકરણ અને સ્વરૂપવિસ્મૃતિનો અધ્યાસ નિવૃત્ત થઈ ગયો છે. માનસી સિદ્ધ થઈ ગયા પછી અચ્યુતદાસની અહંતા, આધિદૈવિક દાસત્વમાં ઉત્ક્રાન્ત પામી છે અને એમની મમતા પ્રચુર વિરહાત્મક એવા ભગવદ્સ્નેહમાં અભિરમે છે. માનસીની અવસ્થામાં અચ્યુતદાસ અખંડિત સમર્પિત જ રહે છે.

શ્લોક-૩ થી ૧૧$^{૧}/_{૨}$ :-

આ શ્લોકોમાં શ્રીઆચાર્યજીએ પુષ્ટિ જીવોને એમના સેવ્ય સ્વરૂપ વિશે સમજાવ્યું છે. મુખ્યત્વે સેવ્યના બે રૂપ છે (૧) પર (૨) અક્ષરબ્રહ્મ. આપણા સેવ્ય સ્વરૂપ "પર" સ્વરૂપ પરબ્રહ્મ શ્રીકૃષ્ણ છે. અગણિતાનંદ રૂપ છે. અક્ષરમાં ગણિતાનંદ છે. એ સચ્ચિદાનંદાત્મક છે. અક્ષરબ્રહ્મ વ્યાપક છે. વ્યાપકની સેવા ન થાય. એને જાણી શકાય, માણી ન શકાય. એટલેજ આચાર્યચરણ "પર" સ્વરૂપ એવા શ્રીકૃષ્ણની સેવાની આજ્ઞા કરે છે. અક્ષરબ્રહ્મ કૃષ્ણનું ધામ છે, વ્યાપક છે. ત્યારેતો વૃન્દાવનમાં પ્રભુએ કરેલ વેણુનાદને વ્રજભક્તોએ વ્રજમાંય સાંભળ્યો. અક્ષરબ્રહ્મ વ્યાપક હોવાથી, આપણા ઘરમાંય એ વિદ્યમાન છે. તેથી, આપણું ગૃહ જ આપણા માથે બિરાજતાં આપણા ઠાકુરજીની સેવા કરવાનું ધામ છે. સાક્ષાત્ ગણિતાનંદ છે, વ્રજવૃંદાવન છે. તેથી જ શ્રીવલ્લભે ભક્તિવર્ધિનીમાં આજ્ઞા કરી કે, "**गृहेस्थित्वा स्वधर्मतः ।**"

સચ્ચિદાનંદરૂપ અક્ષરબ્રહ્મનું સદ્રૂપ સ્વરૂપ જગત છે. **द्विरूपं तद्वि सर्वं स्याद्** । આ શ્લોકનો ગૂઢાર્થ અવલોકનીય છે. લોકની દ્રષ્ટિથી જગત આધિભૌતિક છે. આ શ્લોકના શ્રવણથી

અચ્યુતદાસને જગતના આધ્યાત્મિક બ્રહ્માત્મક સ્વરૂપનું પણ જ્ઞાન થાય છે. અચ્યુતદાસ સમજી જાય છેકે, પ્રભુએ આ બ્રહ્માત્મક જગતને સ્વભોગ માટેજ પ્રકટ કર્યું છે. પ્રભુના સંબંધ વિના જીવ જગતનો ભોગ કરવા જાય છે એ એનો મોહ છે. પ્રભુ સાથે પુષ્ટિ જીવ એનો ઉપભોગ કરે છે એ જીવનો પ્રભુ પ્રત્યેનો અભિગમ અને સ્નેહ છે. પ્રભુ પોતાના સિવાય અન્યનો ભોગ કરતા ન હોવાથી ઠાકુરજીએ આ જગતને બ્રહ્માત્મક રૂપે પ્રકટ કર્યું છે. **अतस्तु ब्रह्मवादेन कृष्णे बुद्धिर्विधीयताम्** । આ જગત માયિક, સગુણાદિ નથી. બ્રહ્મવાદની બુદ્ધિ એટલે ? યમુનાજીને આપણે ઝારી ધરાવીએ છીએ, ત્યારે ઝારીને યમુનાજલથી પ્રક્ષાલન કરી પછી એમાં યમુનાજલ ભરી ધરાવીએ છીએ, તેમ બ્રહ્માત્મક જીવ, બ્રહ્માત્મક જગતને, પરબ્રહ્મ કૃષ્ણને સમર્પિત કરે છે. પ્રભુએ પોતાના રમણ માટે આ સૃષ્ટિને પ્રકટ કરી છે, તેથીજ શ્રીમહાપ્રભુજી આપણને સેવામાર્ગમાં પ્રવૃત્ત કરી ભગવદ્‌લીલાનો અંગ બનાવવા ચાહે છે. માનસી સેવા સિદ્ધ થઈ ગયા પછી અચ્યુતદાસ, પ્રભુ ભોગ્ય, જગતની સામગ્રીને એના આધિદૈવિક ભાવાત્મક રૂપે માનસીમાં અંગીકાર કરાવે છે. અચ્યુતદાસના ભાવની આવી ઉત્તરોત્તર અવસ્થાઓને અનુલક્ષીને આચાર્યજી જાણે આજ્ઞા ન કરતાં હોય ? "**एकं तस्माद्विलक्षणम्** ।" માનસી સેવાની સ્થિતિમાં અચ્યુતદાસનું હૃદય જ અક્ષરબ્રહ્મરૂપ બને છે. પરબ્રહ્મ કૃષ્ણ એમાં બિરાજી, ભાવનીય રૂપે, અચ્યુતદાસની માનસી સેવા અંગીકાર કરે છે. તનુવિત્તજા સેવામાં ભજનીય પ્રભુ, બહાર મંદિરમાં બિરાજે છે, એટલું ય દૂરિત્વ જ્યારે પ્રભુ અને ભક્તથી સુહાતુ નથી ત્યારે ઠાકુરજી અવિરત ભક્તના અંતરમાં

ભાવાત્મક રૂપે બિરાજે છે. કેવલ અચ્યુતદાસના જ અંતરમાં શ્રીકૃષ્ણ બિરાજતાં નથી પણ ગોવિંદકુંડમાં રહેતાં અચ્યુતદાસજી પણ શ્રીનાથજીના હૃદયમાં બિરાજે છે. તેથીજ, શ્રીગુસાંઈજી જે સામગ્રી શ્રીજીને ધરાવે છે, તેનો પ્રસાદરૂપ સ્વાદ, અચ્યુતદાસ, શ્રીજીના હૃદયમાં બિરાજીને લે છે અને એ સ્વાદ કેવો રહ્યો એ સાંભળવા નિત્ય શ્રીગુસાંઈજી અચ્યુતદાસ પાસે સ્વયં પધારે છે. માનસીમાં સદા વિમગ્ન અચ્યુતદાસને ખાનપાનનીય શુદ્ધિ ન રહે એ સ્વાભાવિક છે. અતિકોમલ હૃદયવાળા શ્રીજી પોતાનો ભક્ત ભૂખ્યો રહે તે સહી શક્તા ન હોવાથી, સદા અચ્યુતદાસને પોતાના હૃદયમાં જ રાખે છે.

**"यथा जलं तथा सर्वं यथा शक्ता तथा बृहत् ।**
**यथा देवी तथा कृष्णस्तत्राप्येतदिहोच्यते ॥"**

જલરૂપે વહેતા ગંગાજી જગત જેવા છે. તીર્થસ્થાનમાં વહેતા ગંગાજાનું આધ્યાત્મિક સ્વરૂપ અક્ષર સમાન છે. ભક્તિના અત્યાવેશમાં, ભક્તને જલરૂપ ગંગામાં જ દેવી ગંગાના આધિદૈવિક દર્શન થાય છે તેમ, પોતાના સેવ્યસ્વરૂપમાં વ્રજરાજકુમાર પરબ્રહ્મનો ભાવ રાખવાથી પુષ્ટિજીવને આધિદૈવિક સ્વરૂપની અનુભૂતિ થાય છે. **प्रवाहाभेदबुद्धये ।**

આવી શુદ્ધાદ્વૈતની દ્રષ્ટિથી અચ્યુતદાસજીને આ શ્લોકના શ્રવણથી જગતની બ્રહ્માત્મકતાનો અને અક્ષરબ્રહ્મની પરબ્રહ્માત્મકતાનો અનુભવ સિદ્ધ થાય છે. ભાવના આવેશમાં અચ્યુતદાસ, બાહ્યાભ્યંતર જ્યાં દ્રષ્ટિ કરે છે, ત્યાં પુરૂષોત્તમનો જ અનુભવ કરે છે.

અચ્યુતદાસજીનો નિર્ગુણભાવ છે પરંતુ એમના આધિદૈવિક સ્વરૂપમાંથી પ્રકટ થતાં રપર વૈષ્ણવોમાં ત્રણ પ્રકારનો સગુણભાવ હોવાથી શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છેકે, **त्रिविधं प्रोक्तं ब्रह्मविष्णु शिवास्ततः** એનો ગૂઢાર્થ એ છેકે, રપર વૈષ્ણવમાંના રાજસ, સાત્વિક અને તામસ ભાવના આવિર્ભાવને શ્રીવલ્લભ અહીં **ब्रह्मविष्णुशिवास्ततः** કહી આ ત્રણ દેવતાના ગુણનો નિર્દેશ અનુક્રમે કરે છે. શ્રીવલ્લભે કહેલ તનુવિત્તજા સેવાનો એટલો વિશાળ ફાલ છેકે મન લગાવીને આવી રીતે સેવા કરવાથી પુષ્ટિજીવના તમ, રજ અને સત્વગુણની નિવૃત્તિ કરી પ્રભુ, ભક્તને નિર્ગુણ ભાવાપન્ન કરે છે. એને આ શ્લોકમાં મહાપ્રભુજી "**ब्रह्मणीत्थं हरिर्मतः**" કહે છે. બ્રહ્મ નિર્ગુણ છે અથવા નિર્ગુણભાવમાં વિલસે છે.

આ લોકમાં કામાચાર બ્રહ્માદિથી થાય છે. પરંતુ વ્રજભક્તોની જેમ અચ્યુતદાસનો આ લોક અને પરલોક સંબંધિત સર્વ કામાચાર પરબ્રહ્મ કૃષ્ણથી જ અને આત્મરૂપ કૃષ્ણમાં જ થાય છે. "**परमान्दरूपे तु कृष्णे स्वात्मनि निश्चयः ।**"

શ્લોક-૧૨ - **आत्मनि ब्रह्मरूपे हि छिद्रा व्योम्नीव चेतनाः ।** ચારણી (ઉપાધિ) માંથી આકાશ જોઈએ તો વ્યોમમાં અનેક પ્રકારના છિદ્રોનો ભાસ થાય છે. તેમ આત્મસ્વરૂપ એવા બ્રહ્મરૂપમાં પણ અનેકપણાની બુદ્ધિ, ઉપાધિરૂપ છે. અચ્યુતદાસના ભાવને અનુલક્ષીને અવલોકીએ તો આ શ્લોકનો ગૂઢાર્થ વિલક્ષણ બને છે. અચ્યુતદાસજી ક્ષણેક માટે જ્યારે જગતને જગતરૂપે જુએ છે, ત્યારે આવી દ્વૈતની ઉપાધિથી

પ્રભુ ત્યાં ન દર્શાતાં એમને તીવ્ર વિપ્રયોગ થાય છે અને આવા વિરહની ચેતનાથી એમના અંતરાકાશમાં તાપકલેશથી છિદ્રો પડે છે. પ્રભુને મેળવવામાં સતત વિરહ થાય ત્યારે માનસી સેવા સિદ્ધ થાય છે. બ્રહ્મભાવ થવો એ પુષ્ટિ માર્ગમાં પરમ ફલ નથી, ગૌણ ફલ છે. અચ્યુતદાસને તો સર્વાત્મભાવ સિદ્ધ છે.

શ્લોક ૧૨$^{૧}/_{૨}$ થી ૧૪$^{૧}/_{૨}$ - સેવ્ય અને સેવકને જોડનારી સેવા છે. સેવામાં સ્નેહ જ નિયામક છે અને એ કેવલ ભગવત્કૃપાથી જ પ્રાપ્ત થાય છે. "**सेवायां स्नेहं एव नियामक स च प्रभुकृपैव साध्यः**" ગંગાજીના અનન્ય ભક્તને ગંગાજીના સાક્ષાત્ દર્શન કરવાની અભિલાષા હોય તો એને બીજા સ્થાનનો ત્યાગ કરી ગંગાતટ પર રહેવું પડે છે. "**गंगातिरस्थितो यद्वद् देवतां तत्र पश्यति ।**" તેમજ પૂર્ણ પુરૂષોત્તમની અનુભૂતિ કરવી હોય તો સ્વગૃહમાં ઠાકુરજીને પધરાવી એમની સેવા કરવાથી પુષ્ટિ જીવ, સંયોગ રસનો આનંદ માણી શકે છે. ગોવિંદકુંડ પર રહેતાં અચ્યુતદાસજી, વ્રજવૃન્દાવનમાં સર્વ સ્થળે વિહરતાં કૃષ્ણ અને આપની નિત્યલીલાનો સદા અનુભવ કરે છે. એમની આંતરાનુભૂતિ પણ ભગવદ્ લીલાત્મક છે.

શ્લોક ૧૫ - "**आत्मानंदसमुद्रस्थं कृष्णमेव विचिन्तयेत्**" શ્રીકૃષ્ણના પુષ્ટિમાર્ગમાં રહેલો અને સર્વલોકથી મુકાયેલો ભક્ત આત્મારૂપ આનંદસમુદ્ર (અક્ષર) માં શ્રીકૃષ્ણનું ચિંતન કરે છે.

અચ્યુતદાસજીના ભાવ સંબંધિત આનો ગૂઢાર્થ અવલોકીએ. "**आत्मानंदसमुद्र**" એટલે વ્રજભક્તોનો ભાવ, અર્થાત્ વ્રજભક્તોના ભાવ સમુદ્રમાં વ્રજરાજકુમાર શાશ્વત્ વિલસે છે. તેથીજ, અચ્યુતદાસની અખંડિત માનસિ સેવા વ્રજભક્તોના ભાવની છે. આધુનિક પુષ્ટિજીવો માટે શ્રીમહાપ્રભુજીના આ કથનનું એક વિલક્ષણ રહસ્ય છે. જેથી જીવની ભક્તિને વિશેષ પોષણ મળે. જે લીલા પર આપણને વિશેષ પ્રેમ આવતો હોય એ લીલા વિશિષ્ટ સ્વરૂપની પ્રતિમાને પધરાવી ભજન કરવું.

શ્લોક ૧૫૧/૨ થી ૧૭૧/૨ - સ્વ સિદ્ધાંતના આ ગ્રંથમાં પોતાનો પુષ્ટિજીવ સિદ્ધાંતથી ચ્યુત ન થાય એના માટે આચાર્યજી સમજાવે છેકે કૃષ્ણને લોકાર્થ માટે ભજવાથી કલેશ થાય છે. જેનામાં જ્ઞાનનો અભાવ છે એવા પુષ્ટિમાર્ગીની care લેતા મહાપ્રભુજી એને પૂજા અને ઉત્સવાદિકમાં પ્રવૃત્ત રહેવા કહે છે. જેથી એનામાં માહાત્મ્યનું પોષણ થાય. મહાપ્રભુજી પુષ્ટિજીવને પૂર્ણ બનાવવા ચાહે છે અને તેથી જે જીવમાં જે કાંઈ ખૂટે છે એની પૂરતી કરવાનો ઉપાય બતાવે છે. જ્ઞાની છે પણ એનામાં સ્નેહનો સંચાર નથી થયો એવા પુષ્ટિજીવને આપ ગંગાતીરે રહી ભાગવતનો પાઠ કરવા કહે છે કારણ શ્રીમદ્ભાગવત ભક્તિનો ઉદ્ગમ કરનાર છે.

શ્લોક ૧૭૧/૨ - પુષ્ટિભક્તિમાર્ગના સિદ્ધાંતમાં બુદ્ધિ સ્થિર રહે એ કેવલ ભગવત્કૃપાનું પરિણામ છે. **अनुग्रहः पुष्टिमार्गे नियामक इति स्थितिः ।** તનુવિત્તજા સેવાના ક્રમ વિના

સીધું જ માનસી સેવાનું દાન ઉપલબ્ધ કરનાર અચ્યુતદાસ સ્વયં જ આનું પરમ પ્રમાણ છે. પુષ્ટિભક્તિની સાધન કે ફલાવસ્થામાં કેવલ અનુગ્રહ જ નિયામક છે.

શ્લોક ૧૯ :-

**उभयोस्तु क्रमेणैव पूर्वोक्तैव फलिष्यति ।**
**ज्ञानाधिको भक्तिमार्ग एवं तस्मान्निरूपितः ॥**

જ્ઞાનનો અંગી જ્ઞેય છે, તેનાથી ભક્તિમાર્ગનો અંગ અધિક છે એ દર્શાવવા આચાર્યજી આજ્ઞા કરે છેકે, **ज्ञानाधिको भक्तिमार्ग ।** મહાપ્રભુજી આજ્ઞા કરે છેકે, અવૈષ્ણવ પંડિત કરતાં મૂઢ હોય એવા વૈષ્ણવનો સંગ વિશેષ છે. **मूढापि वैष्णवा विष्णु गतिं जानन्ती न तु अत्यंत निपुणारपि अवैष्णवा ।** તેથીજ, રાસપંચાધ્યાયીમાં ઠાકુરજી અંતર્ધ્યાન થાય છે ત્યારે ગોપીજનો વૃક્ષને પૂછે છેકે, કૃષ્ણ કયાં છે. પણ કૃષ્ણ પાસેથી આવેલા ઉદ્ધવને આ પ્રશ્ન નથી કરતાં.

**ज्ञानाधिको भक्तिमार्ग एवं तस्मान्निरूपितः ॥**
**भक्त्यभावे तु तीरस्थो यथा दुष्टैः स्वकर्मभिः ।**
**अन्यथाभावमापन्नस्तस्मात्स्थानाच्च नश्यति ॥**

ભક્તિ જ્ઞાનથી અધિક છે એમ બતાવી શ્રીમહાપ્રભુજી હવે એની corrolary કહે છે. દુષ્ટ મનુષ્યતો તીર્થસ્થાનમાં પણ નાશ પામે છે. તેમ ભક્તિવિહોણી, સ્વાર્થ લોકાર્થી માટે કરાયેલી સેવાથી જીવનું અધ:પતન થાય છે. આનું રહસ્ય મનનીય છે. ભક્તિના અનેક પ્રકારો છે. ભક્ત આર્ત,

જિજ્ઞાસુ, અર્થાર્થી, કામાર્થી, મુક્ત્યર્થી, હોઈ શકે પણ આ સર્વે પ્રકારના ભક્તો આચાર્યચરણે પોતાની પુષ્ટિભક્તિના prorgramme માં સામેલીત નથી કર્યા. જેને ભજનમાં જ આનંદ છે એવા ભજનાનંદી, મહાપ્રભુજીની પુષ્ટિભક્તિના અધિકારી છે. તેથી સેવામાં સ્નેહ ભાવ નથી તો સેવા જ જીવને નષ્ટ કરશે. છૂરાને એના સમ્યક સ્થાનથી પકડવો જોઈએ. ધારની બાજુથી છૂરો પકડતાં આંગળીજ કપાશે. તેમ ભક્તિની મૂઠ પરથી છૂરાને પકડવાથી એ સંસારને કાપશે. **संसारदुखस्य निवृत्ति** નહીં તો એ છૂરો આપણા હાથમાં જ વાગશે.

શ્લોક ૨૧ - **एवं स्वशास्त्रसर्वस्वं**

સિદ્ધાંત મુક્તાવલી ગ્રંથનો અર્થ એ મહાપ્રભુજીના સ્વશાસ્ત્રનો અર્થ છે. સ્વશાસ્ત્રનો દ્વિતીય અર્થ સ્વજન સંબંધિત કહેલ શાસ્ત્ર પણ થાય છે. આ દ્વિતીય અર્થ એ ગ્રંથનો ગૂઢાર્થ છે. એમાં અચ્યુતદાસના સ્વકીય ભાવની કથા છે. જેને મહાપ્રભુજીએ ગુપ્ત રાખી છે અથવા એ વાતને ગુપ્ત રીતે કહી છે "**गुप्तं निरूपितम् ।**" એટલે જ વાર્તા કહે છેકે, "**सो अच्युतदासकी वार्ताको बहोत प्रकाश नाहीं किये, सो यातें जो ईनको विप्रयोग है । रस संबन्धी वार्ता लोगनमें प्रकास करनो नाहीं । ताते इनको बरनन किये नाहीं ।** મહાપ્રભુજીએ, અચ્યુતદાસના ગુપ્ત ભાવનું વર્ણન આપે પોતે જ સિદ્ધાંતમુક્તાવલીમાં કર્યું હોવાથી વાર્તામાં ગોકુલેશ એને ગુપ્ત રાખે છે.

આચાર્યચરણે સિદ્ધાંતમુક્તાવલી ગ્રંથમાં ગંગાજીના અનેક દ્રષ્ટાંતો આપ્યા છે. એટલે શ્રીમહાપ્રભુજીના ગંગાજી સંબંધીત ઉદાહરણોની continuity રાખવા શ્રીહરિરાયચરણ પણ આ વાર્તાના ભાવપ્રકાશમાં આજ્ઞા કરે છેકે, **"जैसे मर्यादामार्गमें गंगाजी मस्तक पर धरि महादेवजी भक्तराज भये । तैसे अच्युतदास माथे पर श्रीआचार्यजीको चरणोदक धरि, ताकी छायामें सदा रहे ।"** શ્રીવલ્લભપ્રભુના ચરણકમલની રજ માથે પધરાવવાથી સર્વ સિદ્ધ થાય છે એજ તો અચ્યુતદાસની વાર્તાનું હાર્દ છે. અચ્યુતદાસજી જાણે છેકે શ્રીવલ્લભે ઠાકુરજીની પુષ્ટિને સ્વમાર્ગસ્થ કરી છે. તેથી પુષ્ટિના વ્યાપારમાં મહાપ્રભુજી દ્વારા વરણ છે. અચ્યુતદાસની દ્રષ્ટિ મહાપ્રભુજીના ચરણકમલમાં અખંડિત છે. તેથીજ, આચાર્યજી એમના નેત્રમાં સદા બિરાજે છે. આ દર્શન માટે, શ્રીગુસાંઈજી નિત્ય અચ્યુતદાસ પાસે પધારે છે. **"श्रीगुसांईजी दरसन करवे आवते । यातें श्रीगुसांईजीको श्रीआचार्यजीको अनुभव होतो । अच्युतदासके नेत्रमें महाप्रभुजी झलकते ।"**

## ૨૫૨ વાર્તા ૧૬૨ - એક વિરકત બ્રાહ્મણ ગુજરાતના
## (લીલાનું નામ - "ભાવ નિપૂણા") (સાત્વિક ભક્ત)

---

અચ્યુતદાસજી સદા વિપ્રયોગ અને માનસી સેવામાં વિમગ્ન હોવાથી સિદ્ધાંતમુક્તાવલી ગ્રંથનો ભાવાર્થ અને ગૂઢાર્થ એમના હૃદય સંપૂટમાં જ નિબિડ રહ્યો. તેથી એમના આ સાત્વિક આવિર્ભાવરૂપ વિરકત વૈષ્ણવને શ્રીગુસાંઈજી સ્વયં સિદ્ધાંતમુક્તાવલીના હાર્દનો અદ્‌ભુત ઉપદેશ કરે છે. આ

ઉપદેશનેય સિદ્ધાંતમુક્તાવલીના અંગરૂપ જ ગણવો. આ ઉપદેશમાં અચ્યુતદાસજીના અપ્રકટ મૃદુલ ભાવોની ઝાંખી થાય છે.

આ વિરકત વૈષ્ણવને શ્રીગુસાંઈજી નામ નિવેદન કરાવી સેવક કરે છે. "**पाछें श्रीगुसांईजी वाकी और कृपा-द्रष्टि भरी चिते । सो वा विरक्त ब्राह्मन वैष्णवकों भगवल्लीला को ज्ञान भयो । सो गोप्य वार्ता जानवे लाग्यो ।**" આ ગોપ્યવાર્તા "**परं ब्रह्म तु कृष्णोहि**" સંબંધિત છે અને ગોપ્ય હોવાથી રસાત્મક છે.

સિદ્ધાંતમુક્તાવલીમાં કથિત, ભજનાનંદની પ્રાપ્તિ અને **संसारदुःखस्य निवृत्ति** કેમ થાય એ સંબંધિત આ વૈષ્ણવ શ્રીગુસાંઈજીને પ્રશ્ન પૂછે છે. એના ઉત્તરરૂપે શ્રીવિઠ્ઠલેશ પ્રભુ સિદ્ધાંતમુક્તાવલીનો રહસ્યાર્થ વિસ્તારથી સમજાવે છે. આ વૈષ્ણવ વિનન્તી કરે છેકે, "**अब मोकों ऐसो उपदेश देउ सो दुःखरूपी संसार तें छूटों, और भगवल्लीला में प्राप्ति होंइ । तब श्रीगुसांईजीने श्रीमुखतें आज्ञा दीनी जो ये बात तो बहुत कठिन है । जो श्रीठाकुरजी कृपा करें तब यह दसाकी प्राप्ति होंइ । जीव जो मनमें विचार करे, जो हों तो श्रीठाकुरजीके चरनारविंद को आश्रय करत हों । तो सर्व दोष सहजहीमें छूटे । और लोकिक धर्म हय सो सब वृथा हैं । ऐसो जाने तब सेवकको धर्म सहजमें प्राप्त होई । और भगवदीय वैष्णव, जो-सेवाके धर्म आचरे तो वाधक नाहीं उपजे । सो काहेंते, जो-श्रीठाकुरजी जानें, जो मेरी सेवा करत हैं । सो ताही तें आप सेवाहीको फल देत हैं । और**

व्रजभक्तनकी जैसी प्रीति होंइ, तब अंगीकार होइ । लौकिक प्रपंच को लेस हीं मनमें न रखे । ("उपाधिनाशे विज्ञाने ब्रह्मात्मत्वावबोधने") सर्वस्व करिके श्रीगोवरधननाथजीको जाने । "तथा कृष्णं परं ब्रह्म स्वस्मिन्ज्ञानी प्रपश्यति" और सर्व बातको त्याग करे । "तस्माच्छ्रीकृष्णमार्गस्थो विमुक्तः सर्वलोकतः ।" और बेनुनाद सुने । આ બ્રહ્મવિદ્યા છે. "ब्रह्मबोधन" છે. सो ये भगवदीय वैष्णवकी लीला प्राप्ति के लक्षन । ताहीतें कुसुमित फल है सो फलित होइ ।" અહીં चेतस् तत्प्रवणं सेवा એ કુસુમિત ભક્તિ છે. એની ફલાવસ્થા તે मानसि सा परामता । શ્રીવિઠ્ઠલેશ પ્રભુ આગળ સમજાવે છેકે, और रोमांचित होइ । और अपने मनमें हरखे । मधुरधारा (वचन) बरखे । तातें भगवदीय वैष्णवको धर्म ऐसोई हय, जो भगवद् प्राप्ति तथा भगवदीय वैष्णवनके अर्थ सर्व समर्पित हय । तातें या प्रकारसों भगवदीय वैष्णवकों सदा रहेनो । અચ્યુતદાસનો આવો કોમલ ભાવ છે. પ્રતિપલ વિપ્રયોગમાં રોમાંચની અનુભૂતિ કરી તેઓ વિહ્વળ થઈ જાય છે.

આ વૈષ્ણવને સમજાવતાં શ્રીગુસાંઈજી આજ્ઞા કરે છેકે, "वैष्णवको तीन वस्तुकी रक्षा करनी । सो प्रथम तो विवेक ता पाछे धैर्य ता पाछे आश्रय ।" અચ્યુતદાસજીએ તો સ્નેહના આવેશમાં શ્રીમહાપ્રભુજીને માનસી સેવાનું દાન કરવા વિનંતી કરેલ, પરંતુ અન્ય વૈષ્ણવ પ્રાર્થના કરે તો અવિવેક થઈ જાય. તેથી શ્રીગુસાંઈજી આ વિરક્ત વૈષ્ણવને આજ્ઞા કરે છેકે, "श्रीठाकुरजीसों प्रार्थना करनी नाहीं ।"

સિદ્ધાંત મુક્તાવલીમાં શ્લોક ૧૩½ થી ૧૬ માં સેવકના લક્ષણો બતાવ્યાં છે. શ્રીગુસાંઈજી અહીં એનો વિસ્તાર કરે છે "जीवको अभिमान सर्वथा नहीं करनो । और ऐसो नहीं विचारनो जो हों तो ऐसी रीतिसों सेवा करत हो और प्रभुजीतो हमारी इच्छातें कार्य करे नहीं है । आपकी इच्छा प्रमान करत है । सो ऐसो मेरे सरीरकी सेवाको कष्ट है । मैं कहा करों ? मैं तो अब बैठयो रहोंगो । ऐसे जीव जो विचार करिके परयो रहे तब वा जीव को कार्य सिद्ध कहातें होइ ? सो ऐसे नहीं करनो ।" આ વચનામૃતથી શ્રીગુસાંઈજી कृष्णसेवा सदाकार्या ના કર્તવ્ય લક્ષણ પર ભાર આપે છે. મધુરી વાણીમાં શ્રીવિઠ્ઠલેશ પ્રભુ પુનઃ સમજાવે છેકે, "सेवकको तो सदा स्वामिके आधिन रहेनो । जब सेवक निवेदन कर्यो हय, पुत्र, दारा, गृह, धनादिक सब समर्पन कर्यो हय, तब अब या जीवको कहा है ? तातें प्रभुजी जो करेंगे सो आछी ही करेंगे । ऐसो निश्चय राखनो ।

और दूसरों, हौं सेवक हों तातें सेवाही करनी मेरो धर्म है । ---- ये तो भगवदीयनको मुख्य धर्म है । जो श्रीमुख निरखनो । जो बैठ्यो नाहीं रहेनो । प्रयत्न करनो ।" શ્રીમુખ કેવી રીતે નીરખવું ? "गंगायां च विशेषेण प्रवाहाभेदबुद्धये ।" અર્થાત્ આપણે માથે બીરાજતું આપણું સેવ્ય સ્વરૂપ જ આધિદૈવિક પૂર્ણ પુરૂષોત્તમ છે, એવી ભાવના, વિશ્વાસ અને આર્તિથી શ્રીમુખ નીરખવું. આવી બુદ્ધિથી સેવા કરતાં કે શ્રીમુખ નીરખતાં, આધિભૌતિક સદૃશ લાગતાં સેવ્ય સ્વરૂપ સાથેનો આધિદૈવિક વ્યવહાર શરૂ થઈ જાય છે.

श्रीगुसांईजी આગળ સમજાવે છેકે, "श्रीठाकुरजी कौन भांतिसों अंगिकार करत हैं, जो-एकतो अपने घर बैठे अंगीकार करत है । और एकतो निकट आवे तब अंगीकार होइ । "गंगातीरस्थितो यद्वद् देवता तत्र पश्यति" तातें प्रभुजीकी इच्छा जानिवेको कोई समर्थ नाहीं है । तातें या जीवको सर्वदा सेवामें रहनो यह आश्रय है । और कछू बातकी चिंता नाहीं करनी । बैठे नाहीं रहेनो ।"

पाछें "अंतःकरणप्रबोध" में वर्णन कियो, जो निवेदन भक्तिको प्रकार जाकों दृढ होइ ताको कैसो हुं दोष न उपसे । ---- देहको वात्सल्य जानीके रहिवेको प्रयत्न करे, और सेवामें सावधान न रहे, तो श्रीप्रभुजी आपु अप्रसन्न होइ । ताके उपर द्रष्टांत कहें जैसे वधू प्रौढ़ भई होइ तब माता-पिता स्नेह करीके घर राखे, और वाके वरको आदर समाधान बहोत करे, परि बहूको घर न पठावे तो बरको मन संतोष पामे नाहीं । और पुत्रीकों वाके घर पठवावे तब वाको बर बोहोत संतोषको पावत है । ताहीं प्रकार अपनी देहको समझिके सेवामें सावधान रहे तो प्रसन्न होंई ।"

આ વિરકત વૈષ્ણવને श्रीगुसांईजी आत्मानंद समुद्रस्थ નું અનિર્વચનીય રહસ્ય હવે સમજાવે છે. "वा विरक्त वैष्णव श्रीगुसांईजीसो बिनंती कीनी, जो-महाराज ! आपकी कृपातें सातों स्वरूप दर्शन किये । सो ताकी बडाई कहां तांइ जीव करे ? परि महाराज ! इनके स्वरूप-भाव जानिये तो आछी । तब श्रीगुसांईजीने वा वैष्णवसो कह्यो ----" હવે श्रीगुंसाईजी

આ વૈષ્ણવને સાતે સ્વરૂપની ભાવભાવનાનો વિસ્તાર કરીને સમજાવે છે, કારણકે સેવા અને અનોસરમાં આવી ભાવભાવના કરવાથી નિરોધ સિદ્ધ થાય છે, જે સેવાનો બહુજ અમુલ્ય અંગ છે. શ્રીઠાકુરજી સદા વ્રજભક્તોના ભાવમાં વિહાર કરે છે અને એ ભાવોની ભાવનાનું શ્રીગુસાંઈજી અહીં વર્ણન કરે છે. એ ભાવનાઓનું ભાવન સેવાવેળા અને અનોસરમાં પુષ્ટિજીવ કરે ત્યારે **आत्मानंद समुद्रस्थ** ના મૂળ રહસ્યની એને અનુભૂતિ થાય છે. તેથી આ વાર્તાના ભાવપ્રકાશમાં શ્રીહરિરાયજી આજ્ઞા કરે છેકે, "**पुष्टिमार्गमें स्वरूप भावना, लीलाभावना, भावभावना मुख्य हय । सो या प्रकार निरंतर भावना करनी । तातें मन अलौकिक होय । तब निरोध सिद्ध होंई ।**"

## ૨૫૨-વાર્તા-૧૬૦ ગુજરાતના ભગવદીય અને તાદૃશી વૈષ્ણવ (લીલાનું નામ - ભગવદીય - "કમલાક્ષિ" - તાદૃશી - "હિરણાક્ષિ") (રાજસ ભક્ત)

---

એક ભગવદીય અને તાદૃશીનું જીવન કેટલું સેવાપરાયણ હોવું જોઈએ એના દર્શન આ વાર્તામાં થશે. ઉપર લખેલ વિરકત વૈષ્ણવની વાર્તામાં સિદ્ધાંતમુક્તાવલીના ભાવોનું ઉદ્‌બોધન છે. આ વાર્તામાં એનુ implementation છે.

"**तद् सिद्धयै तनुवित्तजा**", આ સિદ્ધાંતમુક્તાવલીની ઉક્તિને, આ વાર્તામાં, ભગવદીયે કેવી રીતે જીવી તે જોઈ લઈએ. "**सो ए दोउ स्त्री-पुरुष सेवासों पहोंची के राजभोग-आर्ति करीके एक दोय वैष्णवनकों नित्य महाप्रसाद**

**लीवावते । पाछें आप महाप्रसाद लेते । फीर उत्थापनतें सेन पर्यंत सेवा करिके पाछे श्रीठाकुरजीके सेन करावते । ---- पाछे ब्याहके दिन आय पहोंचे । तब सवारे वेगि उठिके सेवा सिंगार राजभोगसों पहोंचि के पाछे लौकिक कार्य कियो ।"**

તાદૃશી વૈષ્ણવના પત્ની મૃત્યુ પામ્યાં ત્યારે એમણે પુનર્લગ્ન માટે વિચાર કર્યો એ પણ કૃષ્ણસેવાપરાયણ ભાવનાથી જ. તાદૃશી ભક્ત મનમાં વિચારે છેકે, **"जो श्रीठाकुरजीकी सेवा तो दोइ विना आछे नाहीं होइ । तातें और विवाह करे तो आछो । सेवामें सहाय होइ ।"**

**"कामचारस्तु लोकेऽस्मिन्ब्रह्मादिभ्यो न चान्यथा ।
परमानन्दरूपे तु कृष्णे स्वात्मनि निश्चयः ।"**

આચાર્યચરણ આ શ્લોકમાં આજ્ઞા કરે છેકે, બ્રહ્માદિથી આ લોકમાં લૌકિક કામાચાર થાય છે, પરંતુ જેઓ પુરૂષોત્તમના ભક્ત છે, તેમનો આ લોક કે પરલોક સંબંધી સર્વ કામાચાર પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણથીજ અને શ્રીકૃષ્ણ માટે જ થાય છે. તાદૃશીનો ઉપર લિખિત પ્રસંગ આનું પ્રમાણ છે.

તાદૃશી વૈષ્ણવની સેવાપરાયણતાના દર્શન એમના લગ્નના દિવસે કરીએ, **"सो ब्याह करीके अपने घर आये । ता समय घरी चारी रात्रि हती । तब यह तादृशीवैष्णव न्हायके श्रीठाकुरजीकी रसोइकी सेवा करन लागे ।"**

આમ, આ ભગવદીય અને તાદૃશીનું જીવન જ સિદ્ધાંતમુક્તાવલીમય છે.

૨૫૨-વાર્તા-૧૬૧ એક વૈષ્ણવ જેને શ્રીગિરિરાજજી પર ચઢતાં જોઈ શ્રીગુસાંઈજીએ શ્રીમસ્તક હલાવ્યું. (લીલાનું નામ-"મુક્તા") (તામસ ભક્ત)

---

આ વૈષ્ણવને શ્રીગિરિરાજજી પર ચઢતાં જોઈ શ્રીવિઠ્ઠલેશ પ્રભુએ મસ્તક ધુણાવ્યું અને અન્ય વૈષ્ણવોને ઉપદેશ આપ્યોકે, "**श्रीगोवर्धन मनिमय जटित साक्षात् भगवत्स्वरूप हैं ---- श्रीगोवर्धन लीलात्मक भगवत्स्वरूप आनंदमय हैं ।**" અર્થાત્ શ્રીગિરિરાજજીને પર્વતરૂપે ન જોવાં. "**गंगायां च विशेषेण प्रवाहाभेदबुद्धये ।**" ગંગાજીના જલપ્રવાહમાં અને દેવી ગંગામાં અભેદબુદ્ધિ હોય ત્યારે ગંગાજીની ભક્તિ દૃઢ થાય. તેમ શ્રીગિરિરાજજીમાં ભગવદ્ભાવ, લીલાસ્થલી ભાવ આવે ત્યારે ભક્તિરસ હૃદયમાં ઝલકે. અખિલ લીલા પરિકર માટે અચ્યુતદાસજીનો આવો અલૌકિક ભાવ છે.

આ વાર્તામાં પણ "સિદ્ધાંતમુક્તાવલી" ગ્રંથ પ્રધાન હોવાથી પ્રભુની સેવા કે દર્શનાર્થ શ્રીગિરિરાજજી પર ચડવાની છૂટ આપી છે. "**भगवत्सेवा, भगवददर्शनार्थ उपर चढनो परे तो हू दंडवत् करी पाछें गेल-गेल जानो । और ठोर पाँव नहीं धरनो । नाँतरु लीलान को अतिक्रम होंई ।**" **प्राकाम्यंस्यादूतया जले ।** શ્રીગુસાંઈજી આજ્ઞા કરે છેકે, આધિભૌતિકમાં આધિદૈવિકની બુદ્ધિ થાય ત્યારે અનિષિદ્ધ સર્વવ્યવહાર થઈ જાય છે. તેના પછી ગિરિરાજજી પર ચઢી શકાય.

આમ, સિદ્ધાંતમુક્તાવલી ગ્રંથનો હાર્દ ભાવ સેવા હોવાથી, તનુવિત્તજા સેવાથી લઈને માનાસી સેવા સુધીના વિવિધ પહેલુઓના દર્શન, આ ચારેય વાર્તાઓના માધ્યમથી થાય છે.

❖ ❖ ❖ ❖ ❖ ❖

# पुष्टिप्रवाहमर्यादाभेदः ।

पुष्टिप्रवाहमर्यादा विशेषेण पृथक्पृथक् ।
जीवदेहक्रियाभेदैः प्रवाहेण फलेन च ॥ १ ॥

वक्ष्यामि सर्वसंदेहा न भविष्यन्ति यच्छ्रुतेः ।
भक्तिमार्गस्य कथनात्पुष्टिरस्तीति निश्चयः ॥ २ ॥

द्वौ भूतसर्गावित्युक्तेः प्रवाहोऽपि व्यवस्थितः ।
वेदस्य विद्यमानत्वान्मर्यादापि व्यवस्थिता ॥ ३ ॥

कश्चिदेव हि भक्तो हि यो मद्भक्त इतीरणात् ।
सर्वत्रोत्कर्षकथनात्पुष्टिरस्तीति निश्चयः ॥ ४ ॥

न सर्वोऽतः प्रवाहाद्धि भिन्नो वेदाच्च भेदतः ।
यदा यस्येति वचनान्नाहं वेदैरितीरणात् ॥ ५ ॥

मार्गैकत्वेऽपि चेदन्त्यौ तनू भक्त्यागमौ मतौ ।
न तद्युक्तं सूत्रतो हि भिन्नं युक्त्या हि वैदिकः ॥ ६ ॥

जीवदेहकृतीनां च भिन्नत्वं नित्यता श्रुतेः ।
यथा तद्वत्पुष्टिमार्गे द्वयोरपि निषेधतः ॥ ७ ॥

प्रमाणभेदाद्भिन्नो हि पुष्टिमार्गो निरुपितः ।
सर्गभेदं प्रवक्ष्यामि स्वरुपांगक्रियायुतम् ॥ ८ ॥

इच्छामात्रेण मनसा प्रवाहं सृष्टवान् हरिः ।
वचसा वेदमार्गं हि पुष्टिं कायेन निश्चयः ॥ ९ ॥

मूलेच्छातः फलं लोके वेदोक्ते वैदिकेऽपि च ।
कायेन तु फलं पुष्टौ भिन्नेच्छातोऽपि नैकधा ॥ १० ॥

तानहं द्विषतो वाक्याद्भिन्ना जीवाः प्रवाहिणः ।
अत एवेतरौ भिन्नौ सान्तौ मोक्षप्रवेशतः ॥ ११ ॥

तस्माज्जीवाः पुष्टिमार्गे भिन्ना एव न संशयः ।
भगवद्रूपसेवार्थं तत्सृष्टिर्नान्यथा भवेत् ॥ १२ ॥

स्वरूपेणावतारेण लिंगेन च गुणेन च ।
तारतम्यं न स्वरूपे देहे वा तत्क्रियासु वा ॥ १३ ॥

तथापि यावता कार्यं तावत्तस्य करोति हि ।
ते हि द्विधा शुद्धमिश्रभेदान्मिश्रास्तथा पुनः ॥ १४ ॥

प्रवाहादिविभेदेन भगवत्कार्यसिद्धये ।
पुष्टया विमिश्राः सर्वज्ञाः प्रवाहेण क्रियारताः॥ १५ ॥

मर्यादया गुणज्ञास्ते शुद्धाः प्रेम्णातिदुर्लभाः ।
एवं सर्गस्तु तेषां हि फलं त्वत्र निरूप्यते ॥ १६ ॥

भगवानेव हि फलं स यथाऽऽविर्भवेद्भुवि ।
गुणस्वरूपभेदेन तथा तेषां फलं भवेत् ॥ १७ ॥

आसक्तौ भगवानेव शापं दापयति क्वचित् ।
अहंकारेऽथवा लोके तन्मार्गस्थापनाय हि ॥ १८ ॥

न ते पाषण्डतां यान्ति न च रोगाद्युपद्रवाः ।
महानुभावाः प्रायेण शास्त्रं शुद्धत्वहेतवे ॥ १९ ॥

भगवत्तारतम्येन तारतम्यं भजन्ति हि ।
वैदिकत्वं लौकिकत्वं कापट्यात्तेषु नान्यथा ॥ २० ॥

वैष्णवत्वं हि सहजं ततोऽन्यत्र विपर्ययः ।
सम्बन्धिनस्तु ये जीवाः प्रवाहस्थास्तथापरे ॥ २१ ॥

चर्षणीशब्दवाच्यास्ते ते सर्वे सर्ववर्त्मसु ।
क्षणात्सर्वत्वमायान्ति रुचिस्तेषां न कुत्रचित् ॥ २२ ॥

तेषां क्रियानुसारेण सर्वत्र सकलं फलम् ।
प्रवाहस्थान् प्रवक्ष्यामि स्वरूपांगक्रियायुतान् ॥ २३ ॥

जीवास्ते ह्यासुराः सर्वे प्रवृत्तिं चेति वर्णिताः ।
ते च द्विधा प्रकीर्त्यन्ते ह्यज्ञदुर्ज्ञविभेदतः ॥ २४ ॥

दुर्ज्ञास्ते भगवत्प्रोक्ता ह्यज्ञास्ताननु ये पुनः ।
प्रवाहेऽपि समागत्य पुष्टिस्थस्तैर्न युज्यते ॥ २५ ॥

सोऽपि तैस्तत्कुले जातः कर्मणा जायते यतः ॥२५ $\frac{१}{२}$॥

॥ इति श्रीवल्लभाचार्यविरचितः पुष्टिप्रवाहमर्यादाभेदः समाप्तः ॥

## ગ્રંથ - પુષ્ટિપ્રવાહમર્યાદા ભેદ:

૮૪ વૈષ્ણવ વાર્તા ૧૧ - ગોવિંદદાસ ભલ્લા
(લીલાનું નામ - "મનસુખા ગોપ")

૨૫૨ વૈષ્ણવ વાર્તા ૩૧ - એક શેઠના બેટી જે લાહોરમાં રહેતાં
(લીલાનું નામ - "રાઈન") (રાજસ)

૨૫૨ વૈષ્ણવ વાર્તા ૩૨ - ગુજરાતના એક કુંભાર
(લીલાનું નામ - "પરમાનંદ") (સાત્ત્વિક)

૨૫૨ વૈષ્ણવ વાર્તા ૩૩ - ગોવિંદદાસ ખવાસ
(લીલાનું નામ- "નૃત્યકલા") (તામસ)

શ્રીઆચાર્યચરણે પ્રકટ કરેલો "પુષ્ટિપ્રવાહમર્યાદા" ગ્રંથનો રચનાકાલ તથા આ ગ્રંથ આપે કોના માટે પ્રકટ કર્યો છે એનો ઉલ્લેખ મળતો નથી. પરંતુ આ ગ્રંથમાં પ્રતિપાદિત કરેલા સિદ્ધાંતો અને એમના ભાવોનું ઉદ્દ્બોધન ગોવિંદદાસ ભલ્લાની વાર્તામાં થાય છે. તેથી અહીં ગોવિંદદાસ ભલ્લાની વાર્તા, આ ગ્રંથના લીલાત્મક ઉપદેશ રૂપે લીધી છે. ગોવિંદદાસ ભલ્લાનાં બસો બાવન વૈષ્ણવોમાં પ્રકટ થયેલાં સાત્વિક, રાજસ અને તામસ આવિર્ભાવો પણ આ ગ્રંથના ભાવો સાથે રમણ કરે છે.

આ વાર્તા અને ગ્રંથના હાર્દને સમજવા માટે "પુષ્ટિપ્રવાહમર્યાદા" ગ્રંથની ભૂમિકાનું અવલોકન કરવું આવશ્યક છે.

સર્વ જીવો બ્રહ્મના ચિદંશ છે. ભગવદંશ રૂપે બધા જ જીવો સરખા હોવા છતાંય જીવોમાં પરસ્પર ભેદ વિદ્યમાન છે. તેથીજ, કેટલાક જીવો સંસારની ઈચ્છાવાળા હોય છે. તો કેટલાકને પરલોકનું સુખ અભીષ્ટ છે. કેટલાક જીવો આ લોક કે પરલોકની કામના ન કરતાં કેવલ મોક્ષના જ ઈચ્છુક હોય છે. બડભાગી જીવો મોક્ષની ય મનીષા ન રાખતાં કેવલ ભગવત્સેવામાં જ મગ્ન હોય છે. આ પ્રમાણે વિવિધ જીવોની વિવિધ વૃત્તિઓ હોવાનું કારણ મહાપ્રભુજી "પુષ્ટિપ્રવાહમર્યાદા" ગ્રંથમાં સમજાવે છે.

**"पुष्टिप्रवाहमर्यादा विशेषेण पृथक् पृथक् ।**
**जीवदेहक्रियाभेदैः प्रवाहेण फलेन च ॥"**

પુષ્ટિમાર્ગ, મર્યાદામાર્ગ અને પ્રવાહમાર્ગની પોતાની સ્વતંત્ર વિશિષ્ટતાઓ છે. અર્થાત્ આ ત્રણેય માર્ગો પરસ્પર ભિન્ન છે. દરેક માર્ગમાં જીવનું સ્વરૂપ, એનો દેહ, એની રુચિ, એની ક્રિયા અને એને મળનારા ફલમાં તારતમ્ય છે. આમ મુખ્યત્વે પુષ્ટિ, પ્રવાહ અને મર્યાદામાં માર્ગભેદ છે. માર્ગનું આવું ભિન્નત્વ હોવા છતાંય કયારેક પુષ્ટિનો જીવ, મર્યાદા કે પ્રવાહની ચાલ ચાલે છે. ગોવિંદદાસ ભલ્લાની વાર્તા એનું ઉદાહરણ છે.

અલૌકિક નિર્ગુણ ભક્તિને પુષ્ટિમાર્ગ કહેવાય છે. **"भक्तिमार्गस्य कथनात्पुष्टिरस्तीति निश्चयः"** પૂર્ણપુરૂષોત્તમને પામવા માટે વેદ, તપ, દાન, યજ્ઞ આદિ કોઈપણ સાધનો કામ નથી આવતાં. જ્યારે આત્મભાવિત પ્રભુ સ્વયં

જીવ પર કૃપા કરે ત્યારે જીવ મોક્ષને પણ ચાહતો નથી. કેવલ પ્રભુની ભક્તિની ચાહના કરે છે. આ પુષ્ટિમાર્ગીય જીવનું લક્ષણ છે.

ભગવદ્ગીતામાં દૈવીસૃષ્ટિથી વિપરીત એવી આસુરી સૃષ્ટિનું નિરૂપણ છે. આ પ્રવાહ માર્ગ છે. વેદમાં વૈદિક ધર્મની જે વિવિધ મર્યાદાઓનું નિરૂપણ છે તે મર્યાદા માર્ગ છે.

કોઈપણ જીવ પુષ્ટિનો હોય કે પ્રવાહ કે મર્યાદાનો હોય, તોય, પ્રત્યેક જીવ માતાના ગર્ભમાંથી જન્મતો હોવાથી, જીવની શરૂઆત પ્રવાહમાંથી થાય છે. પંકમાંથી પંકજ પ્રકટે તેમ પ્રવાહમાંથી પુષ્ટિનો જીવ ખીલે છે. કાદવમાં જલ નાંખી કાદવના જલને dilute કરવામાં આવે એ સંસ્કાર મર્યાદા માર્ગવત્ છે, પરંતુ કાદવ કાદવરૂપે જ સદા રહે એને પ્રવાહ માર્ગ કહેવાય.

પ્રવાહમાંથી ઊંચકી, શ્રીમદાચાર્યચરણે ગોવિંદદાસ ભલ્લાને પુષ્ટિમાર્ગમાં કેવી રીતે પ્રવેશ કરાવ્યો એ એમની વાર્તામાં અવલોકી લઈએ. "**सो गोविंददास थानेश्वर में सिपाइगीरी करते । हथियार बांधते । थानेश्वरके हाकिम पास रहेते । रुपैया पाँचसातको रोज पावते । सो थानेश्वरमें श्रीआचार्यजी पधारे । तब थानेश्वरमें बहोत जीव आये । तब गोविंददास भल्लाने श्रीआचार्यजी महाप्रभूनसो विनन्ती करी जो महाराज ! मेरे द्रव्य बहोत है कहा करुं ? तब श्रीआचार्यजीने कही भगवत्सेवा करो ।**" ગોવિંદદાસ પાસે ભગવત્સેવા કરાવી એમને ભજનાનંદના પથ પર જવાનો

**શ્રીઆચાર્યજી** સંકેત કરે છે. ભૂતલ પર પુષ્ટિજીવનું આગમન જ કેવલ ભગવદ્રૂપ સેવાર્થ છે. એના સિવાય અન્ય કોઈપણ પ્રયોજન નથી. "**भगवद्रूप सेवार्थं तत्सृष्टिर्नान्यथा भवेत् ।**" આ પ્રયોજનથી જ પ્રભુએ પુષ્ટિ સૃષ્ટિને પોતાના અંગમાંથી પ્રકટ કરી છે. "**पुष्टिं कायेन निश्चयः ।**" અર્થાત્ પુષ્ટિ સૃષ્ટિના જીવ, દેહ અને જીવની કૃતિ પ્રભુની સ્વરૂપાસકિતથી નિયામક છે. હરિએ, પ્રવાહી સૃષ્ટિને ઈચ્છા માત્રથી મન વડે બનાવી છે, એટલે પ્રભુની મૂલેચ્છાથી પ્રવાહ માર્ગીયને લૌકિક ફલ થાય છે. પ્રભુની ઈચ્છા છેકે આવી પ્રવાહી સૃષ્ટિ, સૃષ્ટિના અંત સુધી આ સંસારના પ્રવાહમાંજ રહે એટલે પ્રભુ પ્રવાહી સૃષ્ટિની ઉપેક્ષા કરે છે. મર્યાદા સૃષ્ટિને પ્રભુએ પોતાની વાણીમાંથી પ્રકટ કરી છે. એજ વાણી વડે ભગવાને વેદમાર્ગને પ્રકટ કર્યો હોવાથી, મર્યાદા સૃષ્ટિની મોક્ષપર્યંતની ગતિ વેદ કથિત માર્ગથી ઉપલબ્ધ થાય છે. તેથી જ પુષ્ટિપ્રવાહમર્યાદા ગ્રંથ એ જીવ કયા માર્ગની ચાલ ચાલે છે એનું દર્પણ છે.

ભગવદ્ ઈચ્છાથી, ગોવિંદદાસ ભલ્લાની વાર્તામાં એમના જ જીવનક્રમમાં, પુષ્ટિ, પ્રવાહ અને મર્યાદાની ઝાંખી થાય છે. પુષ્ટિજીવ ભગવદ્રૂપસેવાર્થ પ્રકટ થયો હોવાથી, જ્યારે એનામાં ભગવદ્ સંબંધિત ન હોય એવા મર્યાદા કે પ્રવાહમાર્ગી લક્ષણો પ્રકટ થાય છે, ત્યારે આવા પુષ્ટિમાર્ગ ઈતરના લક્ષણો પ્રભુને સુહાતા નથી. તેથી જ પુષ્ટિજીવે શું કરવું અને શું ન કરવું એનું અદ્ભુત દ્રષ્ટાંત ગોવિંદદાસ ભલ્લાની વાર્તામાં છે.

ગોવિંદદાસ જીવ તો પુષ્ટિના છે, પરંતુ એમના દેહ

અને ક્રિયામાં પુષ્ટિથી અતિરિક્ત ભિન્ન દર્શન થાય છે. વહેલી સવારે, રાત્રીનો દોઢ પ્રહર રહે તે પહેલા ગોવિંદદાસ ઊઠી ગિરિરાજથી ચાલતા શ્રીયમુનાજીની ગાગર ભરવા મથુરા આવે અને રાજભોગ પહેલા ગાગર ભરી પુન: ગિરિરાજ આવે. એમની આવી દેહ અને ક્રિયા છે તો ભગવત્સેવાર્થ જ, પણ અહંકારના કારણે એ પ્રભુને સુહાતી નથી. પ્રીતિ વગરની ભગવત્સેવા પુષ્ટિ પ્રવાહનું રૂપ ધારણ કરે છે અને એ સેવામાં કેવલ અહંકાર હોય તો એમાંથી પુષ્ટચંશ પણ તિરોહિત થઈ કેવલ પ્રવાહમયી બને છે. ગોવિંદદાસ ભલ્લાની વાર્તાના ભાવપ્રકાશમાં હરિરાયજી આજ્ઞા કરે છેકે "**भाव प्रीतिसों ऐसी सेवा करे तो गोवरधननाथजी वाके पाछे लगे डोलते । परंतु गोविंददास भल्ला तामसी हते । सो अहंकारसो करते । स्त्रीको त्याग अहंकार सो कर्यो । महावनमें चोबिस टकाकी सामग्री रोज करते सो अहंकारसो करते । यहां हु सगरी सेवा अहंकारसो करते । सरीरको कष्ट पावते । परंतु सगरे सेवकनको नीचो करि दिये । जो मों बराबर कौन करेगो । तातें श्रीगोवरधनधरको आछो न लगतो । तब श्रीगोवरधनधरने अडेलमें श्रीआचार्यजी महाप्रभूनसों कह्यों जो तिहारो सेवक मोको बहुत खिजावत है ।**"

ગદ્યમંત્રમાં નિવેદિત થયેલ ગોવિંદદાસની અહંતા દાસોऽહમ્ માં પરિણમિત થતી ન દેખાઈ, ત્યારે ગોવર્ધનનાથજીને ન સુહાયું. ગોવિંદદાસ પોતાના અહંકારનું સમર્પણ ક્યારે કરશે એની પ્રભુ વાટ જોઈ રહ્યા છે.

"પુષ્ટિપ્રવાહમર્યાદા" ગ્રંથ અને ગોવિંદદાસ ભલ્લાની

વાર્તા જીવની ચાલનું દર્પણ છે. આ ગ્રંથમાં મહાપ્રભુજીએ પુષ્ટિનું જે સ્વરૂપ સમજાવ્યું છે એનો સીધોજ સંબંધ પુષ્ટિજીવની ભગવદ્ ઉપયોગી અહંતા અને મમતા સંબંધિત છે. કેટલાક અંશમાં પુષ્ટિ જીવે પોતાની અહંતા અને મમતાનો ભગવદ્વિનિયોગ કર્યો છે, એની corrollary રૂપે કેટલા અંશમાં જીવની અહંતા અને મમતા અવિનિયુક્ત છે તે સમજાશે. તેથી જ ગોવિંદદાસ ભલ્લાની અસમર્પિત અહંતાની શિકાયત ગોવર્ધનધર શ્રીવલ્લભને કરે છે **"यामें यह जताये जो अहंकारसों बहोत सेवा करत है मोको (गोवर्धनधरको) खिजावत है, अप्रसन्न करत है । और तिहारो सेवक यों कहे तामें यह जताये जो हों तो वाको दण्ड देतो परंतु तिहारो सेवक हे तुमही समजावो ।"** શ્રીઆચાર્યજી ગોવિંદદાસને આજ્ઞા કરે છેકે, **"सगरे सेवकनकी रीती चलो । अहंकार छोडो । और प्रभु अक्लिष्टकर्मा है, दुःख पाइ अहंकारसो करिये सो प्रभुको भावे नाहिं ।"** પુષ્ટિજીવ પ્રભુની અંગસૃષ્ટિ હોવાથી, પુષ્ટિજીવને પડતું કષ્ટ પ્રભુનું કષ્ટ બની જાય છે. મહાપ્રભુજી ગોવિંદદાસને કહે છેકે, **"सब सेवक्नसों मिलिके चलो । तो निर्वाह होय नाहीं तो हमारे पास रहो महाप्रसाद लेहु । तब गोविंददास फेरि अहंकार करि कहे, देवअंस, गुरुअंस कैसे लेहु । तब श्रीआचार्यजी महाप्रभुनने कहि सेवा छोडि देउ । यामें यह जताए जो श्रीनाथजीके यहाँ अहंकार किये तब सहजमें सेवा छूटि गइ सो सेवा छोरि दिनि, परंतु आज्ञा न मानी । तातें श्रीगोकुलनाथजी कहे क्षत्रि अहंकारीने सेवा छोडि दिनि ।"** અહીં ગોકુલનાથજી, પુષ્ટિજીવ એવા ગોવિંદદાસજીનું નામ નથી લેતાં પણ એમના

દેહરૂપ ક્ષત્રિયપણાનું અને એમની ક્રિયાનું વર્ણન કરે છે. એમના ક્ષત્રિયત્વમાં, અહંકારે પુષ્ટિત્વના આવેશને પ્રકટવા ન દીધો અથવા તો એમના ક્ષત્રિયત્વને પુષ્ટિમાર્ગનો અંગ બનાવવાનો અવકાશ ન આપ્યો. ગોકુલનાથજી એટલે ક્ષત્રિ અહંકારી કહે છે.

પુષ્ટિપ્રવાહમર્યાદા માર્ગના આવા વિવિધ લક્ષણો પ્રકટ કરનાર ગોવિંદદાસને જ્યારે હાકિમના માણસો મારી નાંખે છે ત્યારે હરિરાયજી આજ્ઞા કરે છે કે, "**पाछे अब नंदरायजी के पास फेरीं गोप भये ।**" પુષ્ટિમાર્ગમાં સદા તત્પર એવા અનુગ્રહના પ્રાબલ્યથી ગોવિંદદાસને "**भगवान एव ही फलं**" ની ઉપલબ્ધિ થઈ. શ્રીગોવર્ધનધરને અપ્રસન્ન કરનાર, શ્રીઆચાર્યજીની આજ્ઞાનું ઉલ્લંધન કરનારની તો અગતિ થાય, પરંતુ ગોવિંદદાસના પાત્ર દ્વારા શ્રીમહાપ્રભુજીને પુષ્ટિનું માહાત્મ્ય પ્રકટ કરવું છે, એટલે ગોવિંદદાસની દેહ અને કૃતિ ન જોતાં લીલાના જીવ ગોવિંદદાસને શ્રીવલ્લભ લીલાપ્રવેશ કરાવે છે. પુનઃગોપ બની એ નવતનુત્વ પ્રાપ્ત કરે છે. આ છે "**भक्तिमार्गस्य कथनात्पुष्टिरस्तीति निश्चयः ।**" ગોવિંદદાસની આવી વિપરીત વાર્તા પુષ્ટિના અદ્‌ભુત ઉદ્‌ગાર કરે છે; "**सर्गभेदं प्रवक्ष्यामि**" અને "**कायेन तु फलं पुष्टौ ।**" શ્રીવલ્લભની વાણીની ફલશ્રુતિના આવા અકલ્પિત દર્શન ગોવિંદદાસની વાર્તામાં છે.

શ્રીજીની સેવા છોડીને ગોવિંદદાસ કેસોરાયજીની સેવાનો ઈજારો લે છે. "**सोउ विपरीत किये ।**" હરિરાયજી આજ્ઞા કરે છેકે, "**श्रीगोवर्धननाथजीकी सेवा छोडि फेर मर्यादामें**

**गये । ताते विपरीत भये सो कहत है ।"** પુષ્ટિપ્રવાહમર્યાદા ગ્રંથને પ્રતિબિંબિત કરતી આ વાર્તા હોવાથી, ગોવિંદદાસની વાર્તામાં આવો મર્યાદાનો સુર પણ સાંભળવા મળે છે.

પુષ્ટિમાર્ગીય જીવોનું સાધન જેમ ભગવાનની કૃપા છે તેમ ફલ એક માત્ર ભગવાન જ છે. પુષ્ટિપ્રવાહમર્યાદા ગ્રંથમાં કહ્યા પ્રમાણે, ભગવદ્રૂપસેવાર્થ, પુષ્ટિભક્તનું મન લલચાય એ કેટલું સ્વાભાવિક છે, તે ગોવિંદદાસની વાર્તામાં અવલોકી લઈએ. **"तब क्षत्रि अहंकारीने सेवा छोडी दिनि । पाछे मथुरा आयो । परंतु बिना सेवा पूजा रह्यो न जाइ, दैवि है ।"** આચાર્યચરણ આજ્ઞા કરે છેકે, કર્મને કારણે પુષ્ટિજીવ મર્યાદાના માર્ગમાં ચાલી જાય છે પણ એ ત્યાં fit નહીં થાય.

શ્રીહરિરાયજી આજ્ઞા કરે છેકે, **"इनकी वार्तामें यह सिद्धांत जताये जो अहंकार न करनो । और अपुने हठ करि गुरुकी आज्ञा उल्लंघन न करनो । और पुष्टिमार्गीय श्रीठाकुरजीकी सेवा छोडिके मर्यादामार्गीय श्रीठाकुरजीकी सेवा न करनी ।"** ગોવિંદદાસની વાર્તા આ સિદ્ધાંતોને તો અવશ્ય સમજાવે છે પણ એનાથી ગોવિંદદાસનું સ્વરૂપ ન પણ સમજી શકાય. પુષ્ટિપ્રવાહમર્યાદા ગ્રંથના પ્રારંભમાં જ શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છેકે, **"जीवदेह क्रिया भेदैः"** જીવના દેહ અને એની કૃતિથી એ પુષ્ટિજીવ હોવો જોઈએ એટલું કેવલ અનિશ્ચયાત્મક અનુમાન થઈ શકે, પરંતુ વાસ્તવમાં તો પુષ્ટિજીવને કેવલ શ્રીવલ્લભ, શ્રીવિઠ્ઠલ અને શ્રીઠાકોરજી જ ઓળખી શકે. આજ વાતની સાવચેતી લેતાં હરિરાયજી વાર્તાના અંતમાં આજ્ઞા કરે છે કે, **"सो गोविंददास**

**भल्ला एसे भगवदीय हते"** અને એમને **"क्षत्री अहंकारी"** કહેનાર ગોકુલનાથજી સ્વયં આજ્ઞા કરે છે કે **"सो गोविंददास श्रीआचार्यजी महाप्रभुनके ऐसे कृपापात्र भगवदीय है । तातें इनकी वार्ता कहां तांई कहिये ।"** તદુપરાંત ગોવિંદદાસના બસો બાવન વૈષ્ણવમાંના સાત્ત્વિક, રાજસ અને તામસ ભક્તોના આવિર્ભાવની વાર્તા જોતાં **"वैष्णवत्वं हि सहजं"** નો સ્થલ વિશેષ પર પરિચય થાય છે. તેથી જ ભગવદીયની પણ દેહ અને કૃતિથી જીવ ન સમજાય. એવા ભગવદીયના વાસ્તવિક આંતરિક સ્વરૂપને સમજવા માટે શ્રીવલ્લભે પૃષ્ટિપ્રવાહમર્યાદા ગ્રંથમાં બહુમૂલ્ય આજ્ઞા કરી છે.

**"स्वरूपेणावतारेण लिंगेन च गुणेन च ।**
**तारतम्यं न स्वरूपे देहे वा तत्क्रियासु वा ॥**
**तथापि तावता कार्यं यावत्तस्य करोति हि ।"**

નાટકમાં સૂત્રોધારે પાત્રોનું જેવી રીતે નિર્માણ કર્યું છે તે પ્રમાણે જ વિવિધ પાત્રોને જુદા જુદા વેષ ભજવવાના હોય છે. લીલોપયોગીપણાને કારણે, પ્રભુએ જે ભક્તોને જેવું કાર્ય સોંપ્યું છે તેવું કાર્ય તે કરવાના જ. ભગવદીયો, ભગવાને સોંપેલ પાત્ર સંપૂર્ણ રીતે, વિના ત્રુટી, ભજવવાના જ. એના માટે ભગવાને પણ એમને એવું સામર્થ્ય અને કૌશલ્ય આપ્યું છે. તેથી જ, આવા ભક્તો પ્રભુએ સોંપેલ અમુક કાર્યમાં સંકળાયેલા હોવાથી, તેમના સ્વરૂપ અને ગુણમાં ન્યૂન અને અધિકપણું આપણી બુદ્ધિથી ન જ સમજાય. કોઈ સિદ્ધાંત પ્રકટ કરવા, કે સિદ્ધાંત ન પાળવાથી શું ભોગવવું પડે છે તે દર્શાવવા કે અન્ય ભક્તોનું પોષણ કરવા માટે

આવા ભગવદીયોને નોખા નોખા પાત્રો પ્રભુ સોંપે છે. શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતો ન પાળવાથી શું થાય એ સમજાવવાનો સ્વાંગ ગોવિંદદાસ ભલ્લા પોતાના ક્ષત્રિયના દેહથી ભજવે છે. એટલે ગોકુલનાથજી એમને ક્ષત્રી અહંકારી કહે છે, ગોવિંદદાસને (અર્થાત્ એમના ભગવદીય જીવને) અહંકારી નથી કહેતાં. ખલનાયકનું પાત્ર ભજવતાં કલાકાર પર પ્રેક્ષકો જુતા ફેંકે એજ તો એ પાત્રના અભિનયની દાદ છે. આવું પાત્ર ભજવતાં ગોવિંદાસ પર, કલાનિધિ શ્રીકૃષ્ણ સ્વયં અપ્રસન્ન થાય છે અને શ્રીમહાપ્રભુજીની વાણી ગોવિંદદાસ નથી માનતાં, એમાં તો આ વાર્તામાં, પુષ્ટિપ્રવાહમર્યાદા ગ્રંથનાં વૈવિધ્યના દર્શન થાય છે. આ જ ગોવિંદદાસના રોલનું perfection નથી ? "**तथापि यावता कार्यं तावत् तस्य करोति हि ।**" આ દ્રષ્ટિથી જોઈએ તો ગોવિંદદાસ ભલ્લા પુષ્ટિમાર્ગના શહીદ છે.

૮૪ વૈષ્ણવો મહાપ્રભુજીની અંગસૃષ્ટિ છે. તેથી આપને કોઈ સિદ્ધાંત વિરુદ્ધ કાર્યના પરિણામ સમજાવવા હોય, તો એવી કૃતિ, શ્રીવલ્લભ, પોતાની અંગસૃષ્ટિ દ્વારા પ્રકટ કરે. અંગસૃષ્ટિથી અતિરિક્ત આવું સિદ્ધાંતવિરોધી કાર્ય કોઈ કરે, તો એના ભૂક્કા જ ઉડી જાય. **तस्माद् श्रीवल्लभाख्य त्वदुदितवचनाद् अन्यथा रूपयन्ती भ्रान्ता येते निसर्गत्रिदशरिपुतया केवलांधंतमोगा ।**"

ગુસાંઈજીને "વિદ્વનમંડન" લખવું હતું ત્યારે પૂર્વપક્ષ કરવા માટે ગિરિધરજીને સામે બેસાડ્યા. તેમજ, શ્રીમહાપ્રભુજી સ્વસિદ્ધાંત પક્ષનો વિધિ અને નિષેધ, એમ

ઉભય, પોતાના નિજસેવકો દ્વારા જ ઉદ્દબોધિત કરે છે, તેથીજ તો ચોરાસી અને બસોબાવન વૈષ્ણવની વાર્તા, શ્રીઆચાર્યજીની વાણીનો લીલાત્મક ઉપદેશ છે.

"વેદનું સાચું સ્વારસ્ય છે તે મારા સિવાય કોઈ જાણી શકતું નથી." એમ ઠાકુરજી કહે છે, અર્થાત્ વેદમાં જેને describe અને prescribe કરવામાં આવ્યો છેકે proscribe કે negate કરવામાં આવ્યો છે, જેને condemnable કહેવામાં આવે છે, "તે હું છું." **शब्द आस्थाय माम् भिदाम्** ભગવલ્લીલામાં ઉપયોગી એવા નિર્ગુણ ભક્તોમાં આપણે સ્વબુદ્ધિથી સગુણભાવ સ્થાપીએ તો, આપણી આવી બુદ્ધિ આપણા ભગવલ્લીલા અનુસંધાનમાં બાધક થઈ જશે. પુષ્ટિજીવ આ રહસ્યની care લે એના માટે આચાર્યજી **"स्वरूपेणावतारेण"** નો ઉપદેશ આપે છે.

૨૫૨ વૈષ્ણવ વાર્તા ૩૧ - શ્રીગુસાંઈજીના સેવક એક શેઠના બેટી જે લાહોરમાં રહેતાં (લીલાનું નામ - "રાઈન") રાજસ ભક્ત

---

**"सो वह शेठकी बेटी लाहोरमें काहू बहिर्मुख के घर ब्याहीं हती । सो पहिले तहां न तो वैष्णव जाँइ । न कोइ वल्लभकुल जाँइ । न भगवद्धर्म । सो वह शेठकी बेटीने कच्चे चना खाँईके बरस एक निर्वाह कियो ।"** આ છે **"प्रवाहेऽपि समागत्य पुष्टिस्थस्तैर्नयूज्यते ।"** વાર્તા આગળ કહે છેકે, **"यह बात श्रीगुसांईजीने जानी । तब श्रीगुसांईजी वा उपर कृपा करिके उहां चाचा हरिवंशजीकों पठाए । श्रीगुसांईजी**

**वाकी आर्ति सहि न सके ।"** શ્રીગુસાંઈજીએ આ શેઠની બેટીને "**मद्‌भक्त**" માની છે, એટલે એના રક્ષણ અને ભક્તિપોષણ માટે ચાચાજીને લાહોર મોકલ્યા. "**कश्चिदेव हि भक्तो हि यो मद्भक्त इतीरणात् ।**" પોતાના જનો પર તો પ્રભુ પુષ્ટિ જ કરે છે, આ વાતનો પડઘો આ વાર્તામાં છે.

ગોવિંદદાસ ભલ્લાના પ્રસંગમાં જોયું કે પ્રવાહરૂપી પંકમાંથી પુષ્ટિભક્તિનું પંકજ ખીલી ગયું છે. આ શેઠની બેટીના સાસરે બધા બહિર્મુખ હતાં, પ્રવાહીવત્ હતાં. ચાચાજીની કૃપાથી એમનામાં તથા અખિલ કુટુંબમાં પુષ્ટિનું કમલ ખીલ્યું. "**तब चाचाजी उन उपर कृपा करि उन सबनकों नाम सुनाये, वैष्णव किये । तब वे सब बोहोत ही प्रसन्न भए ।**"

## વાર્તા-૩૨ ગુજરાતના એક કુંભાર (લીલાનું નામ - "પરમાનંદ") સાત્વિક ભક્ત

**चाचा हरिवंशजी गुजरातके परदेशकों गए । तब गुजरातमें या कुम्हारके घर चाचा हरिवंशजी गए । सो याके घरमें कछू सीधो नाहीं । तब (वह) बजारमें गयो । तहां एक जिमींदारने या कुम्हारसो कह्यो, जो तू कुआँ खोदेगो ? तब याने कही, जो-हां, हां ! कुआँ खोदूंगो । परंतु चार दिन पीछे खोदूंगो । ऐसे वा जिमींदारसों यह कुम्हार कहि वा पासते रुपैया एक ल्याय चाचा हरिवंशजीकों चारि दिन बिनती करिकै राखे ।** આ પ્રસંગ "**वैष्णवत्वं हि सहजं**" ને પ્રતિબિંબિત કરે છે. કુંભાર વૈષ્ણવમાં પુષ્ટિભાવ છે.તદ્દવિપરીત,

પ્રભુની મૂલ ઈચ્છાથી, એમની સ્ત્રી પ્રવાહી હોવાથી, એમની લૌકિકાસકિતનો આ વાર્તામાં વિસ્તાર છે.

**सर्गभेदं प्रवक्ष्यामि स्वरूपांगक्रियायुतम्** નો સુંદર પ્રસંગ પણ આ વાર્તામાં છે. કુંભાર વૈષ્ણવ **पुष्टिं कायेन** ના representative છે અને એમના પત્ની પ્રવાહ સૃષ્ટિને represent કરે છે. "**बहोरि एक दिन वह कुम्हार के भाई पाहुने आयो । ताके लिये मेवा मिश्रि डारिके लडुवा किये । और पानी न हुतो सो कुम्हारी लैन कों गई । वाको मन लडुवा में । इतने दोइ कुम्हार वैष्णव आये । तिनकों या कुम्हारने लडुवा खवाई दीने । सो वह कुम्हारी दौरि आइकै देखिकै आगी सी लागी । पाछें भाईको रोटी करी खवायो । सो यह कुम्हार घरमें जो आछी वस्तु देखे सो वैष्णवकों देइ । बासन कपरा । तब स्त्रीने और कुम्हार कियो । तब वह कुम्हार बोहोत प्रसन्न भयो ।**

## વાર્તા-૩૩ ગોવિંદદાસ ખવાસ
## (લીલાનું નામ - "નૃત્યકલા") તામસભક્ત

---

પ્રવાહીરૂપી કીચડમાંથી પુષ્ટિનું કમલ કેમ ઉભરી આવે છે એનું ઉદાહરણ ગોવિંદદાસ ખવાસની વાર્તામાં પણ છે.

"**गोविंददास बडे भए, बरस बीस पच्चीसके । तब इनको रागरंगको इश्क लग्यो । सो वेश्या भवैयानके संग रहे । नाच तमासो देख्यो करे । सो कछूक दिनमें गोविंददास नृत्य करिवो सिखे ।**" એકવખત ગોવિંદદાસજી શ્રીગુસાંઈજીના

દર્શન માટે આવ્યાં. "**सो दरसन करत थकित व्है गए । पाछें श्रीगुसांईजी गोविंददासको सावधान किये । और आज्ञा किये, जो - गोविंददास तुम अपनो नृत्य श्रीनवनीतप्रियाजीकों दिखाऊं । ताही समै श्रीनवनीतप्रियजीके सिंगारके दरसन खुले । सो गोविंददास श्रीनवनीतप्रियजी के सन्मुख नृत्य करन लागे । सो नृत्य करत करत गोविंददास रसमें तदाकार होइ गए । वा समै श्रीनवनीतप्रियजी ने हू गोविंददासकों अलौकिक रीति सों दरसन दिये । सो दरसन होत ही मुर्च्छित व्है गए ।**" પ્રભુએ જેનામાં ભક્તિબીજ સ્થાપ્યું છે એ જીવ પર કૃપા થતાં જ એમાંથી ભક્તિનું અબ્જ સહજતાથી ખીલી આવે છે. સંગદોષના કારણે જે નૃત્ય, ગોવિંદદાસને પ્રવાહ પથ પર ગતિ કરાવતું હતું, એજ નૃત્યનું પુષ્ટિકરણ થતાં, શ્રીનવનીતપ્રિયજીની પ્રસન્નતાનું કારણ બની ગયું. શરણે આવ્યા પછી, એક વખત ગોવિંદદાસજી રસમાં તદાકાર થઈને નવનીતપ્રિયજી સન્મુખ નૃત્ય કરે છે ત્યારે "**एक पग के धूंधरूं तूट्यो । तब श्रीनवनीतप्रियजीने अपने चरन के नूपूर गोविंददासकों पहिराये । सोउ सुधि गोविंददासको कछू नांही ।**" પોતાના શ્રીહસ્તથી ગોવિંદદાસનું ઘૂંઘરૂ બાંધીને નવનીતપ્રિયજીએ "**कायेन तु फलं पुष्टो**" ના સિદ્ધાંતને ઉદ્‌ઘોષિત કર્યો છે.

નામનિવેદન આપીને શ્રીગુસાંઈજીએ ગોવિંદદાસને પોતાનું ચર્વિત તાંબુલ આપ્યું. "**सो लेतहीं गोविंददासकों श्रीआचार्यजी, श्रीगुसांईजी, के स्वरूपको ज्ञान भयो । तब गोविंददास श्रीआचार्यजीके पद करन लागे ।**" ગોવિંદદાસ ખવાસે સર્વોત્તમજીના ૧૦૮ નામ પર ૧૦૮ પદો રચ્યાં છે

કારણકે શ્રીસર્વોત્તમજી શ્રીમહાપ્રભુજીની વાણીનો નામાત્મક ઉપદેશ છે. ગોવિંદદાસ "**सदा प्रेमते रसमत्त भरे रहेते ।**"

૨૫૨ વૈષ્ણવની આ ત્રણેય વાર્તા વાંચીને ગોવિંદદાસ ભલ્લાના ભાવનું અનુમાન કરશું, તો મહાપ્રભુજીના નીચે લખેલ કથનનો ભેદ સમજાશે, કારણ ૨૫૨ ના આ ત્રણેય ભગવદીયો ગોવિંદદાસ ભલ્લાના ભાવરૂપ છે.

**स्वरूपेणावतारेण लिंगेन च गुणेन च ।**
**तारतम्यं न स्वरूपे देहे वा तत्क्रियासु वा ॥**
**तथापि तावता कार्यं यावत्तस्य करोति हि ।**

"પુષ્ટિપ્રવાહમર્યાદા" ગ્રંથમાં મર્યાદાની ચર્ચા ઉપલબ્ધ નથી. તેથી ૨૫૨ વૈષ્ણવની આ ત્રણેય વાર્તામાં "પુષ્ટિ" અને "પ્રવાહ" ના અંગો જોવા મળે છે, મર્યાદાના નહીં.

ગ્રંથના પ્રારંભમાં શ્રીવલ્લભ એકજ વખત મર્યાદા શબ્દનો પ્રયોગ કરે છે. "**पुष्टिप्रवाहमर्यादा विशेषण पृथक् पृथक्**" તેથી કેવલ ગોવિંદદાસ ભલ્લાની વાર્તામાં જ મર્યાદાનો એકજ પ્રસંગ મળે છે. શ્રીગોકુલનાથજીએ, કેટલી discipline થી, શ્રીમહાપ્રભુજીની ષોડશગ્રંથની વાણીને વાર્તા સાહિત્યમાં આવરી લીધી છે તેનું આ એક વિલક્ષણ પ્રમાણ છે.

❖ ❖ ❖ ❖ ❖ ❖

# सिद्धांतरहस्यम् ।

श्रावणस्यामले पक्षे एकादश्यां महानिशि ।
साक्षाद्भगवता प्रोक्तं तदक्षरश उच्यते ॥ १ ॥

ब्रह्मसम्बन्धकरणात् सर्वेषां देहजीवयोः ।
सर्वदोषनिवृत्तिर्हि दोषाः पंचविधाः स्मृताः ॥ २ ॥

सहजा देशकालोत्था लोकवेदनिरूपिताः ।
संयोगजाः स्पर्शजाश्च न मन्तव्याः कथंचन ॥ ३ ॥

अन्यथा सर्वदोषाणां न निवृत्तिः कथंचन ।
असमर्पितवस्तूनां तस्माद्वर्जनमाचरेत् ॥ ४ ॥

निवेदिभिः समर्प्यैव सर्वं कुर्यादिति स्थितिः ।
न मतं देवदेवस्य सामिभुक्तसमर्पणम् ॥ ५ ॥

तस्मादादौ सर्वकार्ये सर्व वस्तुसमर्पणम् ।
दत्तापहारवचनं तथा च सकलं हरेः । ॥ ६ ॥

न ग्राह्यमिति वाक्यं हि भिन्नमार्गपरं मतम् ।
सेवकानां यथा लोके व्यवहारः प्रसिद्ध्यति ॥ ७ ॥

तथा कार्यं समर्प्यैव सर्वेषां ब्रह्मता ततः ।
गंगात्वं सर्वदोषाणां गुणदोषादिवर्णना ॥ ८ ॥

गंगात्वेन निरुप्या स्यात्तद्वदत्रापि चैव हि ।

॥ इति श्रीमद्वल्लभाचार्यविरचितं सिद्धान्तरहस्यम् ॥

# ગ્રંથ - સિદ્ધાંતરહસ્ય

૮૪ વૈષ્ણવ વાર્તા ૧ - શ્રીદામોદરદાસ હરસાનીજી
(લીલાનું નામ - "લલિતા")

૨૫૨ વૈષ્ણવ વાર્તા ૧ - નાગજીભટ્ટજી
(લીલાનું નામ- "પદ્માવતી") (તામસ ભક્ત)

૨૫૨ વૈષ્ણવ વાર્તા ૨ - કૃષ્ણભટ્ટજી
(લીલાનું નામ- "રાસવિલાસિની") (સાત્વિક ભક્ત)

૨૫૨ વૈષ્ણવ વાર્તા ૩ - ચાચા હરિવંશજી
(લીલાનું નામ - "ચંદ્રકલા") (રાજસ ભક્ત)

શ્રાવણ સુદી એકાદશીની મધ્યરાત્રીએ, સહસ્ર વર્ષથી પ્રભુથી છૂટા પડેલા દૈવીજીવો, નિરાંતની નિદ્રા લઈ રહ્યા છે, તે વખતે, ગોકુલના ગોવિંદઘાટના એક ચોતરા ઉપર અનિદ્રિત અવસ્થામાં "**देवोद्धारप्रयत्नात्मा**" શ્રીવલ્લભ, સંસારમાં અટવાયેલા દૈવીજીવોના ઉદ્ધાર માટે ચિંતાતુર છે. "**तहां श्रीआचार्यजीको चिंता उपजी । क्यों जो-श्रीठाकुरजीने आज्ञा दीनी है, जो-जीवनकों ब्रह्मसंबंध करवाओ । तातें श्रीआचार्यजीने विचार्यो, जो-जीव तो दोष सहित है और श्रीपुरुषोत्तम तो गुणनिधान है, ऐसे संबंध कैसे होय ? तातें चिंता उपजी, सो अत्यंत आतुर भये । ता समें श्रीठाकुरजी तत्काल प्रगट होईके श्रीआचार्यजीसों पूछी जो-तुम चिंतातुर क्यों हो ? तब श्रीआचार्यजी महाप्रभुजी आप कहे, जो-जीवको**

स्वरूप तो तुम जानत ही हो, दोषवंत है । जो-तुमसों जीवनको संबंध कैसे होय ? तब श्रीठाकुरजी कहें, जो तुम-(जा) जीवको नाम देउंगे तिनके सकल दोष निवृत्त होईगे, तातें तुम जीवनको अंगीकार करो ।”

એ વખતે પ્રકટ થયેલા પુરુષોત્તમે, પોતાની અને દૈવીજીવની વચ્ચે મધ્યસ્થ રહેલાં શ્રીવલ્લભને જોયાં, ત્યારે પ્રભુએ, અનાદિ કાલથી ક્યારેય ન કરેલ એવો સદોષ દૈવી જીવોનો અંગીકાર કરવાનો ઘાટાનો સોદો શ્રીઆચાર્યજી સાથે કર્યો. તદનુસાર, શ્રીવલ્લભ જે જીવને અંગીકાર કરાવશે તે જીવને પ્રભુ ક્યારેય નહીં છોડે અને જીવના દોષ એને સેવામાં બાધક નહીં થાય. પ્રભુ એની સેવા અંગીકાર કરશે. ઠાકુરજીને એ જગાડશે ત્યારે શ્રીજી જાગશે, ખવડાવશે ત્યારે અરોગશે, સુવડાવશે ત્યારે પોઢશે. સર્વ સમર્થ વ્રજનો ઠાકુર, નિવેદિતાત્મા જીવોના માથે નિઃસાધનવત્ થઈને બિરાજે છે. "સિદ્ધાંતરહસ્ય" ગ્રંથનું વિલક્ષણ રહસ્ય એ છેકે, “ब्रह्मसंबंधकरणात्” કહીને સૌથી પહેલાં તો ઠાકુરજી પોતેજ સમર્પિત થઈ જાય છે. હસ્તમેળાપ વખતે વર પોતાનો હાથ કન્યા પ્રતિ પહેલાં લંબાવે છે, પછી કન્યા એ હાથ ઉપર પોતાનો હાથ ધરે છે. બ્રહ્મસંબંધમાં આવી પરસ્પર સમર્પિત થવાની નાજુક ભાવના છે. તેથી તો, પ્રભુનો પુંભાવ અને ગૂઢ સ્ત્રીભાવ પુષ્ટિભક્તના સ્ત્રીભાવ અને ગૂઢ પુંભાવ સાથે મૃદુલતાથી વિલસી શકે છે.

“ता समें दामोदरदास नेक दूरि सोये हते । ताते दामोदरदाससों श्रीआचार्यजीने पूछी, जो दमला ! तें कछू

**सून्यो ? तब दामोदरदासने कह्यो, जो-महाराज ! मैंने श्रीठाकुरजीके वचन सुने तो सही, परि समुझ्यो नाहीं । "** શ્રીઠાકુરજીના વચનનો ભાવાર્થ પોતાના અંતરંગ દમલાને, સ્વમુખથી આપ સ્વયં કહે એવો શ્રીવલ્લભનો આવેશ છે. તેથી સ્વામિનો ઉત્સાહ તિરોહિત ન થાય અને દાસભાવ જળ વાઈ રહે, એના માટે દામોદરદાસજી નિવેદન કરે છેકે, "**श्रीठाकुरजीके वचन सुने तो सही, परि समझ्यो नाहीं ।"** દમલાજીના આ શબ્દો શ્રીમહાપ્રભુજીના ઉત્સાહના ઉદ્દીપન વિભાવરૂપ બની જાય છે અને આચાર્યચરણનો મહદ્ ઉત્સાહ "સિદ્ધાંતરહસ્ય" ગ્રંથમાં અભિવ્યક્ત થઈ જાય છે.

તનુવિત્તજાથી લઈને માનસી સેવા સુધીની અલૌકીક ઝાંખી શ્રીઆચાર્યજીએ "સિદ્ધાંતમુક્તાવલી" ગ્રંથમાં કરાવી છે. જ્યારે "સિદ્ધાંતરહસ્ય" ગ્રંથમાં શ્રીવલ્લભ, અનેકવિધ નૂતન રહસ્યોને પ્રગટ કરે છે. જેની ઝાંખી દામોદરદાસજીની વાર્તામાં થાય છે.

ઠાકુરજીએ, દૈવીજીવોના ઉદ્ધારાર્થ આચાર્યજીને ગદ્યમંત્રનું દાન મંત્રની ભાવનાઓ સાથે કર્યું છે. એ સર્વભાવનાઓ "સિદ્ધાંત રહસ્ય" ગ્રંથમાં અભિરમે છે. "**साक्षाद् भगवता प्रोक्तं तदक्षरशः उच्यते ।"** પંચાક્ષર મંત્ર દ્વારા આત્મનિવેદન અને ગદ્યમંત્ર દ્વારા વિયોગાગ્નિના સ્મરણપૂર્વક, આત્મીય સર્વ પદાર્થોના સમર્પણથી, બ્રહ્મસંબંધની ભાવના અભિવ્યક્ત થાય છે.

હજારો વર્ષથી, પ્રભુથી વિખૂટા પડેલા જીવને ભગવદ્વિયોગ જનિત તાપકલેશાનંદનો તિરોભાવ થયો

હોવાથી, તે તાપનો પુનઃ આવિર્ભાવ કરવા, બ્રહ્મસંબંધ રૂપી વિપ્રયોગની દીક્ષા શ્રીઆચાર્યજીએ આપી છે. સેવામાં પ્રભુની સન્મુખ થવાથી અને સર્વે અવસ્થાઓમાં પ્રભુને સમર્પિત રહેવાથી, પ્રભુમાં સ્નેહ જાગૃત થાય છે. અનોસરમાં એ સ્નેહના કારણે વિરહ થાય છે. શ્રીવલ્લભના આવા ગૂઢ તમ સિદ્ધાંતનું રહસ્ય પ્રકટ કરવા તો દામોદરદાસજી શ્રીગુસાંઈજીને વિનન્તી કરે છેકે, **"जो-महाराज ! अपनो मारग निश्चिंतताको नाहीं । यह मारग है सो अत्यंत कष्ट आतुरताको हय, दुःखको हय ।"**

શ્રીવલ્લભ દામોદરદાસજીને નિરંતર કહે છેકે, **"यह मारग दमला तेरे लिये प्रकट कियो है । और मारगको सब सिद्धांत, भगवद्लीला रहस्य, श्रीआचार्यजीने दामोदरदासजीके हृदय विषे स्थाप्यो । ---- यह पुष्टिमार्गीय दैवीजीव के आधिदैविक (मूलभूत) दामोदरदास है ---- या प्रकार मूलमें भक्ति ता करिके सबमें फैले । या प्रकार दामोदरदासकी भक्ति करिके जीवमें भक्ति बढी हैं । जीवको सामर्थ्य नाहीं है जो-पुष्टिमार्गकी भक्ति एक छिन करी शके ।"** અર્થાત્ દામોદારદાસજીથી અતિરિક્ત અન્ય પુષ્ટિજીવોને દાસાનુદાસ ભાવજ શોભે. "સિદ્ધાંતમુક્તાવલી" ગ્રંથ તનુવિત્તજા સેવાના ઉપદેશથી પુષ્ટિજીવને **दासोऽहं** ની ભાવનામાં પ્રેરે છે. પરંતુ "સિદ્ધાંતરહસ્ય" ગ્રંથ પુષ્ટિજીવને આવા દાસાનુદાસના ભાવનું ગૂઢ ઉદ્‌બોધન કરે છે. તેથી વાર્તામાં આવ્યું **"या प्रकार दामोदारदासकी भक्ति करिके जीवमें भक्ति बढी है ।"** મહાપ્રભુજીના સિદ્ધાંતનું આ રહસ્ય છે.

વાર્તા કહે છે, "**दमला सो अमला**" અને ગ્રંથ કહે છે "**श्रावणस्य अमले पक्षे**" અમલ અને અમલા પક્ષનું સૂક્ષ્મ તારતમ્ય વાર્તાથી સમજીએ "**जो यह भक्तिमार्गमें श्रीठाकुरजीमें प्रीति होय तहां ताई अमल होय । जब श्रीठाकुरजीते अधिक श्रीआचार्यजीमें प्रीति होय तब तासों अमला कहिये । दामोदरदासजीको एक दृढ भाव श्रीआचार्यजीमें है ।**"

પોતાના અમલા, દમલાનો પક્ષ લેતાં શ્રીવલ્લભ સ્નેહાવેશથી કહે છેકે, "**दमला । यह मार्ग तेरे लिये प्रकट कियो है ।**" દામોદારદાસજી પ્રત્યે શ્રીવલ્લભનો જે પક્ષપાત છે (**अमले पक्षे**) એ વાર્તામાં અન્ય સ્થળોએ પણ પ્રકટ થયો છે. ઠાકુરજીએ જીવને બ્રહ્મસંબંધ આપવાની આજ્ઞા કરી એ વાત આચાર્યજી સૌથી પ્રથમ દામોદારદાસજીને કહે છે, સૌથી પહેલું બ્રહ્મસંબંધ દામોદારદાસજીને આપે છે, માર્ગ એમના માટેજ પ્રકટ કર્યો છે અને પુષ્ટિભક્તિ પણ એમના હૃદયમાંજ સ્થાપિત કરી છે.

"**दामोदरोभक्तवश्यो**" નો ભેદ સમજાવતાં ગોકુલનાથજી આજ્ઞા કરે છેકે, "**दामोदरदास नाम करि, जो-अनन्य भक्त है -तिनके बस श्रीआचार्यजी है । ---- तामें यह आयो जो औ र भक्त बहोत है परंतु तेरे मैं बस हूं ।**" એમ શ્રીવલ્લભ દામોદરદાસજીને જણાવે છે. હંમેશા non involved રહેતાં, સાક્ષિસ્વરૂપ શ્રીવલ્લભ, પોતાના દામોદરદાસ સાથે વશીભૂત લીલાથી નિબદ્ધ છે. એનાથી વિશેષ "સિદ્ધાંતરહસ્ય" નું રહસ્ય બીજું કયું હોઈ શકે ? અખિલ પુષ્ટિ સૃષ્ટિ જેમના ચરણકમલમાં પોતાનું મસ્તક રાખી દે છે, તે

શ્રીઆચાર્યચરણ, પોતાનું સ્વશ્રીમસ્તક દામોદારદાસજીના ખોળામાં ધરી દે છે. એ વખતે શ્રીગોવરધનધર ત્યાં પધારે છે. શ્રીજી આચાર્યજીને વશ છે અને શ્રીમહાપ્રભુજી દામોદારદાસજીને. તેથી ગોવરધનધર શ્રીવલ્લભ અને દમલાજી એમ બંનેને વશ હોવાથી ત્યાં પધારે છે અને દામોદારદાસજીના રોકવા છતાંય ત્યાંથી પાછા પધારતાં નથી. જાગૃત થતાં, પોતાના શ્રીજી પ્રત્યેના દાસભાવને અભિવ્યક્ત કરતાં આચાર્યચરણ દામોદરદાસજી પર ખીજે છે. પરંતુ ગોવરધનધર દાસાનુદાસ અમલાનો પક્ષ લેતાં શ્રીમહાપ્રભુજીને આજ્ઞા કરે છેકે, **"इनसों क्यों खीजत हो ? इनने अपनो धर्म राख्यो । इनकों एसोहि चाहिये ।"**

દામોદારદાસજીની વાર્તાથી "સિદ્ધાંતરહસ્ય" ગ્રંથના અન્ય ભાવોને માણી લઈએ.

**"श्रावणस्यामले पक्षे एकादश्यां महानिशि ।**
**साक्षाद् भगवता प्रोक्तं तदक्षरशः उच्यते ॥"**

૧. પુષ્ટિજીવ, હજારો વર્ષથી પ્રભુથી વિખૂટો પડેલો છે. ભગવદ્અંશહોવા છતાંય, આસુરાવેશના કારણે, ભગવદ્વિયોગ જનિત વિરહનો એનામાં તિરોભાવ છે. એવા જીવમાં, પ્રભુ સંબંધિત તાપકલેશને સજીવન કરવા, ગદ્યમંત્ર દ્વારા જીવના આત્મા અને આત્મીયનું નિવેદન કરાવ્યું છે. એનાથી જીવની અહંતાનું રૂપાંતર **दासोऽहं** માં થાય છે અને મમતાનું **तवास्मि** માં.

૨. બ્રહ્મસંબંધ લીધા પછી પુષ્ટિજીવનું કર્તવ્ય શું ? એનોય વિસ્તાર આ ગ્રંથમાં છે.

સિદ્ધાંતરહસ્ય ગ્રંથના પ્રથમ દોઢ શ્લોકને સમજાવતાં વાર્તામાં ગોકુલનાથજી આજ્ઞા કરે છેકે, "**लीलाकर्ता अवलंबन सुद्धि करता उद्दीपन भाव, या प्रकार देढ श्लोक कहे ।**"

શ્રાવણ મહિનાના પતિ ભગવાન છે. **एकादश्यां महानिशि** કહીને રાસોત્સવનું સૂચન કર્યું છે. અર્થાત્ રાસલીલા વિશિષ્ટ **રસોવૈ શ઼ઃ** સ્વરૂપને અહીં **लीलाकर्ता अवलंबन** કહ્યાં છે. **ब्रह्मसंबंध कर्ता** મહાપ્રભુજી સ્વયં ઉદ્દીપન વિભાવરૂપ છે. રાસલીલાનો જે રસ છે તે પ્રભુને અવલંબીને છે અને એ રસનું ઉદ્દીપન મહાપ્રભુજીએ સાક્ષિભાવથી કર્યું એટલે આચાર્યજી ઉદ્દીપન વિભાવરૂપ છે. મહાપ્રભુજી દ્વારા ઉદ્દીપ્ત રસ દામોદરદાસજીના હૃદયમાં સ્થિર થયો. આલંબન હોય પણ ઉદ્દીપન વિભાવ ન હોય તો રસ મંદ થાય છે. એટલે દામોદરદાસજીએ કહ્યું કે સુન્યો પન સમજ્યો નાહિં. શુદ્ધિકર્તા એ ઉદ્દીપન છે. બ્રહ્મસંબંધથી શુદ્ધિ થાય તો રસભાવ ઉદ્દીપ્ત થાય અને રસનું relishment બરાબર થઈ શકે. "**तातें दामोदरदासजीने श्रीगुसांईजीसो कह्यो जो-भक्तिमार्ग के विस्तारकी आज्ञा हैं सो तुम करो । अज्ञान जीव हैं । याही ब्रह्मसंबंधते दोष जायेंगे, अंगीकार करायें । एक श्लोकमें लीला, आधे श्लोकमें मारगकी रीति, सब इनमें आयो ।**" બ્રહ્મસંબંધ લઈને ઉદ્દીપન પામેલો પુષ્ટિજીવ, ભગવત્સેવા ન કરે તો આચાર્યજીનાં અપેક્ષિત ફલથી તે વંચિત રહે છે.

આચાર્યજીએ દામોદરદાસજીના હૃદયમાં પુષ્ટિભક્તિ અને પુષ્ટિપુરૂષોત્તમ એમ બન્નેને સ્થાપિત કર્યા છે. તેથી, દમલાજીના હૃદયમાં જ लीलाकर्ता अवलंबन અને सुद्धिकर्ता उद्दीपन भाव એમ બંને વિદ્યમાન છે. વાર્તા કહે છેકે, "**आचार्यजीने दामोदरदासके ह्रदयमें भगवल्लीका स्थापी सो संपूर्ण सृष्टिके उद्धारके निमित्त । जो जब लगि श्रीआचार्यजी महाप्रभुके मारगकी स्थिति है तब लगी श्रीआचार्यजी दामोदरदासजीको प्रागटय फेरी फेरी है । (गोप्यरीतिसुं) मारगको स्तंभ याते है ।**

**साक्षात् भगवता प्रोक्तं** એવા ગદ્યમંત્રના ગૂઢ ભાવાર્થને કૃષ્ણદાસજીની વાણીથી સમજીએ.

**"कृष्ण श्रीकृष्ण मनमाहिं गति जानिये**
**देह इन्द्रिय प्राण दारागारादिवित्त**
**आत्मा सकल श्रीकृष्णकी मानिये ।**
**कृष्ण मम स्वामि हों दास**
**मनवचकरम कृष्ण कर्ता येही सदा जिय जानिये ।**
**कृष्णदास निनाथ हरीदासवर्यधरन**
**चरणरज वल्लभाधिश मन सानिये ।"**

**"ब्रह्मसंबंधकरणात् सर्वेषां देहजीवयोः**
**सर्वदोषनिवृत्तिर्हि दोषाः पंचविधाः स्मृताः ।**
**सहजा देशकालोत्था लोकवेदनिरुपिताः**
**संयोगजा स्पर्शजाश्च न मंतव्याः कथंचन ॥"**

જીવ અનેક દોષોથી ભરેલો છે. બ્રહ્મસંબંધ લેવાથી જીવ સેવાનો અધિકારી બને છે. એના દોષની નિવૃત્તિ નથી થતી પણ તે દોષો સેવામાં બાધક નથી થતાં. ઉપરોક્ત શ્લોકમાં જીવના પાંચ પ્રકારના દોષ કહ્યાં છે. પણ દામોદરદાસજીને તો જન્મથી જ કોઈ દોષ બાધક નથી. **"जो जन्महींते बालब्रह्मचारी सखीरूप गृहस्थाश्रमको जानत नाहीं ।"** તાપકલેશના આવિર્ભાવ માટે ગદ્યમંત્રની દીક્ષા છે, પરંતુ અહીંતો દામોદરદાસજીને શ્રીઆચાર્યજી મળ્યાં પહેલા જ તાપકલેશ સિદ્ધ છે. **"जो परम हित प्राण स्नेहींको दर्शन होयगो तब याके प्राण हरे होयगे ।"**

બ્રહ્મસંબંધનો ઉપદેશ મંત્ર પ્રાયશ્ચિતનું આધિદૈવિક સ્વરૂપ છે. સર્વદોષના નિવારણ માટે બ્રહ્મસંબંધથી અતિરિક્ત કોઈપણ ઉપાય નથી. **"अन्यथा सर्वदोषाणां न निवृत्तिः कथंचन ।"**

બ્રહ્મસંબંધ થયા પછી નિવેદિત સર્વવસ્તુ ભગવદ્ ઉપયોગી બને છે, એવી ભાવના કરવાથી, એ વસ્તુમાં જીવની અહંતા મમતા ઘટે છે. ભગવત્સ્વરૂપાનંદની અનુભૂતિ માટે ભગવત્સેવા અતિ આવશ્યક છે. આ સંબંધિત દામોદરદાસજી માટે વાર્તા કહે છેકે, દામોદરદાસજી **"मानसी सेवा के अधिकारी है । लीलारसमें मगन रहत है ।"** દમલાજીનું મન સદા સમર્પીત છે.

**"असमर्पितवस्तूनां तस्माद्वर्जनमाचरेत्**
**निवेदिभिः समर्प्यैव सर्वं कुर्यादिति स्थितिः ।"**

ગદ્યમંત્રમાં જે આત્મા અને આત્મીય પદાર્થોનું નિવેદન કરવામાં આવે છે, તેને જ ભગવત્સમર્પિત રાખવાનો ઉપદેશ સિદ્ધાંતરહસ્યમાં છે.

મહાપ્રભુજી નવરત્ન ગ્રંથમાં આજ્ઞા કરે છેકે, "**निवेदनं तु स्मर्तव्यं सर्वथा तादृशैःजनैः ।**" તાદૃશીનો સત્સંગ કરવાથી સમર્પણની ભૂખ જાગે છે. "**दमला बडी बेर भई श्रीठाकुरजीकी वार्ता नाहीं करि ।**" શ્રીઆચાર્યજી અને શ્રીદામોદરદાસજીથી વિશેષ કયો તાદૃશીનો સંગ હોઈ શકે ? આમ બન્ને પ્રતિપલ ભગવત્સમર્પિત છે. મહાપ્રભુજીને ભગવત્કથામાં લીન રાખીને દમલાજી, આચાર્યજીનું સમર્પણ કરાવતાં હતાં અને મહાપ્રભુજી એમનું. "નિવેદિભિઃ સમર્પ્યૈવ." શ્રવણ એટલે સાંભળવું અને શ્રાવણ એટલે સંભળાવવું. શ્રાવણ મહાપ્રભુજી છે. દામોદરદાસજી એમના અમલ પક્ષ છે, કારણકે શ્રવણ છે.

નિવેદન, સમર્પણ અને વિનિયોગ આ ત્રણેયમાં સૂક્ષ્મ ભેદ રહેલાં છે. બ્રહ્મસંબંધ લેતી વેળા પુષ્ટિજીવ ફક્ત વાણીથી કહે છેકે એ પોતાના દેહ, ઈન્દ્રિયાદિનું સમર્પણ કરશે, પણ એણે વાસ્તવમાં તેમ કર્યું નથી. તેથી તેનું નિવેદન વાચિક છે. સમર્પણ માનસિક છે અને વિનિયોગ વાસ્તવિક છે, કાયિક છે.

શ્રીઆચાર્યજીએ અસમર્પિત લેવાની ના કહી છે પણ પ્રસાદીજ લેવું એવી આજ્ઞા કરી નથી. માથું દુ:ખતું હોય અને ગોળી લઈએ તે પ્રભુને ધરાવીને ન લેવાય. અર્થાત્ એનો વિનિયોગ પ્રભુ માટે ન થાય, પરંતુ સેવામાં માથાનો દુ:ખાવો બાધક ન થાય એ ભાવનાથી ગોળી લઈએ તો

ગોળી પણ સમર્પિત થઈ જાય છે. જે ક્રિયા સીધીજ કે પરંપરાથી ભગવદ્ ઉપયોગીપણાની ભાવનાથી થાય, એ ક્રિયા સમર્પણના ભાવને જાગૃત કરે છે. ધંધો કરતી વેળા એ ભાવના રહે કે કમાયેલા ધનનો ભગવદ્ વિનિયોગ થશે, તો વ્યાપાર પણ સેવાનું અંગ બની જાય છે.

અર્ધભુક્ત વસ્તુ પ્રભુને સમર્પિત ન કરવી. **दत्तापहारवचनं तथा च सकलं हरेः । न ग्राह्यमिति वाक्यं हि भिन्नमार्गपरं मतम् ॥** દાન કરવાથી દાતાની વસ્તુ પરની સત્તા દાન લેનારને transfer થાય છે. તેથી વસ્તુ લેનારની બની જાય છે. સમર્પણ એ દાન નથી. અહીં પોતાની સત્તાની વસ્તુ પ્રભુને સમર્પિત કરી પછી એનો પ્રસાદી રૂપે ઉપભોગ કરી શકાય છે, જ્યારે દાન કરેલ વસ્તુનો નહીં.

દામોદરદાસજીની વાર્તામાં દાન અને સમર્પણને પૃથક્કરણ કરતો એક અદ્ભુત પ્રસંગ છે. દામોદરદાસજી શ્રીગુસાંઈજીને વિનન્તી કરે છેકે, **"जगदीश श्रीठाकुरजी हैं, तिनतें अधिक करी (आचार्यजीकुं) जानत हैं ---- तब दामोदरदासजीने श्रीगुसांईजींसों कह्यो, जो-महाराज ! दान बडो के दाता बडो ? काहुके पास धन बहोत है तो कहा करे ? देई ताको जानिये । और श्रीआचार्यजी महाप्रभुनको सर्वस्व धन श्रीनाथजी हैं, सो हम जैसे जीवनकों आपु दान कियो है ।"** શાસ્ત્રોક્ત દાનની પરિભાષાથી જોઈએ તો પ્રશ્ન થશે કે શું મહાપ્રભુજી પોતાની ઠાકુરજી પરની સત્તાને છોડીને જીવને માથે પ્રભુને પધરાવે છે ? આચાર્યજી પોતાના સેવકોને ગોવર્ધનધરનું દાન પણ કરે છે. પોતાના ભાવાત્મક

સેવ્યસ્વરૂપ જયારે સેવકના સેવ્ય ભાવથી વિશિષ્ટ થાય ત્યારે તે સ્વરૂપનું દાન કરે, ફકત પોતાના ભાવાત્મક સ્વરૂપનું નહિ. તેને પોતાના હૃદયમાં જ સાચવીને રાખે છે. તેથી જ તો, કોઈપણ સેવક, ઠાકુરજીને રીઝવે કે ખિજવે ત્યારે શ્રીઠાકુરજી શ્રીઆચાર્યચરણને કે શ્રીપ્રભુચરણને કહે છેકે "તમારા" સેવકે આમ કર્યું. સ્વરૂપના બે ભેદ બતાવ્યા છે, સર્વોદ્ધારક અને ભક્તોદ્ધારક. મહાપ્રભુજી સર્વોદ્ધારકનું સમર્પણ કરે છે, દાન નથી કરતાં, ભક્તોદ્ધારનું દાન કરે છે એનું સમર્પણ નથી કરતાં. ભક્તોદ્ધારક સ્વરૂપ ભક્તોનુંજ છે એટલે શ્રીમહાપ્રભુજી કહે છે "એણે સારી રીતે રીઝાવ્યા તો હું શું કરૂં ?" ભક્તોદ્ધારક સ્વરૂપ ભક્તને દત્ત થઈ ગયું છે. તેથીજ મથુરાનાથજી પદ્મનાભદાસજીને કહે છેકે ; "**तब मथुरानाथजींने कही मोको तेरो कियो भावत है तातें जो धरेगो सो प्रीतिसो अरोगूंगो ।**" ભક્તભાવથી ભાવિત સ્વરૂપ અતિશય ભાવુક છે. જ્યારે જ્યારે શ્રીમહાપ્રભુજી કહે છેકે, "તોસોં સેવા ન નીભે તો પાછી પધરાઈયો," એ સર્વોદ્ધારક માટે કહે છે.

**"सेवकानां यथा लोके व्यवहारः प्रसिद्धयति ।**
**तथा कार्यं समर्प्यैव सर्वेषां ब्रह्मता ततः ॥"**

લોકમાં સેવક સ્વામિની આજ્ઞા પ્રમાણે કરે છે. મહાપ્રભુજી દામોદરદાસજીને આજ્ઞા કરે છેકે, "**अजहुं दस जन्मको अंतराय है ।**" દામોદરદાસજીએ એ આજ્ઞાને સ્વીકારી લીધી છે.

ભગવદીયના લૌકીક વ્યવહાર અને દેહ સંબંધિત કાર્યો

પણ સેવામાં જ સહાય કરનારા હોય છે. "**सेवकानां यथा लोके व्यवहारः प्रसिद्ध्यति**" નો એક રસાત્મક ભાવ પણ દામોદરાદાસજીની વાર્તામાં ઉપલબ્ધ થાય છે. દમલાજી પોતાના સેવકભાવને સુરક્ષિત રાખીને, ગુસાંઈજીને વિનન્તી કરે છેકે, આ માર્ગ હાંસીખેલનો નથી પણ તાપકલેશનો છે. શ્રીગુસાંઈજી, શ્રીચંદ્રાવલીજીનું સ્વરૂપ હોવાથી "**परकिया रसमें प्रीति बहोत है । सो औरके संग हांसि कैसी ?**" લૌકિકમાંય પરકિયા નાયિકાભાવનું વિશેષત્વ રહેલું છે. રસશાસ્ત્રના આવા પ્રસિદ્ધ લોકવ્યવહારને ઉદ્દેશીને (**लोके व्यवहारः प्रसिद्ध्यति**) સેવક ધર્મ પાળતાં (**सेवकानां**) દામોદરદાસજી શ્રીગુસાંઈજીને વિનંતી કરે છેકે, "**अपनो मार्ग निश्चिंतता को नाहिं । यह मार्ग है सो तो अत्यंत कष्ट आतुरताको है, दुःख को है ।**"

આ પ્રસંગથી દમલાજીના અંતરમાં સદા વિદ્યમાન એવા તાપાત્મક ભાવની પણ ઝાંખી થાય છે. વાર્તા કહે છેકે, "**और दामोदरदासकों श्रीआचार्यजी तीसरे दिन दरसन देते ---- और कदाचित तिसरे दिन दरसन न होतो तो ता दिन दामोदरदासके पेटमें पिडा बहोत होती । अत्यंत कष्ट पावते ।**" ગદ્યમંત્ર એ વિપ્રયોગની દીક્ષા છે અને એના ફલાત્મક દર્શન દામોદરદાસજીની વાર્તામાં થાય છે. એટલે કહ્યું છે ; "**क्षणवियोग न सही शके दामोदरवरदास ।**"

દામોદરદાસજીના આવા તાપકલેશભાવની સિદ્ધિનું કારણ સિદ્ધાંતરહસ્ય ગ્રંથ સમજાવે છે. "**गंगात्वेन निरुप्यास्याद् तद्वदत्रापिचैवहि।**" વલ્લભાષ્ટકમાં પ્રભુચરણ આચાર્યજીને

**स्वामिन् श्रीवल्लभाग्ने"** કહે છે, વૈશ્વાનર અને હુતાશ પણ કહે છે. વાર્તા કહે છેકે ; **"दामोदरदासको एक दृढ भाव श्रीआचार्यजीमें है ।"** અર્થાત્ વૈશ્વાનર સ્વરૂપમાં છે. જેમ કોઈપણ જલ ગંગાજલમાં પ્રવિષ્ટ થયા પછી ગંગાજલ બની જાય છે, તેમ વૈશ્વાનર સ્વરૂપમાં જેની અનન્ય પ્રીતિ સદા વહી રહી છે, એવા દામોદરદાસજીમાં તાપક્લેશનો ભાવ અખંડિત છે. મહાપ્રભુજીની કૃપાથીજ તાપક્લેશનું દાન થાય છે એ રહસ્ય શ્રીગુસાંઈજી સ્વયં વાર્તામાં પ્રકટ કરે છે. **"परि हमको जब श्रीआचार्यजीकी कृपा होयगी तब कष्ट आतुरता होइगी । यह मारग तो श्रीआचार्यजीके अनुग्रह बिना न होय ।"** અર્થાત્ ગદ્યમંત્રમાં તાપક્લેશના તિરોભાવની જે વાત કહી છે એને આવિષ્કૃત કરવાનો એક માત્ર ઉપાય શ્રીમહાપ્રભુજીની કૃપા છે.

દામોદરદાસજીની વાર્તા કેવલ **गंगात्वेन निरुप्यास्याद्** માં જ અટકતી નથી. અર્થાત્ કેવલ બહારનું જલ ગંગાજીમાં પ્રવિષ્ટ થતું નથી પણ ગંગાજી સ્વયં જલમાં પ્રવેશે છે. **"दामोदरदासके हृदयमें श्रीआचार्यजी महाप्रभु सदा बिराजे है ।"** જેવી રીતે, "સિદ્ધાંતરહસ્ય" ગ્રંથમાં આચાર્યજીએ સ્વસિદ્ધાંતનું રહસ્ય પ્રકટ કર્યું છે, તેવી રીતે દામોદરદાસજીની વાર્તા પુષ્ટિભક્તિનું રહસ્ય છે. પ્રેમલક્ષણા ભક્તિ જ પુષ્ટિ ભક્તિની અવધિ અવસ્થા છે અને એનું મુખ્ય રહસ્ય પણ. વાર્તા કહે છેકે, **"दामोदरदासको प्रेमलक्षणा भक्ति दृढ होइ चुकि है ।"** અર્થાત્ સિદ્ધાંતરહસ્ય ગ્રંથનો હાર્દ ભાવ પ્રેમલક્ષણા ભક્તિ છે.

૨૫૨ વાર્તા - ૧ નાગજીભટ્ટજી

(લીલાનું નામ - પદ્માવતી)
(તામસ ભક્ત)

**ब्रह्मसंबंध करणात्** ના અનુસંધાનમાં આચાર્યજીએ સૌથી પ્રથમ બ્રહ્મસંબંધ દામોદરદાસજીને આપ્યું, તેમ શ્રીગુસાંઈજીએ પહેલું બ્રહ્મસંબંધ નાગજીભટ્ટજીને આપ્યું છે. મહાપ્રભુજી દામોદરદાસજીને દમલાં કહેતાં. તેમ વ્હાલથી શ્રીગુસાંઈજી નાગજીને "નાગિયા" કહેતાં. "**नागिया सो नाग । सा जैसे सेस नागके हृदयपें विष्णु है, सयन करत है, तैसे श्रीगुसांईजी नागजी भट्टके हृदयमें सदा सर्वदा स्थिति करत है । ---- सो ता भांति श्रीगुसांईजी पूरन पुरुषोत्तम् है, सो सकल लीला सहित नागजी भट्टके हृदयमें सदा स्थिति करत है ।**" દામોદારદાસજીના હૃદયમાં શ્રીમહાપ્રભુજી સદા બિરાજે છે.

જેમ દામોદારદાસજી શ્રીવલ્લભના સ્વરૂપમાં સદા મગ્ન રહે છે, તેમ "**नागजीभट्ट श्रीगुसांईजीके स्वरूपमें सदा मगन रहत है । तातें न्यारी श्रीठाकुरजीकी सेवा नाहीं पधराइ ।**" નાગજીભટ્ટનો સર્વ સમર્પણ ભાવ શ્રીગુસાંઈજીમાં સિદ્ધ છે. તેથી ઉત્તમ પ્રકારની કેરી એમણે શ્રીગુસાંઈજીને અરોગાવી અને સાડી શ્રીરુક્મિણીવહુજીને ધરાવી. **तस्मादादौ सर्वकार्ये सर्व वस्तुसमर्पणम् ।**

નાગજીભટ્ટની દિકરીના વિવાહના ખર્ચ માટે ખંભાતના વૈષ્ણવોએ એમને હુંડી મોકલી, ત્યારે એ હુંડીની મોહોર સરાફની દુકાન પરથી ખરીદી એને શ્રીનાથજીના ભંડારમાં

ધરી દીધી. આ પ્રસંગમાં હરિરાયજી સિદ્ધાંતરહસ્ય ગ્રંથનો અતિ સુંદર ભાવ સમજાવે છેકે, "वैष्णवकों अलौकिक द्रव्य लौकिक में सर्वथा खरचनो नाहीं । जो- खरचे तो बहिर्मुख होंइ । तहां यह संदेह होंई, जो-गृहस्थकों विवाहादिक कार्यमें द्रव्य खरचे बिना कैसें चले ? तहां कहत है, जो-विवाहादिकमें सेवा को संबंध विचारिके आवश्यक खर्च प्रभुनसों बिनती करिके करनो । प्रतिष्ठार्थ न करें । कदाचित् लोक निर्वाहार्थ खर्च करनो परे तोऊ सेवामें चित्त विक्षिप्त न होंइ यों समझकै करें । सोऊ प्रभुनकी आज्ञा मांगिके ।" નાગજીભટ્ટની આવી ટેકથી એમની દિકરીના વિવાહનો ખર્ચ ગામના હાકિમે કર્યો. "जो भक्त अनन्य व्हे के प्रभुनकी सेवा करत है उनको सब कार्य श्रीठाकुरजी आप करत है ।"

દામોદરદાસજીની જેમ નાગજીભટ્ટ પણ શુદ્ધ પુષ્ટિના અધિકારી છે અને માનસી સેવા થકી "निवेदिभिः समर्प्यैव सर्व कुर्याद्" ની અવસ્થામાં અવિરત વિલસે છે. ભાવપ્રકાશ-નાગજીભાઈ માટે આજ્ઞા કરે છેકે, "यह "मानसी सा परामता" मानसी सेवाके अधिकारी है । सो लीलारसमें सदा मगन रहत है ।"

सो जैसे श्रीआचार्यजी महाप्रभुजीने दामोदरदासके हृदयमें गोप्य वार्ता करी मार्गको रहस्य थाप्यो, तेसै ही श्रीगुसांईजीने या मंत्र द्वारा नागजीके हृदयमें मार्गको रहस्य फल स्थाप्यो ।"

જેના હૃદયમાં માર્ગનું સર્વ રહસ્ય આચાર્યજી ગુસાંઈજી સ્થાપિત કરે છે એ ભગવદીય "સિદ્ધાંતરહસ્ય" ગ્રંથની ફલાવસ્થામાં વિલસે છે.

## ૨૫૨ વાર્તા - ૨ પદ્મારાવલના પુત્ર કૃષ્ણભટ્ટજી
## (લીલાનું નામ - "રાસવિલાસિની")
## (સાત્વિક ભક્ત)

જેમ દામોદરદાસજીના હૃદયમાં શ્રીમહાપ્રભુજીએ પુષ્ટિભક્તિમાર્ગનું રહસ્ય સ્થાપન કર્યું તેમ "**टिप्पनीजी द्वारा श्रीगुसांईजी आप कृष्णभट्टके हृदयमें पुष्टिमार्गको रहस्य भावना आदि स्थापन किये ।**"

"**जीवको श्रीआचार्यजी श्रीगुसांईजीको आश्रय दृढ राखनो ता करि सब फलनकी प्राप्ति होइ ।**" સિદ્ધાંતરહસ્યનું આ મુખ્ય રહસ્ય છે. કૃષ્ણભટ્ટજીની વાર્તામાં ભાવપ્રકાશમાં કરેલ આ આજ્ઞા દામોદારદાસજી અને આપના તામસ, સાત્વિક અને રાજસ આવિર્ભાવરૂપ નાગજીભટ્ટજી, કૃષ્ણભટ્ટજી અને ચાચા હરિવંશજી, આ ચારેય, આ આજ્ઞાના દ્રઢાગ્રહી છે. જેમ દામોદારદાસજી શ્રીવલ્લભને નિતાન્ત પ્રિય છે તેમ એમના ૨૫૨ વૈષ્ણવની વાર્તાના ત્રણેય આવિર્ભાવ શ્રીગુસાંઈજીને બેહદ્ પ્રિય છે.

"સિદ્ધાંતરહસ્ય" ગ્રંથે પુષ્ટિજીવને સદા સમર્પિત રહેવાની આજ્ઞા કરી પરંતુ પુષ્ટિજીવે કરેલ સમર્પણ ઠાકુરજીએ અંગીકાર કર્યું કે નહીં એ કેમ સમજાય, એનો ભાવ કૃષ્ણભટ્ટજીની વાર્તામાં આવે છે. "**तब उन वैष्णवन वा वैष्णवसों पूछयो, जो-सेवा मानी क्यों जानिए ? तब वा वैष्णवने उन वैष्णवनसों कही, जो-ताके चारि अनुभव है । प्रथम तो अनायास वैष्णव घर आवे । ताको अपनी सक्ति प्रमान**

**समाधान करे । और दूसरे स्वरूपमें याके मनमें आनंद उपजे ।"** અર્થાત્ પોતાના ઠાકુરજીની સેવા કરતાં આનંદ આવે. **"जो-देखो, साक्षात् श्रीनंदरायकुमार श्रीआचार्यजी महाप्रभुन की कानि तें मेरे हाथकी रसोई तथा जल की लोटी अंगीकार करत है । तीसरे, जा भावसों यह श्रीठाकुरजीको सिंगार धरावे ताही भावसों श्रीठाकुरजी याको दरसन देई ।"** સર્વોદ્ધારક સ્વરૂપને જે ભાવથી શૃંગાર ધરાવે તે ભાવથી ભક્તોદ્ધારક સ્વરૂપ પ્રકટ થઈ જાય. **"चोथे, श्रीठाकुरजी आगें यह श्रीआचार्यजीकी कानि तें भोग समर्पे तामें श्रीठाकुरजीके आरोगे पाछें नाना भांति कै स्वाद आवें । और थार को प्रसाद निघटे नाहीं । ए चार लक्षन प्रभुनकी सेवा प्रसन्नता के हों तों जानत हुं ।"**

ઠાકુરજી કેમ પ્રસન્ન થાય એ વાત આજ વૈષ્ણવો બીજા વૈષ્ણવોનેય પૂછે છે. એ વૈષ્ણવ ઉત્તર આપે છેકે, **"तब हों तो यह जानतहों जो श्रीठाकुरजी तब प्रसन्न होइ, जब स्वामिनीजी कृपा करि प्रसन्न होइ ।"** આ ભેદના દર્શન સિદ્ધાંત રહસ્ય ગ્રંથમાં થાય છે. **"एकादश्यां महानिशि"** આ **महानिशि** રાસોત્સવની છે. એકાદશ ઈન્દ્રિયને પ્રભુમાં સમર્પિત કરાવવાવાળી રાસેશ્વરી શ્રીસ્વામિનીજીની કૃપા વિના રાસનું ફલ કદાપિ ન મળે.

ઠાકુરજી કેમ પ્રસન્ન થાય એનો ઉત્તર હવે કૃષ્ણભટ્ટજીના શબ્દોમાં સાંભળીએ **"और हमको तो श्रीआचार्यजी श्रीगुसांईजीके सेवक प्रसन्न होइ तब श्रीआचार्यजी महाप्रभु श्रीगुसांईजी प्रसन्न होइ ।"**

દામોદરદાસજીની વાર્તામાં જોઈ ગયાં કે દમલાજી વગર શ્રીનાથજી રહી નથી શકતાં એનો ભેદ કૃષ્ણભટ્ટજીની વાર્તામાંથી ય મળે છે. કૃષ્ણભટ્ટજીને ગુસાંઈજી ગોકુલ બોલાવે છે ત્યારે માર્ગમાં કૃષ્ણભટ્ટને એમના સેવ્ય સ્વરૂપ ત્રણ વાર આજ્ઞા કરે છેકે, "**तो विना मोको सुहात नाहीं ।**" કૃષ્ણભટ્ટના ઠાકુરજીને એમના વગર કેમ નથી સુહાતું એનું કારણ આ ભગવદીય સ્વયં ઠાકુરજીને કહે છે "**मोको तो श्रीगुसांईजीने बुलायो है तहां जात हुं हों तो । और तुमको तो मोको श्रीगुसांईजीने दिखाए है । तातें मेरे माथे तुम बिराजत हो । ---- तातें बाबा । मैं श्रीगोकुल जाइ श्रीगुसांईजीके दरसन करि के बेगि ही आवत हुं । तब कृष्णभट्टके ए वचन सुनि के श्रीठाकुरजी बोहोत प्रसन्न होइ आज्ञा दीनी जो तू जा । ---- सो कृष्णभट्टजीकी तो श्रीगुसांईजी में एकरस प्रीति है । तातें श्रीठाकुरजीकी आज्ञा न मानी ।**" આવી દ્રઢ પ્રીતિના કારણે નાગજીભટ્ટ ગુસાંઈજીને "જલકમલ" કહે છે અને શ્રીજીને "કનકકમલ".

દામોદારદાસજીની વાર્તામાં જોયું કે, વારંવાર મહાપ્રભુજી દામોદરદાસજીને કહે છેકે, "**दमला । बडी बार भइ है, श्रीठाकुरजीकी वार्ता नाहीं करी ।**" કૃષ્ણભટ્ટ, ચાચાજી અને નાગજીભટ્ટને એમ ત્રણેયને સત્સંગનો આવેશ છે. સત્સંગ સમર્પણની ભૂખ વધારનાર છે "**निवेदिभिः समर्प्यैव सर्वं कुर्यादिति स्थितिः ।**" એ ઉક્તિને પોષણ કરનાર સત્સંગ છે. એટલે કૃષ્ણભટ્ટની વાર્તાના ભાવપ્રકાશમાં હરિરાયજી આજ્ઞા કરે છેકે, "**तातें भगवदवार्ता भगवदीयके साथ मिलिके नित्य करनी ।**"

કૃષ્ણભટ્ટજીની વાર્તાના એક પ્રસંગથી દામોદરદાસજીના સામર્થ્યનું સહેજ અનુમાન થઈ શકશે. ઉજ્જૈનના વૈષ્ણવોએ એકવાર કૃષ્ણભટ્ટજી દ્વારા ઉજ્જૈનમાં રાસનો મનોરથ કરાવ્યો. અર્થાત્ **एकादश्यांमहानिशि** નો મનોરથ કરાવ્યો. **"पाछें सर्व स्वरूपनको मंडलमें पधराइ कृष्णभट्ट आछि भांति दरसन करिके उन स्वरूपको पृथक् पृथक् दंडवत् करें । तब उन स्वरूपनमें साक्षात् पुरुषोत्तम (को) आवेस भयो ।"** આ પ્રસંગના ભાવપ્રકાશમાં હરિરાયજી સમજાવે છેકે, **"सो भावकी सिद्धि भावनातें ही होत है । तातें या मार्गमें भावना करि सब फलकी सिद्धि है । सो कृष्णभट्ट के हृदयमें लीला सहित भावात्मक कृष्णकी स्थिति है । तातें उनकी भावनातें लीला संयुक्त पुरुषोत्तमको आविर्भाव भयो ।"**

શ્રીવલ્લભની સમર્પિત રહેવાની આજ્ઞાનું પરિપાલન કરતાં વેદોક્ત કર્મો માટે અવકાશ ન મળે ત્યારે શું કરવું ? કાંઈ નહીં, ભગવત્સેવા કરતાં રહેવું. **"श्रीगुसांईजी जितने वेदोक्त कर्म करत है वे सब अपने सेवकनके लिये ही करत है । क्यों, जो वैष्णव सेवामें रात्रि दिन तत्पर रहत है । तातें उनतें वेदोक्त कर्म नाहीं बनि आवे है । सो उनके (लिये) श्रीगुसांईजी आपु करत है । तातें भगवत्सेवा सर्वोपरि है ।"** ભાવપ્રકાશમાં હરિરાયજી આજ્ઞા કરે છેકે, **"तातें भगवत्सेवा ऐसो पदार्थ है । जिनके आगे लोकिक वैदिक सब तुच्छ है । सो भगवत्सेवाको ऐसो माहात्म्य श्रीगुसांईजी आप कृष्णभट्टको समुझाए ।"**

## ૨૫૨ વાર્તા - ૩ ચાચાહરિવંશજી
## (લીલાનું નામ - "ચંદ્રકલા") (રાજસ ભક્ત)

દામોદરદાસજી હરસાનીજી માટે એમની વાર્તામાં આવે છેકે, "**या प्रकार मूलमें भक्ति ता करिके सबमें फेले । या प्रकार दामोदरदासकी भक्ति करिकें जीवमें भक्ति बढी है ।**" ચાચા હરિવંશજી દામોદારદાસજીનું રાજસ ભાવનું પ્રાકટય છે. તેથી એમની વાર્તાનાય પ્રારંભમાં આવે છેકે, ચાચાજી રતિપથનો વિસ્તાર કરવાવાળા છે. "**तातें यहां हू चाचा हरिवंसजी द्वारा मार्गको विस्तार भयो है । सो क्यों जानिए ? जो चाचा हरिवंसजीकी विनंती सो श्रीगुसांईजी आप शृंगाररसमंडन आदि मार्गके प्रकासके ग्रंथ किये ।**" આ ગ્રંથ પ્રકટ કરતી વખતે શ્રીવિઠ્ઠલેશે દામોદારદાસજીને પણ સંગ રાખ્યાં છે. "**और चाचा हरिवंसजीको आचार क्रिया देखिके बोहोत से दैवी जीव मोहित व्है व्है सरनि आये । सो इनको ऐसो प्रभाव जो ये जा मार्ग व्है निकसते तहां के अनेक जीव सरनि आवते । और श्रीगुसांईजीने चाचा हरिवंसजीको नाम सुनाइवेकी आज्ञा दीनी है । तातें इनने बोहोत वैष्णव किये है । सो या प्रकार इन द्वारा मार्गको विस्तार भयो जानिए ।**" (ઉદ્દીપન વિભાવ)

જેમ મહાપ્રભુજી દામોદારદાસજી સાથે એકાંતમાં ભગવદ્વાર્તા કરતાં તેમ, "**श्रीगुसांईजी चाचाजीसों नित्य एकांतमें भगवद्वार्ता करते । सो श्रीगुसांईजी के अनुग्रहतें चाचाजीमें भगवदरसको आवेस निरंतर रहेतो । तामें ये अहर्निस छके रहेते ।**" દામોદારદાસજી અને નાગજીભટ્ટજીની

જેમ ચાચાજીએ પણ "न्यारी श्रीठाकुरजीकी सेवा पधराइ नाहीं । ---- और जैसे श्रीआचार्यजी महाप्रभुनने श्रीगोपीनाथजी, श्रीगुसांईजीको मार्गकी सिक्षा देवेको अपनी पाछे दामोदारदास हरसानीको राखे है, ता प्रकार श्रीगुसांईजीने सात बालकनको मार्गको रहस्य समजाईवेके ताई चाचाजीको भूतल पर राखे । सो चाचाजी श्रीगुसांईजीके तिरोधान पाछें बालकनते कथा सुनिवेके मिषतें उनको मार्गकी रहस्य वार्ता कहते ।"

ચાચાજીની વાર્તામાં ब्रह्मसंबंध करणात् નું પ્રયોજન લક્ષણ હરિરાયજી ભાવપ્રકાશમાં સમજાવે છે. "आचार्यजीके मार्गकी यह रीति है जो वैष्णव बिना काहूकी वस्तु (सत्ता) श्रीठाकुरजी अंगीकार न करें । वैष्णव स्नेहपूर्वक जो वस्तु देइ वेइ श्रीठाकुरजी अंगीकार करत है ---- तातें वैष्णवको श्रीआचार्यजी महाप्रभुनके मार्गकी रीतिसों जाको भगवत्संबंध न भयो होई ताकी कोई वस्तु लेनी नाहीं ---- जो अब भगवत्संबंध भयो । तातें इनकी सब वस्तुको हू भगवत्संबंध भयो जानिए । ---- सरनि भए बिनु श्रीआचार्यजीके मार्गकी रीति सों दृढ अंगीकार नाहीं । तातें पुष्टिरसकी प्राप्ति होत नाहीं । याहीतें अलीखानकी बेटीको श्रीनाथजीने अंगिकार करि, तोउ श्रीनाथजी वासों श्रीगुसांईजीके सरनि जाइ वैष्णव होइवेकी कहे । नाँतर रसानुभव भये पाछें सरनिको कहा प्रयोजन । सो पुष्टिमार्गकी रीतिसों वैष्णव होइ तो जीवको स्वतंत्र भक्तिरसको दान व्है ।"

"न मतं देवदेवस्य सामिभुक्तं समर्पणम् ।" સિદ્ધાંતરહસ્ય ગ્રંથના આ શ્લોક પર ચાચાજીની વાર્તામાં બહુજ સુંદર

પ્રસંગ છે. ચાચાજીએ ભીલ લોકોને સેવક કરેલા ત્યારે એકવખત શ્રીનાથજી શ્રીગુસાંઈજીને કહે છેકે, "**हरिवंसजी भीलनको सेवक करे है तामें एक भीलके घर सेवा पधराई है । सों वह भील नित्य जूठन करिके मोको भोग धरत है ।**" લૂણની વસ્તુ ભીલ ધરતાં તે પોતે ચાખીને લેતાં, એટલે પ્રભુને સામગ્રી અર્ધભુક્ત ધરાતી. આ પ્રસંગના ભાવપ્રકાશમાં હરિરાયજી આજ્ઞા કરે છેકે, "**जो वैष्णव स्नेहपूर्वक कैसी ही वस्तु सामग्री श्रीनाथजीको धरें ताको प्रभु आप श्रीगुसांईजीकी कानि मानिके निश्चय अंगीकार करत है ।**" શ્રીઆચાર્યજી શ્રીગુસાંઈજીની કાનિ માની અર્ધભુક્ત વસ્તુ સમર્પિત થાય તોય ઠાકુરજી અંગીકાર કરે છે. જો ન કરતાં હોત તો મહાપ્રભુજીને એ કહેવાની જરૂર જ ન રહેત કે "**न मतं देवदेवस्य सामिभुक्तं समर्पणम् ।**" મર્યાદા પુરુષોત્તમ શ્રીરામ પુષ્ટિના આવેશમાં શબરીના બોર અરોગે છે. અહીં પુષ્ટિપુરુષોત્તમ, આચાર્યજીની વાણીની મર્યાદા પાળતાં ગુસાંઈજીને complain કરે છે, પરંતુ જીવ જ્યારે બ્રહ્મસંબંધ લઈ પોતાના દેહેન્દ્રિય પ્રાણ અંતઃકરણને સમર્પણ કરે છે, તે સમર્પણ પહેલાતો, જીવ સ્વયં એમને ભોગવીજ ચુકેલો હોય છે. આતો મહાપ્રભુજી ગુસાંઈજીની કૃપા છે કે એવા અર્ધભુક્ત દેહાદિને ઠાકુરજી અંગીકાર કરે છે. બ્રહ્મસંબંધ લીધા પછી પણ આ વાતનું પુનરાવર્તન ન થાય એના માટે શ્રીવલ્લભ આજ્ઞા કરે છેકે, "**असमर्पित वस्तूनां तस्माद्वर्जनमाचरेत् ।**" સમર્પણ કરવાથી સ્નેહના અંકુર ફૂટે છે. "**सो स्नेह है सो पुष्टि को स्वरूप है ।**"

પુષ્ટિમાર્ગમાં ઠાકુરજીની સેવા કેવી રીતે કરવી એ હરિરાયજી ભાવપ્રકાશમાં સમજાવે છે. "**या वार्तामें यह सिद्धांत भयो जो पुष्टिमार्गमें बालभावसों सेवा है । सो मुग्ध बालककी तरह श्रीठाकुरजीको जानि सेवा करनी । सो (जैसे) मुग्ध बालककी चिंता उनके मा-बाप को रहत है ता भाँति श्रीनाथजीकी चिंता श्रीगुसांईजीको सदासर्वदा रहत है ---- परि चाचाजी प्रौढ भावमें मगन रहत है ।**" એમણે પ્રૌઢ ભાવથી રજપૂતાણીની બેટીને અંગીકાર કરાવી.

સમર્પિત જીવનો પ્રભુ વેગથી અંગીકાર કરે એવો સરલ રસ્તો આ વાર્તામાં હરિરાયજી બતાવે છે ; "**जो प्रभु कृपा करिके जीवको अपनी औरतें सरनि लेत है। परि जीव को भाव जबलों स्थायी न होइ तबलों वाको कियो साधन फले नाहीं । तातें जीवको प्रभुनके सरनिकी भावना, अष्टाक्षर आदि निरंतर करत रहनो । भगवदीयको संग करनो । भगवत्सेवामें तत्पर रहेनो । जब वाको भाव स्थिर होइ तब स्थाइ भावतें लियो नाम सेवा आदि सब तत्काल फले । सह सिद्धांत दिखायो ।**"

આ ચાર વાર્તામાં, સિદ્ધાંતરહસ્ય ગ્રંથના વિવિધ ભાવોની totality ના અનેકવિધ અને સૂક્ષ્મથી પણ સૂક્ષ્મ એવા રહસ્યોની ઝાંખી થાય છે, જેનું મનન અને નિદિધ્યાસન કરવાથી આ ગ્રંથનો ભાવ હૃદયારૂઢ થશે.

❖ ❖ ❖ ❖ ❖ ❖

# नवरत्नम् ।

चिन्ता कापि न कार्या निवेदितात्मभिः कदापीति ।
भगवानपि पुष्टिस्थो न करिष्यति लौकिकीं च गतिम् ॥ १ ॥

निवेदनं तु स्मर्तव्यं सर्वथा तादृशैर्जनैः ।
सर्वेश्वरश्च सर्वात्मा निजेच्छातः करिष्यति ॥ २ ॥

सर्वेषां प्रभुसम्बन्धो न प्रत्येकमिति स्थितिः ।
अतोऽन्यविनियोगेऽपि चिन्ता का स्वस्य सोऽपि चेत् ॥ ३ ॥

अज्ञानादथवा ज्ञानात् कृतमात्मनिवेदनम् ।
यैः कृष्णसात्कृतप्राणैस्तेषां का परिदेवना ॥ ४ ॥

तथा निवेदने चिंता त्याज्या श्रीपुरुषोत्तमे ।
विनियोगेऽपि सा त्याज्या समर्थो हि हरिः स्वतः ॥ ५ ॥

लोके स्वास्थ्यं तथा वेदे हरिस्तु न करिष्यति ।
पुष्टिमार्गस्थितो यस्मात् साक्षिणो भवताखिलाः ॥ ६ ॥

सेवाकृतिर्गुरोराज्ञा बाधनं वा हरीच्छया ।
अतः सेवापरं चित्तं विधाय स्थीयतां सुखम् ॥ ७ ॥

चित्तोद्वेगं विधायापि हरिर्यद्यत्करिष्यति ।
तथैव तस्य लीलेति मत्वा चिन्तां द्रुतं त्यजेत् ॥ ८ ॥

तस्मात् सर्वात्मना नित्यं श्रीकृष्णः शरणं मम ।
वदद्भिरेवं सततं स्थेयमित्येव मे मतिः ॥ ९ ॥

॥ इति श्रीमद्वल्लभाचार्यचरणप्रकटितं नवरत्नं समाप्तम् ॥

# ગ્રંથ - નવરત્ન

૮૪ વૈષ્ણવ વાર્તા ૩૪ - ગોવિંદ દવે
(લીલાનું નામ- "તન્મધ્યા") (દ્વારકા લીલા સંબંધ)

૨૫૨ વૈષ્ણવ વાર્તા ૧૦૦ - કુનબી પટેલ નિષ્કંચન (ચોખાવાલા)
(લીલાનું નામ - "સત્યા") (સાત્વીક ભક્ત)

૨૫૨ વૈષ્ણવ વાર્તા ૧૦૧ - દેવાભાઈ કણબી
(લીલાનું નામ - "રતિશૂરી") (રાજસ ભક્ત)

૨૫૨ વૈષ્ણવ વાર્તા ૧૦૨ - એક વૈષ્ણવ બનિયાના બેટી જે રામાનંદીને પરણેલ
(લીલાનું નામ - "કૃષ્ણાનુચારી") (તામસ ભક્ત)

"सो गोबिंददूबे घरमें सेवा करें, परन्तु मनमें बहोत विग्रह रहै । सो सेवामें चित्त लागे नाहीं । तब गोविंद दूबे एक पत्र आचार्यजीको लिखे, महाराज ! मेरे मनमें बहोत विग्रह रहत है । भगवत्सेवामें चित्त लागत नाहीं, सो मैं कहा करुँ ? सो पत्र श्रीआचार्यजी पास आयो, सो आपु बांचिके "नवरत्न" ग्रंथ करि लिखि पठाये । और लिखें, यह नवरत्न ग्रंथके पाठ कियेतें तेरे मनकी विग्रहता मिटि जायगी । सो पत्र आचार्यजीको गोविन्द दूबेके पास आयो । तब गोविंद दूबे प्रसन्न होय के नवरत्न ग्रंथको पाठ करन लागे । सो पाठ करत श्रीआचार्यजीकी कृपातें मनकी व्यग्रता चिन्ता सब मिटि गइ ।" આમ સેવામાં પ્રતિબંધક એવી ગોવિંદ દવેની ચિંતા નિવૃત્ત થઈ.

ચિંતાનું સ્થાન અંતઃકરણ છે. અંતઃકરણનું સંપૂર્ણતયા શોધન થવાથી ચિંતા વિનષ્ટ થાય છે.

અંતઃકરણ મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકારનું બનેલું છે. નવરત્નના પહેલાં અને બીજા શ્લોક દ્વારા આચાર્યચરણે ગોવિંદ દવેના મનનું શોધન કર્યું છે. ત્રીજા, ચોથા અને પાંચમાં શ્લોકથી ગોવિંદ દવેની બુદ્ધિનું શોધન થાય છે. છઠ્ઠો, સાતમો અને આઠમો શ્લોક દવેના ચિત્તમાંથી ચિંતા કાઢે છે. નવમાં શ્લોકમાં એમના અહંકારનું શોધન છે.

મૂલત્વે ચિંતાના બે ભેદ છે. ક્રિયમાણ ( voluntary ) અને જાયમાન ( involuntary ) ચિંતા. જીવે પોતે ઊભી કરેલી ચિંતાનું નામ ક્રિયમાણ ચિંતા છે. અનેક સાધનોમાં મન લગાવીને ગોવિંદ દવેએ ક્રિયમાણ ચિંતા સ્વયં ઉત્પન્ન કરી છે. વાર્તામાં હરિરાયજી આજ્ઞા કરે છેકે, **"सो अनेक साधनमें मन दोरे, जो तीर्थ करुं के व्रत कोइ करुं, कोइ जप करुं ? इत्यादी मन भटके ।"** શ્રીમહાપ્રભુજીએ નવરત્નના પહેલા સાત શ્લોક દ્વારા વિવેકના વિવિધ ઉપાયો બતાવીને ગોવિંદ દવેની ક્રિયમાણ ચિંતાનું નિરાકરણ કર્યું છે.

નવરત્નના આઠમાં અને નવમાં શ્લોકથી જાયમાન ચિંતાની નિવૃત્તિ છે. જાયમાન ચિંતા જીવ જનિત નથી પણ અનાયાસે જીવ પર આવી પડેલી હોય છે. ગોવિંદ દવેને થતી જાયમાન ચિંતામાં પોતે helpless છે. એમનો ઉદ્વેગ કઈ જાતનો છે તે જોઈએ. પુષ્ટિમાર્ગમાં વ્રજભક્તોના ભાવની ભાવના કરવી અનિવાર્ય છે. "સેવા રીત પ્રીત વ્રજજનકી જનહિત જગ પ્રકટાઈ. " ગોવિંદ દવેની વ્યથા આમાંથી

ઉદ્ભવિત થયેલ છે. "**जो-गोविंद दूबे जीव तो द्वारिका लीला संबंधी, और सेवाभावना ब्रजकी करे । सो मन लागे नाहीं । न राजलीलामें दृढता होई, न ब्रजलीलामें ।**" આ ચિંતા ગોવિંદ દવેએ ઊભી નથી કરી, પણ એમના દ્વારકાલીલાના background માં વ્રજની ભાવભાવના એમને બાહ્યારોપણ જેવી લાગે છે. તેથી એમનો ચિત્તોદ્વેગ વધે છે. આ જાયમાન ચિંતા નિવારવા આચાર્યચરણ આઠમાં શ્લોકમાં ધૈર્યનો ઉપાય બતાવે છે અને નવમાં શ્લોકમાં આશ્રયનો.

આ વાર્તા અને નવરત્નની પંક્તિઓને એકમેક કરીને અવલોકશું તો ખ્યાલ આવશે કે શ્રીમહાપ્રભુજી જેવા માનસશાસ્ત્રી હજી સુધી નથી થયાં કે ન કોઈ થશે. પુષ્ટિજીવોની આપે અનિર્વચનીય સંભાળ રાખી છે. કેટલી સિફતતાથી અને નઝાકતતાથી શ્રીવલ્લભે ક્રમશઃ ગોવિંદ દવેને ચિંતાથી મુક્ત કર્યાં તે જોઈ લઈએ.

"**सो श्रीआचार्यजी महाप्रभु नवरत्न ग्रंथ लिखि पठाये, तु चिंता मति करे ।**" **चिंता काऽपि न कार्या** નો આ ઉપદેશ છે. પુષ્ટિજીવ નિવેદિતાત્મા છે. પુષ્ટિમાર્ગની રીતથી નિવેદન કર્યું છે અને જેને નિવેદન કર્યું છે તે સર્વસમર્થ પુષ્ટિ પુરુષોત્તમ છે. ગોવિંદ દવે સમજી ગયાં કે આ ત્રણમાંથી એક પહેલુ ઓછો થાય તો ચિંતા હાજર થઈ જાય છે.

ગોવિંદ દવેના માનસપટમાં આ સિદ્ધાંત સ્થિર કરી, દ્વિતીય શ્લોકમાં આચાર્યચરણ આજ્ઞા કરે છેકે, "**निवेदनं**

**तु स्मर्तव्यं सर्वथा तादृशैर्जनैः । सर्वेश्वरश्च सर्वात्मा निजेच्छातः करिष्यति"** ॥ આચાર્યશ્રી ગોવિંદ દવેને પત્રમાં આજ્ઞા કરે છેકે, "**श्रीठाकुरजीमें तें मन ओर ठौर जाय सोउ भगवदूइच्छा मानि, चिन्ता मति करियो ।**" પ્રભુને "સર્વેશ્વર" કહી શ્રીઆચાર્યચરણે ગોવિંદ દવેને ઉદ્‌બોધન કરાવ્યું કે ઠાકુરજી સર્વના માલિક છે અને "સર્વાત્મા" કહેવાથી ગોવિંદ દવે સમજી ગયાં કે પ્રભુ આત્મા પણ છે. તેથી એમને જે દુ:ખ થઈ રહ્યું છે તે સ્વામીને પણ મહેસૂસ થાય છે. પોતાના આ દુ:ખો પોતાના ભક્તિમાર્ગીય ઘડતરમાં કામ આવવાવાળા છે. એવી ભગવાનની ગણતરી, ગોવિંદ દવેને હવે ખ્યાલ આવી ગઈ. **निवेदनं तु स्मर्तव्यं** થી દવેને સ્પષ્ટ થઈ ગયું કે ભગવદીયન સંગથી, પ્રભુ સંબંધિત મનમાં મનોરથ કરતાં રહેવાથી, મન અન્ય સંકલ્પ વિકલ્પ કરતું અટકી જશે. ગોવિંદ દવે **निजेच्छातः करिष्यति** ના સિદ્ધાંત પર મનને કેળવવા લાગ્યાં. વાર્તામાં આવે છે ; "**जहाँ मन लौकिक वैदिकमें जाइ तो भगवद् इच्छा मानें ।**" મનને આમ કેળવવાથી એમની **अन्य विनियोग** ની ચિંતા પણ જવા લાગી.

"**रनछोडजीमें मन बहोत जाइ सो भगवदूइच्छा मानें ।**" અહીં એમને નવરત્નની આ પંક્તિ સ્થિર થઈ ગઈ "**यैः कृष्णसात्कृतप्राणैस्तेषां का परिदेवना ।**"

"**सेवाकृतिर्गुरोराज्ञा**" ના સિદ્ધાંત પર પોષણ આપતાં આચાર્યશ્રી ગોવિંદ દવેને લખે છેકે, "**जितनी बने तितनी सेवा करियो । तब गोविंद दूबेको मन स्थिर व्है गयो ।**"

એમનો જાયમાન ચિત્તોદ્વેગ છે તેની નિવૃત્તિ એમણે કેવી રીતે કરી એનો પ્રકાર વાર્તા દર્શાવે છે. "**रनछोडजीमें मन बहोत जाइ सो भगवदूइच्छा मानें । उहांकी लीलामें मग्न रहे ।**" અર્થાત્ રણછોડજીની લીલા ભાવનાથી એમના ચિત્તનો ઉદ્વેગ જાય છે. તેથીજ આઠમાં શ્લોકમાં આચાર્યચરણ આજ્ઞા કરે છેકે, **चित्तोद्वेगं विधायापि हरिर्यद्यत्करिष्यति । तथैव तस्य लीलेति मत्वा चिन्तां द्रुतं त्यजेत् ॥** નવરત્નના નવમાં શ્લોકમાં શ્રીમહાપ્રભુજી અષ્ટાક્ષરના જપની આજ્ઞા કરે છે. એનાથી ગોવિંદ દવેની અહંતાનું શોધન થાય છે, ભગવદ્આશ્રય સ્થિર થાય છે અને દિનતા ઉદ્ભવે છે. પહેલાં ચિંતાના નિરાકરણ માટે ગોવિંદ દવેએ જપરૂપી સાધનનો વિચાર આવી રીતે કરેલ ; "**कोई जप करु ?**" મહાપ્રભુજીએ એમને અષ્ટાક્ષરનો જપ બતાવ્યો. "**श्रीकृष्णः शरणं मम । वदद्भिरेवं सततं स्थेयमित्येव मे मतिः ॥**" પ્રત્યેક પુષ્ટિજીવને એના સ્વભાવાનુસાર સાધન બતાવવા એ શ્રીવલ્લભની વિશેષતા છે.

## ૨૫૨ વાર્તા - ૧૦૦:કુનબી પટેલ નિષ્કંચન (ચોખાવાલા) (લીલાનું નામ - "સત્યા") (સાત્વિક ભક્ત)

એક વખત ગોવિંદ દવેએ દ્વારિકામાં શ્રીઆચાર્યજીને વિનન્તી કરી કે, "**जो-महाराज ! कछू कथाको प्रसंग चलाइये, तो बहोत आछो । ---- तब श्रीआचार्यजी महाप्रभु पुस्तक खोलि कथाको आरंभ किये । इतनेमें श्रीरनछोडजी आइ गोविन्द दूबे सो वार्ता करन लागें । सो गोविन्द दूबे श्रीरनछोडजी**

**सो वार्ता करत मगन व्है गये ।"** અહીં શ્રીહરિરાયજી સમજાવે છે, એ વખતે શ્રીરનછોડજીને વિચાર આવે છેકે, **"यह जो-श्रीमुखकी कथा सुनेगो तो ब्रजलीलामें मगन हो जाइगो । पाछे मेरे हाथ आयवेको नाहीं ।"** શ્રીમહાપ્રભુજીની વાણીનો આવો અતુલ પ્રતાપ છે.

નવરત્નના આઠમાં શ્લોકાનુસાર લીલાનું અવગાહન કરવા ગોવિંદ દવે આચાર્યજીને કથા (લીલા) સંભળાવવાની વિનન્તી કરે છે પણ રણછોડજી ત્યાં પ્રકટ થઈ જવાથી દવે કથા સાંભળી શક્તા નથી. એજ પ્રસંગની continuity આ કણબી પટેલની વાર્તામાં છે. શ્રીગુસાંઈજી આ પટેલને કથાના મુખ્ય શ્રોતા બનાવે છે. **तथैव तस्य लीलेतिमत्वा** ના આધિદૈવિક અનુભવાર્થ. **"और एक समै श्रीगुसांईजी पोथी खोलि कथा कहत हते और वैष्णव बैठे हते । तब श्रीगुसांईजी श्रीमुखतें कहे, जो-सुनिवेवारो वैष्णव आवे तो वांचों ।"** આ કણબી પટેલ કથા સાંભળવાનું શા માટે પાત્ર છે ? એ ભેદને પ્રભુચરણ સ્વયં સમજાવે છે. **"यह निरहंकार है तातें हमारो वैष्णव है ।"** નવરત્નના નવમાં શ્લોક દ્વારા ગોવિંદ દવેના અહંકારનું શોધન થયું છે, એનો પ્રભાવ અહીં પ્રતિબિંબિત થાય છે.

આચાર્યચરણની વાણીમાં પ્રમાણ અને પ્રમેય અભેદ છે. "ગ્રંથ સર્વે રસરૂપ કીધાં." તેથી "નવરત્ન" ગ્રંથ કેવલ ચિંતા નિવારક જ નથી પરંતુ અનેક વ્રજલીલા ભાવભાવના અને રહસ્યોથી પ્રચુર છે, કારણકે પ્રત્યેક ગ્રંથના પ્રાકટય ભીતર આચાર્યજીનો લીલા સંબંધિત અનુસંધાન છે. એ રહસ્ય ગોવિંદ દવેના ૨૫૨ વૈષ્ણવમાં પ્રાકટયની વાર્તા વાંચવાથી

સમજાશે. બીજમાં જેમ વૃક્ષ છૂપાયેલું હોય છે તેમ દ્વારકાલીલામાં આસકત ગોવિંદદવેના અંતરમાં "નવરત્ન" રૂપી બીજ છે, જેમાં વ્રજનો કલ્પતરૂ પરોક્ષ રીતે વિદ્યમાન છે તેથીજ ગોવિંદ દવેના ૨૫૨ના ત્રણે પ્રાકટય વ્રજલીલા સંબંધીત છે. આ રહસ્ય ન સમજાય તો એમ જ લાગે કે ગોવિંદ દવે જેમ દ્વારકાલીલામાં આસકત છે, તેમ એમના ૨૫૨ ના ત્રણ પ્રાકટય પણ ત્યાં આસક્ત હોવા જોઈએ. **"उन तें प्रकटी है ताते उन के भावरूप है ।"** અર્થાત્ ગોવિંદ દવે અને એમનામાં બિરાજતાં નવરત્નના ભાવો સાથે લઈએ, તો **"उनके भावरूप है ।"** તેનો ભેદ સ્પષ્ટ થશે.

નવરત્નના નવમાં શ્લોકમાં અષ્ટાક્ષરની આજ્ઞા છે. એના લીધે ગોવિંદદવેના અહંકારનું શોધન થયું અને પછી એમનામાં દૈન્ય પ્રકટ થાય છે. એટલે જ આ કણબી વૈષ્ણવ શ્રીગુસાંઈજીને દૈન્યથી ચોખા સમર્પે છે. હરિરાયજી ભાવપ્રકાશમાં આજ્ઞા કરે છેકે, **"जो दीनता तें लाई भेंट प्रभु मांगिकै प्रेमसों अंगीकार करत हैं ।"**

## ૨૫૨ વાર્તા - ૧૦૧ : દેવાભાઈ કણબી
## (લીલાનું નામ - "રતિશૂરી") (રાજસ ભક્ત)

ષોડશગ્રંથ સંબંધિત કેટલીય વાર્તાઓમાં શ્રીવિઠ્ઠલેશ પ્રભુએ ષોડશગ્રંથના સિદ્ધાંતને સ્વયં સમજાવ્યાં છેકે, implement કરીને એના પાલનની પ્રેરણા કરે છે. **"निवेदनं तु स्मर्तव्यं सर्वथा तादृशैर्जनैः"** આ પંક્તિનો વિસ્તાર શ્રીગુસાંઈજી દેવાભાઈ પાસે કરે છે. **"पाछे श्रीगुसांईजी ब्रह्मसंबंधको तात्पर्य देवाभाई कों समजाइ कहे । तब देवाभाई तैसें ही**

सेवा करन लागे ।"

ગોવિંદ દવેને નવરત્નમાં શ્રીઆચાર્યજીએ કહ્યું કે અન્ય વિનિયોગ થાય તોય ચિંતા ન કરવી. "अतोऽन्यविनियोगेऽपि चिन्ता का स्वस्य सोऽपि चेत् ।" આ વાર્તામાં આ પ્રક્તિનું posotively દર્શન છે. અર્થાત્ દેવાભાઈ અન્ય વિનિયોગ થવા જ દેતા નથી. "देवाभाई जितनो द्रव्य कमावते वह सब श्रीगुसांईजीको पधराय भेंट करि देते । और गृहस्थाईमें खरच प्रमानसों करते । ---- और ब्रह्मसंबंध करें पाछें जो द्रव्य कमावते वह सब श्रीगुसांईजी को ही जानते । और ठौर बोहोत खरचे नाहीं । या द्रव्यसो बहोत डरपते । सो ऐसें श्रीठाकुरजीकी सेवा करते । सो श्रीठाकुरजी सानुभावता जनावते । ब्रजलीलाकौ अनुभव करावते ।" આના ભાવપ્રકાશમાં શ્રીહરિરાયજી આજ્ઞા કરે છેકે, "अपने द्रव्यादिक और ठौर खर्च करे नाहीं । काहेंते ? जो - ये प्रभुनकौ द्रव्य है । तातें अन्य विनियोग होन न दे ।"

## ૨૫૨વાર્તા - ૧૦૨ : એક વૈષ્ણવ બનિયાના બેટી જે રામાનંદીને પરણેલ

(લીલાનું નામ - "કૃષ્ણાનુચરી") (તામસ ભક્ત)

---

નવરત્નના અંતમાં શ્રીઆચાર્યચરણ "इति मे मति" કહે છે. આપની મતિ વિપ્રયોગ ભાવાત્મક રસાત્મક છે. તેથી આ વાર્તામાં નવરત્નની ભાવ રસાત્મકતાની લહાણી છે.

જ્યારે આ બેટી શ્રીપ્રભુચરણના શરણે આવે છે ત્યારે આપ આજ્ઞા કરે છેકે, "और याको मन श्रीकृष्णकी लीलामें

आसक्त भयो हुतो । रात्रि दिन श्रीकृष्णकी लीलाको चिंतन करयो करे ।" આ બેટીની નિવેદિત સર્વ વસ્તુઓ પ્રભુમાં સમર્પિત હતી. એમનો તો કાંઈપણ અન્યવિનિયોગ છેજ નહીં, બલ્કે પ્રભુમાં અતિવિનિયોગ છે. સર્વાત્માભાવ સિદ્ધ છે. એમની આ અવસ્થાનું બહુજ સુંદર વર્ણન ભાવપ્રકાશમાં છે. "जो-स्त्रीमें स्नेह प्रकार करि सर्वात्मभाव सिद्ध भयो है । तातें उनके भावतें वा स्वरूपमें पुष्टिको आविर्भाव होत है । रसात्मक प्रकारतें ठाकुर अनुभव जनावत हैं । सो ऐसो सर्वात्मभाव सिद्ध होइ तब पुष्टि मर्यादा बुद्धि रहत नाहीं । एक स्वरूप प्रगट होत है । सर्वत्र भावात्माकौ ही अनुभव होत हैं ।" અર્થાત્ આ બેટીએ સર્વાત્મભાવથી શ્રીગોકુલાધીશને ધારણ કરેલ છે. એમની વાર્તાના પ્રારંભમાંજ આવે છેકે, "उनते प्रकटी हय । तातें उनके भावरूप है ।" અર્થાત્ ગોવિંદદવેને સર્વત્મભાવ સિદ્ધ હોવો જોઈએ એમ અનુમાન થઈ શકે છે. આ બેટીના પતિને રામચંદ્રજી માટે સર્વાત્મભાવ છે તો આચાર્યજીના સેવક ગોવિંદદવેને રણછોડજી માટે ન થાય ?

આ વાર્તામાં "चिन्ता त्याज्या श्रीपुरुषोत्तमे" નો મધુરાર્થ છે. આ બેટીના પતિ રામચંદ્રજીના અનન્ય ભક્ત છે. શ્રીરામના ગુણગાનમાં અનુરક્ત છે. તેથી આ બેટીને એમના પતિ પાસે શ્રીકૃષ્ણનું આધિક્ય પ્રકટ કરવાની હંમેશા તીવ્ર ભાવના છે. એની ચિંતા એમણે પ્રભુ પર છોડી છે. "तब श्रीठाकुरजी परम दयाल भक्तकी आर्ति सही सके नाहीं । तातें आप मध्य में प्रकट होंई झगरो चुकायो ।

ભગવત્સેવામાં બાંધક થતી ચિંતાને નિવૃત્ત કરવાના ઉપાયો બતાવતાં શ્રીઆચાર્યચરણે "નવરત્ન" ગ્રંથને પ્રકટ કર્યો છે. પરંતુ વાક્પતિ શ્રીવલ્લભની વાણી એટલી ગહન અને અગાધ છે કે ગ્રંથની range ને આપે વિપ્રયોગરસ અને સર્વાત્મભાવમાં પર્યવસિત કરી છે. શ્રીમહાપ્રભુજીની વાણીના આ પ્રચુર ગાંભીર્યને, ૮૪ અને ૨૫૨ વૈષ્ણવની વાર્તાના લીલાત્મક ઉપદેશનો સહારો લીધા સિવાય, સમજી ન શકાય.

❖ ❖ ❖ ❖ ❖ ❖

# अन्तःकरणप्रबोधः ।

अन्तःकरण मद्वाक्यं सावधानतया श्रृणु ।
कृष्णात्परं नास्ति दैवं वस्तुतो दोषवर्जितम् ॥ १ ॥

चाण्डाली चेद्राजपत्नी जाता राज्ञा च मानिता ।
कदाचिदपमानेऽपि मूलतः का क्षतिर्भवेत् ॥ २ ॥

समर्पणादहं पूर्वमुत्तमः किं सदा स्थितः ।
का ममाधमता भाव्या पश्चात्तापो यतो भवेत् ॥ ३ ॥

सत्यसंल्पन्तो विष्णुर्नान्यथा तु करिष्यति ।
आज्ञैव कार्या सततं स्वामिद्रोहोऽन्यथा भवेत् ॥ ४ ॥

सेवकस्य तु धर्मोऽयं स्वामी स्वस्य करिष्यति ।
आज्ञा पूर्वं तु या जाता गंगासागरसंगमे ॥ ५ ॥

याऽपि पश्चान्मधुवने न कृतं तद्द्वयं मया ।
देहदेशपरित्यागस्तृतीयो लोकगोचरः ॥ ६ ॥

पश्चात्तापः कथं तत्र सेवकोऽहं न चान्यथा ।
लौकिकप्रभुवत्कृष्णो न द्रष्टव्यः कदाचन ॥ ७ ॥

सर्वं समर्पितं भक्त्या कृतार्थोऽसि सुखी भव ।
प्रौढाऽपि दुहिता यद्वत्स्नेहान्न प्रेष्यते वरे ॥ ८ ॥

तथा देहे न कर्तव्यं वरस्तुष्यति नान्यथा ।
लोकवच्चेत्स्थितिर्मे स्यात्किं स्यादिति विचारया॥ ९ ॥

अशक्ये हरिरेवास्ति मोहं मा गाः कथंचन ।
इति श्रीकृष्णदासस्य वल्लभस्य हितं वचः ॥ १० ॥

चित्तं प्रति यदाकर्ण्य भक्तो निश्चिन्ततां व्रजेत्॥१० १/२॥

इति श्रीमद्वल्लभाचार्यविरचितोऽन्तःकरणप्रबोधःसम्पूर्णः ।

# ગ્રંથ - અંત:કરણપ્રબોધ

| | |
|---|---|
| વાર્તા - | શ્રીવલ્લભ |
| (નિજવાર્તા, | શ્રીવિઠ્ઠલ |
| ઘરૂવાર્તા) | શ્રીગોકુલનાથજી |
| | શ્રીહરિરાયજી |

"સ્વામિનીભાવ સંયુક્ત ભગવદ્‌ભાવ ભાવિત અતિ અલૌકીક મૂર્તિ" એ શ્રીવલ્લભનું સ્વરૂપ છે. આચાર્યચરણને **वस्तुतः कृष्ण एव** કહી શ્રીગુસાંઈજી આપના પુરુષોત્તમત્વ, ભગવદ્‌ભાવાત્મક સ્વરૂપને પ્રસિદ્ધ કરે છે. આવી અનુભૂતિ કૃષ્ણદાસ મેઘન આદિ મહાનુભાવીઓનેય થઈ છે. શ્રીનાથજીની સેવા કરીને શ્રીઆચાર્યજી પોતાના દાસભાવાત્મક સ્વરૂપને અભિવ્યક્ત કરે છે. શ્રીનવનિતપ્રિયાજી સંગ પોઢીને આપ, આપના સ્વામિનીભાવાત્મક સ્વરૂપની પિછાણ કરાવે છે.

ષોડશગ્રંથમાં **अंतःकरणप्रबोध** એ શ્રીમહાપ્રભુજીનો સૌથી છેલ્લો ગ્રંથ છે. આ ગ્રંથ પ્રકટ થતાં પહેલાં શ્રીવલ્લભે, શ્રીસ્વામિનીજીના ગૂઢ પુંભાવના આવેશને પોતાના સ્વરૂપમાં પ્રકટ કર્યો છે. આ ભાવનું વર્ણન "**सौंदर्यनिजहृदगतं प्रकटितं**" માં છે. આવા ગૂઢ પુંભાવના આવેશમાં, ગંગાસાગર અને મધુવનમાં ઠાકુરજીએ બે બે આજ્ઞા કરી શ્રીઆચાર્યજીને નિજધામમાં પુન: આવવા કહ્યું, તોય શ્રીવલ્લભે એ આજ્ઞાને ન માની. શ્રીમહાપ્રભુજીની ઠાકુરજી સંગ આ પ્રૌઢિભાવ સભર લીલા છે. સ્થાયી નિર્ગુણભાવવાળા શ્રીવલ્લભની, ઠાકુરજી સંગ, પ્રણયકલહની આ એક સંચારી છે.

આ પ્રૌઢિભાવ અંગીકાર કરતાં પહેલા શ્રીવલ્લભે, ઠાકુરજીની સર્વે આજ્ઞાનું પરિપાલન મુગ્ધ ભાવથી કરેલ છે. **निजेच्छातः करिष्यति** ના ભાવથી સર્વ સ્વીકારેલ છે. આ ગ્રંથમાં પ્રૌઢા નાયિકાનો ભાવ વિદ્યમાન છે.

મુગ્ધભાવ અને પ્રૌઢિભાવમાં વિલક્ષણ તારતમ્ય છે. મુગ્ધભાવમાં પ્રેમીથી hypnotise થઈને સર્વ કૃતિઓ થાય છે. પ્રૌઢિભાવમાં પ્રેમીની ઈચ્છાનુસાર કરવું કે ન કરવું એનું discretion વપરાય છે, ચાતુરી વપરાય છે. થોડા દ્રષ્ટાંતથી આ બન્ને ભાવનાં ભેદ જોઈ લઈએ, જેથી શ્રીવલ્લભના પ્રૌઢિભાવનું હાર્દ સમજાય. "તેરી ભ્રોંહકી મરોર દેખ લલિત ત્રિભંગી ભયે" માં ઠાકુરજીના મુગ્ધભાવના દર્શન છે. પોતાની ઈચ્છાની બદલે, ઠાકુરજીની ઈચ્છાનુસાર આચાર્યજીએ ગિરિરાજ પર શ્રીજીના મંદિરનો આકાર રાખ્યો, એ મહાપ્રભુજીનો, શ્રીનાથજી પ્રત્યેનો મુગ્ધ ભાવ છે. લઘુરાસ પછી, ઠાકુરજીએ, રાધાસહચરીજીની ઈચ્છા પ્રમાણે એમને સ્કંધારોહણ ન કરાવ્યું, એ ઠાકુરજીનો પ્રૌઢિભાવ છે. એ ભાવના આવેશમાં ઠાકુરજી અંતર્ધ્યાન થયાં. આજ ભાવના આવેશમાં, શ્રીવલ્લભ, ઠાકુરજીની આજ્ઞા હોવા છતાંય, ભૂતલ પરથી અંતર્ધ્યાન ન થયાં. ગંગાસાગર અને મધુવનની ઠાકુરજીની લીલામાં પધારવાની આજ્ઞા ન માનીને આચાર્યજી પોતાનું discretion અભિવ્યક્ત કરે છે. આ આપનો પ્રૌઢિભાવ છે. જે ગૂઢ પુંભાવ છે. આવા પ્રૌઢિભાવને પ્રકટ થવાનું કારણ આચાર્યચરણ અંત:કરણપ્રબોધ ગ્રંથમાં જ દર્શાવે છે, "**जाता राज्ञा च मानिता ।**" રાજપત્ની બન્યા પછી માનીની બનવાથી પ્રૌઢિ ભાવની જાગૃતિ થઈ છે.

શ્રીવલ્લભ સ્વયં જ્યારે પ્રૌઢિભાવ અંગીકાર કરે, ત્યારે સ્વયં આપના સિવાય એનું તિરોધાન અન્ય કોઈ ન જ કરી શકે. તેથી, શ્રીવલ્લભ સ્વયં, અંતઃકરણપ્રબોધ ગ્રંથમાં, પોતાના આવા ગૂઢ પુંભાવનું નિવારણ કરવા પોતાના જ અંતઃકરણને ક્રમશઃ ઉદ્‌બોધન આપે છે. જેથી આપ પુનઃ મુગ્ધભાવને સ્વાભાવિક્તાથી અંગીકાર કરી શકે. આચાર્યચરણની પ્રૌઢિલીલા એ અંતઃકરણપ્રબોધ ગ્રંથનો પૂર્વાર્ધ છે. આ સમજ્યા વિના ગ્રંથ ન સમજાય. નિજવાર્તા ઘરૂવાર્તાથી આનો ભેદ ખૂલશે.

સૌથી પહેલાં તો આપે પ્રૌઢિલીલા કેમ ગ્રહણ કરી એ આ વાર્તા પ્રસંગોથી અવલોકી લઈએ. **"श्रीआचार्यजी महाप्रभुजी प्रकट भये । दैविजीवके उद्धारार्थ । सो दैविजीवको भगवानतें बिछूरे बहोत दिन काल भये । सो गद्यमंत्रमें आचार्य महाप्रभु आप कहे है "सहस्रपरिवत्सर" । सो श्रीठाकुरजीकु लीलामें दया उपजी । तब आचार्य महाप्रभुजीको आज्ञा दीनी । जो तुम भूतलमें पधारो और दैविजीवको उद्धार करो ।" "दयया निज माहात्म्यं करिष्यन् प्रकटं हरिः । वाण्या यदा तदा स्वास्यं प्रादूर्भूतं चकारहि ।"**

આચાર્યજીની ભીતર દૈવીજીવોના ઉદ્ધાર કરવાનો નિતાન્ત આવેશ અને તાપ વિદ્યમાન છે, પરંતુ નિજધામમાં ઠાકુરજી શ્રીવલ્લભ વગર બહુજ બેચેન છે. તેથી ગંગાસાગર અને મધુવનમાં પ્રભુ મહાપ્રભુજીને આજ્ઞા કરે છેકે, આપ વેગથી નિજધામ પધારો. ત્યારે, શ્રીઆચાર્યજી વિચારે છેકે, **"जो श्रीठाकुरजीतो बहुत उतावल करत है । और यहां तो अभी कारज रह्यो है तातें यह आज्ञा श्रीठाकुरजीकी बनि न आयेंगी ।"**

આનું નામ પ્રૌઢિભાવ, કારણકે ઠાકુરજીની આજ્ઞા સામે આચાર્યજી પોતાનું discretion વાપરે છે કે એ આજ્ઞા ન માનવી.

દૈવિજીવોના ઉદ્ધારનાં આવેશમાં શ્રીવલ્લભે ઠાકુરજીની આજ્ઞા ન માની એજ આપનો પ્રૌઢિભાવ છે. તેથી આચાર્યજીનું નામ છે. "**भक्त कृपार्थकृतकृष्णाज्ञाद्वयोल्लंघनाय नमः ।**" ગંગાસાગર પર પ્રભુએ આજ્ઞા કરી ત્યારે આપે તૃતીય સ્કંધની સુબોધિની સમાપ્ત કરેલ. આજ્ઞા સાંભળીને આચાર્યચરણે છ સ્કંધની સુબોધિનીજી છોડીને "**दशमस्कंध की सुबोधिनीको आरंभ किए । यह जानीके जो दशम स्कंध बडो पदार्थ है । निरोधलीला है । लीला समुद्र है ।**" આચાર્યજીના અવતારનું આ એક પ્રયોજન છે. ઠાકુરજીની આવી મૂલ આજ્ઞાના કારણે શ્રીમહાપ્રભુજીનું અંતઃકરણ નામસેવાના આવેશવાળું ય બની ગયું છે. "**रूप नाम विभेदेन जगत क्रिडति यो यतः ।**" સુબોધિનીજી દ્વારા, પોતાની પ્રભુ પ્રત્યેની ભક્તિને ય અભિવ્યક્ત કરવા આપનું અંતઃકરણ ઓતપ્રોત થઈ ગયું છે. "**श्रीभागवतभावार्थ आविर्भावार्थ अवतारीतः स्वामि संतोष हेतु ।**" આવા આવેશમાં આચાર્યજીએ બે બે ભગવદ્આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું છે.

શ્રીમહાપ્રભુજી ભક્તવત્સલ, ભક્ત પક્ષપાતી છે. આપના માટે ગવાયું ; "**भक्त हेत प्रकटे पुरुषोत्तम मन वांछित फल निज जन दै ।**" ભક્તવૃન્દનું એક મનવાંછિત ફલ છે કે ઠાકુરજી એમને વિરહ ન કરાવે. એને અનુલક્ષીને ય શ્રીવલ્લભે પ્રૌઢિભાવ લીલા અંગીકાર કરી છે. નિજધામમાં ન પધારી આપે

ઠાકુરજીને વિરહાનુભૂતિ કરાવી છે. જેથી આવા અનુભવથી પ્રભુનેય વિરહમાં તડપતાં ભક્તોની સ્મૃતિ સદા રહે. ભક્ત વિરહ નિવારક શ્રીવલ્લભ, ભક્તનું વિરહ પ્રભુ સમજે, એના માટે ઠાકુરજીને, પ્રૌઢિલીલા દ્વારા વિરહ કરાવે છે. તેથીજ મહાન ભગવદીય શ્રીહરિશ્ચંદ્રજીની કિર્તન પંક્તિથી આ ભાવ સ્પષ્ટ થશે. "માન સમે કરિવે દયા, દેહુ વિલંબ લગાય, તો હરિકો માલુમ પડે આરત જનકી હાય." શ્રીવલ્લભને ગોપાલદાસજી "વિરહ નિવારણા" કહે છે. પ્રભુ ને વિરહ કરાવી, ભક્ત વિરહ નિવારક શ્રીવલ્લભ છે.

એકાદશ સ્કંધના ચાર અધ્યાયની સુબોધિની સંપૂર્ણ થવા આવી ત્યારે શ્રીવલ્લભને ઠાકુરજી લોકગોચર દેહ-દેશ પરિત્યાગની ત્રીજી આજ્ઞા કરે છે. "**सो श्रीठाकुरजी श्रीआचार्यजी श्रीमहाप्रभुनसो कहे जो तुम सर्व जगतते आगोचर रहो । जैसे सब कोई तिहारो दरसन न करे । और जे भगवदी है तुम्हारे है तिनको तो तुम्हारे दर्शन नित्य है । वे एक छिनहु दर्शन विना रही न शके । वो एसे कृपापात्र है । ---- सो जब श्रीठाकुरजी तीसरी आज्ञा दीनी तब श्रीआचार्यजी महाप्रभु आप विचार किये जो कोन रीतिसों पधारनों । तब श्रीआचार्यजी महाप्रभु यह विचारे जो संन्यास ग्रहण करें ।**"---- સંન્યાસ લેતી વેળા શ્રીવલ્લભને પોતાનો પ્રૌઢિભાવ છોડવો છે. એની તૈયારી માટે આપ સ્વઅંતઃકરણને પ્રબોધન કરે છે. અંતઃકરણને ઉદ્‌બોધન કરવાથી ઈન્દ્રિયાદિ સર્વેને એ સ્વયં થઈ જાય છે.

પરંતુ શ્રીવલ્લભપ્રભુનો પુષ્ટિજીવના હિત કરવાનો જે

આવેશ છે, તે તો આજસુધી ય અસ્ખલિત છે, તો સંન્યાસ ગ્રહણ કરતી વખતે એ કેમ ઉતરી શકે ? એટલે સંન્યાસ ગ્રહણ કરતાં પહેલાં, શ્રીવલ્લભે પ્રૌઢિલીલા સંકેલી લીધી છે, પણ દૈવીજીવોના ઉદ્ધારાર્થે ભૂતલ પર અનુપમ તૈયારી પણ કરી દીધી છે. જેથી આચાર્યચરણ ગ્રંથના અંતમાં ભક્તને ઉપદેશ દઈ રહ્યાં છે. "भक्तो निश्चिंततां व्रजेत् ।"

"और श्रीआचार्यजीने श्रीठाकुरजीकी पास तीन बार यह मांग्यो, जो-मेरे आगे दामोदरदास की देह न छूटे । ताको हेतु यह है, जो- श्रीआचार्यजी महाप्रभु आप संन्यास ग्रहण करिवेको विचार मनमें करे । ता समें श्रीगोपीनाथजी तथा श्रीगुसांइजी दोउ भाई बालक हते । तातें मारगकी वार्ता श्रीआचार्यजी महाप्रभु दामोदारदासकों समजाईके थापी । दामोदरदाससों कछू गोप्य न राख्यो । और श्रीआचार्यजी श्रीभागवत अहर्निश देखते, कथा कहेते और दामोदरदास सुनते । और मारगको सब सिद्धांत, भगवल्लीला रहस्य श्रीआचार्यजीने दामोदारदासके हृदय विषे मारग स्थाप्यो । कितेक दिन पाछे श्रीआचार्यजी आप संन्यास ग्रहण कियो । तब कितेक दिन पाछें श्रीगुसांइजीने श्रीअक्काजीसों पूछी जो-श्रीआचार्यजीने मारग प्रकट कियो है सो उत्सवको कहा प्रकार है ? हमतो कछू जानत नाहीं । तब अक्काजीने कह्यो, जो-मार्ग तथा उत्सवको प्रकार सब दामोदारदाससों कह्यो है, सो उनसों तुम पूछो । तुमसों दामोदरदास सब कहेंगे ।" આ ભાવને હરિરાયજી ભાવપ્રકાશમાં પ્રકાશિત આવી રીતે કરે છે, "और मार्ग दामोदरदासके हृदयमें स्थापन किये सो

श्रीगुसांइजीके लिये । ताको तात्पर्य यह है जो यद्यपि श्रीगुसांइजी ईश्वर हैं, बालक हैं तो कहा भयो ? परंतु श्रीआचार्यजी महाप्रभु अपनो भक्तिमार्ग दामोदरदासके हृदयमें स्थापन करते, आप श्रीमुखतें कहेते, "यह मार्ग दमला तेरे लीये प्रकट कियो है ।" तातें वैष्णवके हृदयमें स्थापन करें तो आगे वैष्णवनमें फले । वैष्णवतो नादसृष्टि है । तातें इनको भक्ति दियेते होई ।" પોતાની દૈવિસૃષ્ટિને આવી રીતે નિશ્ચિંત કરી આપ અંત:કરણપ્રબોધમાં આશીર્વાદ આપે છેકે, "सर्व समर्पितं भक्त्या कृतार्थोऽसि सुखी भव ।" અર્થાત્ પ્રભુને સમર્પિત રહેવાથી, દામોદારદાસજીના હ્રદયમાં જે ભક્તિ બિરાજે છે, એમાંથી પુષ્ટિજીવને કણિકા મળી શકે.

પ્રૌઢિલીલા તિરોહિત કરતાં પહેલાં, શ્રીવલ્લભપ્રભુએ પોતાની દૈવિસૃષ્ટિ માટે આવી અનિર્વચનીય પ્રીતિથી, એમના ઉદ્ધારની સામગ્રી ભૂતલ પર સ્થિર કરી દીધી છે. એ જ પરંપરા શ્રીમદ્પ્રભુચરણ, શ્રીગોકુલનાથજી, શ્રીહરિરાયાદિમાં ચાલુ રહી. તેથીજ, જ્યારે શ્રીવિઠ્ઠલેશપ્રભુ ભગવાનદાસ ભિતરીયાને સેવામાંથી બહાર રહેવાની આજ્ઞા કરે છે, ત્યારે અચ્યુતદાસજીને, શ્રીઆચાર્યજીની પુષ્ટિજીવ પ્રત્યેની પ્રીતિ યાદ આવી જાય છે અને શ્રીગુસાંઈજીને વિનન્તી કરેછેકે, "महाराज ! श्रीआचार्यजीने जीवनको तुमको सोंपे है । सो आपको बहुत जीव अंगीकार करने है । जीवतो दोषसों भरे है । सो आप अभीतें जीवको दोष देखन लागे सो जीवको उद्धार अब कैसे होयगो ?" આથી નિત્ય એક જીવને, પ્રભુને અંગીકાર કરવાનો શ્રીવિઠ્ઠલેશપ્રભુનો

નિયમ બની ગયો હતો.

ચોરાસી અને બસોબાવનની વાર્તામાં શ્રીમહાપ્રભુજીનો લીલાત્મક ઉપદેશ હોવાથી, ગોકુલનાથજીએ એને પ્રકટ કરી. જેથી વાર્તાના અવગાહનથી પુષ્ટિજીવ, શ્રીવલ્લભના સિદ્ધાંત અને લીલાભાવનાથી કૃતાર્થ થઈ જાય. શ્રીહરિરાયચરણે એટલે જ એ વાર્તાઓ પર ભાવપ્રકાશ અને શિક્ષાપત્રાદિ ગ્રંથ પ્રકટ કરેલ છે.

હવે સહેજ જોઈ લઈએ કે આચાર્યચરણે **अंतःकरणप्रबोध** ગ્રંથ દ્વારા પોતાની પ્રૌઢિલીલાને કેવીરીતે સંકેલી લીધી અને પ્રભુની લોકગોચર દેહ-દેશ પરિત્યાગની આજ્ઞાનું પાલન કરવા માટે અંતઃકરણને કેવી રીતે તૈયાર કર્યું. "**अंतःकरण मद्वाक्यं सावधानतया श्रुणु ।**" સુબોધિનીજી પ્રકટ કરવાની જે ભગવદ્ આજ્ઞા હતી એ કાર્ય તો હવે પુરૂં થયું છે, એટલે પ્રૌઢિભાવ અવધારણ કરવાનું કાંઈ પ્રયોજન નથી. આચાર્યચરણે ભાગવતજીના ૧૮૦૦૦ શ્લોકની ટીકા લખેલ, તે ખોવાઈ ગઈ. આ ટીકા દ્વારા આપે પોતાની ભક્તિની અભિવ્યક્તિ કરી છે. એ ન મળે તો કેટલું મહાઃદુખ થાય. તેથી **कृष्णात्परं नास्ति दैवं** કહીને આપ અંતઃકરણને આશ્વાસન આપે છે. સુબોધિનીજીની જેટલી વ્યાખ્યા પ્રકટ થઈ, તે પુષ્ટિજીવને પુષ્ટિમાર્ગમાં પ્રવૃત્ત કરવા પર્યાપ્ત છે.

મહાપ્રભુજી સમજાવે છે કે સમર્પણ પૂર્વે સર્વે પુષ્ટિજીવોની સ્થિતિ અસ્પૃશ્ય કુલમાં જન્મેલ કન્યા જેવી છે. પરંતુ એ કન્યા કોઈ રાજાને ગમી જાય, રાજા એને પોતાની રાણી બનાવી દે અને એમાંય એ માનિતી રાણી બને તો શું વાત

કહેવી ? એ માનિની પોતાના અભિમાનના કારણે ક્યારેક રાજાથી અપમાનિત થાય, તો એને પોતાની મૂલ અવસ્થાનો વિચાર કરી લેવો જોઈએ. જેથી આવું અપમાન એને પશ્ચાતાપનો વિષય નહીં લાગે. **कदाचिदपमानेऽपि मूलतः का क्षतिर्भवेत् ।** અપમાનિત રાણી પણ જગતમાં તો સન્માનનીય જ હોય છે.

શ્રીઆચાર્યજી, પુષ્ટિજીવોને અંગીકાર કરાવવાના પ્રૌઢિ ભાવમાં ભાવવશ બની બે વખત ભગવદ્ આજ્ઞાનું ઉલ્લંઘન કરે છે, પછી પોતાના અંતઃકરણને આપ ઉદ્‌બોધન કરે છેકે, જેણે સર્વસમર્પણ કરી દીધું છે, એને માન અપમાનનો વિચાર શા માટે કરવો જોઈએ ? સમર્પણ દાસભાવ પ્રધાન હોવાથી, દાસને માન અપમાન સાથે શું સંબંધ ?

શ્રીમહાપ્રભુજી અંતઃકરણને એ પણ પ્રબોધન કરે છેકે, ભગવદ્‌આજ્ઞાનું અનુસરણ ન કરવાથી આજ્ઞાનો દ્રોહ થાય છે. વિલંબ કે અવિલંબથી સ્વામી જે ફલ આપવા ચાહે એ શિરોમાન્ય જ હોવું જોઈએ.

પોતાનો ગૂઢ પુંભાવ તિરોહિત કરવા શ્રીવલ્લભ પોતાને કહે છેકે, "**सेवकोऽहं न चान्यथा ।**" હું સેવક છું "**न चान्यथा**" એટલે હવે માનીની નથી. પુંભાવ હવે તિરોહિત થયો, એનું આ વાક્ય પ્રમાણ છે. પ્રભુની લોકગોચર દેહદેશ પરિત્યાગની આજ્ઞા સહર્ષ સ્વીકારવા આચાર્યજી અંતઃકરણને છ હેતુ બતાવે છે. ઠાકુરજીએ આજ્ઞા કરી એટલે સુબોધિનીજી પ્રકટ થઈ અને પ્રભુની આજ્ઞાથીજ એ કાર્ય બંધ પણ થયું. ઠાકુરજી આવી વિરોધાભાસયુક્ત

આજ્ઞા કરે છે એમ ન વિચારવું, કારણકે પ્રભુ લૌકિકવત્ નથી. "**लौकिकप्रभुवत्कृष्णो न द्रष्टव्यः कदाचन ।**" લેખન અલેખન સર્વ પ્રભુને જ સમર્પિત છે. મારો મનોરથ પ્રભુએ સિદ્ધ થવા ન દીધો એમ ન વિચારવું, કારણ પ્રભુ સદા પોતાના જનનું હિત જ કરે છે.

આચાર્યચરણ પોતાના અંતઃકરણને બીજો વિકલ્પ આપે છે. "**प्रौढाऽपि दुहिता यद्वत्स्नेहान्न प्रेष्यते वरे ।**" વિવાહિતા પુત્રીને એનો પિતા સાસરે ન જવા દે તો કન્યાદાનનું પ્રયોજન જ ન રહે. અર્થાત્ આચાર્યચરણ પોતાના દેહને વિવાહિતા પુત્રી કહે છે. લોકગોચર દેહ-દેશ પરિત્યાગની આજ્ઞા પછી, એને સાસરે એટલે નિજધામમાં ભગવત્સેવા માટે મોકલવી છે. આપ કહે છે "મારો દેહ પ્રભુને અસમર્પિત નથી. તેથી ચિંતાનું કોઈ કારણ નથી રહેતું." પ્રભુની હવે આજ્ઞા છે તો દેહ પણ આનંદથી છોડી દેવો જોઈએ. બહુજ ગૂઢાર્થ પૂર્ણ આ કથન છે **दैवोद्धारप्रयत्नात्मा** રૂપે આચાર્યશ્રી ભગવદીયોની પણ ભૂતલ પર સેવા કરતાં અને "આપ સેવા કરી શીખવે શ્રીહરિ" દ્વારા પ્રભુની પણ. આ દેહને હવે ભગવદીયની સેવામાં નહીં, કેવલ ભગવત્સેવામાં રાખવાનો હોવાથી, આપે આસુરવ્યામોહના માધ્યમથી, આપના અલૌકિક શ્રીવિગ્રહને નિજધામમાં ભગવત્સેવા માટે મોકલી દીધો. તૃતીય આજ્ઞા "લોકગોચર" ની છે. "પ્રૌઢાપિ દુહિતા" માં દેહ જ દુહિતા છે, જેને વર પાસે મોકલવાનું છે. દેહદેશલોકગોચર પરિત્યાગનો આવો રહસ્યાર્થ છે. પોતાના સેવકોને તનુનવત્વનું દાન કરનાર શ્રીવલ્લભનો શ્રીવિગ્રહ તો અલૌકિક જ છે. આપના દેહ અને આત્મામાં ભેદ નથી,

પણ **आत्मानम् द्वेधापातयत्** વત્ આપ આપના અલૌકિક દેહને ભગવત્સેવા માટે નિજધામમાં મોકલે છે અને આત્મારૂપે આપ ભૂતલ પર રહે છે. તેથી આસુરવ્યામોહ લીલા પછી આપ સ્વદેહથી, "આપ સેવા કરી શીખવે શ્રીહરિ" કે "**जनशिक्षाकृते कृष्णभक्तिकृद्**" રૂપે પુષ્ટિજીવોને પોતે સેવા કરીને નહીં શીખવાડે. આત્મારૂપે ભૂતલ પર બિરાજી, કેવલ આપના ઉપદેશાત્મક ગ્રંથોથી, પુષ્ટિજીવોને સેવા અને ભક્તિનો ઉપદેશ મળશે. અર્થાત્ શ્રીવલ્લભ લોકગોચર દેહ-દેશ પરિત્યાગની આજ્ઞા પછી આપના શ્રીવિગ્રહથી કેવલ ભગવત્સેવા જ કરશે. ભૂતલના ભગવદીયની નહિં. આચાર્યચરણને આ વાતનું નિતાન્ત દુ:ખ હતું, જે આપની પ્રૌઢિલીલાનું એક કારણ હતું. આ પ્રસંગની શ્રીમહાપ્રભુજીની આવી કરુણરસ ભરી ગૂઢ વાર્તા છે. આચાર્યચરણ આત્મારૂપે ભૂતલ પર બિરાજતાં હોવાથી, પોતાના સામર્થ્યથી આજેય દૈવીજીવોનો ઉદ્ધાર આપ કરે છે. શ્રીમહાપ્રભુજીનો આત્મા અને દેહ એકજ હોવા છતાંય, **आत्मानम् द्वेधापातयत्** જેવી દેહદેહીની પરિસ્થિતિ ઉપસ્થિત થવાનું કારણ શ્રીવલ્લભની Double citizenship છે. આ Double citizenship નું કારણ છે, આપનો એક તરફ દૈવોદ્ધારપ્રયત્નાત્માનો ભૂતલના દૈવિજીવો માટેનો ભાવ અને બીજી તરફ ઠાકુરજી આપના દેહને નિજધામમાં બોલાવી રહ્યાં છે તે. એ વખતે આચાર્યચરણ હરિના સ્વરૂપનો વિચાર કરે છે. જો પ્રભુ પરમાનંદાત્મક નિત્યલીલામાં આવવાનું કહી રહ્યાં છે, તો દુ:ખ શા માટે કરવું જોઈએ.

આમ શ્રીઆચાર્યજી લીલાભાવના અને આત્મનિવેદનનું ભાવન કરે છે. "**अशक्ये हरिरेवास्ति**" કહીને આપ શરણાગતિના

ભાવનથીય અંતઃકરણને સમજાવે છે. **अशक्ये हरिरेवास्ति ।** વૈષ્ણવોને અને એમની સેવાને ભૂતલ પર છોડીને નિજધામ જવું આપને અશક્ય લાગે છે, ત્યારે આપ હરિશરણ લે છે. આપના અંતઃકરણને હરિશરણ કરે છે. અર્થાત્ અંતઃકરણને હરિના શરણે રાખી આપ નિજધામમાં પધારે છે.

આચાર્યચરણ, પોતાના અંતઃકરણના ઉપદેશના નિમિત્તથી, પોતાના અંતઃકરણરૂપ વૈષ્ણવોને ય પ્રબોધિત કરી રહ્યાં છે. જેથી પુષ્ટિજીવને ભગવત્સેવાથી અતિરિક્ત કોઈ આકર્ષણ કે પ્રલોભન ન રહે.

આ ગ્રંથના અંતે શ્રીઆચાર્યજીનું ગૂઢ પુંભાવ તિરોહિત થઈ ગયું છે. એ દર્શાવવા આપ કહે છેકે, "**इति श्रीकृष्णदासस्य ।**" અર્થાત્ શ્રીસ્વામિનીજીનો ગૂઢ પુંભાવ હવે ઓસરી ગયો છે અને દાસત્વભર્યો સમર્પણભાવ સંપૂર્ણપણે આવેશિત થઈ ગયો છે.

શ્રીમહાપ્રભુજીનો નિર્ગુણ ભાવ હોવાથી, આપે પ્રૌઢિ લીલા અંગીકાર કરી ત્યાં સુધી સદા **निजेच्छातः करिष्यति** ના આવેશમાં આપ રહ્યા છે. પ્રણયકલહ વેળા આપે **निजानाम् इच्छातः करिष्यति** નો આગ્રહ અભિવ્યક્ત કર્યો છે. **इति श्रीकृष्णदासस्य** કહી આપ પુનઃ **निजेच्छातः करिष्यति** ના મૂલભાવમાં પધારી રહ્યાં છે.

આચાર્યચરણની આવી અનંતલીલાઓને લક્ષ્યમાં રાખીને તો નિજવાર્તા ઘરૂવાર્તાના અંતમાં આવે છેકે, "**तातें श्रीआचार्यजी महाप्रभुजीकी वार्ता अनेक है सो कहां ताइ लिखिये ।**"

❖ ❖ ❖ ❖ ❖ ❖

# विवेकधैर्याश्रयः ।

विवकधैर्ये सततं रक्षणीये तथाश्रयः ।
विवेकस्तु हरिः सर्वं निजेच्छातः करिष्यति ॥ १ ॥

प्रार्थिते वा ततः किं स्यात् स्वाम्यभिप्रायसंशयात् ।
सर्वत्र तस्य सर्वं हि सर्वसामर्थ्यमेव च ॥ २ ॥

अभिमानश्च संत्याज्यः स्वाम्यधीनत्वभावनात् ।
विशेषतश्चेदाज्ञा स्यादन्तःकरणगोचरः ॥ ३ ॥

तदा विशेषगत्यादि भाव्यं भिन्नं तु दैहिकात् ।
आपद्गत्यादिकार्येषु हठस्त्याज्यश्च सर्वथा ॥ ४ ॥

अनाग्रहश्च सर्वत्र धर्माधर्माग्रदर्शनम् ।
विवेकोऽयं समाख्यातो धैर्यं तु विनिरूप्यते ॥ ५ ॥

त्रिदुःखसहनं धैर्यमामृतेः सर्वतः सदा ।
तक्रवद्देहवद्भाव्यं जडवद्गोपभार्यवत् ॥ ६ ॥

प्रतीकारो यदृच्छातः सिद्धश्चेन्नाग्रही भवेत् ।
भार्यादीनां तथान्येषामसतश्चाक्रमं सहेत् ॥ ७ ॥

स्वयमिन्द्रियकार्याणि कायवाङ्मनसा त्यजेत् ।
अशूरेणापि कर्तव्यं स्वस्यासामर्थ्यभावनात् ॥ ८ ॥

अशक्ये हरिरेवास्ति सर्वमाश्रयतो भवेत् ।
एतत्सहनमत्रोक्तमाश्रयोऽतो निरूप्यते ॥ ९ ॥

ऐहिके पारलोके च सर्वथा शरणं हरिः ।
दुःखहानौ तथा पापे भये कामाद्यपूरणे ॥ १० ॥

भक्तद्रोहे भक्त्यभावे भक्तैश्चातिक्रमे कृते ।
अशक्ये वा सुशक्ये वा सर्वथा शरणं हरिः ॥ ११ ॥

अहंकारकृते चैव पोष्यपोषणरक्षणे ।
पोष्यातिक्रमणे चैव तथान्तेवास्यतिक्रमे ॥ १२ ॥

अलौकिकमनःसिद्धौ सर्वार्थे शरणं हरिः ।
एवं चित्ते सदा भाव्यं वाचा च परिकीर्तयेत् ॥ १३ ॥

अन्यस्य भजनं तत्र स्वतो गमनमेव च ।
प्रार्थनाकार्यमात्रेऽपि ततोऽन्यत्र विवर्जयेत् ॥ १४ ॥

अविश्वासो न कर्तव्यः सर्वथा बाधकस्तु सः ।
ब्रह्मास्त्रचातकौ भाव्यौ प्राप्तं सेवेत निर्ममः ॥ १५ ॥

यथा कथंचित्कार्याणि कुर्यादुच्चावचान्यपि ।
किं वा प्रोक्तेन बहुना शरणं भावयेद्धरिम् ॥ १६ ॥

एवमाश्रयणं प्रोक्तं सर्वेषां सर्वदा हितम् ।
कलौ भक्त्यादिमार्गा हि दुःसाध्या इति मे मतिः ॥ १७ ॥

इति श्रीवल्लभाचार्यविरचितो विवेकधैर्याश्रयः समाप्तः ॥

# ગ્રંથ - વિવેકધૈર્યાશ્રય

૮૪ વૈષ્ણવ વાર્તા ૪ - પદ્મનાભદાસજી
(લીલાનું નામ- "ચંપકલતા")

૨૫૨ વૈષ્ણવ વાર્તા ૧૧ - ગોપાલદાસ (વલ્લભાખ્યાનવાળા)
(લીલાનું નામ- "સારંગી") (સાત્વીક ભક્ત)

૨૫૨વૈષ્ણવ વાર્તા ૧૦ - ભાઈલા કોઠારી
(લીલાનું નામ - "કોમોદિની") (રાજસ ભક્ત)

૨૫૨વૈષ્ણવ વાર્તા ૧૨ - માણિકચંદ ક્ષત્રિ
(લીલાનું નામ - "રાગિની")(તામસ ભક્ત)

શ્રીઆચાર્યચરણે, "**विवेकधैर्याश्रय**" ગ્રંથ ક્યારે અને કોના માટે પ્રકટ કર્યો એનું સૂચન મળતું નથી. પરંતુ આ ગ્રંથની પ્રત્યેક પંક્તિના દર્શન "કોટીનમેં વિરલા" પદ્મનાભદાસજીની વાર્તામાં થાય છે. અહીં, પદ્મનાભદાસજીની વાર્તાને "વિવૈકધૈર્યાશ્રય" ગ્રંથના ઉદાહરણ તરીકે લઈને, પદ્મનાભદાસજીના બસો બાવન વૈષ્ણવના સાત્વિક, રાજસ અને તામસ ભાવમાં ય આ ગ્રંથના રહસ્યો અવલોકવાનો પ્રયાસ છે.

"વિવેક" નું સ્વરૂપ લક્ષણ છે, "**हरिः सर्वं निजेच्छातः करिष्यति ।**" જીવ પોતાની ઈચ્છા પ્રમાણે કંઈપણ કરવા માટે સમર્થ નથી. બધુંજ પ્રભુની ઈચ્છાથી બને છે, એમ સ્વીકારવાથી પુષ્ટિજીવ ભગવલ્લીલાનો અંગ બની જાય છે. પોતાના દુઃખ અને પાપોને હરનાર હરિ, જીવનું હિત જ કરે છે, એવો સદા વિશ્વાસ રાખવો.

"ધૈર્ય" ના સ્વરૂપલક્ષણને શ્રીમહાપ્રભુજી આવી રીતે સમજાવે છે. "**त्रिदुःखसहनम् धैर्यमामृते सर्वतः सदा ।**" દેહાધ્યાસથી મનમાં ઉત્પન્ન થતાં દુ:ખ, આધિભૌતિક દુ:ખ તરીકે ઓળખાય છે. ઈન્દ્રિયાદિથી ઉદ્‌ભવિત થતાં દુ:ખ આધ્યાત્મિક છે. પ્રભુની સેવાદિ સંબંધીત થતાં દુ:ખો આધિદૈવિક છે. આ દુ:ખોનું કારણ છે પ્રારબ્ધ, ભગવત્કૃત પરીક્ષા કે પ્રતિબંધ. પુષ્ટિજીવ ધૈર્ય ન રાખે તો એની ભગવન્નિષ્ઠા ન્યૂન થવાની સંભાવના રહે છે. તેથીજ શ્રીમહાપ્રભુજી **त्रिदुःखसहनम् धैर्यमामृते** ની આજ્ઞા કરે છે.

ભજનીય સ્વરૂપની બાહ્ય સેવા કરતી વખતે સંસારના દુ:ખો બાધક ન થાય એના માટે **निजेच्छातः करिष्यति** નો વિવેક ધારણ કરવાનો છે. પ્રભુના આંતરિક ભજનની સિદ્ધિ માટે આમરણાંત ધૈર્ય રાખવાનું છે. ચાચા ગોપેશજી આજ્ઞા કરે છેકે, "**एवं विवेकेन सेवायां प्रवृत्तस्य बहिर्भजनसिद्धि प्रकारमुक्त्वा धैर्यं विना सेवा न सिद्धयेदिति मुख्यं आन्तरमिति तत्सिध्यर्थ धैर्यं निरूपयन्ति धैर्यमिति ।**"

"આશ્રય"નું સ્વરૂપ લક્ષણ સમજાવતાં શ્રીઆચાર્યજી આજ્ઞા કરે છેકે "**ऐहिके पारलोके च सर्वथा शरणं हरिः ।**"

પદ્મનાભદાસજીની વાર્તાના પ્રારંભમાંજ એમણે કરેલા બે દૃઢ સંકલ્પોથી આપણને એમનામાં સ્થિત રહેલાં વિવેક, ધૈર્ય અને આશ્રયના સ્વરૂપલક્ષણના દર્શન થશે. વાર્તા કહે છે, "**सो पद्मनाभदासजीने अंजुली भरिके संकल्प कियो, जो कथा कहिके वृत्ति न करूंगो । ऐसे आचार्यजीके आगे संकल्प कियो । तब श्रीआचायजी कहे, जो-श्रीभागवत वृत्यर्थ**

न कहनो और तो तुम्हारी वृत्ति है तुम ब्राह्मन हो तातें और महाभारत इत्यादिक तो कहनो । तब पद्मनाभदासजीने कह्यो, जो-महाराज ! अब तो संकल्प कियो सो तो कियो । तातें कछू न कहनों ।"

"तब श्रीआचार्यजीने कही, जो-तुम तो गृहस्थ हो । कौन भांतिसो निर्वाह करोगे ? तब पद्मनाभदासनें श्रीआचार्यजीसों कह्यो, जो-श्रीभागवत वृत्यर्थ न कहूंगो और जिजमानके घर वृत्ति कर लाउंगो । तातें निर्वाह करूंगो । पाछे जिजमान के घर वृत्यर्थ गये । तिननें बहुत आदर कियो । तब पद्मनाभदासजीके मनमें ग्लानी आइ । जो-पहले तो कबहु भिक्षा करी नाहीं । अब वैष्णव भये पाछे भिक्षा मांगन निकस्यो । सो उचित नाहीं । पहले तो उपवीत गरेमें हतो । ताको तो उचित है, जो भिक्षावृत्ति करें । परि अबतो गरेमें माला पहरी । ताको तो यह भिक्षावृत्ति उचित नाहीं । तब फेरी संकल्प कियो । जो-भिक्षावृत्ति न करूंगो । तब फेरी श्रीआचार्यजीने पूछी, जो-अब निर्वाह कैसे करोगें ? तब पद्मनाभदासजीने कही, जो-वैश्यवृत्ति कर निर्वाह करूंगो । पाछे कोडी बेचते, लकडी ले आवते । परि और बात न विचारी । देहादि पर्यंत सेवा कीनी । ऐसे टेकी ।" સર્વ ભગવદ્દઈચ્છાથી થાય છે અને પ્રભુ મારૂં હિત જ કરી રહ્યાં છે, એવો જેનો દૃઢ વિશ્વાસ હોય, त्रिदुःखसहनम् માટે જેનામાં અખૂટ અને અપ્રતિમ ધૈર્ય હોય, અને પ્રભુના ચરણારવિંદનો દૃઢ આશ્રય હોય એ આવો સત્ય સંકલ્પ કરી શકે. सत्यप्रतिज्ञ શ્રીવલ્લભે પદ્મનાભદાસજીને આવા દૃઢ સંકલ્પનું દાન કર્યું છે. તેથીજ, પદ્મનાભદાસજીને વિવેકધૈર્યાશ્રય સિદ્ધ છે.

કર્મ, જ્ઞાન અને ભક્તિમાર્ગમાં અનિવાર્ય એવા વિવેકધૈર્યાશ્રયને પદ્મનાભદાસજીએ ભગવત્સેવાના અંગરૂપે સિદ્ધ કરેલ છે.

(૧) <u>વિવેક</u> :- "વલ્લભ ચાહે સોઈ કરે." પદ્મનાભદાસજીની આ પદપંક્તિમાં **हरिः सर्वं निजेच्छातः करिष्यति** ના સુસ્પષ્ટ દર્શન થાય છે.

આવા વિવેકને સિદ્ધ કરવાના પ્રથમ સાધનરૂપે શ્રીઆચાર્યજી આજ્ઞા કરે છે, "**प्रार्थिते वा ततः किं स्यात् स्वाम्यभिप्रायसंशयात्** ।" વિવેકથી પ્રચુર એવા શ્રીપદ્મનાભદાસજી પ્રભુને પ્રાર્થના ન કરે એ તો સ્વાભાવિક જ છે. પરંતુ પોતાના સ્વામીના કોમલતમ અંતરમાં વસતી દયાલુતાનો અભિપ્રાય જાણનાર પદ્મનાભદાસજીએ જેનું ધન લૂંટાઈ ગયું છે એવા અપુષ્ટિમાર્ગીય વેપારીને પણ મહાપ્રભુજી પાસે પ્રાર્થના કરવા જવા ન દીધાં. શ્રીઆચાર્યચરણને ભોજનમાં વિલંબ ન થાય, એના માટે, પોતાના ધર્મને ગિરવી રાખી, પદ્મનાભદાસજીએ એ વાણિયાને એના લૂંટાઈ ગયેલા રૂપિયા શાહુકાર પાસેથી અપાવ્યાં.

વિવેકને દૃઢ કરવાનો બીજો ઉપાય છે. "**अभिमानश्च संत्याज्य : स्वाम्यधीनत्वभावनात्** ।" આપણે પ્રભુને આધીન છીએ એવી ભાવનાથી અભિમાનનો ત્યાગ કરવો. જેને સંતાન નહોતું એ ક્ષત્રાણીને પોતાનું ચરણોદક આપીને પદ્મનાભદાસજી એને આશીર્વાદ આપે છેકે "**तेरे पुत्र होइगो** ।" શ્રીવલ્લભના ચરણકમલના પ્રતાપબલની અસ્મિતાથી આ વરદાન આપે છે. તેથીજ વાર્તા કહે છેકે, "**पद्मनाभदासजी सदा श्रीआचार्यजीके स्वरूपमें मगन रहेत है । सो जल ले**

**श्रीआचार्यजीके भाव तें दीये । और इनकों कछु कामनाकी बडाइकी अपेक्षा नाहीं है ---- जो-अपने कियेको अहंकार नाहीं । ता समय, जो बुद्धि की प्रेरणा भई, सो भगवद्इच्छातें कार्य करत हैं । अपनो कियो जानत नाहीं है ।"** પ્રભુની જેમ પદ્મનાભદાસજી પણ સર્વસામર્થ્યયુક્ત હોવા છતાંય, એમનામાં લેશમાત્ર અભિમાન નથી, એ એમની દૈન્યભરી પંક્તિ કહેશે.

**"नाथके नाथ अनाथके बंधु**
**अवगुन चित ना धरे**
**पद्मनाभ कु जान आपुनो**
**बूडत कर पकरे ।"**

પદ્મનાભદાસજી પોતાના દેહ કે કુટુંબ સંબંધિત સંકલ્પ વિકલ્પ નથી કરતાં, એમનું મન સદાય પ્રભુ સંબંધિત સંકલ્પો કરે છે. આવા શુદ્ધ હૃદયવાળા પદ્મનાભના અંતરમાં પ્રભુ ભગવત્સેવોપયોગી વિશેષ આજ્ઞા કરે એ સ્વાભાવિક જ છે.

**"विशेषतश्चेदाज्ञा स्यादन्तःकरणगोचरः ।"**

વિવેક દૃઢ કરવાના ત્રીજા સાધનને દર્શાવતાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છેકે, **"आपद्गत्यादिकार्येषु हठस्त्याज्यश्च सर्वथा ।"** પદ્મનાભદાસજીને જ્યારે દ્રવ્યનો બહુજ સંકોચ હતો ત્યારેપણ નિત્ય નેકનો હઠ ન કરતાં, અથાગ ભાવ અને વિરહથી શ્રીઠાકુરજીને કેવલ છોલાં જ ધરે છે, અને પ્રસાદમાં પોતે પણ એજ લે છે. રાજભોગ વખતે છોલાની ન્યારી ન્યારી

ઢેરી જોઈ શ્રીવલ્લભપ્રભુ પદ્મનાભદાસને પૂછે છેકે, “यह ढेरि न्यारी न्यारी क्यों हैं ? तब पद्मनाभदासने कही, यह दारी है । यह भात है । यह खीर है । यह कढी है । यह सागादिक है । या प्रकार सब ढेरिकों सामग्री बताये । तब श्रीआचार्यजी महाप्रभुनको हृदय भरि आयो ।” આ વાત પદ્મનાભદાસજીએ, શ્રીઆચાર્યજીને બુદ્ધિથી નથી કરી, પણ એતદ્ભાવમાં તાદાત્મ્ય થઈને કહે છે.

વિવેક સિદ્ધ કરવાનું ચોથું સાધન છે ; “अनाग्रहश्च सर्वत्र धर्माधर्माग्रदर्शनम् ।” અર્થાત્ પ્રત્યેક કાર્યમાં પ્રવૃત્ત કે નિવૃત્ત થતાં પહેલા જોઈ લેવું જોઈએ કે એમાં ધર્મ શું છે અને અધર્મ શું છે. પદ્મનાભદાસજી, દ્રવ્યના સંકોચના કારણે શ્રીઠાકુરજીને કેવલ છોલા જ ધરે છે ત્યારે શ્રીઅક્કાજીએ “सगरी सामग्री सिद्ध करि एक वैष्णवके हाथ पठाइ ।” ત્યાં ભાવપ્રકાશમાં શ્રીહરિરાયજી આજ્ઞા કરે છેકે, “जो गुरु द्रव्य श्रीठाकुरजीके द्रव्य तें हू भारी है ।” તેથી ધર્માધર્મને બરોબર નિહાળી પદ્મનાભદાસજીએ એ સામગ્રીને પોતાના સેવ્ય સ્વરૂપને ધરવાનો અનાગ્રહ રાખ્યો અને ન ધરાવી. બીજા દિવસે કનોજ પાછા જવા માટે પદ્મનાભદાસજી ઠાકુરજીની ઝાંપીજી તૈયાર કરી રહ્યા છે. ત્યારેય એમને એમના ધર્મનું પુનઃ અગ્રદર્શન થાય છે. પોતાના સ્વામીનું સુખ જોવું એ પુષ્ટિજીવનો મુખ્ય ધર્મ છે. તેથી પદ્મનાભદાસજી શ્રીમથુરાનાથજીને વિનન્તી કરે છેકે, “महाराज ! आपकों श्रीआचार्यजीके घर पधारिवेकी इच्छा होइ, तो उहां नाना प्रकारकी सामग्री है । मेरे इहां तो जो समय जैसी प्राप्ति होइ, तैसे धरूंगो । तब श्रीमथुरानाथजीने कही, मोकों तेरो

**कियो भावत है । तातें जो धरेगो सो प्रीतितें अरोगूंगो ।"** પ્રભુના સુખ માટે પ્રભુની સેવા છોડવા તૈયાર એવા સેવાવ્યસની પદ્મનાભ કોટિનમેં વિરલા છે.

(૨) <u>ધૈર્ય</u> :- આચાર્યચરણે, ધૈર્યને સ્થિર કરવાના ચાર પ્રકાર દર્શાવ્યાં છે.

(अ) **<u>तक्रवद्</u>** - છાશમાંથી માખણાદિ તત્વ કાઢી લીધા પછી છાશ અસાર બની જાય છે તેમ સંસારને અસાર માનવાથી ધૈર્યનું વર્ધન થાય છે. વિપરીત પરિસ્થિતિ આવે ત્યારે પ્રતિકાર થઈ શકે તો કરવો અને ન બની શકે તો અનાગ્રહ રાખવો. **"प्रतिकारो यदृच्छातः सिद्धश्चेन्नाग्रही भवेत् ।"** પદ્મનાભદાસજીની વાર્તામાં પ્રતિકાર અને અનાગ્રહ એમ બન્ને પ્રસંગો વિદ્યમાન છે. પદ્મનાભદાસજી કનોજિયા બ્રાહ્મણ છે અને સનોઢિયા વૈષ્ણવ બ્રાહ્મણની જોડે એમણે પોતાની દીકરીનું વેવિશાળ કરેલ છે. એમના જાતિવાળા આ સગાઈથી વિરુદ્ધ હોવા છતાંય પદ્મનાભદાસજીએ એમનો પ્રતિકાર કરીને દીકરીના લગ્ન પણ એજ વૈષ્ણવ છોકરા જોડે કર્યાં. **"जाति के सब झख मारि रहे ।"**

અનાગ્રહથી ધૈર્યનું પોષણ કરવાનોય પ્રસંગ પદ્મનાભદાસજીની વાર્તામાં છે. દ્રવ્યના સંકોચ વખતે પદ્મનાભદાસજી પોતાના ઠાકુરજીને કેવલ છોલા ધરે છે. પણ ભગવત્કથા કરીને વ્યાવૃત્તિ નથી કરતાં કે ભિક્ષા નથી માંગી. એમનો આવો અનાગ્રહ જોઈને શ્રીમહાપ્રભુજી સ્વયં આજ્ઞા કરે છેકે, **"और जान्यो, जो-याके द्रव्यको संकोच है तातें यों करत हैं । परन्तु द्रव्यको उपाय नाहिं करत है ।**

**बडो धैर्य है । तातें याके उपर श्रीठाकुरजी बडे प्रसन्न हैं ।**

(ब) <u>देहवद्</u> - આ પ્રકારનાં દુ:ખને સહન કરવાનો ઉપાય બતાવતાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છેકે, "**भार्यादिनां तथान्येषामसतश्चाक्रमं सहेत् ।**" ઉપર જોયું તેમ પોતાની દિકરીના સગાઈના પ્રસંગમાં પદ્મનાભદાસજીએ અન્ય સર્વ જ્ઞાતિજનોનું આક્રમણ ધૈર્યથી સહન કર્યું.

(क) <u>जडवत्</u> - ધૈર્ય ધારણ કરવાનો ત્રીજો ઉપાય છે ત્યાગ. જડભરતજીએ જડવત્ બનીને પોતાની ઈન્દ્રિયોનો નિગ્રહ ત્યાગ ભાવનાથી કર્યો. **स्वयमिन्द्रियकार्याणि कायावाङ्मनसा त्यजेत् ।**" પદ્મનાભદાસજીએ પોતની ઈન્દ્રિયોના વ્યાપારને, જરૂર પડી ત્યારે, જડવત્ સ્થગિત પણ કરી દીધો, એ સંબંધિત એમની વાર્તામાં બહુજ સુંદર પ્રસંગ છે. "**सो कितनेक दिन पाछें मुगलकी फौज आई । सो तामें गाम लूट्यो, सो श्रीठाकुरजीकों एक मुगल ले गयो । तब पद्मनाभदास वा मुगलके साथ दिन सातलों रहे । जलपान न कर्यो ।**" અખંડિત ભગવદાવેશના કારણે પદ્મનાભદાસજીનો આવો ત્યાગ કાયા, વાણી અને મનથી છે.

(ड) <u>गोपभार्यवत्</u> - આધિદૈવિક દુ:ખમાં ધૈર્ય નિભાવવાનો ઉપાય છે ; "**अशूरेणापि कर्तव्यं स्वस्यासामर्थ्यभावनात् ।**" પ્રભુ પાસે પોતાનું કાંઈ નહીં ચાલે એવી અસામર્થ્યની ભાવના વ્રજભક્તોએ વિરહમાં કરી અને ધૈર્યથી વિરહનું દુ:ખ સહન કર્યું. પદ્મનાભદાસજીની વાર્તામાં આવી અલૌકિક અસામર્થ્યતાના દર્શન કરી લઈએ. એમને દ્રવ્યનો સંકોચ છે

ત્યારે શ્રીમથુરાનાથજી માટે શ્રીઅક્કાજી સામગ્રી મોકલે છે. પદ્મનાભદાસજી તુલસાં બેટીને કહે છેકે, "**हम जाने अब हमको काढिवेको उपाय किये हैं ।**" ગોપાંગન જેવો એમનો કેવો અસામર્થ્યતાનો ભાવ ? તે વખતે જ પદ્મનાભદાસજી, ઠાકુરજીને નાવમાં પધરાવી આચાર્યજીને દંડવત્ કરી અડેલથી કનોજ પધારે છે.

"**अशक्ये हरिरेवास्ति सर्वमाश्रयतो भवेत् ।**" સાધન, સંજોગ, સ્થાનાદિને અનુલક્ષીને સામાન્યતયા જે કાર્ય શક્ય ન લાગતું હોય તે અશક્ય કાર્ય કહેવાય. એક વખત, પ્રયાગમાં શ્રીઆચાર્યચરણે શ્રીઅક્કાજીને પધરાવવાની આજ્ઞા કરી. એ વખતે કેવલ પદ્મનાભદાસજી આજ્ઞાપાલન માટે તુરત જ ઊઠી ગયાં. બીજા વૈષ્ણવોને એ વેળા, શ્રીઅક્કાજીને પધરાવવાનું કાર્ય અશક્ય લાગ્યું. એ વૈષ્ણવો પોતપોતામાં વાત કરી રહ્યાં છે ; "**जो ब्राह्मन बावरो भयो है । या समय कहां जायगो ? नाव सब बंधी हैं । धाटवारे सब घर गये है । तातें या बिरियां जायवेकी नाहीं ।**" પદ્મનાભદાસજીને તો શ્રીમહાપ્રભુજીનો દૃઢાશ્રય છે, એટલે શ્રીમહાલક્ષ્મીજીને પધરાવી આવે છે. પૂર્ણપુરુષોત્તમ શ્રીવિઠ્ઠલનાથજીના પ્રાકટયમાં આવા દૃઢાશ્રયી કોટિનમેં વિરલા નિમિત્ત બની શકે. વાર્તા કહે છેકે, "**और वह रात्री श्रीगुसांईजीके प्राकटयके गर्भ स्थितिको मुहुरत हतो । तातें श्रीआचार्यजी आज्ञा किये । श्रीठाकुरजी डोंगी लाये ।**" શ્રીવિઠ્ઠલના પ્રાકટયનો મનોરથ શ્રીવલ્લભનો છે, એમાં નાવ લાવીને સહાયક બને છે શ્રીઠાકુરજી, અને પદ્મનાભદાસજી શ્રીમહાલક્ષ્મિજીને પધરાવી લાવે છે. આવા ભક્તોથી શ્રીવલ્લભ **तादृशवेष्टित** છે.

(૩) આશ્રય :- ઐહિક અને પારલૌકિકમાં એક માત્ર હરિનું જ શરણ સ્વીકારવું એને આશ્રય કહેવાય. આશ્રય "અસહાય શૂર" વત્ છે. એનાથી વિવેક અને ધૈર્ય ઉપલબ્ધ થઈ શકે છે. આવા આશ્રયને દૃઢ કરવાના ચાર ઉપાય શ્રીમહાપ્રભુજી આ ગ્રંથમાં દર્શાવે છે.

પહેલો ઉપાય છે :-

"**एवं चित्ते सदा भाव्यं वाचा च परिकीर्तयेत ।**" પદ્મનાભદાસજીના ચિત્તમાં અને વાણીમાં આશ્રય કેટલો દૃઢતમ છે એ એમની પદપંક્તિ કહેશે. "**वेद्पुराण सुघडता सुंदर इन बातन ना सरे, श्रीवल्लभ प्रभुकी पदरज भजके भवसागर सोही तरे ।**" **वाचा च परिकीर्तयेत्** માં **च** થી કાયા લેવી. અર્થાત્ પદ્મનાભદાસજી કાયાથી સેવા કરે છે, મનથી વિવિધ ભાવનાઓ અને વાણીથી પરિકીર્તન કરે છે. આમ, ત્રણ પ્રકારની શરણભાવના કરે છે. આવી શરણભાવના કરનારના અશક્ય કાર્યો ભગવત્કૃપાથી શક્ય બને છે.

"**दुःखहानौ तथा पापे भये कामाद्यपूरणे ।। भक्तद्रोहे भक्त्यभावे भक्तैश्चातिक्रमे कृते ।**" આદિ પરિસ્થિતિઓમાં શ્રીઆચાર્યજી, ભગવદાશ્રિત થઈને રહેવાનો ઉપદેશ આપે છે. પરંતુ પદ્મનાભદાસજીને તો દૃઢાશ્રય સિદ્ધ જ છે. તેથી આ સર્વે પરિસ્થિતિઓથી એ અલિપ્ત છે. તદ્વિપરીત, પદ્મનાભદાસજીએ વાણિયાને એનું લૂંટાઈ ગયેલું ધન પાછું અપાવીને વાણિયાના દુઃખહાનિ, ભયાદિને નિર્વૃત્ત કર્યા. ક્ષત્રાણીને પોતાનું ચરણોદક આપી, પુત્રપ્રાપ્તિનું દાન કરીને એની કામના પૂર્ણ કરી. પદ્મનાભદાસજીના આશિર્વાદથી

ક્ષત્રાણીને થયેલ પુત્ર મથુરાદાસ વૈષ્ણવ અને ભક્ત બન્યાં. તેથી જે ક્ષત્રાણીમાં ભક્તિનો અભાવ (ભક્ત્યાભાવ) છે એનાય પુત્રને ભક્તિનું દાન કર્યું. આશ્રયબલથી પદ્મનાભદાસજીએ અશક્ય અને સુશક્ય એવા સર્વ કાર્યો સિદ્ધ કર્યાં.

આશ્રય દૃઢ કરવાનો બીજો ઉપાય છે અન્યાશ્રય ત્યાગ. પદ્મનાભદાસજી જાણે છે કે, અન્યાશ્રય કરનારને ભગવાન દયા દૃષ્ટિથી નથી જોતાં અને પોતાનો આશ્રય પણ નથી આપતાં. પદ્મનાભદાસજીને દ્રવ્યનો સંકોચ છે ત્યારે પણ એમણે ભગવદાશ્રય છોડીને ભગવત્કથા કે ભિક્ષાનો આશ્રય લઈ વ્યાવૃત્તિ નથી કરી. પદ્મનાભદાસજી, અવ્યાવૃત્ત, દૃઢ બીજભાવવાળા ઉત્તમ ભગવદીય છે.

આશ્રય સિદ્ધ કરવાનો ત્રીજો ઉપાય બતાવતાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છેકે, "**अविश्वासो न कर्तव्यः सर्वथा बाधकस्तु सः । ब्रह्मास्त्रचातकौ भाव्यौ**" પુષ્ટિજીવ પર કૃપા કરીને આચાર્યચરણે **अविश्वासो न कर्तव्यः** એવા વચનામૃત કહ્યાં. **विश्वासः कर्तव्य** ની આજ્ઞા કરી હોત તો કેટલાય વૈષ્ણવો મહાપ્રભુજીની આજ્ઞાનું પાલન ન કરનાર વૈષ્ણવોની કક્ષામાં આવી જાત. **अविश्वासो न कर्तव्य** એ સાધનાવસ્થા છે. પ્રભુ માટે દૃઢ વિશ્વાસ થવો એ ફલાવસ્થા છે. પદ્મનાભદાસજી તો જાણે વિશ્વાસનું મૂર્તિમંત સ્વરૂપ જ છે. વાણિયાને એના ચોરાયેલા રૂપિયા પાછા અપાવી શાહુકાર પાસે ધર્મ ગિરવે રાખ્યો, તોય પદ્મનાભદાસજીના મનમાં રંચક પણ ખટક ન આવી કે મારૂં અકાલ મૃત્યુ થશે તો હું ઋણમાંથી મુક્ત કેમ થઈશ ? આ પ્રસંગમાં પદ્મનાભદાસજીનો

વિશ્વાસ દર્શનીય છે. **"और इनकी केतिक बात है ? अब चुकाइ देउंगो । ताको कारन यह, जो कालकी कहा सामर्थ्य है ? आपकी कृपातें बाधक न होइगो ।"** શ્રીઅક્કાજીને પધરાવી આવ્યાં ત્યારે એમના દૃઢ વિશ્વાસની સરાહના કરતાં શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છેકે, **"पद्मनाभदासजीको पूरन विश्वास दिखाये ।"** ભગવદાશ્રયની સિદ્ધિ મેળવવામાં સૌથી વિશેષ બાધક તત્વ અવિશ્વાસ છે. વિશ્વાસ ફલદાયક છે.

**ब्रह्मास्त्रचातकौ भाव्यौ ।** પદ્મનાભદાસજીનો અદ્ભુત "ચાતક ભાવ" છે. **"श्रीलक्ष्मण सूत चरणकमल पराग मधुपूरित, पद्मनाभ अलि ताको है चसको"** સોનામાં સુગંધ હોય એમ પદ્મનાભદાસજીમાં દૃઢ વિશ્વાસ અને ચાતકભાવ એમ ઉભય છે. શ્રીવલ્લભની કૃપાથી ઉપલબ્ધ થયેલ પોતાના ચાતકભાવ પર પણ પદ્મનાભદાસજીને દૃઢ વિશ્વાસ છે. એ ચાકતભાવના આવેશમાં તો પદ્મનાભદાસ શ્રીમથુરાનાથજીને વિનંતી કરે છેકે, મહારાજ આપને આચાર્યજીના ઘેર પધારવાની ઈચ્છા હોય તો મને કૃપયા કહેશો. **"उहां नाना प्रकारकी सामग्री है ।"** શ્રીમહાપ્રભુજીના ઘેર પધારવાનું આકર્ષણ પુષ્ટિસંપ્રદાયના કયા ઠાકુર નકારી શકે ? **"मैया मोहे वल्लभके घर भावे ।"** પરંતુ પદ્મનાભદાસજીને વિશ્વાસ છે કે પોતાના ચાતકભાવને કારણે શ્રીમથુરાનાથજીને સ્વાતિબુન્દ બનીને એમના પર બરખા કરવી જ પડશે. અર્થાત્ દૃઢવિશ્વાસ અને ચાતકભાવ એ પદ્મનાભદાસજીનું "બ્રહ્માસ્ત્ર" છે, જેનાથી એમણે

પરાત્પરપરબ્રહ્મને પોતાના ઘરમાં બાંધી દીધા છે. "**ब्रह्मास्त्रचातकौ भाव्यौ ।**" આશ્રય સિદ્ધ કરવાનો ચોથો ઉપાય છે. "**प्राप्तं सेवेत निर्ममः ।**" અર્થાત્ સુખ અને દુ:ખમાં જે મળે તેનો મમતારહિત ઉપભોગ કરવો. આ સંબંધિત પદ્મનાભદાસજીના ભાવની ઝાંખી કરી લઈએ. "**तब पद्मनाभदासजीके मनमें आइ जो मैं वैष्णव कहाइके भीख मांगे ? श्रीआचार्यजी यथालाभ संतोषसों कहे है । और उत्तमपक्ष यही है । अव्यावृत्तो भजेत् कृष्णं पूजया श्रवणादिभिः । या प्रकार अव्यावृत्तको नेम ले सेवा मन लगाइके करन लागे ।" एवं आश्रयणं प्रोक्तं सर्वेषां सर्वदा हितम् ।** પદ્મનાભદાસજીની વાર્તા સાક્ષી આપે છેકે, પ્રભુનું શરણ એ સ્વત: રાહ પણ છે અને મંઝિલ પણ.

"**निगूढहृदयोनन्य भक्तेषु ज्ञापिताशय**" ની વ્યાખ્યામાં આવા પદ્મનાભદાસજીને શ્રીગોકુલેશપ્રભુ કોટિનમેં વિરલા કહે છે.

ચાતકભાવ એ પદ્મનાભદાસજીની વાર્તાનો હાર્દભાવ લાગે છે, કારણકે આ ભાવના દર્શન, પદ્મનાભદાસનાં લીલાનાં મૂલસ્વરૂપમાંથી પ્રકટ થયેલા એમનાં બસોબાવન વૈષ્ણવના સાત્ત્વિક, રાજસ અને તામસ આવિર્ભાવમાં પણ ચાતક ભાવની અવિચલતાનાં દર્શન થાય છે.

## ૨૫૨ વૈષ્ણવ વાર્તા ૧૧ - ગોપાલદાસ (વલ્લભાખ્યાનવાળા)
## (લીલાનું નામ - "સારંગી")
## (સાત્ત્વિક ભક્ત)

"**विवेकधैर्याश्रय**" ગ્રંથમાં વિવેક સિદ્ધ કરવાનો પ્રથમ ઉપાય છે ; "**प्रार्थिते वा ततः किम् स्याद् ।**" પ્રભુને પ્રાર્થના કરીને શ્રમ આપવાથી શું પરિણામ આવે એ વાત ગોપાલદાસજીની વાર્તાના પ્રારંભમાં કહી છે. "**सो गोपालदास जन्मतहीं सों मूंगे, कछू बोले नाहीं । सो काहेतें ? जो-ये पहले जन्ममें "नरसी मेहता" है । सो उन प्रभुनकों अनेक भांति विनन्ती करी श्रम करवायो है । ता अपराधते ये मूंगे भए ।**" અહીં કદાચ કોઈ પૂર્વપક્ષ કરે કે છઠ્ઠા વલ્લભાખ્યાનના પ્રારંભમાં તો ગોપાલદાસજી માંગી રહ્યાં છેકે, "સગુણ સ્નેહી શ્યામળા વહાલા અહર્નિશ દર્શન આપોજી." આ એમનો "ચાતક" ભાવ પ્રકટ થાય છે. સ્નેહાવિષ્ટ થયેલ ભક્ત, પ્રભુ સંબંધિત કાંઈ માંગે તો એ વિવેકમાં બાધક નથી. સ્નેહદશામાં ઠાકુરજી સ્વયં **अंतःकरणगोचर** થઈને એને માંગવાની પ્રેરણા કરે છે. પુષ્ટિમાર્ગીય જીવ કેવલ પ્રભુનો દાસ નથી પણ સ્નેહી પણ છે.

ગોપાલદાસજીને **निजेच्छातः करिष्यति** નો વિવેક, દૃઢાશ્રય અને દૃઢવિશ્વાસ સિદ્ધ છે. "જેને શ્રીવિઠ્ઠલનાથ વિચારે તેને પ્રકટ પદારથ ચારે ઉપરાંત ભજનફલ આપે, વ્રજમંડલ સ્થિર કરી સ્થાપે."

ગોપાલદાસજીનું "વલ્લભાખ્યાન" અને અન્ય સાહિત્ય

વાંચવાથી ખ્યાલ આવી જશે કે આ ભગવદીય સદાય ભગવલ્લીલામાં વિમગ્ન છે. "**अलौकिक मनः सिद्धौ ।**"

ગોપાલદાસજીનો આશ્રય કેવલ પ્રભુ સુધીજ સિમિત નથી, પરંતુ ગુરુ શ્રીવિઠ્ઠલેશ અને ભગવદીયમાં પણ એ સુસ્થિર છે. "ભક્તજન પદરજ પ્રતાપે સકલ સરિયાં કાજ."

## ૨૫૨વૈષ્ણવ વાર્તા ૧૦ - ભાઈલા કોઠારી

(લીલાનું નામ - "કૌમોદિની")

(રાજસ ભક્ત)

---

"**सो वे भाइला कोठारी श्रीगुसांईजीको पधरायवेकों बारबार पत्र अति आतुरतासों लिखते । जो-राज ! एकबार बेगि पधारो । ऐसें पत्र भाइला कोठारी के श्रीगुसांईजीके पास बोहोत आए ।**" કોઠારીના આવા ચાતકભાવ પ્રત્યે શ્રીગુસાંઈજીનો પ્રતિભાવ દર્શનીય છે. "**तब एक समै श्रीगुसांईजी श्रीगोकुलतें अचानक श्रीरनछोडजीके दर्शनकों और भाईला कोठारीको मनोरथ पूरन करिवे कों द्वारिकाजीकों प्रभु तत्काल चले ।**" ભાઈલા કોઠારીના માથે શ્રીવિઠ્ઠલેશ પ્રભુના પાદુકાજી બિરાજે છે. એ ભાઈલા કોઠારીના તાપનાશક છે, પરંતુ કોઠારીને તો શ્રીગુસાંઈજીના પ્રત્યક્ષ મુખકમલની લાલસા છે, એટલે પ્રભુચરણને પધારવાનો વિનન્તી પત્ર લખે છે. આ કોઠારીના ચાતકભાવની અભિવ્યક્તિ છે.

પદ્મનાભદાસજી માટે શ્રીઆચાર્યચરણના ચરણયુગલ,

સાધન અને ફલ બંને છે. એવીજ ભાઈલા કોઠારીની મનઃસ્થિતિ શ્રીગુસાંઈજી માટે છે. "**जो-महाराज ! मोकों आप के चरनारविंद बिना और काहू वस्तूकी अपेक्षा नाहि है ।**"

આ વાર્તા વિવેકધૈર્યાશ્રય ગ્રંથને પ્રતિબિંબિત કરે છે. તેથી જ દુષ્ટ અને દુશ્મન આશ્રિત બને ત્યારે પ્રભુ એનું કેવી રીતે વરણ કરે છે એનો વિસ્તાર બાજબહાદુરના પ્રસંગમાં મળશે. શ્રીગુસાંઈજીની વિરુદ્ધ કોઈએ ચુગલી કરી, એની તપાસ માટે બાજબહાદુર ભાઈલા કોઠારીને ઘેર અસારવા આવે છે. પરંતુ શ્રીગુસાંઈજીના ઐશ્વર્યનો અનુભવ કરી બાજબહાદુર, શ્રીવિઠ્ઠલેશ વિરુદ્ધ ચુગલી કરનારને મૃત્યુદંડ આપે છે. ત્યારે એની માતા શ્રીગુસાંઈજીના શરણે આવીને વિનન્તી કરે છેકે, "**जो-महाराज ! मेरे बेटाकों तो ठौर मारत हैं । तातें अब आपकी सरनी मैं पुत्र अपनेको लै कै आइ हों । तब श्रीगुसांईजी बाजबहादुरकों कहावाइ पठाए, जो-तुम काहुकों मारियो मति ।**" શરણે આવેલા દુશ્મનનું પ્રભુ આવી રીતે રક્ષણ કરે છે, તો પોતાના આશ્રિત ભક્તને કેટલા વહાલથી સંભાળતાં હશે ?

## ૨૫૨વૈષ્ણવ વાર્તા ૧૨ - માણિકચંદ ક્ષત્રિ

(લીલાનું નામ- "રાગિની")

(તામસ ભક્ત)

---

"**कलौ भक्त्यादिमार्गा हि दुःसाध्या इति मे मति ।**"

ભક્ત્યાદિ માર્ગ કહેવાથી પુષ્ટિમાર્ગીય સમર્પણ પણ એમાં સમાવિષ્ટ થઈ જાય છે. આચાર્યજીને ભોજનમાં વિલંબ ન થાય એના માટે પદ્મનાભદાસજીએ વાણિયાને રૂપિયા અપાવીને પોતાનો ગુરુ પ્રત્યેનો સમર્પણ ભાવ અભિવ્યક્ત કર્યો. પદ્મનાભદાસજીના આવા સમર્પણ ભાવનો આ વાર્તામાં વિસ્તાર છે. "**पाछे मानिकचंदने चांपाभाइसों कही, जो-या घरमें जो-कछू होइ सो सगरो तुम लै जाहु । यह घरमें जो-कछू है सो सर्व श्रीगुसांइजीको हैं ।**" માણિકચંદના સમર્પણ ભાવની સરાહના કરતાં શ્રીગુસાંઈજી શ્રીમુખથી આજ્ઞા કરે છેકે, "**जो-के तो समर्पन राजा बलिने कर्‍यो, औरके समर्पन मानिकचंदने कर्‍यो ।**"

"**ऐहिके पारलोकेश्च सर्वथा शरणं हरिः**" આશ્રયના આવા સ્વરૂપ લક્ષણના દર્શન માણેકચંદ અને એમની પત્નીમાં કરી લઈએ. "**पाछे स्त्रीने श्रीगुसांइजीसों उत्तर करयो, जो-महाराज ! अब हम कहां जाइ ? हमकोतो तुम्हारे चरनकमल विना और आश्रय नाहीं ।**"

માણેકચંદ અને એમના પત્નીને શ્રીગુસાંઈજી માટે દૃઢ ચાતકભાવ છે. ચાતક સ્વાતિની કેવલ વાટ જોઈને બેસે છે અને સ્વાતિ બુન્દને ચાતક પ્રતિ આવવું પડે છે. તેમ, શ્રીવિઠ્ઠલેશપ્રભુ સ્વયં પ્રતિવર્ષ આ પતિ-પત્નીને ઘેર પધારતાં અને એમની પાસે એક મહિનો બિરાજતાં. શ્રીગુસાંઈજી શ્રીમુખથી કહે છેકે, "**हों पांच महिना श्रीनाथजीद्वारमें रहत हुँ । सों मैं श्रीनाथजीद्वारमें चारि महिना रहूंगो । या प्रकार श्रीगुसांइजी प्रति वर्ष मानिकचंदके घर एक महिना रहेते ।**"

શ્રીજીનો પ્રત્યક્ષ વિરહ કરનાર શ્રીવિઠ્ઠલેશપ્રભુ, શ્રીનાથજીના સાન્નિધ્યમાં રહેવાનો એક મહિનો ઓછો કરી, એ મહિનો માણેકચંદને આપે એજ ભક્તના ચાતકભાવની અનિર્વચનીય વિલક્ષણતા છે. સ્વભક્તના વિરહનું નિવારણ કરવા, શ્રીગુસાંઈજી પોતાના શ્રીનાથજી સાથેના વિરહમાં એક મહિનો વધારે, એવો સ્નેહ સંબંધ તો કેવલ પુષ્ટિપ્રભુ, પુષ્ટિભક્તો સાથે જ નિભાવી શકે.

❖ ❖ ❖ ❖ ❖ ❖

# कृष्णाश्रयस्तोत्रम् ।

सर्वमार्गेषु नष्टेषु कलौ च खलधर्मिणि ।
पाषण्डप्रचुरे लोके कृष्ण एव गतिर्मम ॥ १ ॥

म्लेच्छाक्रान्तेषु देशेषु पापैकनिलयेषु च ।
सत्पीडाव्यग्रलोकेषु कृष्ण एव गतिर्मम ॥ २ ॥

गंगादितीर्थवर्येषु दुष्टैरेवावृतेष्विह ।
तिरोहिताधिदैवेषु कृष्ण एव गतिर्मम ॥ ३ ॥

अहंकारविमूढेषु सत्सु पापानुवर्तिषु ।
लाभपूजार्थयत्नेषु कृष्ण एव गतिर्मम ॥ ४ ॥

अपरिज्ञाननष्टेषु मन्त्रेष्वव्रतयोगिषु ।
तिरोहितार्थदेवेषु कृष्ण एव गतिर्मम ॥ ५ ॥

नानावादविनष्टेषु सर्वकर्मव्रतादिषु ।
पाषण्डैकप्रयत्नेषु कृष्ण एव गतिर्मम ॥ ६ ॥

अजामिलादिदोषाणां नाशकोनुभवे स्थितः ।
ज्ञापिताखिलमाहात्म्यः कृष्ण एव गतिर्मम ॥ ७ ॥

प्राकृताः सकला देवा गणितानन्दकं बृहत् ।
पूर्णानन्दो हरिस्तस्मात् कृष्ण एव गतिर्मम ॥ ८ ॥

विवेकधैर्यभक्त्यादिरहितस्य विशेषतः ।
पापासक्तस्य दीनस्य कृष्ण एव गतिर्मम ॥ ९ ॥

सर्वसामर्थ्यसहितः सर्वत्रैवाखिलार्थकृत् ।
शरणस्थसमुद्धारं कृष्णं विज्ञापयाम्यहम् ॥ १० ॥

कृष्णाश्रयमिदं स्तोत्रं यः पठेत् कृष्णसन्निधौ ।
तस्याश्रयो भवेत् कृष्ण इति श्रीवल्लभोब्रवीत् ॥ ११ ॥

॥ इति श्रीमद्वल्लभाचार्यविरचितं कृष्णाश्रयस्तोत्रं सम्पूर्णम् ॥

# ગ્રંથ - કૃષ્ણાશ્રય

૮૪ વૈષ્ણવ વાર્તા ૪૬ - બુલામિશ્ર
(લીલાનું નામ- "સુમંદિરા")

૨૫૨વૈષ્ણવ વાર્તા ૧૩૮- એક પટેલ જેમણે દાતરડું વેચીને ગુસાંઈજીને ભેટ ધરી
(લીલાનું નામ- "બ્રહ્મવિદ્યા") (સાત્ત્વીક ભક્ત)

૨૫૨વૈષ્ણવ વાર્તા ૧૩૭- ઋષિકેશ
(લીલાનું નામ - "મનઆતુરી") (રાજસ ભક્ત)

૨૫૨વૈષ્ણવ વાર્તા ૧૩૬- મેહા ધીમર
(લીલાનું નામ - "મંજિરા") (તામસ ભક્ત)

"વિષ્ણુ વિષ્ણુ" જપતાં બુલામિશ્રને ભગવત્સાક્ષાત્કાર થયો ત્યારે ભગવાને એમને શ્રીઆચાર્યજીને શરણે જવાની આજ્ઞા કરી. બુલામિશ્ર અડેલ આવ્યાં. "**तब श्रीआचार्यजी बुलामिश्रसों कहे, जो-तू धन्य है, जो एसी धीरज धरि द्रढता करी । जो - यहीं देह सों भगवानको दरसन पायो । तब बुलामिश्रने श्रीआचार्यजी सों विनन्ती करी, महाराज ! दरसन भये सोउ आपकी कृपा, परंतु भगवानके स्वरूपको आनंद है, ताको अनुभव नाहीं है । सो आप कृपा करिके सरनि लेउ, तब होइ ---- भगवत्प्राप्ति जो मुक्ति है, सो तो मैं चाहत नाहीं, मोको भक्ति होउ । सो आपकी कृपातें होइ तातें सरनि लेउ । तब भक्तिकी प्राप्ति होइ ।**" બ્રહ્માનંદથી નિતાન્ત અતીત એવા સ્વરૂપાનંદ અને ભજનાનંદની ચાહના

બુલામિશ્રને છે.

નામ, નિવેદન કરાવીને મહાપ્રભુજીએ બુલાને કૃષ્ણાશ્રય ગ્રંથનો પાઠ કરાવ્યો. આ ગ્રંથના એક એક શ્લોકના પઠનથી, બુલાના ચિત્તમાં, પ્રપંચવિસ્મૃતિપૂર્વક ભગવદાસક્તિ થઈ.

પહેલા છ શ્લોકના શ્રવણથી બુલામિશ્રને ધર્મના છ આવશ્યક અંગ એવા કાલ, દેશ, દ્રવ્ય, કર્તા, મંત્ર અને કર્મની વિફલતા સમજાઈ ગઈ, કારણકે કલિકાલમાં ધર્મના આ છ સાધનો શુદ્ધ નથી. એના પછીના ચાર શ્લોકના શ્રવણથી બુલામિશ્ર સમજી ગયાં કે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એવા, ચાર પુરુષાર્થ ભગવાન પોતે જ છે. કૃષ્ણાશ્રય ગ્રંથના પહેલાં દશ શ્લોકમાં શ્રીકૃષ્ણની દશવિધલીલા આવૃત્ત થયેલ છે. જેમકે સર્ગ, વિસર્ગ, સ્થિતિ, પુષ્ટિ, ઊતિ, મન્વન્તર, ઈશાનુકથા, નિરોધ, મુક્તિ અને આશ્રય. દશ શ્લોકમાં દશ પ્રકારની લીલા ગર્ભિત છે તેમ સાત્વિક, રાજસ, તામસ અને તેના સંમિશ્રણથી નવ પ્રકારના ભક્તો પણ સૂચિત થાય છે. દશમાં નિર્ગુણ ભક્ત. અર્થાત્ દશ શ્લોકથી આમ પ્રભુ અને પ્રભુની અખિલ લીલાસૃષ્ટિ આવિર્ભૂત થઈ જાય છે એવો કૃષ્ણાશ્રય ગ્રંથનો અનિર્વચનીય પ્રભાવ છે.

કૃષ્ણ નામમાં **कृष** શબ્દ સત્તાવાચક છે, તેથી કૃષ્ણ શરણાગત જીવના રક્ષક છે. **ण** અક્ષર આનંદ નિસૃત કરે છે. જીવ સમર્પણ થકી કૃષ્ણનો આનંદ લઈ શકે છે. શ્લોકમાં જે "**गति**" શબ્દ શ્રીમહાપ્રભુજીએ કહ્યો, એને

સાંભળીને બુલાને કૃષ્ણનો આશ્રય અને કૃષ્ણમાં સમર્પણના ભાવની ગતિ, એમ બંને સિદ્ધ થયાં. આશ્રયાત્મિકા અને સમર્પણાત્મિકા એમ દ્વિવિધરૂપે ગતિ થઈ. અર્થાત્ **तदीयत्व** અને **तदाश्रयत्व** એમ બંને સિદ્ધ થયાં.

"**कृष्ण एव गतिर्मम**" કહી શ્રીઆચાર્યજી એમ આશિર્વચન આપે છેકે જેવી શ્રીવલ્લભની કૃષ્ણમાં ગતિ છે એવી ગતિ આ ગ્રંથનું નિત્ય પઠન કરનારનીય થાય.

કેવા કૃષ્ણના આશ્રયની ભાવના શ્રીઆચાર્યચરણ આ ગ્રંથમાં કરે છે ? શ્રીકલ્યાણરાયજી આજ્ઞા કરે છેકે, "જેની લીલાના લવના સંસ્પર્શથી, અન્ય ફલો રુચતાં નથી, તેવા શ્રીરાધાજીના હૃદયને આનંદ આપવાવાળા શ્રીકૃષ્ણમાં મારી ગતિ થાવ." જીવનું સામર્થ્ય નથી કે કૃષ્ણ તરફ ગતિ કરી શકે, પણ પરમકૃપાલુ કૃષ્ણ જીવની ગતિ માટે સ્વયં તૈયાર થાય ત્યારે જીવનું કૃષ્ણાશ્રય સિદ્ધ થાય. "પ્રભુ હું જેવો છું તેવો તારો છું" એવો ભાવ **कृष्ण एव गतिर्मम** માં અવસ્થિત છે. બુલામિશ્રનો કૃષ્ણાશ્રય સ્નેહપૂર્વકનો હોવાથી એ ભકત્યંગ છે, કેવલ પ્રપત્તિમાર્ગીય નથી.

કૃષ્ણાશ્રય ગ્રંથના શ્રવણથી બુલામિશ્રને માનસી સેવોપયોગી ભાવાત્મક અવસ્થાનું દાન થયું હોવાથી, ગ્રંથના એક એક શ્લોકના શ્રવણથી, બુલાનું અંતઃકરણ, ક્રમશઃ કેવી કેવી અલૌકિક સ્થિતિને પ્રાપ્ત કરે છે તે અવલોકનીય છે. કૃષ્ણાશ્રય ગ્રંથને આવી અલૌકિક સિદ્ધિઓના દાતા ન માનીએ તો એના શ્રવણથી બુલાને માનસી સેવાની ગરિમા સિદ્ધ ન થાય, તેથી શ્રીવલ્લભના શબ્દો, અર્થ, ઉદ્દેશ્ય અને

ભાવ એમ બધું જ સમજવાથી કૃષ્ણાશ્રય ગ્રંથનું હાર્દ સમજાશે. આ ગ્રંથની એક ચમત્કૃતિ એવી છેકે, આ ગ્રંથના પહેલાં છ શ્લોકમાં ધર્મના જે છ અંગોની વિફલતા આચાર્યજી બતાવે છે એજ છ અંગોનું પુષ્ટિકરણ, શ્રીમહાપ્રભુજી પોતાના અન્યથાકર્તુમ સામર્થ્યથી બુલામિશ્ર માટે કરે છે.

<u>શ્લોક - ૧લો</u> :-

**सर्वमार्गेषु नष्टेषु कलौ च खलधर्मिणी ।**
**पाषण्डप्रचुरे लोके कृष्ण एव गतिर्मम ॥**

ખલધર્મવાળા કલિયુગમાં સર્વ માર્ગો નષ્ટ થઈ ગયાં છે અને પાષંડનો પ્રચાર થયો છે. બુલા મિશ્રને જ્ઞાન થઈ ગયું છેકે કૃષ્ણતો કાલના પણ કાલ હોવાથી આચાર્યચરણ **कृष्ण एव गतिर्मम** ની આજ્ઞા કરે છે. આ શ્લોકના શ્રવણથી બુલામિશ્ર પરથી કાલનો પ્રભાવ નિવૃત્ત થઈ જાય છે. આચાર્યજી સ્વયં બુલાને કહે છેકે, "**अब तुमको संसार दुःख तो लगेगो नाहिं ।**" કયા જીવના મસ્તક પરથી કાલનો પ્રભાવ જાય ? શ્રીગુસાંઈજીના એક સેવક માજીની વાર્તામાં સ્પષ્ટ આવે છેકે, એમને ઠાકુરજીના મનોરથો કરવા હતાં એટલે કાલને નવ વખત પાછો વાળ્યો. બુલામિશ્ર પણ મનોરથી જીવ છે એ એમની વાર્તા સમજાવશે. શરણે આવ્યાં પહેલા બુલાને વિદ્યા સંપાદન કરવાનો મનોરથ થયો, પછી સરસ્વતીએ માંગવા કહ્યું ત્યારે ભગવાનનાં દર્શનનો બુલાને મનોરથ થયો. આચાર્યજીના શરણે આવ્યાં

ત્યારે ભક્તિ ઉપલબ્ધ કરવાનો મનોરથ થયો. તેથીજ મનોરથી બુલાને, આચાર્યશ્રી કૃષ્ણાશ્રયનો પ્રથમ શ્લોક કહી, એમને કૃષ્ણના વિવિધ મનોરથોમાં રમતાં કરી દે છે. એના પછી બુલામિશ્ર કાલને અનુકૂળ અને કાલાતીત મનોરથો કરે છે. **कृष्ण एव गतिर्मम** કહેવાથી બુલામિશ્રની અહંતા અને મમતા ભગવદીય બને છે. કૃષ્ણમાં મમતા ઉત્પન્ન થવાના કારણે બુલાની ભગવદીય અહંતા, મનોરથ દ્વારા પોતાની ગતિ કૃષ્ણમાં શોધી રહી છે. વાર્તા કહે છેકે, **"सो मन अलौकिक होइ श्रीठाकुरजीमें लाग्यो ।"** બુલાની મતિ અને ગતિ કૃષ્ણ રતિમય બની ગયાં છે. બુલાના હૃદયમાં વૈશ્વાનર બિરાજે છે. એ ડરના કારણે તો કલિકાલ, પુષ્ટિ ભક્તને થોડા જ સાધનમાં ફલ સિદ્ધ કરાવવા માટે પ્રસિદ્ધ બની ગયો છે.

<u>શ્લોક - ૨જો</u> :-

**म्लेच्छाक्रान्तेषु देशेषु पापैकनिलयेषु च ।**
**सत्पीडाव्यग्रलोकेषु कृष्ण एव गतिर्मम ॥**

મ્લેચ્છોથી ઘેરાયેલા સર્વદેશો પાપનાં સ્થાન રૂપ બની ગયાં છે. સત્પુરૂષો પીડાગ્રસ્ત છે. પરંતુ મહાપ્રભુજીને શરણે આવેલા પુષ્ટિ જીવોને આવા આસુરી દેશો પણ બાધક નથી થઈ શક્તાં. કાબુલમાં રહેતાં માધવદાસજીએ, ત્યાં બેઠા, વ્રજલીલાની અનુભૂતિ કરી. તેમણે ઠાકુરજીની આવની લીલાનાં દર્શન કર્યાં. તેમ બુલામિશ્રનેય આ શ્લોકમાં આવેલા **देशेषु** શબ્દના શ્રવણથી, એ જ્યાં રહેતાં હતાં તે

સ્થાન (**निलय**) વ્રજ દેશ બની ગયું. તેથી જ વાર્તામાં બુલામિશ્રને આજ્ઞા કરતાં શ્રીમહાપ્રભુજી કહે છેકે, "**तुम जहां रहेगो तहां हमारे पासही रहेगो ।**" "**व्रजप्रियः**" શ્રીવલ્લભની સદા પાસે રહેનાર, બુલાના અંત:કરણમાંય વ્રજમંડલ જ બિરાજેને ?

કૃષ્ણાશ્રયના પહેલાં શ્લોકમાં જોયું તેમ બુલાને એ શ્લોક સાંભળતાં પ્રભુ માટે મનોરથો કરવાની ભાવતરંગો જાગી. આ મનોરથો કરવાનું સ્થાન કયું એ દર્શાવવા બીજા શ્લોકમાં દેશેષુ શબ્દથી વ્રજભૂમિનું અર્થઘટન કર્યું. આ મનોરથો કેવા હશે ? વ્રજલીલા સંબંધિત. બુલામિશ્ર સદા માનસીમાં વ્રજમાં વિહાર કરવા લાગ્યાં.

<u>શ્લોક - ૩જો</u> :-

**गंगादितीर्थवर्येषु दुष्टैरेवावृत्तेष्विह ।**
**तिरोहिताधिदैवेषु कृष्ण एव गतिर्मम ॥**

સર્વ તીર્થો દુષ્ટ લોકોથી આવૃત્ત થઈ ગયાં હોવાથી ગંગાદિતીર્થોમાંથી એમના અધિદેવતા તિરોહિત થઈ ગયાં છે. રુકિમણી બેટી જેવા ભગવદીયો તીર્થમાં સ્નાન કરવા પધારે ત્યારે ગંગાદિ નદીઓ પણ શુદ્ધ થાય છે. તીર્થ પવિત્ર થાય છે. એ વખતે ભગવદીયના હૃદયમાં બિરાજેલા ભગવાન ગદાથી તીર્થસ્થાન કે નદીમાં રહેલાં પાપોનો વિનાશ કરે છે.

ગંગાદિ તીર્થવર્યમાં શ્રીયમુનાજીને ન ગણવા કારણકે આપ તો નિત્યલીલા સ્થલી વ્રજમંડલમાં સદા આધિદૈવિક સ્વરૂપે પણ બિરાજે છે. આગલા શ્લોકમાં જોયું કે બુલામિશ્રએ પોતાના મનોરથો વ્રજભૂમિમાં સિદ્ધ કર્યા. વૃન્દાવનનો રાસવિહાર તો એમને સિદ્ધ થયો પણ યમુનાપુલિનમાં રાસ અને જલક્રીડાનો મનોરથ **गंगादितीर्थवर्येषु** શ્લોકના શ્રવણથી સિદ્ધ થયો. બીજા શ્લોકમાં જોયું તેમ બુલાના અંતરમાં વ્રજભૂમિ પ્રકટ થયાં. તેના કારણે બુલાના હૃદયમાં ત્રીજા શ્લોકમાં શ્રીયમુનાજીય સહેજતાથી પ્રકટ થઈ ગયાં.

<u>શ્લોક - ૪થો</u> :-

**अहंकारविमूढेषु सत्सु पापानुवर्तिषु ।**
**लाभपूजार्थयत्नेषु कृष्ण एव गतिर्मम ॥**

સત્પુરૂષો અહંકારમાં વિમૂઢ થઈ ગયાં છે અને પાપી પુરૂષોને અનુસરવાવાળા બની ગયાં છે. લાભ અને પ્રતિષ્ઠા માટે એમના સર્વ પ્રયત્નો છે. તેથી આ સમયમાં કર્તા જ અશુદ્ધ છે.

પરંતુ આ શ્લોકના શ્રવણથી બૂલામિશ્રમાં અલૌકિક કર્તાપણું સિદ્ધ થયું. તેથીજ, આચાર્યજી સ્વયં બૂલાને આજ્ઞા કરે છેકે, "**तिहारे संगते कितनेक जीव कृतार्थ होइगे ।**" બૂલામાં અલૌકિક કર્તાપણું હતું એટલે તો એમણે હરિવંશ પુરાણના એક જ શ્લોકનો પાઠ કરાવીને એમના યજમાનની વાંઝણી પત્નીને એક ભગવદીય પુત્રનું દાન કરે છે.

મહાપ્રભુજીએ પુષ્ટિજીવને અલૌકિક કર્તાપણાનું દાન ભગવત્સેવા માટે આપ્યું છે, કારણકે આપ **कर्ममार्गप्रवर्तक** છે. ગોકુલેશપ્રભુ સર્વોત્તમજીના આ નામની વ્યાખ્યામાં સૂચન કરે છેકે, આ નામનું સાર્થક્ય પ્રભુની ભાવભાવના સહિત કરાયેલી સેવામાં છે.

મનોરથો પ્રતિદિન પણ હોઈ શકે પણ પલપલમાં તો પુષ્ટિજીવ જ સમર્પિત રહી શકે છે. અર્થાત્ અલૌકિક કર્તાપણાના કારણે, બુલામિશ્ર અખંડિત સમર્પિત છે અને તે પણ વ્રજભક્તોના ભાવથી. સ્વયં એ જ વ્રજભક્ત બની ગયાં છે.

**શ્લોક - ૫મો :-**

**अपरिज्ञाननष्टेषु मन्त्रेष्वव्रतयोगिषु ।**
**तिरोहीतार्थदेवेषु कृष्ण एव गतिर्मम ॥**

જીવોને મંત્રનું પરિજ્ઞાન ન હોવાથી, વ્રતાદિકનો યોગ ન હોવાથી, અર્થરૂપ દેવતા તિરોહિત થઈ જવાથી, મંત્રો નષ્ટપ્રાય બની ગયાં છે.

આ શ્લોકના શ્રવણથી બૂલામિશ્રને મહામંત્ર અષ્ટાક્ષરની વિવિધ ગતિઓ સિદ્ધ થઈ ગઈ છે. **કૃષ્ણાશ્રય** ગ્રંથમાં અષ્ટાક્ષરનો અખિલ ભાવ વિદ્યમાન છે. આ ભાવમાં વિભોર બૂલામિશ્રને સ્વરૂપનિષ્ઠા સિદ્ધ થઈ ગઈ છે. એ સદા કૃષ્ણની સેવા, સ્મરણ, ગુણગાન, ધ્યાન, આશ્રય, દીનતા, વિપ્રયોગાદિમાં વિમગ્ન છે. એમને અલૌકીક દેહ સંપાદિત છે.

શ્લોક - ૬ઠ્ઠો :-

नानावादविनष्टेषु सर्वकर्मव्रतादिषु ।
पाषण्डैकप्रयत्नेषु कृष्ण एव गतिर्मम ॥

અનેક પ્રકારના વાદને કારણે સર્વ કર્મ અને વ્રતાદિક નષ્ટ થઈ ગયાં છે, કારણકે વાદીનો પ્રયત્ન વેદથી વિપરીત વચન કહી માત્ર પાખંડને ચલાવવા માટેનો છે. આવો ક્ષીણ થયેલો કર્મ માર્ગ, આચાર્યચરણની અન્યથાકર્તુમ્‌ના સામર્થ્યથી, બૂલામિશ્રમાં માનસીસેવા રૂપે પ્રકટ થયો છે. તેથીજ વાર્તા સ્પષ્ટ રીતે કહે છેકે બૂલામિશ્રને "मानसी फलरूप सेवाको इनकों दान श्रीआचार्यजी दीये । सो मन अलौकिक होइ श्रीठाकुरजीमें लाग्यो । बूलामिश्र रसोइ करि श्रीठाकुरजीको मानसी रीतिसों भोग धरे ।"

શ્લોક - ૭મો :-

अजामिलादिदोषाणां नाशकोऽनुभवे स्थितः ।
ज्ञापिताखिलमहात्म्यः कृष्ण एव गतिर्मम ॥

અજામિલ જેવા પાપીના દોષો ભગવદ્ નામથી નિવૃત્ત થયાં છે. આ શ્લોકમાં પ્રભુના નામનું માહાત્મ્ય પ્રકટ થયું છે. દેશાદિની અપેક્ષા રાખ્યા વિના ભગવદ્‌નામ લેનાર જીવની શુદ્ધિ થાય છે. પ્રભુનું નામ, અજ્ઞાન અને પાપ નિવારક છે, તથા ઈષ્ટની પ્રાપ્તિ કરાવનાર પણ છે. આશ્રય સિદ્ધ કરાવનાર છે. ભાવ વર્ધક છે.

અજામિલે નારાયણનું નામ પુત્રને સંબોધીને લીધું, પણ "નારાયણ" શબ્દને પ્રભુએ પરંપરાથી સ્વનામ સાથે જોડીને અજામિલનું કાર્ય સિદ્ધ કર્યું. પાપને નિવૃત્ત કરવું એ કૃષ્ણનામનું અવાંતર ફલ જ છે. વાસ્તવમાં કૃષ્ણનામ દ્વિદલાત્મક હોવાથી, નામ, નામીનો સંયોગ કરાવનાર અને નામીના અભાવમાં એ નામીનો વિપ્રયોગ કરાવનાર છે. કૃષ્ણનામે ભગવદીયની શી દશા કરી એના દર્શન કરવા જેવા છે. "**कृष्ण नाम जबतें श्रवण सुन्योरी आली, भूलीरी भवन हों तो बावरी भइ री । भर-भर आवे नयना चितहुं न परे चैना, तनकी दशा कछु और भइरी ।**" કૃષ્ણનામ જપનાર, ભગવત્પ્રેમથી આવિષ્ટ થઈ જાય છે. આશકરણ રાજાએ કુંભનદાસજીને કેવલ જયશ્રીકૃષ્ણ જ કર્યા, એમાં તો પ્રેમસભર બનેલા કુંભનદાસના નેત્ર સજલ બની ગયાં. તેવી જ રીતે **कृष्ण एव गतिर्मम** બોલતાં બૂલામિશ્ર "**कृष्ण**" શબ્દ માત્ર થી જ રોમાંચિત થઈ જાય છે અને "**गतिर्मम**" કહેતાં એ શ્રીકૃષ્ણલીલામાં વિભોર થઈ જાય છે. આ શ્લોકથી બૂલામિશ્રનો ધર્મ પુરુષાર્થ સિદ્ધ થાય છે.

**શ્લોક - ૮મો :-**

**प्राकृताः सकला देवा गणितानन्दकं बृहत् ।**
**पूर्णानन्दो हरिस्तस्मात् कृष्ण एव गतिर्मम ॥**

સકલ દેવો પ્રાકૃત છે. અક્ષરબ્રહ્મ ગણિતાનંદરૂપ છે. પૂર્ણાનંદ તો કેવલ શ્રીકૃષ્ણ જ છે. એટલે એ દુઃખહર્તા અને પૂર્ણઆનંદ કર્તા છે. તેથી "શ્રીકૃષ્ણ જ મારી ગતિ થાવ",

એમ આચાર્યચરણ આજ્ઞા કરે છે.

આ શ્લોકમાં શ્રીમહાપ્રભુજી ભગવત્સ્વરુપના માહાત્મ્યનું વર્ણન કરે છે. શ્રીસુબોધિનીજીમાં શ્રીઆચાર્યચરણ આજ્ઞા કરે છેકે, "**यत्र नाम्न एव एतादृशं महात्म्यं, तस्य स्वरूपमहात्म्यं किं व्यक्तव्यमित्याह ।**" આ શ્લોકમાં શ્રીવલ્લભ, ભગવત્સ્વરૂપનો મહિમા વર્ણન કરી, અર્થ પુરુષાર્થને પ્રકટ કરે છે. અર્થાત્ પૂર્ણાનંદ શ્રીહરિ જ પુષ્ટિભક્તનો અર્થ પુરુષાર્થ છે.

બૂલામિશ્રને અનુભૂત થતું, પૂર્ણાનંદ સ્વરૂપ રસાત્મક ભાવાત્મક છે. પૂર્ણાનંદ વ્રજજનના પ્રિય છે. એટલે પૂર્ણાનંદ શબ્દથી મહાપ્રભુજી વ્રજભક્ત સહિત પુરુષોત્તમને શરણે પુષ્ટિજીવને લઈ જાય છે.

પૂર્ણાનંદ કૃષ્ણ પૂર્વોત્તરદલાત્મક હોવાથી બૂલામિશ્રને કૃષ્ણના દ્વિદલાત્મક શૃંગાર રસની અનુભૂતિ થાય છે.

**શ્લોક - ૯મો** :-

**विवेकधैर्यभक्त्यादिरहितस्य विशेषतः ।**
**पापासक्तस्य दीनस्य कृष्ण एव गतिर्मम ॥**

વિવેક, ધૈર્ય અને નવધા ભક્તિથી રહિત, પાપમાં આસક્ત એવો સાધન વગરનો હું દીન છું, તેથી કૃષ્ણ જ મારી ગતિ થાવ.

આ શ્લોકમાં કામ પુરુષાર્થ ગર્ભિત હોવાથી અને એને

સિદ્ધ કરવા વિવેક, ધૈર્યાદિનો અભાવ હોવાથી આચાર્યચરણ આ પુરૂષાર્થને સિદ્ધ કરવાનું સાધન બતાવતા આજ્ઞા કરે છેકે, "**कृष्ण एव गतिर्मम**", "**विवेक धैर्यादि**" માં આદિ પદથી પુણ્ય પણ આવી શકે છે.

શ્રીમહાપ્રભુજીએ બહુ જ ખૂબસુરતીથી અને ગંભીર આશયથી **दीनस्य** શબ્દને **पापासक्तस्य** અને **कृष्ण एव गतिर्मम** ની વચમાં રાખ્યો છે. આ શ્લોકના પઠનથી, કોઈપણ જીવના હૃદયમાં, કૃષ્ણ ચરણ ધરવાની ઈચ્છા કરે, તો આપના કોમલ શ્રીચરણ જીવના "પાપાસક્તપણા" પર ન પડતાં દૈન્ય પર પધારે, એના માટે **दीनस्य-कृष्ण एव गतिर्मम** એમ કહ્યું. અર્થાત્ શ્રીમહાપ્રભુજી, ભક્તના હૃદયમાં શ્રીચરણને પધરાવવા માટે, દીનતાનો મુલાયમ પેંડો પાથરે છે. **दिनस्य** શબ્દને **कृष्ण** સાથે જોડીને. દૈન્ય વગરનો અને સાધનવાળો કે સાધન રહિત જીવ પણ આ શ્લોકના પઠનથી ધીરેધીરે દીનતા અને નિઃસાધનતાના ભાવમાં પ્રવેશી શકે છે. વાક્પતિ શ્રીવલ્લભની વાણીનું આવું પ્રાબલ્ય છે.

પ્રારંભ અવસ્થાથી લઈને ભક્તિની ઉત્તમોત્તમ અવસ્થામાં દૈન્ય અનિવાર્ય છે. બૂલામિશ્રને ચિરદૈન્યભાવ સિદ્ધ છે.

<u>શ્લોક - ૧૦મો</u> :-

**सर्वसामर्थ्यसहितः सर्वत्रैवाखिलार्थकृत् ।**
**शरणस्थसमुद्धारं कृष्णं विज्ञापयाम्यहम् ॥**

સર્વસામર્થ્ય સહિત, સર્વ સ્થળે, સર્વ અર્થને આપનાર અને શરણાગત જીવના ઉદ્ધારક શ્રીકૃષ્ણને "હું વિનંતી કરૂં છું" એમ શ્રીમહાપ્રભુજી કહે છે.

પૂર્વોકત શ્લોકમાં પોતાને વિવેક, ધૈર્ય, ભકત્યાદિ રહિત કહેનાર પુષ્ટિજીવ, પોતાના અસામર્થ્યને પ્રકટ કરે છે. કેવલ અસમર્થતા પ્રકટ કરવાથી જીવ હીનતાને અભિવ્યક્ત કરતો હોય છે. "સૂર હોકે કાહે ધિધાવત હો ?" પરંતુ પોતાના અસામર્થ્યને પ્રભુનાં સામર્થ્યના સંદર્ભમાં કહેવાથી જીવની હીનતા, દીનતાનું સ્વરૂપ ધારણ કરે છે. તેથીજ આ શ્લોકમાં શ્રીઆચાર્યચરણ કૃષ્ણના સર્વસામર્થ્યયુક્ત સ્વરૂપનું વર્ણન કરે છે. નિઃસાધન, સુસાધન અને દુષ્ટસાધન એવા સર્વઆશ્રિત પુષ્ટિજીવોના પ્રભુ જ ઉદ્ધારક છે, એમ કહેવાનો શ્રીવલ્લભનો આશય છે. જીવના અપરાધો એટલા મોટા નથી હોતા કે સર્વસમર્થ ઠાકુરજી એનું નિવારણ ન કરી શકે. તેથીજ શ્રીસુબોધિનીજીમાં આચાર્યજી આજ્ઞા કરે છેકે, "**शरणागतस्थ सर्वे अपराधा निवृत्ता भवन्तीति ।**"

"હે પ્રભુ ! હું આપનો છું", એમ હૃદયથી માનવાથી ભગવાન એને અભયનું દાન કરે છે. એકવાર શરણે આવેલાનું પ્રભુ રક્ષણ કરે તો ભજન કરનારનું સર્વદા પ્રભુ રક્ષણ કરે એ સિદ્ધાંત નિર્વિવાદ છે. નિરપેક્ષ થઈને ભગવદ્‌ભજન કરનારનું પ્રભુ રક્ષણ અને પોષણ કરવામાં કોઈજ મર્યાદા રાખતાં નથી.

જે ભાવનાથી જીવ પ્રભુને શરણે જાય એને અનુલક્ષીને

ઠાકુરજી એનો ઉદ્ધાર કરે છે. શરણે આવતાં પહેલાં બૂલામિશ્ર શ્રીઆચાર્યજીને વિનન્તી કરે છેકે, "**मोको भक्ति होउ ।**" કૃષ્ણાશ્રય ગ્રંથ રચીને શ્રીમહાપ્રભુજી, બૂલાને ઉત્તમભક્તિનું દાન કરે છે. શ્રીગોકુલેશ પ્રભુએ વાર્તાસાહિત્યમાં, ષોડશગ્રંથને અનુકૂલ વાણી રાખી છે. એનું પ્રમાણ "**सर्वसामर्थ्ययुक्त**" શબ્દથી મળે છે. ઠાકુરજીની જેમ બૂલામિશ્ર પણ સર્વસામર્થ્યયુક્ત છે. એમ આશયને પ્રકટ કરતાં વાર્તા કહે છે, "**जैसे भगवान सर्वसामर्थ्य युक्त है तैसे भगवदीय हु सर्व सामर्थ्ययुक्त है ।**"

કૃષ્ણાશ્રય ગ્રંથનો, ભાવથી પઠન કરનાર જીવ માટે, ઠાકુરજી પોતાના સર્વસમર્થ સ્વરૂપથી એનો ઉદ્ધાર કરે છે, કારણકે એની વિનંતી શ્રીવલ્લભે કૃષ્ણને કરી છે. "**कृष्णं विज्ञापयाम्यहम् ।**"

<u>શ્લોક - ૧૧મો</u> :-

**कृष्णाश्रयमिदं स्तोत्रं यः पठेत् कृष्णसन्निधौ ।**
**तस्याश्रयो भवेत् कृष्ण इति श्रीवल्लभोऽब्रवीत् ॥**

કૃષ્ણાશ્રય સ્તોત્રનો, કૃષ્ણના સાન્નિધ્યમાં જે પાઠ કરશે, એને કૃષ્ણનો આશ્રય સિદ્ધ થશે. અહીં મહાપ્રભુજી કૃષ્ણની સમીપ પાઠ કરવાનું નથી કહેતાં, કૃષ્ણની સન્નિધાનમાં પાઠ કરવાની આજ્ઞા કરે છે. દરેક સામિપ્યમાં સાન્નિધ્ય નથી હોતું. ભાવથી પાઠ કરવાથી કૃષ્ણનું સાન્નિધ્ય મળે છે. પછી ભલેને એ વખતે કૃષ્ણનું સામિપ્ય ન પણ હોય અને ભાવ વગર પાઠ કરવાથી કૃષ્ણનું સામિપ્ય હોવા છતાંય

સાન્નિધ્ય હોતું નથી. તેથી જ કૃષ્ણાશ્રયનો પાઠ કરતી વખતે, "હે કૃષ્ણ ! હું આપનો જ છું, આપ મારા છો, તેથી આપ જ મારી ગતિ થાઓ." એવો ભાવ સ્થિર થઈ જવાથી કૃષ્ણનો આશ્રય સિદ્ધ થાય છે. "**तस्याश्रयो भवेत्कृष्ण**" નો આ આશય છે. પોતાના પુષ્ટિજીવને પ્રભુનો દુર્લભ આશ્રય સુલભ બને એના માટે શ્રીઆચાર્યચરણ કૃષ્ણાશ્રય ગ્રંથને સાધન બનાવે છે.

કૃષ્ણના આશ્રયની ભાવના કરનાર જીવે, કેવલ આશ્રયની ભાવના જ ન કરવી, નહીં તો એની ગતિ પ્રપત્તિમાર્ગમાં થશે. "**कृष्ण एव गतिर्मम**" માં "**गति**" શબ્દનો આશય આશ્રય અને સમર્પણ એ બંન્ને સંબંધિત હોવાથી, પુષ્ટિજીવે આ ગ્રંથનો પાઠ કરતી વખતે એવી ભાવના કરવી કે, "પ્રભુ, આપ મારૂં શરણ થાઓ અને આપને જ સદા હું સમર્પિત રહું." આવી ભાવના કરવાથી આશ્રય ભક્તિનો અંગ બનીને રહેશે.

કૃષ્ણાશ્રય ગ્રંથના પઠનથી કૃષ્ણનો આશ્રય સિદ્ધ થાય એના માટે મહાપ્રભુજી પોતાની જ કાનિ આપતા કહે છેકે, "**इति श्रीवल्लभोऽब्रवीत् ।**"

ભક્તિ કરનાર પુષ્ટિભક્ત, પ્રભુ તરફ અભિગમન કરતો હોય છે અને એમાં આશ્રય ઉમેરાય તો કૃષ્ણ, ભક્તની દિશામાં પધારતાં થઈ જાય છે. તેથી ભકત્યાત્મક આશ્રય કરવાથી, ભક્ત અને કૃષ્ણના મિલન વચ્ચેનો અંતરાય ઘટી જાય છે.

"**यो यथा माम् प्रपधन्ते**" ની દૃષ્ટિથી જોઈએ તો

બૂલામિશ્ર અને એમના ઠાકુરજીની ભકિત અને આશ્રય પરસ્પર છે. "**तस्याश्रयो भवेत् कृष्ण**" નો આવો ગૂઢાર્થ છે. પ્રભુને પોતાના ભક્ત વગર ન ચાલે એ જ તો ઠાકુરજીનો ભક્ત સંબંધિત પ્રેમાસ્પદ આશ્રય છે. ભક્તાશ્રિતપણું છે. ભક્તને આવી સિદ્ધિ મળવાનું કારણ છે, "**इति श्रीवल्लभोऽब्रवीत्**" અર્થાત્ પ્રભુ ભક્તાધીન થઈ જાય એમાં તો શ્રીવલ્લભના આવા ઉદ્‌ગારની "**इतिश्री**" છે.

"**कृष्ण एव गतिर्मम**" કહેનાર બૂલામિશ્રની કેવલ કૃષ્ણમાં જ ગતિ નથી પણ કૃષ્ણની જ્યાં ગતિ છે એવી સ્વામિનીઓના ચરણકમલમાં ય બૂલાની મતિ, ગતિ અને ભક્તિ છે. તેથી જ વાર્તા કહે છેકે, "**बूलामिश्रको श्रीठाकुरजीकी लीलाको अनुभव होन लाग्यो ।**"

જેમને કૃષ્ણાશ્રય સિદ્ધ થઈ ગયો છે તેવા બૂલામિશ્રની પ્રતિભાનું વર્ણન કરતાં શ્રીહરિરાયચરણ વાર્તાના ભાવપ્રકાશમાં આજ્ઞા કરે છેકે, "**भगवदीय भक्ति मुक्तिके दाता है । चाहे तो तत्काल श्रीठाकुरजीसों मिलाय दे ।**"

આ ગ્રંથનું વિહંગાવલોકન કરીએ તો એમ જણાશે કે, ગ્રંથના પહેલા ત્રણ શ્લોકના શ્રવણથી બુલાને લોકાશ્રયની વિફલતા સમજાઈ ગઈ છે. પછીના ત્રણ શ્લોકથી એમણે વેદાશ્રયની વિફલતા જાણી લીધી છે. એ પછીના ત્રણ શ્લોકના શ્રવણથી બુલામિશ્ર કૃષ્ણાશ્રયની મહત્તાથી અવગત થઈ ગયાં છે. અંતિમ બે શ્લોકના શ્રવણથી, **पृथक शरण मार्ग** એમના હૃદયમાં ભકત્યંગ રૂપે સ્થિર થઈ ગયો છે.

કૃષ્ણાશ્રય સિદ્ધ થવાથી બૂલામિશ્ર માટે ઈતર સર્વ વિભૂતિ સહિત આશ્રયોનું નિવારણ થયું છે. આચાર્યચરણે બૂલાને **कृष्णाश्रय** ગ્રંથનો પાઠ પ્રથમવાર કરાવ્યો ત્યારે એમને સર્વશાસ્ત્રના ગુહ્યતમ રહસ્યનો ઉપદેશ થઈ ગયો, લીલાનો અનુભવ પણ થવા લાગ્યો. "**मन अलौकिक होइ श्रीठाकुरजीमें लाग्यो तत्पश्चात् बूलामिश्र, श्रीभागवत सुबोधिनीजी तथा श्रीआचार्यजी के ग्रंथके पाठके भावमें मगन रहेतें ।**" **कृष्णाश्रय** ની કૃપાથી બૂલાને શ્રીવલ્લભની નિગૂઢ વાણીમાંય પ્રવેશ મળી ગયો છે.

કૃષ્ણાશ્રય ગ્રંથમાં ઉત્તરદલાત્મક વિપ્રયોગના ભાવની અનંત ગતિઓ વિદ્યમાન છે. તેથીજ બૂલામિશ્રને વિપ્રયોગ જનિત માનસી સેવા સિદ્ધ થઈ છે. વાર્તાના અંતમાં શ્રીગોકુલનાથજીય આજ્ઞા કરે છેકે, બૂલામિશ્ર "**सदा मानसी फलरूप सेवामें भगवद्रसमें मगन रहेते ।**" કૃષ્ણાશ્રયના દશ શ્લોકમાં વિરહની દશાવસ્થા છે. દશમ અવસ્થા ન થાય એના માટે આચાર્યજી દશમાં શ્લોકમાં પ્રભુને "સર્વસામર્થ્યસહિત" કહે છે. **कृष्णाश्रय** ગ્રંથ વિપ્રયોગના ભાવથી કેટલો સભર છે, એનો આસ્વાદ લેવા આ ગ્રંથના કેવલ પ્રથમ શ્લોકની વિયોગાગ્નિરૂપ વ્યાખ્યાનું અવગાહન કરી લઈએ. પ્રથમ શ્લોકમાં એક વ્રજાંગના વિપ્રયોગના એવા ભાવથી ભાવિત છેકે, "પ્રભુ મિલનના મારા સર્વ માર્ગો બંધ થઈ ગયાં છે, નષ્ટ થઈ ગયાં છે," "**सर्वमार्गेषु नष्टेषु ।**" **नष्टेषु** શબ્દને દેહલીદિપન્યાયથી લઈશું તો **कलौचखलधर्मिणी अपि नष्टेषु** એમ અર્થ થશે. કલૌ એટલે કલહ. પ્રભુ

પોતાને રસદાન ન કરતાં હોય અને અન્ય ભક્તને કરે, એના કારણે, ખલધર્મી જે કલહ છે, તે પણ હવે નષ્ટ થઈ ગયો છે. વ્રજભક્ત, અહીં પોતાના નિર્ગુણ ભક્તિના દર્શન કરાવે છે. **पाषंड प्रचुरे लोके** માં **लोक** શબ્દથી એક સખીજન લઈએ અર્થાત્ આ વિરહી ભક્તે, પોતાની સખીને શ્રીઠાકુરજીને પધરાવવા મોકલ્યા, તો સખીએ મારી સાથે અલૌકિક પાષંડ કરી, ઠાકુરજી સાથે સ્વયં વિહાર કરવા લાગ્યાં. **पाषंडे प्रचुरे लोके** એના ચિન્હો આ સખીના શ્રીઅંગ પર સ્પષ્ટ દેખાય છે. તેથી વિરહી સખીજન વિચારી રહ્યાં છેકે, હવે જ્યાં મારા સાધન ગયાં છે, કલહ ગયો છે, સખી પણ મદદરૂપ નથી, ત્યારે હે કૃષ્ણ આપજ મારી ગતિ છો "**कृष्ण एव गतिर्मम ।**"

કૃષ્ણાશ્રયગ્રંથના આવા વિપ્રયોગાત્મક પ્રભાવથી બુલામિશ્રને માનસી સેવા વણપ્રયાસ સિદ્ધ થાય એ સ્વાભાવિક છે.

## ૨૫૨વૈષ્ણવ વાર્તા ૧૩૮- એક પટેલ જેમણે દાતરડું વેંચીને શ્રીગુસાંઈજીને ભેંટ ધરી

## (લીલાનું નામ- "બ્રહ્મવિદ્યા") (સાત્વિક ભક્ત)

આ પટેલની આજીવિકારૂપ એક દાતરડું હતું, તેને વેંચીને એમાંથી નિપજેલ બે પૈસા એમણે શ્રીગુસાંઈજીને

ભેટ ધરી દીધાં. ત્યારે શ્રીવિઠ્ઠલેશપ્રભુ આજ્ઞા કરે છેકે, "**याने सर्वस्व भेंट कियो है । याकौ सर्वस्व दरांति हती । जातें याकौ निर्वाह होतो । सो याने बेचिकै वह टका आयो सो भेंट करि दियो है । सो इतनो नाहिं विचार्यो जो-मैं दरांती बेचूंगो तो सबेरे मेरो निर्वाह कैसें होइगो ?**" ભગવદાશ્રયના બલ પર જેમ ગદાધરદાસજીએ શ્રીઠાકુરજીને કેવલ જલની લોટી ધરીને નિર્વાહ કર્યો, તેમ બૂલામિશ્રનો "**कृष्णाश्रय**" નો ભાવ, આ પટેલમાં સ્થિર થઈ ગયેલો હોવાથી, એના બલ પર એમણે આવું સર્વ સમર્પણ કર્યું. "આવતી કાલે ઠાકુરજી જેમ રાખશે તેમ રહીશું" એવી મનમાં નિર્ભરતા રાખી. બૂલામિશ્રની જેમ આ પટેલનેય "કૃષ્ણાશ્રય" ભક્ત્યંગ રૂપે સિદ્ધ થયેલ છે અને તેથીજ એમનો આશ્રય સર્વસમર્પણમાં ફલિત થયેલ છે.

## ૨૫૨વૈષ્ણવ વાર્તા ૧૩૭ - ઋષિકેશ

## (લીલાનું નામ- "મનઆતુરી") (રાજસ ભક્ત)

જેમ શરણે આવવા બૂલામિશ્ર અત્યાતુર હતાં, તેમ ઋષિકેશ પણ શ્રીગુસાંઈજીને અતિઆતુરતાથી વિનન્તી કરે છેકે, "**वेगि अंगीकार कीजिए । अब विलंब सह्यो जात नाहिं ।**" ઋષિકેશનું લીલાનું નામ પણ "મનઆતુરી" છે.

"**पापासक्तस्य दिनस्य कृष्ण एव गतिर्मम ।**" બૂલામિશ્રની દીનતા ઋષિકેશમાં પ્રતિબિંબિત થાય છે. એ જ્યારે શ્રીગુસાંઈજીને ઘોડો ભેટ ધરે છે, ત્યારે શ્રીવિઠ્ઠલેશપ્રભુ

આજ્ઞા કરે છેકે, **"तु मेरे मनकी जानी ।"** પરંતુ ઋષિકેશ દીનતાથી વિનંતી કરે છેકે, **"जो-महाराज ! हमतो अज्ञानी जीव है । कछु जानत नाहिं और आपतो दयाल हो । सो हमारे उपर कृपा करत हो ।"**

બૂલામિશ્રની વૈષ્ણવ પ્રત્યેની પ્રીતિ પણ ઋષિકેશમાં પ્રતિબિંબિત થાય છે.

## ૨૫૨વૈષ્ણવ વાર્તા ૧૩૬ - મેહા ધીમર
## (લીલાનું નામ - "મંજીરા") (તામસ ભક્ત)

**કૃષ્ણાશ્રય** માં આજ્ઞા કરી કે, **"शरणस्थ समुद्धारम्"** અર્થાત્ જે ભાવનાથી પુષ્ટિજીવ પ્રભુને શરણે જાય છે, તદ્દભાવનાનુસાર પ્રભુ એનો ઉદ્ધાર કરે છે. શરણે આવીને મેહા ધીમર શ્રીગુસાંઈજીને વિનન્તી કરે છેકે, **"महाराज मोको भगवत्सेवा पधराय दो"** તો ઠાકુરજીય એમનો ઉદ્ધાર સેવા પ્રણાલીથી કરે છે અને અનુક્રમે એમને ભગવત્સાનુભાવ, વિપ્રયોગ આદિના અનુભવોનું સાતત્ય ઉપલબ્ધ થાય છે.

મેહા ધીમરના હૃદયમાં "કૃષ્ણાશ્રય" ગ્રંથનો ભાવ કઈ મસ્તીથી વિલસે છે, એની ઝાંખી એમના રચેલા પદોથી કરી લઈએ ; **"श्रीविठ्ठल प्रभु महाउदार, महापतित सरनागति लिनो, निर्भे करि दिनो निर्धार ।"** મહાપતિત કહી મેહાએ **अजामिलादिदोषाणां नाशकोनुभवेस्थित** નો ભાવ પ્રકટ કર્યો. **पापासक्तस्य दिनस्य कृष्णएव गतिर्मम** ના ભાવનેય લડાવ્યો.

મેહાએ શ્રીવિઠ્ઠલેશને મહાઉદાર અને "નિર્ભે કરિ દિનો" કહી "**ज्ञापिताखिलमाहात्म्य**" નો ભાવ અભિવ્યક્ત કર્યો છે.

**कलौचखलधर्मिणी** નો આશય કહેતાં મેહા ગાએ છેકે, "યહ કલિકાલ કરાલ વ્યાલ સમ મેહા અધમકો મૂલહો" "શ્રીવિઠ્ઠલેશ કી શરની ન આયો જનમ આપુનો ખોયો હો." આ પદપંક્તિમાં કૃષ્ણાશ્રયના પહેલાં છ શ્લોકમાં દર્શાવેલ અન્ય સર્વ આશ્રયોની વિફલતા બતાવી છે.

"કૃષ્ણાશ્રય" ના પ્રતાપબલથી મેહાએ કયા અલૌકિક રસનું પાન કર્યું એ એમની આ પંક્તિ કહેશે. "જો સેવારસ સ્વાદ ન ચાખ્યો જનમ જનમસો રોયો હો" અર્થાત્ સેવારસ સ્વાદ કૃષ્ણાશ્રય ગ્રંથમાં ભક્ત્યંગરૂપ છે.

❖ ❖ ❖ ❖ ❖ ❖

# चतुःश्लोकी ।

सर्वदा सर्वभावेन भजनीयो व्रजाधिपः ।
स्वस्यायमेव धर्मो हि नान्यः क्वापि कदाचन ॥ १ ॥

एवं सदा स्म कर्त्तव्यं स्वयमेव करिष्यति ।
प्रभुः सर्वसमर्थो हि ततो निश्चिन्ततां व्रजेत् ॥ २ ॥

यदि श्रीगोकुलाधीशो धृतः सर्वात्मना हृदि ।
ततः किमपरं ब्रूहि लौकिकैर्वैदिकैरपि ॥ ३ ॥

अतः सर्वात्मना शश्वद्गोकुलेश्वरपादयोः ।
स्मरणं भजनं चापि न त्याज्यमिति मे मतिः ॥ ४ ॥

॥ इति श्रीमद्वल्लभाचार्यविरचिता चतुःश्लोकी सम्पूर्णा ॥

# ગ્રંથ - ચતુઃશ્લોકી

૮૪ વૈષ્ણવ વાર્તા ૩૨ - રાણાવ્યાસ
(લીલાનું નામ - "નાગવેલિકા")

૨૫૨વૈષ્ણવ વાર્તા ૯૫ - રામદાસ વિરક્ત ખંભાઈચના
(લીલાનું નામ- "કામેસુરી") (સાત્વિક ભક્ત)

૨૫૨વૈષ્ણવ વાર્તા ૯૪ - પરમાનંદ સોની
(લીલાનું નામ - "ચંદ્રિકા") (રાજસ ભક્ત)

૨૫૨વૈષ્ણવ વાર્તા ૯૬ - રેડા ઉદંબર
(લીલાનું નામ - "સંગિની") (તામસ ભક્ત)

શરણે આવતાં પહેલાં રાણાવ્યાસના મનમાં આવ્યું કે કાશીમાં જઈ શાસ્ત્રાર્થ કરી પંડીતોને હરાવું. "तहां हारे सो लाज लागी । तब मनमें विचार्यो, जो-अर्धरात्रि समें गंगाजीमें डूबि मरूंगो । सो संध्या समे भूखेही गंगाजीके तीर हनुमान घाट है, तहां जाइ बैठे, कहे, जो-रात्रि होइ कोइ जानें नाहीं तब गंगाजीमें डूबों । तहां श्रीआचार्यजी पधारे । सौ एक वैष्णवनें श्रीआचार्यजीसों पूछी, जो- महाराज ! गंगाजी में डूब मरें ताको कछू फल गंगाजी देइ ? तब श्रीआचार्यजी कहें जो-अहंकार करिकें काहूसों लरिकें डूबेको फल नाहीं । सर्पकी जोनि पावे । आत्महत्या लागे । महादुष्ट होइ, जो- ऐसे मरें । ---- यह बात सुनतहि रानाव्यासने जानी, जो-ये महापुरुष हैं । यों जानि आईके श्रीआचार्यजीसों विनन्ती करी, जो-महाराज ! भली भई जो-यह वैष्णवनने बात

पूछी । मै गंगाजीमें डूबन अर्थ भूखौ सबेरेसो बैठो हूं । सो अर्धरात्रि जाइ तब डूबूं । परंतु अब मेरो उद्धार होइ सो प्रकार बतावो । आपुकी सरनी हों । ---- सो मैं बहोत दीन हों, अनाथ हों । सो आपु मो पर कृपा करो ।" તત્પશ્ચાત્ આચાર્યચરણે રાણાવ્યાસને નામ આપ્યું અને બ્રહ્મસંબંધ કરાવ્યું. રાણાવ્યાસની આવી પૂર્વભૂમિકા જોયા પછી પ્રશ્ન થાય કે પુષ્ટિમાર્ગીય ધર્મ, અર્થ, કામ અને મોક્ષના પુરુષાર્થો સિદ્ધ કરવા રાણાવ્યાસે કેવા પ્રયત્નો કર્યા ? એમણે એક જ પુરુષાર્થ કર્યો. શ્રીમહાપ્રભુજીને વિનન્તી કરી કે, "आपु मो पर कृपा करो ।" શ્રીઆચાર્યચરણે એમને "ચતુ:શ્લોકી" ગ્રંથ સંભળાવીને આપના "ગુરુ:" નામનો પ્રભાવ પ્રકટ કર્યો અને રાણાવ્યાસના હૃદયમાં ચતુ:શ્લોકીના સિદ્ધાંત તથા ભાવને સ્થિર કરી દીધાં.

વાર્તા કહે છે તે પ્રમાણે શરણે આવ્યાં પહેલાં રાણાવ્યાસને વિદ્યાભિમાન, દ્રવ્યનો મદ અને ઈન્દ્રજીતનો અહંકાર હતો. શ્રીવલ્લભે સ્વપ્રમેયબલથી આ ત્રણેય પ્રકારના અહંકારને સાધન બનાવી, એમનું ઉદાત્તીકરણ કરી, રાણાવ્યાસમાં પુષ્ટિભક્તિની અસ્મિતા જગાડી. એટલેજ શ્રીઆચાર્યજીનું નામ છે. "સ્વદાસાર્થકૃતાશેષસાધન:" મહાપ્રભુજી પાસે નામ નિવેદન પામ્યા પહેલા રાણાવ્યાસ, બ્રાહ્મણ હોવાથી, ધર્મ, અર્થ અને કામને જીવી રહ્યાં હતાં અને ગંગાજીમાં મરી મૃત્યુથી મોક્ષ પામવાની ભાવના હતી. એને આચાર્યચરણે સ્મરણ ભજનમાં convert કરી. શ્રીમહાપ્રભુજીએ રાણાવ્યાસના બ્રાહ્મણના ધર્મને વૈષ્ણવ ધર્મમાં ખીલવ્યો. તેથી એમની

અહંતા દાસોઽહમ્‌માં પરિણમિત થઈ. "સર્વદા સર્વભાવેન ભજનીયો વ્રજાધિપ:" ના ભાવમાં રાણાવ્યાસ મગ્ન બની ગયાં. શ્રીવલ્લભે તેમને વ્રજભક્તોની ભાવભાવના રૂપ વિદ્યાનું દાન કર્યું. એટલે શરણે આવ્યાં પહેલાં રાણાવ્યાસનું જે વિદ્યાભિમાન હતું, તે હવે દીનતા અને નિસાધનતામાં પરિણમીત થયું. દ્રવ્ય અર્થરૂપ છે. એ મમતાનું પ્રતીક છે, તેથી શ્રીઆચાર્યજીએ રાણાવ્યાસના દ્રવ્યના અહંકારને, અર્થ પુરુષાર્થમાં જોડીને, પ્રભુ માટે એવી મમતા જગાડી કે રાણાવ્યાસ **एवं सदास्म कर्तव्यं** ના ભાવમાં વિભોર બની ગયાં. તેથી રાણાવ્યાસના અર્થ પુરુષાર્થરૂપ, એમના સેવ્ય સ્વરૂપ સ્વયં બની ગયાં. શ્રીમહાપ્રભુજીએ, રાણાવ્યાસના ઈન્દ્રજીતના અભિમાનને પુષ્ટિમાર્ગીય કામમાં મુક્ત કરી દીધો.

**"यदि श्रीगोकुलाधीशो धृतः सर्वात्मना हृदि ।**
**ततः किमपरं ब्रूहि लौकिकैर्वैदिकैरपि ॥ "**

તેથીજ, શ્રીમહાપ્રભુજીની આજ્ઞાથી એકવાર, પંડિતોને મહાત કર્યા પછી, રાણાવ્યાસને પંડિતોને હરાવવાની કામના ન થઈ. શ્રીઆચાર્યજીની કૃપાથી સર્વ શાસ્ત્રો સિદ્ધ થઈ ગયાં હોવા છતાંય.

રાણાવ્યાસના મોક્ષ પુરૂષાર્થની વાત વાર્તામાં આ પ્રમાણે આવે છે. "**पाछे रानाव्यास भगवत्सेवामें मन लगाये । तब श्रीठाकुरजी सानुभावता जनावत लागें ।**" રાણાવ્યાસ ઉચ્ચ કોટિના ભગવદીય બની ગયાં. એમના સંગથી એક રજપૂતાણી ય ભગવદીય બની ગઈ. એમને પણ શ્રીઠાકુરજી સાનુભાવ થયાં.

રાણાવ્યાસની વાર્તાના અંતમાં આવે છે, "**तातें इनकी वार्ता कहां तांइ कहिये ।**" રાણાવ્યાસના અંતરનાં વિવિધ ભગવદીય ભાવો વાર્તામાં અપ્રકટ છે. એને "કહાં તાંઈ કહીયે" કહીને શ્રીગોકુલેશ મૌન સેવે છે. રાણાવ્યાસના આવા પ્રમેયાત્મક ભાવોને સમજવાનું એક જ પ્રમાણ છે અને તે ચતુ:શ્લોકી ગ્રંથ. આ ગ્રંથ વાક્પતિ શ્રીવલ્લભે રાણાવ્યાસને શિખવાડયો છે એટલે આ ગ્રંથના રહસ્યો જીવવા રાણાવ્યાસ અધિકારી પાત્ર છે. આચાર્યશ્રીની વાણી કેવી છે ? "**वाक्सिधुपूरिताशेषसेवकः ।**" વાણીના ઉગ્રપ્રતાપથી ચતુ:શ્લોકી ગ્રંથનાં ભાવો અને લીલા રહસ્યો રાણાવ્યાસના હૃદયમાં સ્થિર થઈ ગયાં છે. ચતુ:શ્લોકી ગ્રંથના આધારે અને રાણાવ્યાસના રપરમાં પ્રકટ થયેલ સાત્વિક, રાજસ, તામસ અવતારોના ભાવનું અવલોકન કરી, રાણાવ્યાસના મૃદુલ અને અગાધ ભાવોની ઝાંખી કરવાનો અહીં પ્રયાસ છે. ચતુ:શ્લોકીના ચાર શ્લોકોમાં ક્રમશ: પુષ્ટિમાર્ગીય ધર્મ, અર્થ, કામ અને મોક્ષનું નિરૂપણ છે.

<u>શ્લોક ૧લો</u> - પુષ્ટિમાર્ગીય ધર્મ :-

"**सर्वदा सर्वभावेन भजनीयो व्रजाधिपः ।**" સર્વભાવથી વ્રજાધિપ ભજનીય છે. અર્થાત્ સેવનીય છે. સર્વભાવ એટલે ? ગદ્યમંત્રની દીક્ષા લેતી વખતે, અહંતા, મમતા સંબંધિત જેજે વસ્તુઓ નિવેદિત થયેલી હોય અને તે વસ્તુમાં જે પ્રેમ બંધાયો હોય, તે પ્રેમ તે વસ્તુ સહિત પ્રભુમાં જોડવો તે સર્વભાવ. અને સેવા એટલે ? સ્વસુખની અપેક્ષા વિના, કેવલ પ્રભુના સુખને વિચારીને, કાયાની અને મનની ગતિ જ્યાં જ્યાં થાય તે સેવા કહેવાય. ધર્મ પુરુષાર્થના

આ અર્થને લક્ષ્યમાં રાખીને હવે રાણાવ્યાસના ભાવના દર્શન કરીએ.

"**रानाव्यास भगवत्सेवामें मन लगाये । तब श्रीठाकुरजी सानुभावता जनावत लागें ।**" વ્રજભક્તોનો ભાવ આવિષ્ટ થાય ત્યારે શ્રીઠાકુરજીનો સાનુભાવ થાય, કારણકે પ્રભુ કેવલ વ્રજભક્તોના ભાવમાં જ વિલસે છે. અર્થાત્ રાણાવ્યાસ વ્રજભક્તોના ભાવથી ભગવત્સેવા કરે છે. ભાવાત્મક પ્રમેયરૂપ પ્રભુને જાણવા અને માણવાનો ઉપાય જ ભાવાત્મિકા સેવા છે. રાણાવ્યાસમાં વ્રજભક્તોના ભાવની અનેકવિધ તરંગો ઉછળી રહી છે. એટલે તો એમણે રજપૂતાણીને અષ્ટાક્ષર સંભળાવ્યું ત્યારે "**नाम सुनतही रजपूतानीकों भगवद्भाव उत्पन्न भयो ।**" ભક્તિની આવી અવસ્થામાં રાણાવ્યાસનું સુવું, જાગવું આદિ સર્વ ક્રિયાઓ સેવાના અંગરૂપે બની ગઈ છે.

સતી થવા જતી રજપૂતાણીને જોઈને રાણાવ્યાસે જે વાત જગન્નાથ જોષીને કહી એના પરથી એમની સેવા પ્રત્યેની પ્રીતિ દર્શાઈ જાય છે. "**जो-प्रेतके संग वृथा यह मनुष्यदेह जरावति है । ऐसी सुंदर देह भगवत्सेवामें लगें तो उद्धार होइ जाइ ।**" શરણે આવ્યા પહેલાં અને પછીના રાણાવ્યાસના જીવનમાં આ એક paradox છે. આત્મહત્યા કરવા એકવાર તૈયાર થયેલા રાણાવ્યાસને, સતી થતી રજપૂતાણીની કૃતિ હવે સહ્ય નથી લાગતી, કારણકે મહાપ્રભુજી પાસે નિવેદન પામ્યા પછી રાણાવ્યાસ ભગવત્સેવામાં ઓતપ્રોત છે અને રજપૂતાણી ને પણ એ

દિશામાં પ્રેરિત કરી રહ્યાં છે. ભગવત્સેવા એ નિવેદિતાત્માનો મુખ્ય ધર્મ છે. તેથી આચાર્યજી આજ્ઞા કરે છે "**भजनीयो व्रजाधिपः ।**"

<u>શ્લોક રજો</u> - પુષ્ટિમાર્ગીય અર્થ :-

**"एवं सदा स्म कर्तव्यं स्वयमेव करिष्यति ।**
**प्रभुः सर्वसमर्थो हि ततो निश्चिन्ततां व्रजेत् ॥"**

ધર્મ પુરુષાર્થમાં કહ્યું તદ્દનુસાર, રાણાવ્યાસ પોતાના ઠાકુરજીની સેવા પ્રીતિથી કરે છે અને પોતાના અર્થ સંબંધિત અન્ય કાર્યો સર્વસમર્થ પ્રભુ સ્વયં કરશે એમ નિશ્ચિંતતાથી માને છે. રાણાવ્યાસે પોતાના મનને ભગવદ્ઈચ્છાનુકુલ બનાવી દીધું છે. એમનો અર્થ પુરુષાર્થ ભગવાન સ્વયં છે. એમને દૃઢ વિશ્વાસ છેકે, પ્રભુ રૂપી અર્થ જ સુખસાગરનો દાતા છે. તે નિત્ય છે અને આનંદાત્મક છે.

શ્લોકમાં નિરૂપિત થયેલ અર્થ પ્રમેય પ્રભુ, આલંબન વિભાવના રૂપમાં, પોતાના રસભોક્તા પદને છોડીને, રાણાવ્યાસના હૃદયના સ્થાયીભાવ બન્યા છે. અર્થાત્ ભોગ્યરસ બન્યા છે.

આચાર્યચરણ આ શ્લોકમાં પ્રભુને "સર્વસમર્થ" કહે છે. સર્વસમર્થ તો એ હોય જે અસમર્થ બનવાને પણ સમર્થ હોય. અર્થાત્ રાણાવ્યાસના સર્વસમર્થ સેવ્ય સ્વરૂપ એટલા

અસમર્થ બની ગયા છેકે રાણાવ્યાસની સેવા લીધા વિના એમને ચેન નથી પડતું. રાણાવ્યાસ પ્રભુની આવી અસમર્થતા જોઈને નિશ્ચિંત થઈ ગયા છે. "**ततो निश्चिन्ततता व्रजेत् ।**"

<u>શ્લોક ૩જો</u> - પુષ્ટિમાર્ગીય કામ :-

કૃષ્ણ દર્શન લાલસા જ રાણાવ્યાસનો કામ પુરુષાર્થ છે. પરંતુ એ કેવલ દર્શનાભિલાસી નથી. સર્વેન્દ્રિયથી એ પ્રભુની અનુભૂતિ ચાહે છે. અર્થાત્ દર્શન, સ્પર્શન, શ્રવણ, કીર્તન, ધ્યાન આદિથી. પરંતુ આ કામના તો ત્યારે જ પરિપૂર્ણ થાય જ્યારે શુદ્ધ હૃદયમાં ગોકુલાધીશ પધારે. આ વાર્તામાં આવે છેકે, રાણાવ્યાસના વસ્ત્ર ધોવાથી રજપૂતાણીનું હૃદય શુદ્ધ થઈ ગયું. શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે ; "**ज्यों ज्यों वस्त्रको मेल छूटयो त्यों त्यों हृदयमें तें काम, क्रोध, मद, मत्सर, लोभ आदि मोहमेल सब दूरि भये । तब शुद्ध भई ।**" તો રાણાવ્યાસના શુદ્ધ હૃદયની તો શી વાત કરવી !!

રાણાવ્યાસે સૌથી પ્રથમ ગોકુલાધીશને હૃદયમાં પધરાવ્યાં. હૃદયમાં ગોકુલાધીશ પધાર્યા પછી, આ ભગવદીયને, સર્વેન્દ્રિયથી ભગવાનની રસાત્મિક અનુભૂતિની કામના જાગે છે. આથી ગોકુલાધીશના વિયોગના તીવ્ર તાપભાવમાં રાણાવ્યાસના હૃદયમાં ભગવાનની સ્વરૂપાનુભૂતિ અને લીલાનુભૂતિ થાય છે. શ્રીવલ્લભ આને પરમફલ કહે છે. રાણાવ્યાસને આ અનુભૂતિ થઈ રહી છે કારણકે ચતુ:શ્લોકીના પુષ્ટિમાર્ગીય કામનું આ રહસ્ય છે. તદુપરાંત રાણાવ્યાસના લીલાના સ્વરૂપમાંથી પ્રકટેલ ૨૫૨ ના વૈષ્ણવ રામદાસ ખંભાઈચને અને પરમાનંદ સોનીને પણ સ્વરૂપાનંદ અને

હૃદયમાં લીલાનુભૂતિ સિદ્ધ છે. આ બન્ને રાણાવ્યાસના ભાવરૂપ હોવાથી રાણાવ્યાસને ય આવી અનુભૂતિ છે જ એ નિર્વિવાદ છે.

<u>શ્લોક ૪થો</u> - પુષ્ટિમાર્ગીય મોક્ષ :-

રાણાવ્યાસ, સર્વાત્મના કૃષ્ણના બની ગયાં છે, એજ એમનો પુષ્ટિમાર્ગીય મોક્ષ છે. પ્રપંચની વિસ્મૃતિ અને કૃષ્ણમાં દૃઢાસકિત થાય ત્યારે સર્વાત્મના કૃષ્ણના બનાય. રાણાવ્યાસના સંગથી તો રજપૂતાણીનેય પ્રપંચ વિસ્મૃતિ અને ભગવદાસકિત સિદ્ધ થયાં છે.

રાણાવ્યાસમાં કૃષ્ણાનુભૂતિની કામના એટલી તીવ્ર છેકે સંયોગમાં બાહ્યાવલંબનથી સર્વેન્દ્રિયથી એમને પ્રભુની અનુભૂતિ થાય છે. વિયોગમાં, "આસકિતભ્રમ ન્યાયથી", રાણાવ્યાસને ભગવદનુભૂતિની ચાહના પણ એટલી જ ઉત્કટ છેકે એમની અંતઃસ્થિત રતિ જ આલંબન, ઉદ્દીપન અને સંચારી ભાવરૂપ બની જાય છે. સંયોગમાં ભગવત્સેવા અને વિયોગમાં સ્મરણાદિ નિરંતર ચાલે છે તેથીજ તો રાણાવ્યાસ ક્ષત્રાણીને કહે છેકે, "**यह देहसों श्रीठाकुरजीको भजन स्मरन न कियो ताकों धिक्कार है । उह महादुष्ट है ।**" "**स्मरणं भजनं चापि न त्याज्यं**" ને રાણાવ્યાસ કેટલી ગંભીરતાથી જીવી રહ્યાં છે ! ભૂતલ પર આવી અનુભૂતિ જેને થાય એને જીવનમુક્ત કહેવાય. આજ "તનુનવત્વ" અથવા "અલૌકિક સામર્થ્ય" છે. અર્થાત્ ધર્મ અને કામ પુરુષાર્થનું ચક્ર બરાબર ગતિમાન થાય તો પુષ્ટિભક્તિમાર્ગીય મોક્ષ સિદ્ધ થઈ જાય છે. ધર્મ અને કામ પુરુષાર્થ સાધનાવસ્થા છે, અને અર્થ અને મોક્ષ

પુરુષાર્થ ફલાવસ્થા છે. રાણાવ્યાસમાં પરમાનંદરૂપ શ્રીકૃષ્ણની પૂર્ણાનુભૂતિ છે. અર્થાત્ સંયોગ અને વિયોગમાં ભજન અને સ્મરણનું ચક્ર નિરંતર ચાલે છે. આમ રાણાવ્યાસ, ભગવત્સેવા પરાયણ અને ભગવત્સ્મરણ પરાયણ ભગવદીયનું આદર્શ દૃષ્ટાંત છે "**स्मरणं भजनं चापि न त्याज्यं**" નો ઉદ્‌ઘોષ કરીને શ્રીમહાપ્રભુજી પોતાનો આશય બહુજ સ્પષ્ટતાથી જણાવે છેકે, પુષ્ટિમાર્ગમાં જે અત્યાજ્ય છે તે "ભજન" અથવા "સેવા" છે.

શ્રીમહાપ્રભુજી વિરચિત "અણુભાષ્ય", "સુબોધિનીજી" આદિની રાણાવ્યાસની હસ્તલિખિત પ્રત આજે પણ ઉપલબ્ધ છે.

## ૨૫૨ વૈષ્ણવ વાર્તા ૯૫ - રામદાસ વિરક્ત ખંભાઈચના (લીલાનું નામ- "કામેસુરી") (સાત્વિક ભક્ત)

રામદાસજીને નામ આપ્યા પછી શ્રીગુસાંઈજી એમને આજ્ઞા કરે છેકે, "**तु दंडवती सीला आगे बैठि छह महिना तांई अष्टाक्षर-मंत्र कौ जप कर्‌यो करि ।**" ભાવપ્રકાશમાં શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છેકે, "**अष्टाक्षर मंत्रकौ जप कियेतें हृदय सुद्ध होत है ।**" રાણાવ્યાસની જેમ રામદાસજીનુંય હૃદય શુદ્ધ કરી શ્રીગુસાંઈજી એમનો કામ પુરુષાર્થ સિદ્ધ કરવાના હેતુથી આ આજ્ઞા કરે છે. તેથીજ છ મહિના પછી રામદાસ શ્રીનાથજીના દર્શન કરે છે ત્યારે, "**महा अलौकिक दर्शन भए । सो सरीरकी सुधि रहीं नाहीं । सो दरसनके आवेशमें मूर्छा खायकै गिरि परे ।**" સંયોગમાં જેની આવી સ્થિતિ થાય એમનો પુષ્ટિમાર્ગીય કામ વિયોગમાં અતિ બેચેન બની જાય છે. આ પ્રસંગ બનતાં જ રામદાસજી

શ્રીગુસાંઈજીને દંડવત્ કરી દંડવતી શિલા સામે બેસી જાય છે. "**सो सगरी रात्रि श्रीगोवरधननाथजीके स्वरूपानंदको अनुभव किये ।**" તત્પશ્ચાત્ શ્રીગુસાંઈજીની આજ્ઞાથી રામદાસજી છ મહિના દંડવતી શિલા પાસે બેસીને પંચાક્ષરનો જપ કરે છે. આનો ભાવ ખોલતાં શ્રીહરિરાયજી આજ્ઞા કરે છેકે, "**पंचाक्षर के जप कियेतें विरहकौ दान होत हैं । तब श्रीगोवरधननाथजी अपनी लीलान कौ अनुभव करावत हैं ।**" રામદાસજીની આવી અવસ્થાથી, રાણાવ્યાસની અનોસરમાં રહેતી વિપ્રયોગની દશાનું નિશ્ચયાત્મક અનુમાન થઈ શકે છે.

રામદાસજીને શ્રીગુસાંઈજી દંડવતી શિલા પાસે અષ્ટાક્ષર અને પંચાક્ષરના જપ કરવા આજ્ઞા કરે છે. એના ભાવને સમજાવતાં શ્રીહરિરાયજી આજ્ઞા કરે છેકે, "**और श्रीगुसांईजी आप रामदास कों दंडवती सिला आगें बैठि कै जप करने कों कहे, ताको आसय यह, जो-दंडवती सिला हरिदासवर्य के चरन है । तातें भक्तनके सानिध्य उन कौ आश्रय करी जप किये तें तत्काल भगवद्रसकी प्राप्ति निश्चय होइ यामें संदेह नाहीं यह भाव जतायो ।**" અનંતલીલાસ્થલી હરિદાસવર્યના સાંનિધ્યમાં રામદાસજીના હૃદયમાં વિવિધ ભાવતરંગો ઉમટવા લાગે છે, કારણકે શ્રીગુસાંઈજીએ એમને ચતુ:શ્લોકીના પહેલા શ્લોકમાં પ્રવેશ કરાવવાની કૃપા કરી છે. આ ભાવતરંગોએ રામદાસજીના હૃદયમાં અલૌકિક સર્વભાવનો આવિર્ભાવ કર્યો છે. તેથીજ પંચાક્ષરનો છ મહિનાનો જપ પૂરો થતાં જ શ્રીવિઠ્ઠલેશ પ્રભુ રામદાસજીને શ્રીનાથજીની સાગધરની સેવા સોંપે છે. **सर्वभावेन भजनीयो व्रजाधिपः** એ પુરુષાર્થને સિદ્ધ કરાવવા. ગિરિરાજજીના

સાંનિધ્યથી રામદાસજી એટલા સર્વભાવથી સંપન્ન થઈ ગયા છેકે, સેવાના પ્રથમ દિવસે જ એમને શ્રીનાથજી આજ્ઞા કરે છેકે, "**हम गुलाल कुंडपैं पधारत हैं । सो तू सीतल भोगकी सामग्री लै के बेगि अइयो । तब रामदास बेगि-बेगि फलफूल सिद्ध किये । ता पाछें सीतल सामग्री सिद्ध किये । सो एक टोकरा में आछि भांति धरी । पाछे गुलाल कुंड आए । तब श्रीगोवरधननाथजी आपु रामदाससों कहे, जो-रामदास ! सामग्री ल्यायो ? तब रामदास विनती किये, जो-महाराज ! ल्यायो हूं । पाछे रामदास गांठि खोलि सब सामग्री आगें धरे । तब श्रीगोवरधननाथजी सखा मंडली समेत आरोगे । सो दरसन रामदासको भयो । सो रामदास अपने भाग्यकों सराहन लागे ।**" આમ, રામદાસજીને **भजनीयो व्रजाधिपः** ની ફલદશા પ્રાપ્ત છે. એટલે એમને શ્રીગુસાંઈજી આજ્ઞા કરે છેકે, "**आज पाछे तुम श्रीनाथजीकी आज्ञामें रहियो । श्रीनाथजी तुमको जहां ले जाँइ तहां जैयो ।**" આવું રામદાસજીનું ચતુઃશ્લોકીમય જીવન નિરખવા જેવું છે.

## ૨૫૨ વાર્તા ૯૪ - પરમાનંદ સોની
## (લીલાનું નામ - "ચંદ્રિકા") (રાજસ ભક્ત)

ચતુઃશ્લોકીના અનુસંધાનમાં પરમાનંદ સોનીનો સ્મરણ પક્ષ સૌથી પ્રથમ જોઈ લઈએ. રાણાવ્યાસની જેમ પરમાનંદ સોનીને પણ સુબોધિનીજી આદિ ગ્રંથમાં અત્યંત પ્રીતિ છે. "**सो मार्गके ग्रंथ श्रीसुबोधिनीजीमें बहोत ही रुचि हती । श्रीगुसांईजी आप नित्य कथा कहते । सो सब परमानंद सोनी**

अपने हृदयमें राखतें ।" પરમાનંદ સોનીનો નિરપેક્ષ ધર્મ પુરુષાર્થ પણ અવલોકીએ. "और श्रीगुसांईजीके घरकौ गहनो होतो सो सब परमानंद सोनीं गढ़ते ।" પરંતુ એની કાંઈપણ મજૂરી ન લેતાં.

પરમાનંદ સોનીના શબ્દોથી જ એમનો અર્થ અને કામ પુરુષાર્થ પ્રત્યેનો અભિગમ સાંભળી લઈએ. એ શ્રીગુસાંઈજીને વિનન્તી કરે છેકે, "और मेरे कछू काहू बात कौ मनोरथ नाहीं है । जो आपकी कृपा ही बडो पदारथ है ।"

"सो परमानंद सोनीं के ऊपर श्रीगुसांईजी आप कृपा करि कै इनके हृदयमें भगवल्लीला स्थापे । सो परमानंद सोनी भगवद्रसमें सदा मगन रहेते ।" આ પરમાનંદ સોનીનો પુષ્ટિમાર્ગીય મોક્ષ છે. રાણાવ્યાસ જેમ એમની "આન્તરન્તુ મહાફલમ્" ની અવસ્થા છે.

## ૨૫૨ વાર્તા ૯૬ - રેંડા ઉદંબર
## (લીલાનું નામ - "સંગીની") (તામસ ભક્ત)

અવધૂત દશામાં રહેતાં રેંડા ઉદંબર શ્રીગુસાંઈજી પાસે નામ પામી વિનન્તી કરે છેકે, "सो अब मोकों कहा आज्ञा है ?" રેંડાને ધર્મ પુરુષાર્થમાં પ્રેરિત કરતાં શ્રીગુસાંઈજી આજ્ઞા કરે છેકે, "जो- तू अपने हाथसों रसोइ करी भोग धरि महाप्रसाद लीजियो । और रसोइ करिवेको अपने मनमें सुख मानियो । दुःख मति मानियो । याही तें तेरो भलो

होइगो ।" પ્રભુની સેવા સર્વભાવથી કરવાની છે. તેથી રસોઈ કરતાં પોતાને સુખ ન ઉપજે તો પ્રભુ માટે ભાવ કેમ ઉપજશે, એવો આ પ્રસંગનો ગર્ભિત ભાવ છે.

રેંડા ઉદંબરને સ્મરણ ભક્તિમાંય લઈ જવા શ્રીગુસાંઈજી એમને આજ્ઞા કરે છેકે, "**तेरी ज्ञातिकी एक डोकरी है, सो भली वैष्णव है । तासों मिलिकै रहो, सेवा करो ।**" કારણ સત્સંગ એ સ્મરણ ભક્તિનું અંગ છે. હરિરાયજી અહીં સમજાવે છેકે, "**वैष्णवके संग बिनु यह मार्ग फलित होंइ नाहिं ।**"

રેંડાનો, અર્થ પુરૂષાર્થ શું છે ? શ્રીગુસાંઈજીને રેંડા વિનન્તી કરે છેકે,"**महाराज मेरे तो सर्वस्व धन आप हो ।**" ચતુ:શ્લોકીના મૂલ ભાવોમાં નિમગ્ન બનવા માટે દૃઢ વૈરાગ્યની આવશ્યકતા છે. હરિરાયજી સમજાવે છેકે, "**रेंडा ने संसारकौ अनुभव कियो नाहीं है । तातें वैराग्य दृढ भयो नाहीं है । सो वैराग्य दृढ भए बिनु भगवद्‌रस की अवधारना होत नाहीं । सो रेंडा प्रभुनकी लीलाके दरसन करिकै मूर्छित होइ गयो । स्वरूपकी हु धारना कर सक्यो नाहीं । याहीते श्रीगुसांईजी रेंडाकौ ब्याह करिवेकी आज्ञा किये ।**" રાણાવ્યાસનો જે ઈન્દ્રજીતનો મુડ હતો એની આ પ્રસંગમાં continuity છે. પરંતુ ઈન્દ્રજીત દૃઢ વૈરાગ્યથી જ બનાય છે. એને સિદ્ધ કરવાનો process આ વાર્તામાં દર્શાવ્યો છે. રેંડાને શ્રીઠાકુરજીના પ્રથમવાર દર્શન થાય છે, ત્યારે એમને મૂર્છા આવી જાય છે. શ્રીગુસાંઈજી આજ્ઞા કરે છેકે, "**जो भगवत्सेवा करिके अजहुं भगवद्‌धर्म दृढ नाहीं**

भयो ।" શ્રીવિઠ્ઠલેશની આ આજ્ઞામાં **सर्वभावेन भजनीयो व्रजाधिपः** નો અદ્દભુત process છે. ઘરમાં રહીને સેવા કરવાથી પુષ્ટિજીવ સંસારના અનેક સ્પન્દનોને ગ્રહણ કરી શકે છે. એ સ્પંદનો સર્વભાવ બની, પ્રભુની સેવામાં, પ્રથમાવસ્થામાં સમર્પિત થાય છે. રેંડાએ ગૃહસંસાર ન કર્યો એટલે આ સ્પંદનો ને જાણી ન શક્યાં. પ્રભુ માટે વિવિધ ભાવતરંગો ન ઉપજાવી શક્યાં. એટલે શ્રીગુસાંઈજીએ એમને લગ્ન કરવાની આજ્ઞા કરી, કારણ સંસાર જીવ્યા પછી વૈરાગ્ય સ્થિર થાય છે અને વૈરાગ્ય ન હોય તો પ્રભુની લીલાભાવના આદિ કરતી વખતે ક્યારેક રસાભાસની સંભાવના રહે છે. એટલે પ્રભુચરણ રેંડાને કહે છેકે, "**जो भगवत्सेवा करीके अजहुं भगवद्धर्म दृढ नाहीं भयो ।**" સર્વભાવેન ભજનીયોનો complete process સમજાવતી શ્રીગુસાંઈજીની આ આજ્ઞા છે.

વાર્તાના અંતમાં જ્યારે રેંડા ઉદંબરના હૃદયની પરિપક્વ અવસ્થા થાય છે, ત્યારે શ્રીગુસાંઈજી એમની હાજરીમાં ચાચાજીને **प्रेंख पर्यंक शयनं** નો ભાવ ખોલીને કહે છે. રેંડાને હવે મોક્ષ પુરુષાર્થનું દાન પ્રભુચરણ કરે છે ; "**तब रेंडाने कही, जो-महाराज ! अब ऐसेंमें देह छूटे तो भलो है । फेरि ऐसो समैं नाहिं पाऊंगो । तब श्रीगुसांईजी कहे, ऐसोही होइगो । तब रेंडाने श्रीगुसांईजीकों दंडवत् करिके देह छोरि दीनी । तब श्रीगुसांईजी श्रीमुखतें सराहना करें ।**" શ્રીમુખથી સરાહના એટલે કરી કે રેંડા ઉદંબર ચતુ:શ્લોકી જીવી ગયાં. ચતુ:શ્લોકીના માધ્યમથી અહીં લીધેલ ચારેય વાર્તા અવલોકીએ તો સુસ્પષ્ટ થશે કે, પુષ્ટિજીવને આ

ચારેય પુષ્ટિમાર્ગીય પુરુષાર્થો સિદ્ધ કરાવવા મુખ્ય પુરુષાર્થ શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીનો છે. "**दैवोद्धारप्रयत्नात्मा**" રૂપે.

❖ ❖ ❖ ❖ ❖ ❖

# भक्तिवर्धिनी ।

यथा भक्तिः प्रवृद्धा स्यात्तथोपायो निरूप्यते ।
बीजभावे दृढे तु स्यात्त्यागाच्छ्रवणकीर्तनात् ॥ १ ॥

बीजदार्ढ्यप्रकारस्तु गृहे स्थित्वा स्वधर्मतः ।
अव्यावृत्तो भजेत्कृष्णं पूजया श्रवणादिभिः ॥ २ ॥

व्यावृत्तोपि हरौ चित्तं श्रवणादौ यसेत्सदा ।
ततः प्रेम तथासक्तिर्व्यसनं च यदा भवेत् ॥ ३ ॥

बीजं तदुच्यते शास्त्रे दृढं यन्नापि नश्यति ।
स्नेहाद्रागविनाशः स्यादासक्त्या स्याद्गृहारुचिः ॥ ४ ॥

गृहस्थानां बाधकत्वमनात्मत्वं च भासते ।
यदा स्वाद् व्यसनं कृष्णे कृतार्थः स्यात्तदैव हि ॥ ५ ॥

तादृशस्यापि सततं गृहस्थानं विनाशकम् ।
त्यागं कृत्वा यतेद्यस्तु तदर्थार्थैकमानसः ॥ ६ ॥

लभते सुदृढां भक्तिं सर्वतोप्यधिकां पराम् ।
त्यागे बाधकभूयस्त्वं दुःसंसर्गात्तथान्नतः ॥ ७ ॥

अतःस्थेयं हरिस्थाने तदीयैः सह तत्परैः ।
अदूरे विप्रकर्षे वा यथा चित्तं न दुष्यति ॥ ८ ॥

सेवायां वा कथायां वा यस्यासक्तिर्दृढा भवेत् ।
यावज्जीवं तस्य नाशो न क्वापीति मतिर्मम ॥ ९ ॥

बाधसंभावनायां तु नैकान्ते वास ईष्यते ।
हरिस्तु सर्वतो रक्षां करिष्यति न संशयः ॥ १० ॥

इत्येवं भगवच्छास्त्रं गूढतत्त्वं निरूपितम् ॥
य एतत्समधीयीत तस्यापि स्याद्दृढा रतिः ॥ ११ ॥

इति श्रीमद्वल्लभाचार्यप्रकटिता भक्तिवर्धिनी समाप्ता ।

# ગ્રંથ - ભક્તિવર્ધિની

૮૪ વૈષ્ણવ વાર્તા ૩૦ - પુરુષોત્તમ જોશી સાંચોરા
(લીલાનું નામ - "ગુનચુડા")

૨૫૨વૈષ્ણવ વાર્તા ૮૮ - આત્મનિવેદનવાળા પૂર્વના ક્ષત્રિ
(લીલાનું નામ- "કૃષ્ણપ્રિયા") (સાત્વિક ભક્ત)

૨૫૨વૈષ્ણવ વાર્તા ૮૯ - ખંડન બ્રાહ્મણ
(લીલાનું નામ- "કૃસોદરી") (રાજસ ભક્ત)

૨૫૨વૈષ્ણવ વાર્તા ૯૦ - એક કણબી પટેલ (પ્રેતવાળા)
(લીલાનું નામ- "સત્યવ્રતા") (તામસ ભક્ત)

પુષ્પની સોડમથી ય નિતાંત સુકોમલ એવી પુષ્ટિભક્તિનો પ્રારંભ પ્રભુની પુષ્ટિથી થાય છે. જ્યાંસુધી ભગવાન જીવ પ્રતિ એક શ્રીચરણ આગળ નથી ધરતાં, ત્યાંસુધી જીવ પ્રભુ તરફ અર્ધું ડગલું પણ નથી જઈ શકતો. પ્રભુનો અનુગ્રહ (કૃપા), પ્રભુમાંથી પ્રકટીને, દૈવીજીવ તરફ જાય એને "પુષ્ટિ" કહેવાય અને એ અનુગ્રહ પુષ્ટિજીવમાંથી પરાવૃત્ત થઈને પ્રભુની દિશામાં પુનઃ જાય તેને પુષ્ટિભક્તિ કહેવાય છે. પુરુષોત્તમ જોશીની વાર્તા આચાર્યચરણોક્ત પુષ્ટિ ભક્તિનું સાક્ષાત્ ઉદાહરણ હોવાથી, વાર્તાનાં પ્રારંભમાંજ ભક્તિના આધારરૂપ, પુષ્ટિના દર્શન થાય છે. "**तब एक समय श्रीआचार्यजी गुजरात पधारे । सो पुरुषोत्तम जोशी मध्याह्न समय एक तालाब पर संध्या करत हते । तब श्रीआचार्यजी तलाब पर पधारीं के संध्यावंदन करन लागें ।**

**सो पुरुषोत्तम जोसी की और कृपा करिकैं दैवि जानि देखें ।"** આવા મધ્યાહ્નના સમયે "**भक्तिमार्गाब्जमार्तंड**" શ્રીવલ્લભે, પોતાની કૃપાના એક કિરણને, પુરુષોત્તમ જોશીની તરફ વાળ્યું. પુરુષોત્તમ જોશીની જેમ આપે પણ સંધ્યાવંદનનું નિમિત્ત લીધું. જોશીની પ્રકૃતિના અનુકૂળ આચાર્યચરણે આવું સાધારણીકરણ કર્યું, એટલે પુરુષોત્તમ જોશી, આપને પ્રશ્ન કરવા પ્રેરાય છે.

"**तब पुरुषोत्तम जोसी श्रीआचार्यजी पास आई नमस्कार करि यह पूछ्यो, महाराज ! कर्ममार्ग बडो के ज्ञानमार्ग बडो ?"** શ્રીમહાપ્રભુજીએ કરેલી પુષ્ટિ, પુરુષોત્તમ જોશીમાં પરાવૃત થઈને સૌથી પ્રથમ નમસ્કારરૂપે આવિષ્કૃત થાય છે. "**श्रीयमुनाष्टक**" ગ્રંથના પ્રારંભમાં શ્રીઆચાર્યજીએ ભક્તિરૂપા શ્રીયમુનાજીને નમન કર્યું છે. એનાજ અનુસંધાનમાં ભક્તિવર્ધિની સંબંધિત આ વાર્તામાં પુરુષોત્તમ જોશી, સૌથી પ્રથમ આચાર્યજીને નમસ્કાર કરે છે અને પૂછે છેકે, "**महाराज ! कर्ममार्ग बडो के ज्ञानमार्ग बडो ? तब श्रीआचार्यजी कहें, जाके मनमें दृढ जो-मार्ग आवें, जामें जाको विश्वास होय बाके भाये तो वह मार्ग बडो । और बडो तो भक्तिमारग हैं । जामें जीव कृतार्थ होई ।"** પુરુષોત્તમ જોશીને જ્ઞાન અને કર્મમાર્ગનું તારતમ્ય સમજવું છે, પરંતુ આચાર્યચરણ એમના પ્રશ્નનો ઉત્તર નથી આપતાં, પણ એમનું કયા માર્ગમાં વરણ અને હિત થશે એ દર્શાવવા કહે છે કે, "**और बडो तो भक्तिमारग है ।"** આવો જ ઉત્તર ભગવાને અર્જુનને આપેલ. અર્જુનને જ્યારે ભગવાને કહ્યું કે, "**मन्मना भव**" ત્યારે આપે અર્જુનના

પ્રશ્નનો ઉત્તર નહોતો આપ્યો, પણ એમને અર્જુન બહુજ વહાલો હોવાથી એને સાચું માર્ગદર્શન આપે છે. ભક્તિમાર્ગથી અતિરિક્ત અન્ય મુક્તિમાર્ગોની કઠિનતા સમજાવતાં આચાર્યશ્રી પુરુષોત્તમ જોશીને આજ્ઞા કરે છેકે, "**और ज्ञानमारग कर्ममारगसों कृतार्थ कठिनता सों होई । सो काहूसों निर्वाह होय नाहीं । काहेतें ? कष्टसाध्य हैं, सो या कालमें सरीरको कष्ट कर्यो न जाई, जो-कोऊ सरीरको कष्ट सहे तो मन ठिकाने न रहें । तातें भक्तिमारगी जीव कृतार्थ होई । और आश्रय नाहीं ।**" આચાર્યજીના આવા અન્યમાર્ગ નિવારક શબ્દોથી પ્રભાવિત થઈ પુરુષોત્તમ જોશી આપને હવે વિનન્તી કરે છેકે, "**भक्ति को स्वरूप कहा ? कृपा करिकें कहिये । तब श्रीआचार्यजी कहें, भक्तिको स्वरूप वर्नन करिये तो पार आवें नाहीं । परंतु कछुक तोकों कहत हों । तब "भक्तिवर्धिनी" ग्रंथ करि ग्यारह श्लोक पुरुषोत्तम जोसी कों सुनाये । सो वह उत्तम अधिकारी है । तातें सगरो बोध व्है गयो ।**" માહાત્મ્યજ્ઞાનપૂર્વક સર્વતોધિક સુદૃઢ સ્નેહ એ પુષ્ટિભક્તિનું સ્વરૂપ હોવાથી આચાર્યશ્રી પુરુષોત્તમ જોશીને પહેલાં ભક્તિના માહાત્મ્યનું ઉદ્‌બોધન કરાવે છે. તેથી વાર્તા કહે છે, "**तातें सगरो बोध व्है गयो । तब श्रीआचार्यजीकों दंडवत् करि बिनती किये, महाराज ! इतने दिन हम कर्ममार्गमें पचि मरे परंतु कछु हाथ आयो नाहीं । वृथा जन्म गमाये । अब आपु हमकों सरनि लीजिये । आज्ञा करो सो हम करें । तब श्रीआचार्यजी दृढ प्रीति देखिकें नाम सुनाइ ब्रह्मसंबंध कराये ।**"

"**यथाभक्तिः प्रवृद्धा स्यात्तथोपायो निरूप्यते ।**" પુરુષોત્તમ જોશીની ભક્તિ પ્રવૃદ્ધ થાય એવો ઉપાય શ્રીવલ્લભ સ્વયં કરે છે. પુરુષોત્તમ જોશીકે, "**माथे पर चरन धरे । हृदय पर चरन धरे । और कहे, जो-तोकों भक्तिमारग स्फुरेगो । दृढ एकांगी भक्तिको तू अधिकारी है ।**" મર્યાદા પુરુષોત્તમ શ્રીરામચંદ્રજીને જાનકીજીના ચરણ ચિન્હો જોઈને વિવ્હળતા થયેલી, તો પુરુષોત્તમ જોશીના મસ્તક, હૃદય પર, શ્રી વલ્લભના ચરણકમલની છાપ જોઈ, પુષ્ટિ પુરુષોત્તમ પ્રેમ વિવશ થઈને, પુરુષોત્તમ જોશીની આસપાસ ફરતા થઈ જાય એ સ્વાભાવિકજ છે. અર્થાત્ જોશીજીની ભક્તિ વધારવા જે ઉપાયો શ્રીમહાપ્રભુજીએ કર્યા એજ ઉપાયોથી પૂર્ણ પુરુષોત્તમની ભક્તિનું પણ વર્ધન પુરુષોત્તમ જોશીમાં થયું. શ્રીમહાપ્રભુજીના શ્રીચરણની છાપથી જોશીમાં પુષ્ટિભક્તિનું સંપૂર્ણ સ્વરૂપ ખિલ્યું. જોશીજીના મસ્તક પર ચરણ ધરી શ્રીઆચાર્યજીએ એમનામાં પુરુષોત્તમ સંબંધિત માહાત્મ્યજ્ઞાન સિદ્ધ કર્યું અને હૃદય પર ચરણકમલ ધરી પુરુષોત્તમ જોશીને કૃષ્ણમાં સર્વતોધિક સુદ્રઢ સ્નેહથી પ્લાવિત કરી દીધાં. માહાત્મ્યજ્ઞાન થકી જોશીજીનું પૂરણબ્રહ્મ અને એમની લીલા સંબંધિત જ્ઞાન સર્વગ્રાહી બન્યું. પરંતુ એમનો ભગવત્સ્નેહ, પોતાના સેવ્ય સ્વરૂપ સંબંધિત કેવલ એકગ્રાહી રહ્યો. પુષ્ટિભક્તિમાર્ગની આવી વિલક્ષણતાના દર્શન કરાવતાં શ્રીગુસાંઈજી આજ્ઞા કરે છેકે, "**भक्तिमार्गे सर्वमार्गवैलक्षण्यानुभूतिकृत् ।**" પુષ્ટિભક્તિની આવી વિરુદ્ધધર્માશ્રયયુક્ત અવસ્થા છે. માહાત્મ્યજ્ઞાન પૂર્વક સ્નેહથી પુષ્ટિ ભક્તિ ઉભરાતી હોવા છતાંય, ભગવત્સ્નેહ, ન તો પૂરા જ્ઞાનની કે સંપૂર્ણ અજ્ઞાનની અપેક્ષા રાખે છે. જ્ઞાનાજ્ઞાનથી

અતીત એવી સ્નેહાવસ્થા છે. તેથીજ કૃષ્ણને ભગવાનરૂપે જાણ્યાં છતાંય, પુત્રભાવથી દેવકીજી ભગવાનને વિનન્તી કરે છેકે, આપ તુરત દ્વિભૂજ ધારણ કરો. આપનું ચત્રભૂજ સ્વરૂપ જોઈ કંસ આપને ઓળખી જશે. એવો ભય વાત્સલ્યભાવથી દેવકીજી અભિવ્યક્ત કરે છે.

શ્રીવલ્લભ પ્રભુ પુરુષોત્તમ જોશીને ભક્તિવર્ધિનીના અગિયાર શ્લોક સંભળાવે છે અને જોશીની પંચ કર્મેન્દ્રિય, પંચ જ્ઞાનેન્દ્રિય અને અગિયારમા અન્તઃકરણમાં પુષ્ટિ ભક્તિને વ્યાપ્ત કરી દે છે. એના થકી પુરુષોત્તમ જોશીની દશેન્દ્રિય અને અગિયારમા અન્તઃકરણમાં સદા સ્પર્ધા રહે છે કે, કોણ પ્રભુ પાસે પહેલું પહોંચે. ભક્તિના આવા ઉત્તમાધિકારી જોશી છે. તેથી વાર્તા કહે છેકે, **"तब भक्तिवर्धिनी ग्रंथ करि ग्यारह श्लोक सुनाये सो यह उत्तम अधिकारी है ।"**

શરણે આવ્યાં પછી પુરુષોત્તમ જોશી, આચાર્યજીને પોતાને ઘેર પધારવાની વિનંતી કરે છે, કારણકે એમને સ્વદેહાદિથી સ્વગૃહમાં ભગવત્સેવા કરવી છે. જોશીજીના દેહ પર તો શ્રીમદ્ આચાર્યચરણની ચરણછાપ આવી ગઈ છે. હવે ગૃહમાં પણ એ છાપ પડે તો **"गृहेस्थित्वा"** નો અણમોલ સિદ્ધાંત નિરવિઘ્નતાથી પાળી શકાય. **"तब श्रीआचार्यजी पुरुषोत्तम जोशी के घर पधारि स्त्रीको नाम निवेदन कराये । पाछें आज्ञा दिये जो तुम भगवत्सेवा करों । तब पुरुषोत्तम जोसी ने कही महाराज, मेरे घरमें श्रीठाकुरजी है सो मर्यादा की रीति पूजा करत हतो । अब आपु जैसे आज्ञा करो तैसे सेवा करों । तब श्रीआचार्यजी लालजी कों पंचामृत स्नान कराय पाट बैठाये ।"** પૂતના વધ પછી જે

સુંવાળાશથી ગોપીજનોએ ઠાકુરજીના અંગેઅંગને સ્પર્શીને પુષ્ટ કરેલાં, એવી જ રીતે શ્રીવલ્લભે, પુરુષોત્તમ જોશીના લાલનને પુષ્ટ કર્યાં. પુષ્ટ થયેલ ઠાકુરજીએ પુરુષોત્તમ જોશીનું મન હરી લીધું. "**सो पुरुषोत्तम जोसीने बहोत दिन सेवा करी । भगवद्‌भावमें मगन रहेतें ।**" પુરુષોત્તમ જોષીએ ઠાકુરજીની સેવા આત્મભાવથી કરી. એમના આત્માની ભીતર અનુરાગથી ભરપૂર પરમાત્મા બિરાજે છે, એ જાણીને, પુરુષોત્તમ જોશીએ, પોતાના ઠાકુરજી પોતાની જ કોઈ હકીકત હોય એવા આત્મીય ભાવથી ભગવત્સેવા કરી.

પુરુષોત્તમ જોશીનો પોતાના સેવ્યસ્વરૂપ માટે કેવો નાજૂક અને અગાધ ભાવ હશે, એમની ભગવદ્‌ભક્તિ કેવી અવિરત હશે, એના દર્શન, પુરુષોત્તમ જોષીની વાર્તા અને ભક્તિવર્ધિની ગ્રંથ અને એના ભાવનું એકીકરણ કરીને કરી લઈએ. જોશીજીની ભાવતરંગોમાં પુષ્ટિભક્તિના સમ્યક્ દર્શન કરી લઈએ. અનેકરંગી ભાવભાવનાઓથી એમનો બીજભાવ કેવી રીતે દૃઢ થયો એની ય ઝાંખી કરી લઈએ. સેવક અને સેવ્ય સ્વરૂપ વચ્ચેનું પુષ્ટિભક્તિમાર્ગીય relation પણ સમજી લઈએ. ભાવથી ભગવત્સેવા કરતાં પુરુષોત્તમ જોશીના માથે બીરાજેલા પ્રભુ, હળવેકથી એમના હૃદયમાં કેવી રીતે પ્રવેશી ચુક્યા એ પણ નિરખી લઈએ.

આચાર્યજીએ ભક્તિવર્ધિની ગ્રંથ પ્રકટ કર્યો તે પહેલાંના આપના ષોડશગ્રંથો સેવાના ઉપદેશના ગ્રંથો છે. ભક્તિવર્ધિની ગ્રંથ પછી પ્રકટ થયેલા ગ્રંથો ભક્તિ સંબંધિત છે. તેથી પુરુષોત્તમ જોષીની વાર્તા અને ભક્તિવર્ધિની ગ્રંથ, ભક્તિમાર્ગીય પથ પર એક નાજુક મોડ પર છે. એ મોડ

પરથી ભક્તિ કેવી અંગડાઈયું લઈને વિલસે છે એના અલૌકિક દર્શન પણ કરી લઈએ.

ભક્તિના ગુલાબને પકડવાનો એક નાજુક અંદાઝ છે, મિજાઝ છે. એને પાંદડીથી પકડવાની ધૃષ્ટતા કરીએ, તો પાંદડીઓ ખરી જશે અને કેવલ ડાંડી હાથમાં રહેશે. પુરુષોત્તમ જોશીએ કયા અંદાઝથી ભક્તિને ખીલવી એ પણ અહીં જોઈ લઈએ.

ભગવાન પુષ્ટિજીવને કહે છેકે, તુ મારા સ્વભાવને જાણી નહીં શકે, પણ તને જે ગમે છે, તે તું મારી સાથે માણ, તો હું પણ તને માણતો થઈ જઈશ. પુષ્ટિભક્તિનો આવો મુલાયમ મિજાઝ છે, કારણકે આનંદાકાર શ્રીકૃષ્ણનો સ્વભાવ આનંદ માણવાનો છે. પુરુષોત્તમ જોશી જાણે છે કે, એમને માથે બીરાજતા પ્રભુ સાક્ષાત્ આનંદાત્મક પૂર્ણ પુરુષોત્તમ છે અને આવા પુરુષોત્તમ, પુરુષોત્તમ જોશીને માણવા એમના ઘેર નિજધામમાંથી પધાર્યા છે. **"स एकाकि न रमते स द्वितीयमैच्छत्"** ના આવા રસિક ભાવથી. પુરુષોત્તમ જોશી એ પણ જાણે છેકે, પોતાના સામર્થ્ય કે અસામર્થ્યને, એમના વૈભવ કે દારિદ્રયને માણવા એમના સેવ્યસ્વરૂપ એમને માથે પધાર્યા છે. ભક્તિવર્ધિની ગ્રંથમાં, ભક્ત અને ભગવાન વચ્ચે રહેલ આવા નાજુક સંબંધોની પહેચાન છે. આ સંબંધ વિરુદ્ધધર્માશ્રય યુક્ત છે. બ્રહ્મસંબંધ લેતી વખતે પુષ્ટિજીવે નિવેદિત કરેલ અહંતા-મમતાત્મક સર્વ પદાર્થો પર જીવની સત્તા હોવા છતાંય, બ્રહ્મવાદની દ્રષ્ટિથી એ સર્વે પદાર્થો બ્રહ્માત્મક પણ છે. એનું સમતોલન જાળવવા, પુષ્ટિજીવ એના માથે બિરાજતાં ઠાકુરજીને કહે

છેકે, રાજ, હું અને મારૂં સર્વે, એ કેવલ મારૂં નથી અને એ કેવલ પ્રભુ આપનું પણ નથી, પરંતુ એ સર્વે આપણું છે, એટલે આપણે એને સાથે માણીએ. લગ્ન થયા પછી પતિ અને પત્ની એકબીજાની વસ્તુને "આપણી" કહે છે, એવો અહીં મૃદુલ ભાવ છે. તેથી પુરુષોત્તમ જોશીના દેહેન્દ્રિયાદિને પ્રભુ માણે છે અને પ્રભુના સ્વરૂપાનંદને, પુરુષોત્તમ જોશી ભજનાનંદથી માણે છે. આમ, પુરુષોત્તમ જોશીને એમના પ્રભુ સાથે અને એમના શ્રીઠાકુરજીને જોશી સાથે પરસ્પર માણવાનો જે ભાવ છે એ એકાંગી ભક્તિ છે. "દો વપુ પ્રાણ એક" જેવી અવસ્થા છે. આચાર્યશ્રીએ જોશીજીને આવી એકાંગી ભક્તિનું દાન કર્યું છે. તેથી વાર્તા કહે છેકે, "**दृढ एकांगि भक्ति को तुं अधिकारी है ।**" ભક્તિના વિવિધ અંગો જે ભગવદીયમાં એક અંગ રૂપે બિરાજ્યા હોય તે એકાંગી ભક્તિ. તેથી એકાંગી ભક્ત સેવા, કથાદિથી પરિપૂર્ણ છે અને પોતાના સેવ્ય સ્વરૂપમાં દૃઢાશ્રયી પણ છે.

આનંદરૂપ પ્રભુનો સ્વભાવ માણવાનો છે. પ્રભુ સાથે સર્વે માણવાનો પુરુષોત્તમ જોશીનો જે ભાવ છે એમાં ઠાકુરજીને સર્વ સમર્પિત કર્યા પછી, જોશીજી સર્વે વસ્તુનો ઉપભોગ કરે છે. આવા ભાવથી "**पुरुषोत्तम जोसीं ने बहोत दिन सेवा करीं**" અને પ્રભુની સંગ આનંદ માણ્યો. એમણે શું આનંદ માણ્યો એ વાત કોઈને ન કરી. "**काहुके आगे अपने हृदयको भाव प्रकट न करते ।**" ઘરની વાત બહાર ન કહેવાય, કારણકે પુષ્ટિમાર્ગીય ભગવત્સેવાનો પ્રકાર સ્વગૃહમાં છે. "**गृहे स्थित्वा स्वधर्मतः ।**" તેથી જ શ્રીમહાપ્રભુજી

આજ્ઞા કરે છેકે, "**गुप्तो ही रसः रसत्वम् आपद्यते अगुप्तस्तु रसाभासःस्याद्** ।" ભગવદ્ રસ ગુપ્ત ન રહે તો રસાભાસ થઈ જાય. એ રસને ગોપ્ય રાખવા આચાર્યચરણ પોતાના ઘરમાં બેસીને સેવા કરવાની આજ્ઞા કરે છે. ભક્તિવર્ધિની ગ્રંથના પ્રારંભમાં જ શ્રીમદાચાર્યચરણ આજ્ઞા કરે છેકે, "**यथा भक्तिः प्रवृद्धास्यात्तथोपायो निरूप्यते** ।" પ્રભુ માટે પુષ્ટિજીવની ભક્તિ સહેજતાથી વધે એનો એક અણમોલ ઉપાય છે કે, પ્રભુ સાથે સાધારણીકરણ કરવું. દા.ત. રામાયણનું નાટક જોતાં હોઈએ અને કોઈ પાત્ર રડતું હોય તો એ વખતે આપણે એવી બુદ્ધિ નથી વાપરતાં કે રામકથા તો ત્રેતાયુગમાં થઈ ગઈ. તો હવે આ માણસ આજે કેમ રડે છે ? આવી બુદ્ધિ ચલાવીએ તો આપણે નાટકનો આનંદ ન માણી શકીયે. અર્થાત્ આપણું સાધારણીકરણ ન થઈ શકે. નાટકમાં આપણે કેવલ ભાવનો જ આનંદ માણીએ છીએ, દેશકાલનો નહીં. તેવી જ રીતે આપણે આપણા સેવ્યસ્વરૂપમાં એવી ભાવના કરીએ કે પ્રભુ ગાયોની સાથે આવનીમાં પધારી રહ્યાં છે, તો એ વખતે, આપણે કે આપણું સેવ્યસ્વરૂપ, એવી બુદ્ધિ નથી વાપરતાં કે આ મુંબઈના ફ્લેટમાં ગાયો ક્યાંથી લાવવી ? આવી અલ્પબુદ્ધિ અને સ્નેહથી સાધારણીકરણ થાય છે. પુરુષોત્તમ જોશીને અને એમને માથે બીરાજતા ઠાકોરજીને, આવી પરસ્પર અલ્પબુદ્ધિ અને સ્નેહથી, સાધારણીકરણ સિદ્ધ થયું છે. પ્રભુ જીવ માટે એટલીજ અલ્પબુદ્ધિ રાખે છે કે આ મારો છે અને પોતાના માનેલા જીવમાં પ્રભુ પોતાની આસક્તિ ઢાળે છે. ભગવાન જો જીવના દોષ જોવાની બુદ્ધિ ધારણ કરે તો જીવનું ભક્તિમાર્ગમાં

કયાંય સ્થાન જ ન રહે. તેથી જ કૃષ્ણાવતારમાં ગ્રામીણ વ્રજભક્તો સાથે પ્રભુએ પણ ગોપવેશ ધરી સાધારણીકરણ કર્યું અને ત્યારે તો વ્રજલીલામાં આનંદરસ પ્રકટ થયો. નહીંતો વિજાતિય ભાવથી રસાભાસ થાય. "**ग्राम्यैः समं ग्राम्यरसानुभवार्थं ग्राम्यवदेव रेमे अन्यथा विजातीये रसो नोत्पद्येत् ।**"

જેવી રીતે ઠાકુરજીએ પુરુષોત્તમજોશીમાં સાધારણીકરણ કર્યું છે એવી રીતે પુરુષોત્તમ જોશીએ પણ પોતાના સેવ્યસ્વરૂપમાં સાધારણીકરણ સિદ્ધ કર્યું છે. આ સાધારણીકરણને પ્રકાશિત કરતાં શાસ્ત્ર કહે છેકે, "**प्रतिमा सु अल्पबुद्धिनाम् ।**" અર્થાત્ પુરુષોત્તમ જોશી એમના સેવ્ય સ્વરૂપમાં મર્યાદિત બુદ્ધિ વાપરે છે. "**योगिनाम् हृदये हरिः ।**" ઈશ્વરને હૃદયમાં ધરવા યોગીને બહુજ બુદ્ધિ વાપરવી પડે છે. તેથી યોગીને અને તેના યોગેશ્વરને ઠંડી કે ભૂખ નથી લાગતી, પણ પુષ્ટિભક્તિના નશામાં, પુરુષોત્તમ જોશીના યોગેશ્વરેશ્વર ઠાકુરજીને ઠંડી, ભૂખ, ડર પણ લાગે છે. ત્રિપુરારીદાસની ગદડી ઓઢયા પછી જ શ્રીનાથજીની ઠંડી નિવૃત્ત થઈ. "**सेवायां लौकिकी रीतिः ।**" આવા પુષ્ટિભાવથી પુરુષોત્તમ જોશી પોતાના સેવ્યસ્વરૂપનું રક્ષણ કરે છે. પોતાના રક્ષણ માટે એમણે ઠાકુરજીને માથે નથી પધરાવ્યાં. એના પ્રતિસાદરૂપે જોશીજીના સેવ્યસ્વરૂપ એમનું ભરણપોષણ અને રક્ષણ સ્વયં કરે છે.

માહાત્મ્યજ્ઞાનથી પુરુષોત્તમ જોશી જાણે છેકે, એમના ઠાકુરજી સર્વસ્વ, સર્વવ્યાપી, સર્વશક્તિમાન છે. તોય અલ્પબુદ્ધિથી જોશીજી પોતાની રુચિ અને આવશ્યકતાને

પોતાના સેવ્ય સ્વરૂપની રુચિ અને આવશ્યકતા માને છે. ત્યારે તો એ સ્નેહથી ભગવત્સેવા કરે છે. વાર્તા કહે છે, **"सो दोउ जने प्रीतिसो सेवा करन लागे ।"** પુરુષોત્તમ જોશીએ પ્રભુના માહાત્મ્યને જાણ્યું છે, માણ્યું નથી અને પ્રભુના સ્વરૂપાનંદને માણવા એમણે પ્રભુના અગાધ માહાત્મ્યમાં અલ્પબુદ્ધિ કરી છે. જોશીજીની સદા એવી તીવ્રભાવના છેકે, એમના પ્રભુ અખંડિત આનંદ માણે અને એ ભાવથી એમણે ભગવત્સેવા અને ભજન કર્યું છે. વાર્તા કહે છે, **"सो पुरुषोत्तम जोसीने बहोत दिन सेवा करी ।"**

પ્રભુ અને ભક્ત એમ પરસ્પરના સાધારણીકરણ વિના લીલાનો આનંદ પ્રકટ ન થાય. તેથીજ અલ્પબુદ્ધિ અને સ્નેહના આવેશમાં, કૃષ્ણાવતાર વખતે ગોકુલમાં, સર્વજ્ઞ પ્રભુને એ પણ ખબર નથી પડતી કે એમની કામળી કોણ લઈ ગયું. **"मैया मेरी कामल कोन लई"** કહી પૂર્ણ પુરુષોત્તમ રડે છે. એ વખતે પરબ્રહ્મને એવું માહાત્મ્યજ્ઞાન ન કરાવાય કે આપ સર્વજ્ઞ છો. એમ કરવાથી પ્રભુનો લીલાનો આવેશ ઓસરી જાય. બસોબાવન વૈષ્ણવની વાર્તામાં આવે છેકે, માજીએ બીલાડીથી ડરતા પ્રભુને જ્ઞાન કરાવ્યું કે, આપે રાક્ષસોને માર્યા અને હવે બીલાડીથી ડરો છો ? આ જ્ઞાન કરાવવાથી, પ્રભુનું માજી સાથે જે અલ્પબુદ્ધિથી સાધારણીકરણ હતું તે છૂટી ગયું. ભક્તકામ પ્રભુ આત્મકામ બની ગયા અને માજી સાથે બોલતા બંધ થઈ ગયા. તેથીજ પુરુષોત્તમ જોશીએ પ્રભુ સાથે સાધારણીકરણની ભાષા બોલી અને એ પ્રમાણે ઠાકુરજી સાથે સ્નેહથી વ્યવહાર કર્યો. જોશીજીના સ્નેહ અને સ્વભાવ અનુસાર

એમના સેવ્યસ્વરૂપ conditioned થઈ ગયાં. જ્યારે ભક્તને સેવા કરતી વેળા એવો ભાવ દૃઢ થઈ જાય કે જે હું સમર્પિત કરી રહ્યો છું એ અંગીકાર કરવાની પ્રભુને રુચી ઉત્પન્ન થઈ રહી છે, ત્યારે પ્રભુ ભક્તના એવા ભાવમાં conditioned થવા લાગે છે. "કટહરીયા પ્રભુ કો રુચિ ઉપજી." આવા પુષ્ટિભક્તિના ભાવથી પુરુષોત્તમ જોશી ભગવત્સેવા કરે છે અને એમના સેવ્યસ્વરૂપ ભજનીય સ્વરૂપે એમની સેવા અંગીકાર કરે છે અને ભાવનીય સ્વરૂપે એમના અંતરમાં વિલસે છે. માથે બિરાજતા ભજનીય સ્વરૂપને પુરુષોત્તમ જોશીએ એક અનોખા ભાવના લાડથી, હળવેકથી ભાવનીય સ્વરૂપે હૃદયમાં પધરાવ્યાં. ભક્તિવર્ધિની ગ્રંથનું આ હાર્દ છે. પુષ્ટિના કારણથી પુરુષોત્તમ જોશી સાથે એમના પ્રભુએ અને ભક્તિના કારણથી જોશીજીએ એમના પ્રભુ સાથે આવું અદ્ભુત સાધારણીકરણ કર્યું છે. પરસ્પરના આવા સાધારણીકરણથી પ્રભુના ઐશ્વર્યાદિ ધર્મો પુરુષોત્તમ જોશીમાં વિકસિત થઈ ગયાં છે અને જોશીજીને ભક્તિના ઉત્તમ અધિકારી બનાવ્યા છે. આવા ઉત્તમ અધિકારી પુરુષોત્તમ જોશી જે કાંઈ  કરે છે તે એમના ઠાકુરજી માટે કરે છે. વિરહતાપથી સભર છે અને પોતાના દોષનો વિચાર કરે છે. પોતાના અને ઠાકુરજીના સ્વરૂપનો ય વિચાર કરતા હોય છે.

સમજ, ભાવ અને ક્રિયાથી કરેલ નિવેદન, સમર્પણ કે વિનિયોગ એ પુષ્ટિપુષ્ટિ કક્ષાની ભક્તિ છે. મહાપ્રભુજી આને આધિદૈવિકી સેવા કહે છે. પુરુષોત્તમ જોશી પુષ્ટિપુષ્ટિ ભક્તિના ઉત્તમાધિકારી છે. પરંતુ જે ભક્તને સમજ અને ભાવ છે પણ ક્રિયા નથી એ ભક્ત પુષ્ટિમર્યાદાનો

અધિકારી છે. આચાર્યજી આને આધ્યાત્મિકી અવસ્થા કહે છે. જે ભક્તમાં ભાવ અને સમજ નથી પણ કેવલ ક્રિયા છે, તે ભક્તિ પુષ્ટિપ્રવાહરૂપા છે. શ્રીમહાપ્રભુજી આને આધિભૌતિકી ભક્તિ કહે છે. આજ વિષયને બીજી રીતે જોઈએ તો પુરુષોત્તમ જોશી પુષ્ટિભક્તિના એવા ઉત્તમાધિકારી છે, જેમને પોતાના સ્વરૂપનું ભગવદંશરૂપે જ્ઞાન છે અને પ્રભુના સ્વરૂપનું અંશીરૂપે. તદનુસાર આ ભગવદીયની રતિ અને ક્રિયા છે. આ ચારમાંથી એક પણ પ્રકાર ઓછો થતો જાય તેમ ભક્તિની અવસ્થા ન્યૂન થતી જાય છે.

પુષ્ટિભક્તિના પથ પર માહાત્મ્યજ્ઞાન અને સુદૃઢ સ્નેહથી ગમન કરનાર પુરુષોત્તમ જોશીનો બીજ ભાવ દૃઢ થઈ ગયો છે. "**बिजभावे दृढेतुस्यात् ।**" ભક્તિના બીજ ભાવને મહાપ્રભુજી સ્વભાવ માને છે. તનુવિત્તજા સેવા, ભાવભાવના એ જીવના સ્વભાવમાંથી આવિર્ભૂત નથી થતી. એને સિદ્ધ કરવા જીવ પોતાની ચેતનતાના કારણે સંકલ્પ કરે છે અને એ જ એનુ ભક્તિમાર્ગીય સામર્થ્ય છે. આમ આપણા સ્વભાવ અને સામર્થ્યના મિશ્રણમા પ્રભુની પુષ્ટિ સમમિશ્રિત થાય ત્યારે ભક્તિબીજ અંકુરિત, પુષ્પિત, ફલિત થાય છે. અર્થાત્ પ્રેમ, આસક્તિ અને વ્યસનમાં એ વિકસિત થાય છે. સર્વસમર્થ પ્રભુ, લીલાર્થ અસમર્થ બને ત્યારે ભક્ત ભક્તિ કરી શકે છે. ભક્તના અસામર્થ્યને અનુલક્ષીને પ્રભુ પોતાની લીલામાં અસામર્થ્ય પ્રકટ કરે, ત્યારે પુષ્ટિભક્તિ સહેજ બને છે. તેથી પ્રભુને નક્કી કરવાનું છે કે એમણે કોને ભક્ત બનાવવો છે. કોની પાસે પ્રભુ કેટલા અસમર્થ થવા તૈયાર છે. પોતાનો આનંદ માણવા ભગવાન સ્વયં જ

સેવક, સેવ્ય અને સેવારૂપે પ્રકટ થયા છે. ભક્તને ભજનાનંદનું દાન કરી સ્વરૂપાનંદનું પાન કરાવે છે. વાસ્તવમાં, ભક્તરૂપે પ્રભુ સ્વયં જ પોતાના સ્વરૂપાનંદનો આસ્વાદ લે છે. માહાત્મ્યજ્ઞાન પૂર્વક આપણો સર્વતોધિક સુદૃઢ સ્નેહ પ્રભુમાં સ્થિર થાય ત્યારે ભગવદ્ રતિ, સ્નેહ કે ભક્તિભાવ સ્થાયી બને છે. "**बीज भावे दृढे तु स्यात् ।**" સ્થાયીભાવ રસરૂપ છે તેથી જ પુરુષોત્તમ જોશી માટે વાર્તા કહે છેકે, "**भगवद्‌भाव में मगन रहेतें ।**" અર્થાત્ એમની ભક્તિ સંયોગ લીલામાં તો સુદૃઢ છે જ પણ અનોસરમાં ય સ્નેહના પ્રાચુર્યને કારણે જોશીજીનો સ્નેહભાવ અતિ ઉત્કટ બને છે અને એમના સ્થાયીભાવનો રસ ગાઢ અને પ્રગાઢ બની જાય છે. વ્યસનોત્તર કૃતાર્થતાની આ અવસ્થા છે.

સંયોગ અને વિપ્રયોગ, રતિના બે દલ છે, કેવલ શૃંગારના નહીં. તેથીજ વાત્સલ્ય, સખ્ય, કિશોરભાવમાં ભક્તિ દ્વિદલાત્મક છે. ભક્તિ કે ભગવત્સ્નેહનો સ્વભાવ અશાંત છે. ઠાકુરજીની સેવા વેળા પુરુષોત્તમ જોશીની આવી અશાંત ભક્તિ સુખદ છે અને વિપ્રયોગમાં એ દુ:ખદ છે. વિપ્રયોગની અશાંતતા ઉદ્વેગજનિત નથી, પણ વ્રજભક્તોની જેમ તાપક્લેશાનંદાત્મક છે.

"**अन्यावृत्तो भजेत् कृष्णं पूजया श्रवणादिभिः ।**" પુષ્ટિભક્તિના પથ પર અભિગમન કરતાં પુરુષોત્તમ જોશીએ "ભક્તિ" શબ્દના અર્થને અખંડિત રીતે જીવ્યું છે. ભક્તિ શબ્દ "**भज**" અને "**क्तिन्**" જોડવાથી બને છે. **भज्** ધાતુની પ્રકૃતિનો અર્થ છે સેવા અને **क्तिन्** પ્રત્યયનો ફલિતાર્થ છે પ્રેમ. તેથીજ જોષીજીએ પ્રેમથી ભગવત્સેવા કરી છે. એ

જ પુષ્ટિભક્તિનું યથાર્થ સ્વરૂપ છે. અપરોક્ષ (સેવા વેળા) અવસ્થામાં સેવા એ કાયિકી ભજનમાં લગાડવાની પ્રક્રિયા બને છે અને પરોક્ષ (અનોસર) માં શ્રવણ, ચિંતન, કિર્તનથી જોશીજીએ મનને ભજનમાં ઓતપ્રોત કર્યું છે. શ્રીવલ્લભના ભક્તિમાર્ગની ખૂબસૂરતી એ છેકે, જે અહંતા અને મમતા, સંસારમાં ફસાવનારી છે, એને તનુવિત્તજા સેવા દ્વારા અને શ્રવણકિર્તન દ્વારા પ્રભુ તરફ વાળી, આચાર્યજીએ એને નિત્યલીલામાં પ્રવેશ કરાવનારી બનાવી દીધી છે. ઈન્દ્રિયની પ્રેમવાસનાને સ્થાને, પુષ્ટિજીવમાં, "પ્રભુની વાસના" જગાડી દીધી છે. પુરુષોત્તમ જોશીની વાર્તાથી એ બોધ મળે છેકે, પોતાના ઘેર ઠાકુરજીને પધરાવીને પ્રભુને સમર્પિત રહેવાથી, પ્રભુ માટે સ્નેહ (ભક્તિ) વધે છે. ઘરમાં ઠાકુરજીને પધરાવવાથી આપણું ઘર ગોકુલ બની જાય છે. સારસ્વત કલ્પમાં જે શુદ્ધ પુષ્ટિપુરુષોત્તમ વ્રજ છોડીને બહાર નહોતાં ગયાં, એવા પ્રભુને, શ્રીવલ્લભે કલિકાલમાં ઘેરઘેર પધરાવીને પુષ્ટિજીવને ન્યાલ કરી દીધાં છે. "**जब तक न बिका था कोई न पूछता था, तुमने मुजे खरीदकर अनमोल कर दिया ।**" શ્રીવલ્લભની ખરીદીથી પુષ્ટિજીવ અનમોલ બની ગયો. મહાપ્રભુજીની સેવાનો એક પાસો ક્રિયાનો છે અને બીજો પાસો સ્નેહનો છે. પુરુષોત્તમ જોશી માટે આવી સ્નેહાત્મિકા ક્રિયા ભક્તિ બની ગઈ છે.

શ્રીવલ્લભે પ્રકટ કરેલ "**अव्यावृत्तो भजेत् कृष्णं पूजया**" ની કથા એ ઈશાનુકથા છે. ઘરમાં એક ઈશ હોય તો ઘરના પિતા, પુત્ર, પત્ની અને ઘરમાં ગાય હોય તો તે પણ પ્રભુસેવામાં સમાવિષ્ટ થઈ જાય છે. સંસારરૂપી કુવામાં

ડૂબેલા પુષ્ટિજીવને બહાર કાઢવા ઠાકુરજી દોરડું નથી નાખતાં, પણ સ્વયં એ કુવામાં કૂદી પડે છે. આપણા ગૃહમાં પધારે છે. પુરુષોત્તમ જોશી સેવા વેળા પ્રભુ સાથે અને અનોસરમાં પ્રભુ માટે જીવે છે જ, પણ ભક્તિના ઉત્તમાધિકારી હોવાથી, એ સેવા વેળા પ્રભુ માટે અને અનોસરમાં પ્રભુ સાથે પણ જીવે છે. આ ભાવ તુલસા બેટીની વાર્તામાં ઉપલબ્ધ થશે. "નિંદભર સોયો" ની ઉક્તિમાં. જોશીજીના પત્ની એમના સંગી છે. જોશી પરિવારની આ ઈશાનુકથા છે. "ઈશ" એટલે ઈશ્વર અને "અનુ" એટલે ચેરો. પ્રત્યેક વાતમાં જે પ્રભુને જોઈ શકે છે તે "ચેરો" કહેવાય. "**अखंडकृष्णवत् सर्वम्** ।"

સૂર્યમાંથી પ્રકટ થયેલ પૃથ્વી પૂજ્યભાવથી સૂર્યની આસપાસ પરિભ્રમણ કરે છે, એમ પ્રભુમાંથી પ્રકટ થયેલો પુષ્ટિભક્ત સેવ્ય સ્વરૂપની આસપાસ ફરતો રહે છે. જીવાત્મા પરમાત્મા પ્રત્યે આકર્ષણ અનુભવે એને મહાપ્રભુજી પુષ્ટિ કહે છે અને પ્રભુનું આકર્ષણ અનુભવીને પૃથ્વીની જેમ પરમાત્માની આસપાસ ફરતો રહે એને શ્રીવલ્લભ ભક્તિ કહે છે. પુરુષોત્તમ જોશીનું પ્રભુ પ્રત્યે કેવું આકર્ષણ છે ? એમની પ્રત્યેક ઈન્દ્રિયમાં સ્પર્ધા રહે છે કે કોણ પ્રભુ પાસે પહેલી પહોંચે ! એમના હાથ કહે છેકે, સૌથી પહેલાં હું સેવામાં પ્રવૃત્ત થાઉં. આંખ કહે છેકે, સૌથી પહેલાં હું પ્રભુને નિરખું. કાન કહે છેકે, પહેલાં હું ભગવદ્‌ગુણગાન સાંભળું. જોશીજીનું રસાત્મક ભાવાત્મક ગૂઢભજન છે, એટલે વાર્તા કહે છેકે, "**भगवद्‌भावमें मगन् रहेतें** ।" **अन्यावृत्त होइ रहे । काहुके आगे अपने हृदयको भाव प्रकट न करते** ।"

કારણકે એમની ભક્તિ રસાત્મક છે.

અનન્ય ભાવ વીના અવ્યાવૃત્ત ભજન સિદ્ધ ન થાય. અર્થાત્ પુરુષોત્તમ જોશીના અંતઃકરણની સર્વરુચિ કેવલ ભગવદ્ અર્થ છે. જે જીવમાં પ્રભુથી કોઈ અન્ય પણ ભાવ હોય તો તેની પૂર્તિની કામના જીવને વ્યાવૃત્ત બનાવે છે. તેથીજ જોશીજી માટે વાર્તા કહે છેકે, "**लौकिक जानते नाहिं ।**" ભગવત્સેવા કરી શકનાર અવ્યાવૃત્ત છે અને જે નથી કરી શકતો તે વ્યાવૃત્ત છે. અદૃઢબીજભાવવાળા વ્યાવૃત્ત જીવને ભક્તિનો ઉપાય બતાવતા શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છેકે, "**व्यावृत्तो अपि हरौ चित्तं श्रवणादौ यतेत् सदा ।**" કથાપક્ષમાં પ્રભુના ગુણોનું શ્રવણકીર્તન કરવાથી ઠાકુરજી પુષ્ટિભક્તના અંતરમાં પધારે છે, અને એ શ્રવણકીર્તનનું સાતત્ય જાળવવાથી પ્રભુ અંતરમાંથી બહાર પધારી શક્તા નથી. આમ, વ્યાવૃત્ત ભક્તને ક્રમશઃ વ્યસનદશા સિદ્ધ થઈ શકે છે.

પુરુષોત્તમ જોશીમાં ભગવત્સેવા અને ભગવત્કથાનું ચક્ર અસ્ખલિત ગતિમાન છે. "**सेवायां वा कथायां वा यस्यासक्ति दृढा भवेत् ।**" સેવા સંબંધિત પુરુષોત્તમ જોશી દેશ, કાલ, ઋતુ, ગૃહ, પરિવાર આદિમાં એક ચરણ રાખે છે અને એમનું બીજુ ચરણ પ્રભુની નિત્ય લીલામાં વિદ્યમાન છે. આધિભૌતિક પદાર્થને આધિદૈવીક પૂર્ણપુરુષોત્તમ સાથે જોડવાથી જોશીજીનું ઘર, સ્થલ, ઋતુ, પરિવાર આદિ જન, ભૂતલ પર હોવા છતાંય, વ્યાપી વૈકુંઠ વાસી બને છે. પુરુષોત્તમ જોશીને એમના ઠાકુર માટે એવો ભાવ છેકે, તારા જેવો સ્વામી મને મળ્યો નથી. તો એના પ્રતિસાદરૂપે

ઠાકુરજીને પણ જોશીજી માટે એવો ભાવ છેકે, તારા જેવો સેવક મને મળ્યો નથી. આ પ્રભુનો, ભક્ત માટે સૌભાગ્યમદ છે. ભક્તિ શાસ્ત્રનું ગૂઢ તત્ત્વ છે.

વાચિક, કાયિક અને માનસિક એમ ભક્તિનો ત્રણ પ્રકારનો વ્યાપાર છે. કથા પક્ષમાં શ્રવણ, કિર્તન અને સ્મરણ વાચિક છે. સેવા પક્ષમાં પાદ સેવન, અર્ચન અને વંદન કાયિક વ્યાપાર છે. દાસ્ય, સાખ્ય અને આત્મનિવેદન ભક્તિમાં માનસિક વ્યાપાર છે. ભક્તિના વાચિક અંગમાં આપણી ભીતર જે વસ્તુ છે તે બહાર આવે છે. કાયીક વ્યાપારમાં જે બહાર છે એ આપણી કાયાની ભીતર જાય છે અને ભક્તિનો માનસિક વ્યાપાર આ બન્ને વચ્ચે common છે. અર્થાત્ ભક્તિયોગમાં યોગના મૌલિક સિદ્ધાંત પર્યવસિત છે. તેથીજ પુરુષોત્તમ જોશીની વાચિક ભક્તિમાં શ્રવણભક્તિ લીલાનો પૂરક છે. વાર્તા કહે છેકે, "**पुरुषोत्ताम जोसी सावधान होइ उतरे । परंतु भगवद्-वार्ता को आवेस उतरयो नाहीं ।**" કૃષ્ણભટ્ટે કહેલ ભગવદ્વાર્તાનું સ્મરણ, લીલાનો કુંભક હોવાથી જોશીજીના મનમાં એ લીલા સ્થિર થઈ ગઈ છે અને "**भगवद् वार्ता को आवेस उतर्यो नाहीं ।**" તત્પશ્ચાત્ લીલાના રેચકરૂપ "**पाछे कृष्णभट्ट सों वार्ता करन लागे ।**" યોગની પરિભાષામાં પૂરક એટલે અંદર પ્રવેશ થવું, કુંભક એટલે રોકવું અને રેચકનો અર્થ થાય, બહાર વમન કરવું. વાર્તા આ ત્રણેય પક્ષને આવરી લે છે. આ પ્રક્રિયાથી મન, બુદ્ધિ અને ચિત્ત શુદ્ધ થાય છે. ભક્તિયોગની દ્રષ્ટિથી પાદસેવન પૂરક છે. અર્ચન કુંભક છે કારણકે સેવ્ય સ્વરૂપમાં વ્રજની ભાવના સ્થિર કરી આપણે સેવા કરીએ

છીએ. સેવા કરી રહ્યા પછી પુરુષોત્તમ જોશી ઠાકુરજીને બે હાથ જોડી વંદન કરે છે અને દૈન્યથી મનમાં ભાવના કરે છેકે, પ્રભુ હું આપની સેવા શું કરી શકું ? આ, ભાવના ભક્તિયોગનો રેચક છે, કારણકે એ ભાવના પ્રભુના ચરણકમલમાં અભિવ્યક્ત થાય છે. તેવીજ રીતે પુરુષોત્તમ જોશીની દાસ્યભક્તિ ભક્તિયોગનો પૂરક છે, કારણકે પ્રભુના ચરણકમલના દાસત્વની ભાવના જોશીજી પોતાના અંતરમાં પધરાવે છે. દાસ્યભાવથી પુરુષોત્તમ જોશીની અહંતા પ્રભુ સાથે જોડાય છે અને સાખ્ય ભક્તિથી મમતા. સાખ્ય ભક્તિમાં પ્રભુના સુખનો વિચાર કુંભક છે, સ્થાયી છે. આવા અહંતા અને મમતાના નિવેદન પછી આત્મનિવેદન ભક્તિ ઝલકે છે. આત્મનિવેદન ભક્તિ સર્વસમર્પણની ભાવનાવાળી હોવાથી એ ભક્તિયોગનો રેચક છે.

નવધાભક્તિમાં અવસ્થિત શ્રવણ, કીર્તન અને સ્મરણ, ભક્તિના પહેલું છે. તેથી મહાપ્રભુજી આજ્ઞા કરે છેકે, "**व्यावृत्तोपि हरो चित्तं श्रवणादौ यसेत्सदा**" તેમજ પાદસેવન, અર્ચન અને વંદન, સેવાનાં પહેલું છે. દાસ્ય, સખ્ય અને આત્મનિવેદન સ્નેહાત્મક ભક્તિનાં પહેલું છે. આમ, પુરુષોત્તમ જોશીની કાયિક, વાચિક અને માનસિક ભક્તિ નવ પ્રકારથી પ્રભુમાં જોડાઈ છે અને ત્યારપછી એમનો શુદ્ધ અનુરાગ ભક્તિરૂપે ભગવદ્ અર્થ ખીલે છે. વેણુનાદ વેળા પ્રભુએ વ્રજભક્તોને આવી નવધા ભક્તિનું દાન કર્યું, જે અદ્યતનકાલમાં વેણુનાદાત્મક શ્રીવલ્લભના વચનામૃતથી સિદ્ધ થાય છે. નવધાભક્તિ શાસ્ત્ર વિધિરૂપ હોવાથી મર્યાદાયુક્ત છે, પરંતુ શ્રીમદાચાર્યચરણે એને પુષ્ટિભક્તિના અનિવાર્ય અંગરૂપ કરી છે. નવધાભક્તિ સિદ્ધ થવાથી પુષ્ટિજીવ

પ્રભુના દક્ષિણ ચરણ પકડે છે. અહીંથી ભક્તિનું વર્ધન કરી, ઠાકુરજીના વામ ચરણ સુધી લઈ જવાથી, પુષ્ટિજીવ પુષ્ટિભક્તિનો અધિકારી બને છે. નવધાભક્તિ વધવાથી પ્રેમલક્ષણા ભક્તિની સંભાવનાનો આવિષ્કાર થાય છે. કેવી રીતે ? શ્રવણ કિર્તન કરવાથી પ્રભુની નામ લીલાનો સંપર્ક થાય છે. પાદ સેવન, અર્ચન અને વંદનથી પ્રભુની રૂપલીલાનો સંપર્ક થાય છે અને દાસ્ય સખ્ય અને આત્મનિવેદનથી પ્રભુના ભાવાત્મક સ્વરૂપ સાથે સંબંધ વિકસિત થાય છે. આમ, કાયિક, વાચિક અને માનસિક ભક્તિથી પ્રભુના રૂપ, નામ અને ભાવનો ભક્ત્યાત્મક સંબંધ પરિણમે છે.

પ્રેમલક્ષણા ભક્તિનું મુખ્ય હાર્દ સ્વરૂપાસક્તિ છે. તેથીજ, ઉત્તમાધિકારી એવા પુરુષોત્તમ જોશીનો ભગવત્પ્રેમ, ભગવત્સ્વરૂપાસક્તિથી અતિરિક્ત કોઈપણ કારણથી જાગૃત નથી થયો અને તેથીજ એમની ભક્તિ નિર્હેતુક છે. એમની ભક્તિ નિરુપાધિક સ્નેહયુક્ત છે. ભગવત્સેવા વખતે આવા નિરુપાધિક ભાવનો કુંભક ભગવદ્‌યોગને સિધ્ધ કરે છે. પુરુષોત્તમ જોશી માટે પ્રભુ પોતાની મર્યાદા છોડી, જોશીજીમાં આસકિત સિધ્ધ કરી, પુષ્ટિયોગ સાધે છે. જીવના ગુણ-દોષ જોયા વિના પ્રભુએ એનામાં નિરુપાધિક સ્નેહ કર્યો છે. તેથીજ, એવા નિરુપાધિક સ્નેહની અપેક્ષા પ્રભુ પુષ્ટિજીવ પાસેથી પણ રાખે છે. પુરુષોત્તમ જોશીનો ગૃહ વ્યાપી વૈકુંઠ ધામ છે કારણકે એમના જીવનનો કોઈપણ પહેલું ભક્તિની સાધનાથી બહાર નથી. આ મસ્તીમાં પુરુષોત્તમ જોશી પ્રભુ સાથે ભવસાગર તરી ભાવસાગરમાં સદા વિહરે છે. જેવી રીતે એમણે પ્રભુને લાડ લડાવ્યાં છે એવો સ્વભાવ અને પ્રભાવ એમના

ઠાકુરજીનો બની ગયો છે. પુરુષોત્તમ જોશીને માથે બિરાજતા સેવ્ય સ્વરૂપ નિ:સાધન ફલાત્મા છે. એટલે જોશીજીને કોઈપણ સાધનાભિમાન નથી. જોશીજીની ભક્તિ અને ઠાકુરજીની લીલાનો અવિરત સુંદર તાલમેલ છે.

પુરુષોત્તમ જોષીમાં આમ સેવા અને કથાનું ચક્ર અસ્ખલિત વિદ્યમાન હોવાથી એમને સેવા વેળા ભગવત્સંયોગરસ સિદ્ધ છે અને અનોસરમાં ભગવદ્‌વિયોગ જનિત વિરહ. એમનું ભજન બાહ્યાભાંતર છે. એમની સેવા કથાત્મિકા છે અને કથા સેવાત્મિકા. સેવા અને કથા એવા ભક્તિના બન્ને અંગને નિભાવી શકનાર જ ભક્તિ રસનો ઉત્તમાધિકારી બની શકે છે. ભક્તિના ઉત્તમાધિકારી એવા પુરુષોત્તમ જોશીની કથા પક્ષની ગહેરાઈના દર્શન કરી લઈએ. માર્ગમાં ઘોડા પર જતા જોશીજીને એક તરફથી કૃષ્ણભટ્ટજી પકડે છે અને બીજી તરફથી એમના પત્ની. **"पाछें एक और कृष्णभट्ट पकरि के ऐसी भगवदवार्ता करी जो पुरुषोत्त जोसी को देहानुसंधान रह्यो नाहीं । रसमें मगन व्है गये ।"**

પુરુષોત્તમ જોશીની ક્રમશ: વર્ધન થતી ભક્તિની અવસ્થાને શ્રીવલ્લભ ગ્રંથમાં અતિ સુંદર રીતે સમજાવે છે. ભગવત્પ્રેમ દૃઢ થતાં જોશીજીના સંસાર સંબંધિત રાગનો વિનાશ થાય છે. **"स्नेहाद्राग विनाशस्यात् ।"** આસક્તિની અવસ્થામાં એમને ગૃહારુચી નથી થતી કારણકે ઘેર ઠાકુરજી બીરાજે છે. એમનું ઘર ગોકુલ છે. એટલે એમને ગૃહમાં અનાત્મપણું છે જ નહીં.

ભગવાનની ત્રણ પ્રકારની લીલા છે. સૃષ્ટિલીલા, અવતાર લીલા અને શુદ્ધલીલા. પ્રભુની એક અતિગૂઢ લીલા પણ છે, જે ભગવાનની "વશીભૂત લીલા" છે. આ લીલાનું શાસ્ત્રમાં વર્ણન નથી. આ લીલામાં ભક્તના સ્નેહથી ભગવાન વશ થાય છે. "**स्नेहाद् वश्यो भवेत् भूवम् ।**" પુરુષોત્તમ જોશીને એમનાં સેવ્યસ્વરૂપ વશ છે. એનું પ્રમાણ ભક્તિવર્ધિની ગ્રંથમાં શ્રીવલ્લભ સ્વયં આપે છે, કારણકે જોશીજી માટે આપે આ ગ્રંથ પ્રકટ કર્યો છે. "**इत्येवं भगवच्छास्त्रं गूढतत्त्वं निरूपितम् ।**" આ ગૂઢતત્ત્વ શું હશે ? પ્રભુનો પ્રકટ પુંભાવ છે અને ગૂઢ સ્ત્રીભાવ છે. ઠાકુરજીના આવા ગૂઢ સ્ત્રીભાવને મહાપ્રભુજી ગૂઢતત્ત્વ કહે છે. પુરુષોત્તમ જોશીને વશ એવા એમના સેવ્ય સ્વરૂપ, જોશીજી પાસે પોતાનો ગૂઢ સ્ત્રીભાવ (સમર્પણનો ભાવ) અભિવ્યક્ત કરે છે. એ વખતે પુરુષોત્તમ જોશીનો ગૂઢ પુંભાવ અવિષ્કૃત થાય છે. સામાન્યતયા ભગવાન, પુષ્ટિભક્તના ભાવના આલંબનરૂપમાં રસભોક્તા છે અને રસભાવના રૂપમાં પ્રભુ ભોગ્ય છે. પુરુષોત્તમ જોશીને પરવશ પ્રભુ, જોશીજીના આલંબનના રૂપમાં ભોગ્યભાવ પ્રકટ કરે છે. પ્રભુની ય પુરુષોત્તમ જોશી પ્રત્યેની ભક્તિનું ક્રમશઃ વર્ધન કેવી રીતે થયું તેના અનિર્વચનીય દર્શન કરી લઈએ. સર્વજ્ઞ પ્રભુ પુરુષોત્તમ જોશીને માથે પધાર્યા ત્યારે અલ્પજ્ઞ બન્યાં અને સમય જતાં, જોશીજીના ભાવને વશ થઈને ઠાકુરજી અલ્પજ્ઞ માંથી "અજ્ઞ" બની ગયા છે. અર્થાત્ પુરુષોત્તમ જોશીજીના પ્રભુ જોશીજી સિવાય બીજુ કાંઈ જાણતા નથી. પોતાના સેવક સાથે સાધારણીકરણ કરીને જોશીજીના સેવ્ય સ્વરૂપ એટલા conditioned થઈ ગયાં છેકે, પૂર્ણ પુરુષોત્તમને એમ લાગે

છેકે, એમના અંતરંગ પુરુષોત્તમ વિના એમની જરૂરીયાત બીજો કોઈ પુરી કરી નહીં શકે. ભક્તિવર્ધિનીના અંતમાં મહાપ્રભુજી આને ગૂઢતત્ત્વ કહે છે. આ ફલાત્મિકા ભક્તિ છે.

પુરુષોત્તમ જોશી અને એમના ઠાકુરજી પરસ્પર નિર્ભર છે. તેથી જ ઠાકુરજી એમને કેવલ લાવણ્યનું જ પાન નથી કરાવતાં પણ પોતાનું કર્તવ્ય પણ નિભાવે છે.

"**गूढतत्त्वं निरूपितम्**" નો એક વિલક્ષણ અર્થ પણ છે. શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છેકે, કૃષ્ણ સ્વરૂપ માટે જેને ચાહના થઈ, એવો જીવ, અષ્ટાક્ષર મંત્ર કે બ્રહ્મસંબંધ લીધું હોય કે ન હોય તો પણ એમાં રાધસ્ તત્ત્વનો આવિર્ભાવ થયો હોય છે. એના સિવાય કૃષ્ણ તરફ આકર્ષણ ન થાય. પુરુષોત્તમ જોશી તો પુષ્ટિભક્તિમાર્ગના ઉત્તમાધિકારી હોવાથી એમનામાં ઠાકુરજી અને સ્વામિનીજી આમ યુગલ સરકાર સદા બિરાજમાન છે. એમના હૃદયમાં કૃષ્ણ પરમાત્મારૂપે રાજે છે અને શ્રીસ્વામિનીજી, પારમાત્મિક રતિ રૂપે. તેથી જ પુરુષોત્તમ જોશીના હૃદયની કંદરામાં યુગલ સરકારનું અખંડિત આત્મરતિરમણ છે. **इत्येवं भगवच्छास्त्रं गूढतत्त्वं निरूपितम्**, આ રહસ્યને ઉદ્‌ઘોષિત કરતું.

બીજભાવ દૃઢવાળા પુરુષોત્તમ જોશીની અવસ્થા વિલક્ષણ છે. એમની ભગવત્સેવા સમર્પણરૂપા છે. એમનું સમર્પણ અને આશ્રય ભક્તિરૂપા છે અને એમની ભક્તિ નિરોધરૂપ.

"**यथा भक्तिः प्रवृद्धा स्यात्तथोपायो निरूप्यते ।**" આ ભગવદીયને પુષ્ટિભક્તિમાર્ગીય લીલા સંબંધિત દાન થાય એવું આત્મનિવેદન કરવાની દૃઢ ભાવના છે. આવી રીતે આ વૈષ્ણવની ભક્તિ પ્રવૃદ્ધ કરવાનો ઉપાય શ્રીગુસાંઈજી શોધે છે અને શ્રીગિરિધરજીને આ વૈષ્ણવને આત્મનિવેદન કરાવવાની આજ્ઞા કરે છે. આ દાન તો શ્રીગુસાંઈજી સ્વયં દઈ શકે છે, પરંતુ ભવિષ્યકાલીન જીવોને ક્લેશ રહી જાય કે અમને આવી ભક્તિનું દાન કોણ આપશે, એને નિવારવા, શ્રીગિરિધરજી દ્વારા સ્વવંશથી આ દાન કરાવે છે. **स्वानुरूपसुतप्रसूः** નો સિદ્ધાંત સ્થાપિત કરવા. **भुविभक्तिप्रचारैक कृते स्वान्वयकृत्** पिता એ શ્રીઆચાર્યજીના નામને, ભક્તિવર્ધિની ગ્રંથ સાથે જોડાયેલી આ વાર્તામાં સાર્થક કરવા.

આ વાર્તામાં ફલાત્મક આત્મનિવેદનરૂપ ભક્તિનું દર્શન છે. આ ભક્તિનું સ્વરૂપ શ્રીગોકુલનાથજી વાર્તામાં દર્શાવે છે ; "**पुष्टिमार्गकी लीला संबंधी ब्रजभक्तनके संग श्रीठाकुरजीके दरसन भये ।**" એમને વિપ્રયોગનો અનુભવ અને લીલાનુભૂતિ સિદ્ધ થઈ. તેથી પુરુષોત્તમ જોશીની જેમ એમણે સંયોગ અને વિયોગ એમ દ્વિદલાત્મક શૃંગાર રસનો અનુભવ કર્યો છે.

પુરુષોત્તમ જોશીની જેમ આ ભગવદીય પણ "**सदैव भगवद् रसमें छक्यो रहेतो ।**" એમની ભક્તિની અવસ્થા

કેવી છે ? " **बीजं तदुच्यते शास्त्रे दृढं यन्नापि नश्यति ।"**

ભક્તિના ત્રણ ભેદ છે. (૧) ભગવત્સ્વરૂપનું બાહ્ય ભજન (સેવામાં), (૨) ભગવત્સ્વરૂપનું આંતર ભજન (અનોસરમાં), (૩) ભગવન્નામાત્મક શ્રીમદ્ ભાગવતનું શ્રવણ, કીર્તન, ચિંતન (અનોસરમાં). આ ભગવદીય ભગવત્સ્વરૂપનું આંતર ભજન કરે છે

## ૨૫૨વૈષ્ણવ વાર્તા ૮૯ - ખંડન બ્રાહ્મણ (લીલાનું નામ- "કૃસોદરી") (રાજસ ભક્ત)

---

પુરુષોત્તમ જોષી માટે પ્રકટ કરેલ **भक्तिवर्धिनी ग्रंथ** ભક્તલક્ષિ છે. મહાપ્રભુજીને અતિ પ્રિય એવા આપના ભક્તોનો દ્રોહ કરનારની શી સ્થિતિ થાય છે, તેનું વર્ણન ખંડન બ્રાહ્મણની વાર્તામાં આવે છે. ભક્તનો દ્વેષ કરનાર આ બ્રાહ્મણને રાતના વિષ્ણુદુતો બહુજ મારે છે. આ વાર્તા દ્વારા મહાપ્રભુજી અને ગુસાંઈજીના ભક્તપક્ષપાતી નામનો પ્રકાશ છે. **रोषदृक्पातसंप्लुष्टभक्तद्विट्** અને **स्वपक्षरक्षणेदक्षप्रतिपक्षक्षयंकरः** પોતાના ભક્તો નિર્ભયતાથી ભક્તિ કરી શકે એવું વાર્તાનાં આ પ્રસંગમાંથી ઉદ્‌બોધન થાય છે.

**भक्तिवर्धिनी** ગ્રંથમાં સેવા અને કથા એમ ઉભયપક્ષનું નિરૂપણ છે. આ વાર્તાના ભાવપ્રકાશમાં હરિરાયજી ભગવત્કથાનો મહિમા દર્શાવે છે. **"जहां कहुँ भगवद्वार्ता-कीर्तन होंई तहां श्रीठाकुरजी आप रहत हैं । सो श्रीभागवतजीमें नारद प्रति प्रभुनके वचन है ।" मदभक्ता यत्र गायन्ति तत्र**

तिष्ठामि नारदः ।

શ્રીગુસાંઈજીએ ખંડન બ્રાહ્મણને શરણે લીધા પછી એમનો ભક્તદ્વેષિ ભાવમાંથી દાસભાવ સિદ્ધ થયો છે અને પુષ્ટિભક્તિમાર્ગની રીત એમને હૃદયારુઢ થઈ ગઈ છે.

## ૨૫૨વૈષ્ણવ વાર્તા ૯૦ - એક કણબી (પ્રેતવાળા) (લીલાનું નામ - "સત્યવ્રતા") (તામસ ભક્ત)

"सेवायां वा कथायां वा यस्यासक्ति दृढा भवेत् ।" ભક્તિવર્ધિની ગ્રંથની આ પંક્તિને આ કણબી વૈષ્ણવ કેવી રીતે જીવ્યાં છે, તેના અદ્દભુત દર્શન કરી લઈએ. "**और वा कुनबी पटेलके गामके पास एक बडो गाम हतो । तामें वैष्णवकौ बोहोतही समाज हतो । और वैष्णव-मंडली, वार्ता-किर्तन नित्य होते । सो वा गाममें एक तादृशी वैष्णव मुखिया हतो । सो वाके पास यह कुनबी जातो । सो यह कुनबी वैष्णव श्रीठाकुरजीको सेन आर्ति करिकै अपने धरतें चलतो । सो रात्रि धरी छह गए पाछें उहां जाय पहोंचतो । सो सब वैष्णवनसों श्रीकृष्ण-स्मरन करि कै बैठतो । ता पाछें कथा-वार्ता सुनतो । पाछें रात्रि सवा प्रहर बाकी रहती तब सब वैष्णवनतें जैश्रीकृष्ण करि कै चलतो । सो अपने घर आयकै श्रीठाकुरजीकी सेवा करतो ।**" ભક્તિના ઉત્તમાધિકારીના અહીં દર્શન થાય છે. આ ભગવદીયનું આવું અલૌકિક જીવન નિહાળી કિર્તન પંક્તિ યાદ આવી જાય છે ; "જીવન જો ઐસે બની આવે."

**भक्तिवर्धिनी** ગ્રંથ સંબંધિત આ વાર્તા છે, એટલે પુષ્ટિભક્તનાય લક્ષણના અહીં પ્રગટ દર્શન છે. આ વૈષ્ણવના દેહેન્દ્રિયાદિમાં ભગવદ્રતિ એટલી વ્યાપ્ત છે કે સવારના પ્રેત ખાવાનો છે, છતાંય આગલી રાતના "**हुलाससों कीर्तन किये । ---- भगवद् नाम जितनो लियो जाँई सों आछौ है । तब वह कुनबी वैष्णव बहोत आनंद पाइ कै भगवद्वार्ता करन लाग्यो ।**" પ્રેત ખાવાનો છે, એની આગલી રાત્રે, એમના ચિત્તની કેવી સ્વસ્થતા છે ? એ કેવા નિર્ભય છે ? શ્રીગુસાંઈજીના **भयावहः** નામનો અહીં પ્રકટ વિલાસ છે. આ ભગવદીય નિસવાસર ભક્તિરસની લહાણી લઈ રહ્યા છે. એમને ભગવત્સેવા અને કથામાં વ્યસન સિદ્ધ છે. **यदा स्याद् व्यसनं कृष्णे कृतार्थः स्यात्तथैव हि ।**"

એમને મરવા આવતાં જોઈ પ્રેત પણ પોતાના મનમાં કહે છેકે, "**वचन कौ सांचो है**" અર્થાત્ ભક્ત સત્યવચન હોય છે. આ ભગવદીયનું લીલાનું નામ પણ "**सत्यवता**" છે. સાચા ભક્તને ઉદ્‌ઘોષ નથી કરવો પડતો કે "હું ભક્ત છું." સામાવાળા પર એમની ભક્તિની છાપ અનાયાસ જ પડે છે. એટલેજ આચાર્યજી "**तदीयैः सह तत्परैः**" ની આસા કરે છે. આ કણબી પટેલની ભક્તિનો પ્રભાવ પ્રેત પર કેવો પડે છે તે પ્રેતના જ શબ્દોથીજ સાંભળીયે "**परि ये तो आपहीं हरिजन है भगवद्भक्त है ---- और इनकों मृत्युकौ डर नाहीं । तब कह्यो, जो-ऐसें भगवद् भक्तनकों तो मैं नाहीं खाउंगो । सो वैष्णवको दरसन करिकै (प्रेत) फिरि गयो ।**" આ પ્રસંગના ભાવપ્રકાશમાં હરિરાયજી આજ્ઞા કરે છેકે, "**श्रीआचार्यजी महाप्रभुनको दृढ आश्रय है, तासों**

काल हू डरपत हैं । तहां प्रेतादिक की कहा चले ? तातें हरिजन सदा निर्भय रहत है ।" અર્થાત્ આચાર્યચરણનો આશ્રય એ ભક્તિ પ્રવૃદ્ધ કરવાનો મૂલભૂત ઉપાય છે.

ભક્તિવર્ધિની ગ્રંથની સિદ્ધિની આ કિર્તનના ભાવમાં છે ... ...

"भोर भयो भावसों ले श्रीवल्लभ नाम ।
है रसना तूं ओर वृथा बके क्यों निकाम ॥

सेवा रस स्वाद पावें निशदिन गुनगावें ।
और सब बिसरावे यह मन आठो जाम ।।१।।

हरिवंश छिनहीमें होत स्फुरत सगरो भक्तिमारग ।
रूप हृदय बसे अरु रस समूह धाम ॥

रसिक कछु और कहे इनहींमें भाव घरें ।
अतिरस अनुपान करे और कपट वाम" ।।२।।

❖ ❖ ❖ ❖ ❖ ❖

# जलभेदः ।

नमस्कृत्य हरिं वक्ष्ये तद्गुणानां विभेदकान् ।
भावान् विंशतिधा भिन्नान् सर्वसन्देहवारकान्॥ १ ॥

गुणभेदास्तु तावन्तो यावन्तो हि जले मताः ।
गायकाः कूपसंकाशा गन्धर्वा इति विश्रुताः ॥ २ ॥

कूपभेदास्तु यावन्तस्तावन्तस्तेपि सम्मताः: ।
कुल्याः पौराणिकाः प्रोक्ताः पारम्पर्ययुता भुवि ॥ ३ ॥

क्षेत्रप्रविष्टास्ते चापि संसारोत्पत्तिहेतवः ।
वेश्यादिसहिता मत्ता गायका गर्तसंज्ञिताः ॥ ४ ॥

जलार्थमेव गर्तास्तु नीचा गानोपजीविनः ।
ह्रदास्तु पण्डिताः प्रोक्ता भगवच्छास्त्रतत्पराः ॥ ५ ॥

सन्देहवारकास्तत्र सूदा गंभीरमानसाः ।
सरःकमलसम्पूर्णाः प्रेमयुक्तास्तथा बुधाः ॥ ६ ॥

अल्पश्रुताः प्रेमयुक्ता वेशन्ताः परिकीर्तिताः ।
कर्मशुद्धाः पल्वलानि तथाल्पश्रुतभक्तयः ॥ ७ ॥

योगध्यानादिसंयुक्ता गुणा वर्ष्याः प्रकीर्तिताः ।
तपोज्ञानादिभावेन स्वेदजास्तु प्रकीर्तिताः ॥ ८ ॥

अलौकिकेन ज्ञानेन ये तु प्रोक्ता हरेर्गुणाः ।
कादाचित्काः शब्दगम्याः पतच्छब्दाः प्रकीर्तिताः॥ ९ ॥

देवाद्युपासनोद्भूताः पृष्वा भूमेरिवोद्गताः ।
साधनादिप्रकारेण नवधा भक्तिमार्गतः ॥ १० ॥

प्रेमपूर्त्या स्फुरद्धर्माः स्यन्दमानाः प्रकीर्तिताः ।
यादृशास्तादृशाः प्रोक्ता वृद्धिक्षयविवर्जिताः ॥ ११ ॥

स्थावरास्ते समाख्याता मर्यादैकप्रतिष्ठिताः ।
अनेकजन्मसंसिद्धा जन्मप्रभृति सर्वदा ॥ १२ ॥

संगादिगुणदोषाभ्यां वृद्धिक्षययुता भुवि ।
निरन्तरोद्गमयुता नद्यस्ते परिकीर्तिताः ॥ १३ ॥

एतादृशाः स्वतन्त्राश्चेत् सिन्धवः परिकीर्तिताः ।
पूर्णा भगवदीया ये शेषव्यासाग्निमारुताः ॥ १४ ॥

जडनारदमैत्राद्यास्ते समुद्राः प्रकीर्तिताः
लोकवेदगुणैर्मिश्रभावेनैके हरेर्गुणान् ॥ १५ ॥

वर्णयन्ति समुद्रास्ते क्षाराद्याः षट् प्रकीर्तिताः ।
गुणातीततया शुद्धान् सच्चिदानन्दरूपिणः ॥ १६ ॥

सर्वानेव गुणान्विष्णोर्वर्णयन्ति विचक्षणाः ।
तेऽमृतोदाः समाख्यातास्तद्वाक्पानं सुदुर्लभम् ॥ १७ ॥

तादृशानां क्वचिद्वाक्यं दूतानामिव वर्णितम् ।
अजामिलाकर्णनवद्बिन्दुपानं प्रकीर्तितम् ॥ १८ ॥

रागाज्ञानादिभावानां सर्वथा नाशनं यदा ।
तदा लेहनमित्युक्तं स्वानन्दोद्गमकारणम् ॥ १९ ॥

उद्धृतोदकवत्सर्वे पतितोदकवत्तथा ।
उक्तातिरिक्तवाक्यानि फलं चापि तथा ततः ॥ २० ॥

इति जीवेन्द्रियगता नानाभावं गता भुवि ।
रुपतः फलतश्चैव गुणा विष्णोर्निरूपिताः ॥ २१ ॥

इति श्रीमद्वल्लभाचार्यप्रकटितो जलभेदः समाप्तः ॥

# ગ્રંથ - જલભેદ

૮૪ વૈષ્ણવ વાર્તા ૧૯ - દિનકરદાસ મુકુન્દદાસ
(લીલાનું નામ - દિનકરદાસ "ધરાનંદ"
મુકુન્દદાસ - "ધ્રુવનંદ")
(બન્ને નંદરાયજીના ભાઈ છે)

૨૫૨વૈષ્ણવ વાર્તા ૫૫ - નિહાલચંદભાઈ
(લીલાનું નામ- "મકરંદીની") (સાત્વિક ભક્ત)

૨૫૨વૈષ્ણવ વાર્તા ૫૬ - જ્ઞાનચંદ
(લીલાનું નામ- "અનંગીની") (રાજસ ભક્ત)

૨૫૨વૈષ્ણવ વાર્તા ૫૭ - જદુનાથદાસ ક્ષત્રી
(લીલાનું નામ- "રુપ રસિકા") (તામસ ભક્ત)

બન્ને ભાઈ કાશીમાંથી બહુ ધન કમાઈને પોતાના ઘેર પાછા ફરે છે ત્યારે ; "**सो कासीतें कोस एक बहार निकसे । तब एक सर्प निकस्यो । सो मुकुन्ददास कों काटिके बिलमें धसि गयो । सो जहर चढयो ।**" એ વખતે કૃષ્ણદાસ મેઘન ત્યાંથી જઈ રહ્યાં છે. બંને ભાઈને જોઈને એ સમજી જાય છેકે એ દૈવી જીવો છે. કૃષ્ણદાસજી પાસે શ્રીઆચાર્યજીનું ચરણામૃત છે. "**सो मुकुन्ददासकों पानीमें घोरिके पिवाये । सो तत्काल जहर उतरि गयो । मुकुन्ददास उठि बैठे । चरनामृत सों बुद्धि निर्मल व्हे गई ।**" આ પ્રસંગમાં જલભેદ ગ્રંથનું રહસ્ય વિદ્યમાન છે. સ્વાતિ બુંદનું નિર્મલ જલ સર્પના મુખમાં પડે તો ઝેર બની જઈ અને કોઈ મુકુન્દદાસ જેવાના પ્રાણ લે છે. એ જલ આચાર્યચરણના

ચરણામૃતમાં ધોળીને પીવડાવામાં આવે તો મૃત મનુષ્ય સજીવન થઈ જાય છે. એની બુદ્ધિ શુદ્ધ થઈ જાય છે અને ભગવલ્લીલામાં પ્રવેશ કરે છે. ઝેર બનેલું સ્વાતિ બુંદ એ જલભેદ ગ્રંથમાં વર્ણિત વક્તાનો ન્યૂનતમ પ્રકાર છે અને શ્રીમહાપ્રભુજીના ચરણામૃતમાં મળેલું જલ એ જલભેદ ગ્રંથના વક્તાની અવધિ અવસ્થા છે. આ બંને અંતિમ અવસ્થાની મધ્યમાં સ્વાતિબુંદના અન્ય પ્રકારાંતરો છે.

જલ પોતાના સ્વભાવથી અતિ શુદ્ધ છે પરંતુ જે આધારથી એ પ્રકટ થાય છે, એના ગુણદોષો એમાં આવી જાય છે. કિચડમાં પડેલ સ્વાતિનું જલ ગંદુ બની જાય. તેમ એ જ જલ જો છીપમાં પડે તો મોતી બની જાય છે અને ચાતકના મુખમાં પ્રવિષ્ટ થાય તો એની પ્યાસ બુઝાવે છે. "**स्वाति जल बुंद जब परत है जाहिमें ताहीमें होत तेसो जू वानो ।**" આમ ભગવત્કથા અતિ પવિત્ર છે. પરંતુ જે વક્તા દ્વારા એ પ્રકટ થાય છે એ વક્તાના ગુણદોષો સહિત શ્રોતાના કર્ણમાં પ્રવેશ કરે છે. લૌકિકમાં કોઈ સંસારી મળે તો એની સાથે વાર્તાલાપ કરતી વખતે એનો દુ:સંગ મનમાં ઉતારવો કે નહીં એનો પુષ્ટિજીવને choice હોય છે, કારણકે આપણે ન ચાહીએ તો એવો દુ:સંગ આપણી અંદર પ્રવેશ નથી કરી શકતો. પરંતુ અન્યમાર્ગીય કે જલભેદ કથિત હીન વક્તાઓ પાસે ભગવદ્વાર્તા સાંભળવાથી આવો choice surrender થઈ જાય છે. ભગવદ્વાર્તા, પોતાના સામર્થ્યબલથી, એ વક્તાના ગુણદોષને ગ્રહણ કરી શ્રોતામાં ફેંકે છે અને તેથી શ્રોતામાં વક્તાના દોષો અનાયાસ પ્રવેશ થઈ એનું પતન કરે છે.

ભક્તિવર્ધિની ગ્રંથ પહેલાં સેવા સંબંધિત ષોડશ ગ્રંથો છે. ભક્તિવર્ધિની પછી પ્રથમ ગ્રંથ જલભેદ છે કારણકે ભક્તિવર્ધિનીમાં **सेवायां वा कथायां वा** કહીને મહાપ્રભુજી કથા પક્ષને introduce કરે છે. તેથી જ ભક્તિવર્ધિની પછીના ગ્રંથ જલભેદમાં, આચાર્યજી પુષ્ટિજીવને સાવચેત કરે છે કે કોની પાસેથી કથા સાંભળવી અને કોના મુખથી ન સાંભળવી. તૈત્તિરીય શાખામાંથી શ્રીઆચાર્યજીએ લીધેલ જલભેદનો આ ભાવ છે. તેથીજ સર્વદુ:ખહર્તા ભગવદ્કથાને કહેનારો દુષ્ટ હોય તો શ્રોતા માટે એ કથા દુ:ખકર્તા થઈ જાય છે. એટલે જ "જલભેદ" ગ્રંથમાં શ્રીમહાપ્રભુજી સમજાવે છેકે, કેવા વક્તા પાસેથી ભગવદ્ગુણગાન સાંભળવા. "જલભેદ" ગ્રંથમાં શ્રીઆચાર્યચરણે વીસ પ્રકારના જલના ભેદો અર્થાત્ વક્તાના ભેદો સમજાવ્યાં છે.

મુકુંદદાસજી આવા વક્તાઓનાં ભેદના પરમ જાણકાર છે. તેથી, એ ચોપાટ રમવાનું પસંદ કરે છે પણ અન્ય માર્ગીય વક્તાઓ પાસે એ કથા સાંભળતા નથી. "મુકુંદસાગર" ના રચયિતા મુકુંદદાસજી જાણે છેકે વ્યસન દશાએ પહોંચેલ પુષ્ટિ ભક્ત પણ અપાત્રના મુખથી કથા સાંભળે તો કંઈક અંશમાં એને એવું કથાશ્રવણ પુષ્ટિભક્તિમાં બાધક થાય છે. તો અન્યની શી વાત કરવી ? **"और मुकुंददास एक समय उज्जैन के कारकुन है कैं गये । सो उज्जैन के ब्राह्मन पंडित सब आइके मिलें । और कहें, कहो तो हम तुमकों श्रीभागवत सुनावें । तब मुकुन्ददासने कही अवकास नाहीं है । अवकास होयगो तब सुनेंगे ।"** મુકુંદદાસને ચોપાટ ખેલવા અવકાશ મળતો, પણ ભાગવત

સાંભળવા નહોતો મળતો કારણકે, "उह मार्गीय ब्राह्मन न हतो तातें वाके मुखकी कथा न सुने ।"

શ્રીમહાપ્રભુજી શ્રીસુબોધિનીજીમાં આજ્ઞા કરે છેકે, મૂઢ હોય તો પણ વૈષ્ણવનો સંગ કરવો. પરંતુ અવૈષ્ણવ પંડિતનો સંગ કરવો નહીં. તેમજ, માર્ગીય વૈષ્ણવ ભાગવતજી પર વ્યાવૃતી કરતો હોય, તો તેના મુખથી પણ ભાગવતકથા ન સંભળાય, નહીં તો આચાર્યજી પદ્મનાભદાસજીને ન રોકત.

મુકુંદદાસની વાર્તાના ભાવપ્રકાશમાં શ્રીહરિરાયજી "જલભેદ" ગ્રંથનો ભાવાર્થ અતિ સુંદર રીતે સમજાવે છે. "तातें छासठ अपराधमें लिख्यो है, "अवैष्णवानां श्रीभागवत श्रवणं वृक्षजन्मत्रयं" इत्यादिक । पुष्टिमार्गीय वैष्णवनकों दोष लगे । इहां, जीवकों बहोत संदेह हैं । काहेतें ? भगवन्नाममें सबनको अधिकार है । सुद्रादि चंडाल पर्यंत जो कहे सुने सो सबको कल्यान होय । श्रीभागवतमें हू अजामिल आदि पवित्र भये हैं । सो यह सब माहात्म्य जगतमें प्रसिद्ध है । और पुष्टिमार्गमें भगवन्नाम कीर्तन श्रीभागवत सुननकों अन्यमार्गीय सों क्यों नाहीं ? जो भगवन्नाम सुने तें दोष कैसे ? यह संदेह बडो गूढ है । तहाँ कहत हैं, जो-मर्यादामार्गमें तो मुक्ति फल है । और पुष्टिमार्गमें तो एकांगि पुष्टिभक्ति सो फल है । सो भक्ति श्रीआचार्यजी के आश्रयते होय । सो आश्रय और अन्याश्रयको भेद खोलत है । यह हृदयकमल है, तहां आश्रय, प्रेम सगरे धर्म भगवानके बिराजवेको ठिकानो

है । सो हृदयमें श्रीआचार्यजी, संबंधी आनंद सर्व प्रकारतें प्रवेश करे तो आश्रय सिद्ध होय । सो हृदयमें रस आनंद जायवेके इतने प्रकार । एकतो नेत्र, सुंदर देखीके कछू वस्तु हृदयमें आनंद होय । तातें श्रीआचार्यजी संबंधी ठाकुरके दर्शन करी सुख पावनो । और ठौर के दरसन तथा लौकिन वैदिक कछू संसार संबंधी आछी वस्तु देखिके श्रीआचार्यजी के संबंध विनामें आनंद आवे सोउ अन्याश्रय । नेत्रको अन्याश्रय महादोष और श्रवन द्वारा दुःखसुख हृदयमें रिस जात है । तातें जाके मुखसो सुनिये ताकी जूठन कर्ण द्वारा हृदयमें जाय । तातें जहां दासभाव राखनो तीनके मुखसों सुननो । दासभावतो वल्लभकुलमें के पुष्टिभार्गीय वैष्णवमें । तातें उनहीके मुखसों सुननो यातें हृदयमें धर्म दृढ होय । और के मुखसों सुने प्रीतिसों तो अन्याश्रय (क्यों ज्यों) ताको जूठो हृदयमें गये श्रीआचार्यजीको आश्रय दृढ न होय । एसे कोइको संकोच करि सुननो परे तो मन न लगावे । अपनो अष्टाक्षरमें मन लगावे । तातें मुख्य सिद्धांत तो एतन्मार्गमें यह है, जो औरसो वचन विलास करनो नाहिं । बानी द्वारा मिलाप है, तातें "मौनम् सर्वार्थसाधकम्" तातें अन्यमार्गीसो न भगवद्धरम बात पूछनी न अपनी कहेनी । या प्रकार सगरी इन्द्रिय, मन, श्रीआचार्यजी के संबंध बिना सुखको न पावे । यह श्रीआचार्यजीके आश्रयको साधन है । तातें मुकुंददासको तो श्रीआचार्यजी को आश्रय दृढ है, जो ये उह पंडितकी कथा सुनते तउ इनको बाधक न होय ।

**परंतु इनकी देखादेखी और वैष्णव साधारण सुने तो इनको बिगार होतो । अन्यमार्गीय ते न सुने काहेंते ? मन है वाके वचनमें दृढ विश्वास व्है जाय तो शनैः शनैः एतन्मार्गमेंते मन वाके बताये साधनमें जाय । तातें हम न सुने ।"**

મુકન્દદાસજીમાં જલભેદ ગ્રંથનો ભાવ સ્થિર છે. એ જાણે છેકે, પુરુષોત્તમથી અતિરિક્ત વિભૂતિ આદિ સ્વરૂપોમાં આસક્તિવાળા પાસે કથા સાંભળવાથી આપણો પુરુષોત્તમ માટેનો જે ઉચ્ચતમ ભાવ છે એમાં ન્યૂનતા આવી જાય છે.

કથા કહેનાર વક્તા અન્ય સ્ત્રી સમાગમ કરવાવાળા હોય તો એમને સાંભળીને પુષ્ટિમાર્ગીય શ્રોતાનો સ્વામિસેવકભાવ ડહોળાઈ જાય છે. બસો બાવન વૈષ્ણવની વાર્તામાં એક વૈષ્ણવને શ્રીગુસાંઈજીએ એક ભગવદીયના સંગમાં રહેવા કહેલ. એકવખત એ ભગવદીયથી એ છૂટા પડી જાય છે અને એક વેશ્યાના નૃત્યગાનમાં તલ્લીન થઈ જાય છે. ત્રણ દિવસ પછી એ ભગવદીય એમને શોધતાં આવે છે ત્યારે આ વૈષ્ણવને વૈષ્ણવતાના હોંશ પાછા આવી જાય છે. આનાથી વિપરીત દ્રષ્ટાંત કૃષ્ણદાસ અધિકારીની વાર્તામાં છે. કૃષ્ણદાસજીએ એક વેશ્યાની બેટીને એક પદ શિખવાડયું તો શ્રીનાથજી સન્મુખ, એ પદ ગાઈને નૃત્ય કરતાં એણે દેહત્યાગ કર્યો અને વેશ્યાની દિકરી નિત્યલીલામાં પધારે છે. આમ, ઉત્તમ વક્તા પાસે ભગવદ્ગુણગાન સાંભળવાથી ભગવદ્લીલા અનુકૂલ ભાવની જાગૃતિ થઈ જાય છે.

આચાર્યચરણ આજ્ઞા કરે છેકે, પ્રાણ કંઠે આવી જાય

તોય પુષ્ટિમાર્ગીય જીવે ભાગવતજી પર વ્યાવૃત્તિ ન કરવી. ભાગવત પર વ્યાવૃત્તિ કરનાર અવૈષ્ણવ કે વૈષ્ણવ પાસેથી કથા સાંભળવાથી, આપણને જાણ પણ ન થાય એવી રીતે આપણા પુષ્ટિભક્તિ ભાવમાં અશુદ્ધિ આવી જાય છે. ભાગવતજી પર વ્યાવૃત્તિ કરનાર વ્યક્તિને ધન રૂપી મમતામાં વિશેષ મમત્વ હોવાથી એ ભગવત્સ્વરૂપ એવી કથાને વ્યાવૃત્ત્યર્થ વેચે છે, અને એની પાસે કથા સાંભળવાથી શ્રોતા ધીરેધીરે બહિર્મુખ બને છે. ભાગવતજી પર વ્યાવૃત્તિ કરનારને કાલાંતરે, "ભગવદ્‌વિસ્મૃતિ પૂર્વક પ્રપંચાસક્તિ" સિદ્ધ થાય છે, કારણકે વિત્ત અર્થ થયેલ કથા, વક્તાની મમતાને અને કથા દ્વારા થયેલી પ્રસિદ્ધિ વક્તાની અહંતાને પોષણ આપે છે. અહંતા અને મમતાના વિનિયોગ માટે આચાર્યજીએ સેવા અને કથાનો પક્ષ પુષ્ટિભક્તિમાં આવરી લીધો છે. આચાર્યજીના આવા ગંભીર ઉદ્દેશ્યને, ભાગવત પર વ્યાવૃત્તિ કરનાર જીવ, નિષ્ફળ બનાવે છે અને એની કથા સાંભળ નારમાં, સમય જતાં સંસારાવેશ વધે છે. "संसारोत्पत्तिहेतवः।"

વ્યાવૃત્તિ અર્થ શ્રીમદ્ ભાગવત પર કથા કહેનાર પાસેથી ન સાંભળવું જોઈએ, એવી શ્રીઆચાર્યજીની આજ્ઞા છે તેથી મુકુન્દદાસજી ઉજ્જૈનના પંડિત પાસે ભાગવત કથા સાંભળતાં નથી. નંદરાયજી પ્રત્યે ભગવાનનું વચન છેકે, "મારા નામનો વિક્રય કરનાર બ્રાહ્મણ નિશ્ચય મુક્ત થતાં નથી અને એને મૃત્યુના સમયમાં મારૂં નામ પણ સ્મરણમાં આવતું નથી."

**देवाद्युपासनोद्भूताः पृष्वा भूमेरिवोद्गताः** । દેવાદિની ઉપાસનાથી ઉત્પન્ન થયેલ ભાવ ઝાકળના જલ જેવો છે. એ તૃષાને

મટાડી શક્તો નથી. આવા વક્તા પાસેથી ભગવત્કથા સાંભળવાથી સંસારનો તાપ જતો નથી. એવી કથાનું શ્રવણ કરનારને અન્યાશ્રય થઈ જાય છે. બસો બાવન વૈષ્ણવની વાર્તામાં એક પતિ-પત્ની ઠાકુરજીની સુંદર સેવા કરે છે. ત્યાં એક દેવી ઉપાસક સ્ત્રીના સંગથી આ વૈષ્ણવના પત્નીએ દેવીને ઘેર પધરાવી. એનું એમને અતિ અનિષ્ટ અને કષ્ટદાયક ફલ ભોગવવું પડયું.

**स्थावरास्ते समाख्याता मर्यादैकप्रतिष्ठिताः ।** સ્થાવર જળાશયનું પાણી વરસાદથી કે તાપથી વધતું ઘટતું નથી. મીરાંબાઈ જેવા મર્યાદા ભક્ત પાસે સત્સંગ કરવા ગયેલ ગોવિંદ દવેને શ્રીગુસાંઈજી આજ્ઞા કરે છેકે, હાથીની અંબાડી પર બેસનાર ગધેડા પર સવારી ન કરે. મીરાંબાઈની વાણી સાંભળવા શ્રીપ્રભુચરણે નિષેધ કર્યો કારણકે મુકુન્દદાસજીની વાર્તામાં આવે છે તે પ્રમાણે એમનો આચાર્યજી સાથે સંબંધ નથી.

શરણે આવ્યાં તે પહેલાં સુરદાસજી, પરમાનંદદાસજી આદિની આવી જ અવસ્થા છે. શ્રીઆચાર્યચરણ પાસે નામ નિવેદન લઈ અને ભાગવતજીની અનુક્રમણિકા મહાપ્રભુજી પાસે સાંભળી, એમાં તો એ બન્ને પુષ્ટિભક્તિના સાગર બની ગયાં. જલભેદ ગ્રંથના ઉત્તમવક્તા થયાં. એવા સુરસાગર પાસેથી લોભી વાણિયાએ "સુરસાઠી" સાંભળીને, નિર્લોભી બની જઈ, સાઠ હજાર રૂપિયા શ્રીનાથજીને અંગીકાર કરાવ્યાં અને સુરદાસજીની આડીથી, શ્રીનાથજીએ, વણિયાને અલૌકિક દર્શન આપ્યાં. આવા સાગરસમ વક્તાની વાણી પ્રભુનેય માન્ય કરવી પડે છે.

पूर्ण भगवदीया ये शेषव्यासाग्निमारुताः ।।
जडनारदमैत्रायास्ते समुद्राः प्रकीर्तिताः ।

"શ્રીવલ્લભ મહાસિંધુ સમાન". મુકુંદદાસજી માટે તો શ્રીમહાપ્રભુજી જલભેદ ગ્રંથમાં કથિત ઉત્તમ વક્તા છે.

गुणातीततया शुद्धान् सच्चिदानन्दरूपिणः ।।
सर्वानेव गुणान्विष्णोर्वर्णयन्ति विचक्षणाः ।
तेऽमृतोदाः समाख्यातास्तद्वाक्यानं सुदुर्लभम् ।।

આ કોટિના વક્તા તો શ્રીવલ્લભ અને શ્રીવિઠ્ઠલ છે, અને એમના કૃપાપાત્ર ભગવદીયો છે. અમૃતના સમુદ્ર સમ ભાવવાળા, ગુણથી પર, સચ્ચિદાનંદરૂપ, એવા સર્વ ગુણ પ્રભુનાજ છે. એવું જાણીને વર્ણન કરનાર વિલક્ષણ પુરુષના ભાવો અમૃતસિંધુ સમાન છે એમની વાણીનું પાન અત્યંત દુર્લભ છે. "વેણુગીત પુનઃ યુગલગીતકી રસબરખા બરસાઈ." મુકુન્દદાસજી જાણે છેકે, શ્રીવલ્લભ અને શ્રીવિઠ્ઠલ વિના એવી અમૃતવર્ષા વર્ષાવી અમૃતોત્સવ કરાવનાર બીજો કોઈ જ નથી. અમૃતસાગર કોટીના ભગવદીયોએ કહેલ ભગવદ્વાર્તા, ભગવદ્દૂતે કહેલ વાક્યો સમાન છે. આવી દૂતિ રૂપવાલા ભગવદીયોના સત્સંગ માટે શ્રીવલ્લભ આજ્ઞા કરે છેકે, "निवेदनं तु स्मर्तव्यं सर्वथा तादृशै जनैः ।" ઉત્તમ વક્તા પાસેથી સાંભળેલ પ્રભુ સંબંધિત એક અમૃતબિંદુ ; શ્રોતાના હૃદયમાં ભાવ અને લીલાસિંધુ પ્રકટ કરનાર છે. માનસી સેવાને સિદ્ધ કરનાર આશકરણ રાજાએ આવા ભગવદ્ દૂતિરૂપ કુંભનદાસજીનો સંગ પાંચ દિવસ કર્યો એમાં તો વ્યસનાવસ્થામાં વિહરતાં આશકરણ રાજાનો ભાવ

બેહદ્ વૃદ્ધિ પામ્યો. અષ્ટસખા અમૃતસાગર છે. મહાનુભાવીઓની કથામાં એવું સામર્થ્ય છેકે, શ્રીઠાકુરજી સ્વયં એ કથા સાંભળવાના વ્યસની છે. આનંદદાસ બિશંબરદાસ ભગવદ્વાર્તા કરતાં ત્યારે ઠાકુરજી સ્વયં ત્યાં પધારતા અને હોંકારો દેતાં. ચાચા હરિવંશજી અને કૃષ્ણભટ્ટજી ભગવદ્વાર્તા કરતાં ત્યારે ઠાકુરજીનું ત્યાં આગમન સુચવવા સોંધાની મકરંદ પ્રકટ થતી. ગોવિંદસ્વામી કીર્તન ગાતાં ત્યારે શ્રીઠાકુરજી નૃત્ય કરતાં. આવા મહાનુભાવીઓની અમૃતબિન્દુમયી વાણી પ્રભુને માનવી પડે છે. તેથી ગોપાલદાસ વાંસવાળાએ પદમારાવળને કહ્યું કે તમને અડેલમાં રણછોડજીના દર્શન થશે તો આચાર્યચરણને એવાં દર્શન પદ્મારાવળને આપવા પડયાં.

મુકુન્દદાસજી, કન્હૈયાશાલજી, સંતદાસજી આદિ જેવા ઉત્તમ વક્તાઓ પણ, શ્રીઆચાર્યજી અને શ્રીગુસાંઈજીની વાણીનું અવગાહન કરતાં અને સદા ભગવલ્લીલામાં વિમગ્ન રહેતાં. શ્રીમહાપ્રભુજીની વાણીનો આવો અનિર્વચનીય પ્રભાવ છે. પહેલાં તો એમાં શ્રદ્ધા આવવી જોઈએ, પછી એનો નિત્ય નેત્રથી સ્પર્શ કરવો જોઈએ. પછી એને અંતરમાં ઉતારી, વેણુનાદની જેમ એ વાક્સુધાને દેહેન્દ્રિયપ્રાણાંતકરણમાં ગમન કરવા દેવી જોઈએ. એ **વાક્સિધુ** જ, અંતઃકરણમાં લીલાઓ આવિર્ભૂત કરશે અને આપણુ તનુનવત્વ કરશે.

મુકુંદદાસજી જાણે છે કે, જે બડભાગી જીવ ઉપર શ્રીઆચાર્યજીને વિશેષ કૃપા કરવી છે એને આપની વાણીનો રસિક બનાવે છે. આપ વાક્પતિ છે અને ગ્રંથાદિ પ્રકટ

કરી, શ્રીવલ્લભે પુષ્ટિજીવના શણગાર વાણી દ્વારા કર્યા છે. ષોડશગ્રંથ એ કેવલ સિદ્ધાંત કે લીલા ભાવ નથી પણ શ્રીમહાપ્રભુજીએ પોતાના શ્રીહસ્તથી કરેલ પુષ્ટિજીવના ષોડશ શિંગાર છે. સોળે શણગાર સજી શ્રીવલ્લભ એવી દિવ્ય નાયિકાને રસિક શિરોમણી શ્રીવ્રજરાજ પાસે મોકલે છે.

મુકુંદદાસજી, શ્રીઆચાર્યચરણની વાણીના કેવા આસક્ત ભક્ત છે એ વાર્તા કહે છે. **"श्रीसुबोधिनीजी आदि सब शास्त्रमें प्रवेश हो, सो वे मुकुन्ददास कछुक दिन पाछे मानसी सेवाकी भावना करीकें देह छोडि लीलामें प्राप्त भये । ---- सो मुकुन्ददासजी ऐसे टेकके भगवदीय भये ।"**

## ૨૫૨વૈષ્ણવ વાર્તા ૫૫ - નિહાલચંદભાઈ
## (લીલાનું નામ- "મકરંદિની") (સાત્વિક ભક્ત)

"જલભેદ" ગ્રંથમાં સૂચિત અમૃતસાગર સમ ઉત્તમ વક્તા કૃષ્ણભટ્ટજી પાસે નિહાલચંદભાઈ આચાર્યજીના ગ્રંથનો અને શ્રીસુબોધિનીજીનો ભાવ સાંભળતાં. **"सो उन निहालचंदभाईकों श्रीआचार्यजीके, श्रीगुसांईजीके ग्रंथ तथा श्रीसुबोधिनीजीमें रुचि बोहोत हती । तातें निहालचंदभाई और कृष्णभट्टजीकौ बोहोत मिलाप रहेतो । सो कृष्णभट्ट ग्रंथ तथा कथा सुबोधिनीजी निहालचंदभाई कों अहर्निश सुनावते । ता पाछें वार्ता करते । या प्रकार दोऊ जनें वार्तामें छके रहेते ।"** આવા ઉત્તમ ભગવદીય પાસે કથા સાંભળવાની ફલશ્રુતિ કેવી હશે ? **"सो श्रीठाकुरजी निहालचंदभाईको सानुभावता बहोतही जनावते ।"** અમૃતસાગરની

વાણીનું પાન કરનાર શ્રોતા અમૃતસાગર બની જવાથી ઠાકુરજીની સાનુભાવતામાં "**बहोतहीं**" નું વિશેષણ ખાસ વાપર્યું છે.

પોતાના હૃદયમાં વહેતી પ્રતિપલની પીયૂષ તરંગોમાં નિહાલચંદભાઈ એટલા તો વિમગ્ન છે કે લૂંટારાઓ એમને મારી નાંખવાના છે, ત્યારેય એમની અચલ મનઃસ્થિતિની અભિવ્યક્તિ નિહાલચંદભાઈ એમની સાથે રહેલ વૈષ્ણવને કરે છે. "**सोच कहा करत हो ? भितर अंत:करणमें आनंद मानो । तातें मनमें आनंद मानिके अपने भागि पर निर्धार करि प्रभुनकौ भजन करो ।**"

## ૨૫૨વૈષ્ણવ વાર્તા ૫૬ - જ્ઞાનચંદ
## (લીલાનું નામ- "અનંગીની") (રાજસ ભક્ત)

મુકુન્દદાસજીને જેમ શ્રીમહાપ્રભુજીનું ચરણોદક મળ્યું તેમ જ્ઞાનચંદજીને શ્રીગુસાંઈજીનું ચરણોદક મળે છે. "**तब ज्ञानचंदको सकल लीला सहित श्रीगुसांईजीके अलौकिक स्वरूपके दर्शन भये । "तेऽमृतोदाः समाख्यातास्तद्वाक्पानं सुदुर्लभम् ।"** જ્ઞાનચંદ પણ આવા અમૃતબિંદુનું પાન નિત્યપ્રતિ કરે છે. "**ज्ञानचंद नित्यप्रति श्रीआचार्यजी, श्रीगुसांईजीके ग्रंथनकौ पाठ करे और लीलारसमें मगन रहे ।**"

"જલભેદ" ગ્રંથ સંબંધિત આ વાર્તા છે. એટલે જ્ઞાનચંદ, અંતસમયે પણ ઉત્તમ વક્તા શ્રીગુસાંઈજીના વચનામૃત સાંભળ વાનો આગ્રહ રાખે છે, એ પ્રસંગ અદ્દભુત છે. શ્રીગુસાંઈજીનું

સ્મરણ કરીને એ દેહ છોડે છે પછી, "सो वे ज्ञानचंद नवीन देह धरिकै श्रीगोकुलमें श्रीगुसांईजीकों जाँइ कै दंडवत् करी । तब श्रीगुसांईजीने पूछी, जो-ज्ञानचंद ! तू कब आयो ? तब ज्ञानचंदने श्रीगुसांईजीसो कह्यो, जो-महाराज ! हों अभी आयो हूं । इतनेमें नवनीतप्रियाजीके दरसन खुले । तब ज्ञानचंद दरसन करिकै लीलामें प्राप्त भए ।"

## २५२वैષ્ણવ વાર્તા ૫૭ - જદુનાથદાસ ક્ષત્રી (લીલાનું નામ- "રુપરસિકા") (તામસ ભક્ત)

જદુનાથદાસ રાજાના સેવક છે. એકવખત શ્રીગુસાંઈજીની કૃપાપાત્ર એક અતિસુંદર વૈષ્ણવ સ્ત્રીને જોઈને એમને વિચાર આવે છેકે ભૂતલ પર આવી સુંદરતા હોઈ શકે ? એમને આ સ્ત્રીના દર્શન કરવાની વ્યસનાવસ્થા થઈ જાય છે. આ જોઈને, એકવાર એ ભગવદીય સ્ત્રી પોતાની લોંડીને કહે છેકે, "जैसो वाने अपनो मन मेरेमें लगायो है तैसो वह परमेश्वरमें लगावे तो याकौ काम होई ।" પ્રભુની દુતિનું આવું અમૃતમય એકજ વાક્ય સાંભળતાં જદુનાથદાસને ભગવત્કામ પ્રકટે છે. એ લોંડીને વિનન્તી કરે છેકે, "परमेश्वरसों मिलवेकौ उपाय अब तू ही बताउ ।" ત્યારે એ ભગવદીય સ્ત્રી જદુનાથદાસને કહે છેકે, "वल्लभकुल में श्रीविठ्ठलनाथजी श्रीगुसांईजी प्रकट भये हैं । सो वे आपही परमेश्वर हैं । उनके पास जाँइके तू उनकौ सेवक हऊ ।" ભગવદીયની આવી અમૃતબિંદુ વાણી સાંભળી જદુનાથદાસ તત્ક્ષણમાં નિશ્ચય કરે છેકે, "जबलों श्रीगुसांईजीके दरसन न पाऊंगो तब लों फलाहार करूंगो ।" શરણે આવ્યા પછી

શ્રીગોવરધનનાથજી એમની પાસે માંગી માંગીને અરોગે છે.

મુકુંદદાસજી "જલભેદ" ગ્રંથમાં કથિત ઉત્તમ વક્તાની વાણી સાંભળવાનો આગ્રહ શા માટે રાખતાં ? અમૃતસાગરની વાણી સાંભળવાની ફલશ્રુતિ, ૨૫૨ વૈષ્ણવની આ ત્રણ વાર્તામાં નિર્દિષ્ટ થાય છે. ઉત્તમ વક્તાની પીયૂષભરી વાણી સાંભળવાથી આપણું ચિત્ત પ્રભુ અને એમની લીલામાં અખંડિત પરોવાઈ જાય છે.

❖ ❖ ❖ ❖ ❖ ❖

# पञ्चपद्यानि ।

श्रीकृष्णरसविक्षिप्तमानसारतिवर्जिताः
अनिर्वृत्ता लोकवेदे मुख्यास्ते श्रवणोत्सुकाः ॥ १ ॥

विक्लिन्नमनसो ये तु भगवत्स्मृतिविह्वलाः ।
अर्थैकनिष्ठास्ते चापि मध्यमाः श्रवणोत्सुकाः ॥ २ ॥

निःसन्दिग्धं कृष्णतत्त्वं सर्वभावेन ये विदुः ।
ते त्वावेशात्तु विकला निरोधाद्वा न चान्यथा ॥ ३ ॥

पूर्णभावेन पूर्णार्था कदाचिन्न तु सर्वदा ।
अन्यासक्तास्तु ये केचिदधमाः परिकीर्तिताः ॥ ४ ॥

अनन्यमनसो मर्त्या उत्तमाः श्रवणादिषु ।
देशकालद्रव्यकर्तृमन्त्रकर्मप्रकारतः ॥ ५ ॥

इति श्रीमद्वल्लभाचार्यविरिचितानि पंचपद्यानि संपूर्णानि ।

# ગ્રંથ - પંચપદ્યાનિ

૮૪ વૈષ્ણવ વાર્તા ૧૮ - દિનકર શેઠ
(લીલાનું નામ - "મનઆતુરી")

૨૫૨વૈષ્ણવ વાર્તા ૫૨ - રાજનગરના શેઠ
(લીલાનું નામ - "પયોનિધિ") (રાજસ)

૨૫૨વૈષ્ણવ વાર્તા ૫૪ - એક પટેલ કુનબી જેના માટે શ્રીનાથજીએ ગાડી મોકલી
(લીલાનું નામ - "અંગુરી") (સાત્વિક)

૨૫૨વૈષ્ણવ વાર્તા ૫૩ - રજપૂત ગરાસિયા
(લીલાનું નામ - "કેલિની") (તામસ)

"आजु ते तु मुख्य कथाको श्रोता है", શ્રીવલ્લભના આ વચન દિનકર શેઠ પ્રતિ હોવાથી પંચપદ્યાનિ ગ્રંથના શ્રોતા સંબંધિત ભાવ આ વાર્તામાં વ્યાપ્ત છે.

માતાપિતાના મૃત્યુ પછી કથાસક્ત દિનકર શેઠ ઘર છોડીને નીકળી ગયાં. પ્રાતઃકાલ ત્રિવેણીમાં સ્નાન કરવા ઘાટ પર આવ્યાં. ત્યાં કૃષ્ણદાસ મેઘનને મળ્યાં. "दोउ अस्नान करत हैं । तब दिनकर शेठनें कही, तुम कौन हो ? तब कृष्णदास पूछे, तुम कोन हो ? हमसों पूछो सो तुमकों कछु काम है ? तब दिनकर शेठने कही, मोकों यह गाँव छोडनो है । सो तुमकों परदेसी जानि पूछयो । जो काहूकों भगवद्वार्ता कथा आवत होइ तो मैं उनके संग जाऊं । मेरे धरमें द्रव्य बहोत है । सो मातापिता हते तबलों निर्वाह

भयो । अब तीन भाई हैं, सो मोकों चोर कहि बुरें वचन बोलत हैं । मेरो ब्याह भयो नाहीं । सो ठाकुरने आछी करी । तब कृष्णदास दैवि जीव जानी कहें, तुमकों (कथा) सुनिवेको व्यसन है तो अडेलमें श्रीआचार्यजीके श्रीमुखकी कथा तो एक दिन सुनो । पाछें जहां मन होइ तहां जैयो । तब दिनकर शेठ इतनो सुनत ही उहाँ तें नाव पर चढि अडेल आये । ता समय श्रीआचार्यजी पोढिकें उठे हैं । प्रहर सवा दिन पिछलो हतो । तब दिनकर शेठने दंडौत् कियो । तब श्रीआचार्यजीने कही, आवो दिनकर शेठ ! बैठो, कथा सुनो । पाछें आपु दशमस्कंधमें भ्रमरगीतको व्याख्यान किये । सो दिनकरदासके नैननसों आंसूके प्रवाह बहें, मनमें कहे, हाइ हाइ ! इतने दिन मेरे योंही वृथा गये, अबतो इनकी सरनी व्हैं सदा इनके पास रहि कथा श्रुतिको पान करों ।"

दिनकर शेठ श्रीवल्लभना शरणे नथी आव्या तोय श्रीआचार्यजीना श्रीमुखथी कथा सांभळीने एमनुं मन आर्द्र थयुं. भगवाननी स्मृति थतां एमनुं मन विकलता अनुभवे छे. ते भगवानना गुणगानना श्रवणोत्सुक छे अने मुक्ति रूपी अर्थ प्रयोजनवाळा पण छे. श्रीमहाप्रभुजीए वर्णवेल पंचपद्यानिमां मर्यादा मध्यम श्रोताना लक्षणो एमनामां छे.

विक्लिन्नमनसो ये तु भगवत्स्मृतिविह्वलाः ।
अर्थैकनिष्ठास्ते चापि मध्यमाः श्रवणोत्सुकाः ।

आवा मध्यम प्रकारना श्रोता भगवद्रति विह्वल नथी. अर्थात् अहर्निश एमनुं मन भगवद्रति विमग्न नथी

હોતું. પરંતુ ભગવદ્ ગુણગાનનું શ્રવણ કે સ્મૃતિ થતાં એ વિહવલ બને છે. આવા મધ્યમ શ્રોતા વૈદિક અર્થ (ફલ) મોક્ષાદિમાં નિષ્ઠાવાળા હોય છે. **अर्थैकनिष्ठा** નો અર્થ એ પણ થાય છેકે, આ પ્રકારના શ્રોતાઓ  કથાનો જે અર્થ છે, આત્મા છે, એની મજા લેવાવાળા હોય છે. તેથી જ ભ્રમરગીતની કથા સાંભળતાંજ દિનકર શેઠના નેત્રમાંથી જલની ધારા વહી રહી.

તત્પશ્ચાત્ દિનકર શેઠ આચાર્યજીને, શરણે લેવા વિનન્તી કરે છે, "**तब श्रीआचार्यजीने नाम निवेदन कराये । पाछे कहे, भगवत्सेवा करो । तब दिनकर शेठने कही, महाराज ! आपु तो अंतःकरनकी जानत हो । मैं तो आपुके मुखकी कथा सुनोंगो । यामें सगरी सेवा है ।**" શ્રીઆચાર્યજી પાસેથી ફક્ત કથા સાંભળી દિનકરશેઠની સેવા કેવી રીતે સિદ્ધ થાય છે એનું લીલા રહસ્ય આ વાર્તાના પ્રારંભમાં જ આવે છે. "**सो दिनकर शेठ लीलामें भगवत्संबंधिनी सखी श्रीठाकुरजी की है । सो श्रीस्वामिनीजीसों बहोत प्रीति है । श्रीठाकुरजीकी वार्ता सब पूछती । इनसों सगरी अपनी प्रीतिकी बात कहती । सो लीलामें इनको नाम "मनआतुरी" है । सदा श्रीस्वामिनीजीकी वार्ता सुनि श्रीठाकुरजीसों कहती ।**" શ્રીસ્વામિનીજીની વાર્તા, શ્રીઠાકુરજીને સંભળાવવાની સેવા, દિનકર શેઠ, શ્રીઆચાર્યજી પાસે, અહીં પણ લીલાનુસંધાનથી માંગે છે. એટલે મહાપ્રભુજીને શેઠ વિનન્તી કરે છેકે, "**मैं तो आपुके मुखकी कथा सुनोंगो । यामें सगरी सेवा है । तब श्रीआचार्यजी कहे आछो, हमारे संग रहो । सो दिनकर शेठ पास सौ रुपैया हते । तामें पचास श्रीआचार्यजीको**

ભેટ ધરે ।" આમ, દિનકરશેઠે પોતાની વિત્તજા સેવા સિદ્ધ કરી. બાકીના પચાસ રૂપિયા રહ્યાં. "**तामें नित अंगाकरि दारि करतें ।**" અહીં તનુજા સેવા પણ સિદ્ધ થાય છે. મધ્યમ શ્રોતા દિનકર શેઠને શ્રીઆચાર્યચરણ કૃપા કરીને, પંચપદ્યાનિના ઉત્તમ શ્રોતા બનાવવાની ઈચ્છા કરે છે. ભક્તિની વૃદ્ધિ માટે વિપ્રયોગ અને આતુરતા અનિવાર્ય છે. દિનકર શેઠનું લીલાનું નામ પણ "મનઆતુરી" છે. આચાર્યશ્રી એક લીલા પ્રકટ કરે છે. "**सो दिनकरदासकों कथा उपर बहोत आसक्ति हती । सो श्रीआचार्यजी महाप्रभु आपु अडेलमें कथा कहेते । सो तब एक दिन दिनकर शेठ श्रीयमुनाजीके तीर रसोइ करनको गये । तहां न्हाइके चून सानि अंगाकरि गढि पातरि पर धरि उपरा बराइ दियो । ताही समय श्रीआचार्यजीको एक जलघरिया जल भरन आयो । तब तासों दिनकरदासने पूछी, जो- श्रीआचार्यजी महाप्रभु आपु कहा करत हैं । तब वह जलघरियाने कही, श्रीआचार्यजी पोथी खोले हैं । अब कथा कहेंगे । तब दिनकर शेठ उन जलधरियाके वचन सुनतही कच्ची लीटी ले जलपान किये । सेके नाहीं । बेगि ही आप कथा सुने । पाछें कथा श्रीआचार्यजी कहि चुके तब जलधरियाने श्रीआचार्यजीसों कह्यो, महाराज ! दिनकर शेठ कच्ची अंगाकरि बिना सेकी खायकें आयो है । तब श्रीआचार्यजी दिनकरशेठ तें पूछे, तू बिना सेकी अंगाकरि क्यों खायो ? तब दिनकर शेठ बोल्यो, महाराज ! अंगाकरि तो नित्य सेकिकें लेउंगो, परंतु यह आपुके मुखसों कथामृत कब सुनोंगो ? जो- अंगाकरि सेकतो तो यह अमृत कैसे मिलतो ?**" દિનકર શેઠ આચાર્યશ્રીના

મુખમાંથી સ્રવેલ વાણીનું અમૃત રસપાન કરે છે. "**तेऽमृतोदाः समाख्याताः तद्वाक्पानं सुदुर्लभम् ।**" વાક્પતિના વચનામૃતની સુદુર્લભતા દિનકરશેઠ સમજે છે. "અમૃતરસ સ્રવ્યો શ્રીવલ્લભ મુખ માધુરી." **तब श्रीआचार्यजी बहोत प्रसन्न होइकें कहे, आजु पाछें रसोई संवारिकें भोग धरिकें महाप्रसाद लेके आइयो । जब तू आवेगो तब कथा कहूंगो । तेरे आये बिना कथा न कहूंगो । आजु तें तू मुख्य कथाको श्रोता है ।**" આ આશિર્વાદથી શ્રીવલ્લભે દિનકર શેઠને, તત્ક્ષણમાં પંચપદ્યાનિ ગ્રંથના ઉત્તમ શ્રોતા બનાવી દીધાં. "**मुख्य कथाको श्रोता है ।**" આપનું એ દ્વિઅર્થી વચન છે. કથાના મુખ્ય શ્રોતા અને દિનકર શેઠ મુખ્ય એવી રહસ્યમયી કથાના પણ શ્રોતા છે. અર્થાત્ યુગલ સરકારની મુખ્ય અંતરંગ લીલાના, મુખ્ય શ્રોતા પણ દિનકર શેઠ છે. એમના મૂળલીલાના પ્રસંગો અવલોકતાં આનો ખ્યાલ આવી જશે.

આ પ્રસંગના ભાવપ્રકાશમાં હરિરાયચરણ સમજાવે છેકે, "**यामें यह सिद्धांत भयो, जो काची अंगाकरि असमर्पितको महादोष है । परंतु श्रीआचार्यजीकी कथामें दृढ स्नेह है । ताके अर्थ लीनी । ताते बाधक नाहीं भयो । और प्रसन्न भये । तातें श्रीआचार्यजीमें दृढ स्नेह होइ ताको कोइ दोष बाधक न होई ।**" હરિરાયજી અહીં માર્ગનું રહસ્ય બતાવે છે.

દિનકરશેઠે કાચી અંગાકરિ લીધી એનો અન્ય ગૂઢાર્થ પણ જોઈ લઈએ. આચાર્યચરણે, શ્રીસુબોધિનીજીને, શ્રીઠાકુરજીની આજ્ઞાથી અને શ્રીઠાકુરજી માટે પ્રકટ કરેલ

છે. "**श्रीभागवतभावार्थ आविर्भावार्थावतारित स्वामिसंतोषहेतुः**" દિનકર શેઠના હૃદયમાં બિરાજેલ શ્રીઠાકુરજી, સ્વામિનીભાવસંયુક્ત, શ્રીવલ્લભના મુખલાવણ્યમાંથી સ્રવતી કથાનો આસ્વાદ લઈ રહ્યાં છે. "**गुणगाने सुखावाप्ति गोविंदस्य प्रजायते:**" અથવા **हृदगतः स्वगुणान् श्रुत्वा पूर्णःप्लावयते जनान्** । દિનકરશેઠ અંગાકરિ સેકવા થોભત તો શ્રીઠાકુરજીનેય કથા શ્રવણમાં નાગા પડી જાત. એટલે **बुद्धिप्रेरक कृष्णे** શેઠજીને કાચી અંગાકરિ લેવાની પ્રેરણા કરી. શ્રીઆચાર્યજી પોથી ખોલવાની તૈયારીમાં છે, એ સાંભળીને દિનકર શેઠના હૃદયમાં જે તાપ પ્રજવલ્યો હશે, એણેજ લીધે કાચી અંગાકરિને પકાવીતો દીધી નહીં હોયને !! લીલાના અનુસંધાનથી, દિનકર શેઠને એ પણ તાપ છે કે, કથા ચુકી જવાશે, તો આજે શ્રીસ્વામિનીજીની કઈ નવી વાત ઠાકુરજીને કહીશ ? નવી વાત કહેવાની સેવા છૂટી જશે. એટલે દિનકરદાસ અંગાકરી કાચી જ લે છે અને આચાર્યજી ય પ્રસન્ન થાય છે. "**तातें बाधक नाहिं भयो । और प्रसन्न भये ।**"

"**आजु ते तु मुख्य श्रोता है**" શ્રીઆચાર્યચરણના આ વચનથી દિનકર શેઠમાં પંચપદ્યાનિના પહેલા શ્લોકની બધીય રહસ્યમય ગતિઓ આવિર્ભૂત થઈ ગઈ. "**श्रीकृष्णरसविक्षिप्तमानसारतिवर्जिताः अनिर्वृता लोकवेदे ते मुख्याः श्रवणोत्सुकाः ।**" દિનકર શેઠનું ચિત્ત શ્રીકૃષ્ણના ભજનાનંદરૂપી રસમાં વિક્ષિપ્ત થઈ ગયું છે. વાર્તામાં આવે છેકે, "**पाछे जहां लों जीये तहां लों श्रीआचार्यजीके मुखकी कथा सुनी । रात्रि दिन लीलाकी भावनामें मगन रहेतें । लीलामेंहू**

**श्रीस्वामिनीजी इनसों सगरी वार्ता करते । सो श्रीआचार्यजी कथा सुनाय अपने स्वरुपको अनुभव जतायो ।"** આમ દિનકરશેઠને ફલનિરોધ સિદ્ધ છે. "**हरि मूर्ति सदा ध्येया**" ની ભાવનામાં એ અષ્ટપ્રહર તત્પર છે. આચાર્યચરણની કથા એનો કરણ નિરોધ છે.

દિનકરશેઠની વાર્તાના પ્રારંભમાંજ આવ્યું તેમ એમની યુગલ સ્વરૂપમાં પ્રીતિ છે. પંચપદ્યાનિમાંય આચાર્યચરણ આવા યુગલકિશોરના રસમાં તત્પર ભક્તને મુખ્ય શ્રોતા કહે છે. એટલે **कृष्णरसविक्षिप्त** ન કહેતાં **श्रीकृष्णरसविक्षिप्त मानसा** ની આજ્ઞા કરે છે.

દિનકર શેઠ **लोकवेदे अनिर्वृत्ताः** છે. એ આચાર્યચરણની પાસે રહેતા હોવાથી એમને **प्रपंच विस्मृति** છે. તદુપરાંત, શેઠજીમાં દૃઢ ભગવદાસક્તિ છે. "**रात्रि दिन लीलाकी भावनामें मगन रहेते ।**" એમની શ્રવણોત્સુક્તા ઉપર લખેલ "અંગાકરી" ના પ્રસંગથી સિદ્ધ થાય છે. "**सो दिनकरदासकी कथा उपर बहोत आसक्ति हती ।**" આમ દિનકર શેઠમાં પંચપદ્યાનિમાં કહેલ મુખ્ય શ્રોતાના સર્વલક્ષણો આચાર્યચરણની કૃપાથી વિદ્યમાન છે.

પરિક્ષિત રાજાને શુકદેવજી માટે જે આદરભાવ છે એનાથી અત્યધિક આદરભાવ દિનકરશેઠને આચાર્યચરણ માટે છે. એમને મહાપ્રભુજી માટે કેવલ આદરભાવ જ નથી પણ શ્રીવલ્લભ અને એમની કથામાં એમને દૃઢ સ્નેહ છે. એવા એ અનન્ય શ્રોતા છે. વાર્તા કહે છેકે, શેઠને "**श्रीआचार्यजीकी कथामें दृढ स्नेह है ---- ताते श्रीआचार्यजीमें**

दृढ स्नेह होइ ताको कोइ दोष बाधक न होइ । यह जताये ।" કથાના અધિકારી શ્રોતાને, કથાના અધિકારી વક્તામાં દૃઢ આદરભાવ હોવો અનિવાર્ય છે. તો જ કથા ફલરૂપ થાય. આ સિદ્ધાંતનું પ્રતિપાદન દિનકર શેઠના લીલાના સ્વરૂપમાંથી પ્રકટેલ ૨૫૨ ની વાર્તાના વૈષ્ણવ (વાર્તા ૫૨) રાજનગરના શેઠની વાર્તામાં, આગ્રાના સ્ત્રીપુરૂષના પ્રસંગમાં આવશે. આચાર્યચરણ પાસે દિનકર શેઠ કથા સાંભળીને મધ્યમ કોટિના શ્રોતામાંથી ઉત્તમ કોટિના શ્રોતા બન્યાં તેમ આગ્રાના સ્ત્રીપુરૂષના સત્સંગથી એમની પાસે શ્રીગુસાંઈજીએ મોકલેલ ચાર વૈષ્ણવો પણ ઉત્તમ શ્રોતા બન્યાં.

**श्रीकृष्णरसविक्षिप्तमानस** વાળા ભગવદીયોનો અનાદર કરવાથી ઠાકુરજીય દર્શન નથી દેતાં. એય આગ્રાના સ્ત્રીપુરૂષના પ્રસંગમાં અને ૨૫૨ વાર્તા ૫૪ એક કણબી પટેલના પ્રસંગમાં હવે આવશે. આ કણબી પટેલ દિનકરશેઠના સાત્ત્વિકભાવનો આવિર્ભાવ છે. દિનકર શેઠના તામસ ભક્તરૂપે આવિર્ભૂત થયેલ એક રજપૂત ગરાસિયાની વાર્તામાંય (વાર્તા ૫૩) ચાચાજીને નિમિત્ત બનાવી, શ્રીગુસાંઈજી આજ્ઞા કરે છેકે, આવા ભગવદીયોના ભાવને સૂક્ષ્મતયા છણાવટ કરીને જોવા જોઈએ, નહીંતો ક્યાંક એમના ઉત્તમભાવનો અનાદર થઈ જાય.

૨૫૨ વૈષ્ણવની આ ત્રણ વાર્તાના અવગાહનથી અને પંચપદ્યાનિ ગ્રંથના પહેલા શ્લોકના આધારે એક નિષ્કર્ષ એવો નીકળે છેકે, ઉત્તમ શ્રોતા હોવા છતાંય, દિનકર શેઠને "**श्रीकृष्णरसविक्षिप्त मानस**" વાળા અન્ય ભગવદીયો માટે અતિ આદરનો અને સ્નેહનો ભાવ છે. આ દ્રષ્ટિથી જોઈએ

તો પંચપદ્યાની ગ્રંથના પ્રથમ શ્લોકનો અર્થ એક જુદો પણ નીકળી શકે. "**श्रीकृष्णरसविक्षिप्तमानस**" વાળા ઉત્તમ શ્રોતાને "**श्रीकृष्णरसविक्षिप्तमानस**" વાળા અન્ય ભગવદીય માટે "**अरतिवर्जिता**" નો ભાવ અનિવાર્ય છે. દેહલીદીપન્યાયથી આ વાત સમજાશે. રતિનો રૂઢાર્થ સ્નેહ છે, પણ યૌગિક અર્થ રમણ છે. જેના સાથે રમણ કરીએ તેમાં સ્નેહ થઈ જાય. આ દૃષ્ટિથી અરતિવર્જિતાનો અર્થ ભગવદીયોમાં અરતિ ન હોવી જોઈએ એમ થાય. જેને શ્રીઆચાર્યજી "**श्रीकृष्णरसविक्षिप्तमानस**" વાળા કહે છે એને આપ સદા રતિવાળા કહી શકત. અરતિવર્જિતા એમ બે negative વાપરીને આપ કદાચ એમ પણ caution કરવા માંગતા હોય કે આવા ભગવદીયો માટે ઉત્તમ શ્રોતાને કદાચ રતિ ન હોય તો પણ અરતિ તો ન જ થવી જોઈએ. આટલી minimum care ન લેવાય તો ભગવદીયના અપરાધના કારણે ઉત્તમ શ્રોતાનો અધિકાર ન્યૂન પણ થઈ જાય. આનો ઉપદેશ શ્રીગુસાંઈજી સ્વયં ચાચાજી જેવા ઉત્તમ શ્રોતા અને વક્તાને, હવે આવતી રજપૂત ગરાસિયાની વાર્તામાં આપે છે. તેથી **अरतिवर्जिता** એ દિનકરશેઠનો વાર્તામાં અપ્રકટભાવ છે.

દિનકરશેઠની ભગવત્કથાસક્તિ એમની ભગવદાસક્તિના અંગરૂપ છે. કેવલ કથાસક્તિ હોત તો પુરુષોત્તમમાં સાયુજ્ય મુક્તિ થાત. તેથી જ હરિરાયજી ભાવપ્રકાશમાં બહુજ સુંદર ખુલાસો કરે છે. "**सेवायां वा कथायां वा यस्यासक्तिः दृढा भवेत् ।" प्रथम सेवा है पाछें कथा है, दोउ करिके प्रभुमें आसक्ति भई चाहिये । कोइ प्रकारसों होउ सर्वोपर आसक्ति**

है । ता करी लीलाकी प्राप्ति भई ।" દિનકરશેઠની કથાસક્તિ હોવા છતાંય ઠાકુરજીને એ અસમર્પિત નથી રહેતાં. "तब श्रीआचार्यजी बहोत प्रसन्न होइके कहे, आजु पाछें रसोई संवारिके भोग धरिके महाप्रसाद लेके आइयो ।" દિનકરદાસનો સેવા પક્ષ પણ ન છૂટે એના માટે આચાર્યચરણ આજ્ઞા કરે છેકે, "जब तु आवेगो तब कथा कहुंगो । तेरे आये बिना कथा न कहुंगो ।"

દિનકરશેઠની વાર્તા સમજવા માટે સેવારતિ અને કથારતિનું  રહસ્ય સમજવું અતિ આવશ્યક છે. "સેવારતિ" એટલે ભગવદસેવામાં રમણ કરવું. તેના "સેન્ટર" માં કૃષ્ણ છે. "સરકમફ્રન્સ" માં તનુવિત્તજા અને ગૃહ છે. કથારતિ, લીલા "ઓરીએન્ટેડ" છે. ત્યાં સ્વરૂપ કરતાં લીલાની પ્રધાનતા છે. લીલાસુખ સેન્ટરની, કથા પરિધિ છે. શ્રવણમાં લીલાથી થતાં સુખનું બહારથી ભીતર આવવું હોય છે. કીર્તન લીલાસુખને ભીતરથી બહાર પ્રકટ કરવાની પ્રક્રિયા છે. મનમાં સ્મરણાત્મિકા ભક્તિ "ટ્રાન્સપેરન્ટ" છે. આમ, કથામાં શ્રવણ, કીર્તન અને સ્મરણ એમ ભક્તિના ત્રણે અંગ આવી જાય છે. કથામાં શ્રવણરતિ, કીર્તનરતિ હોય તો સ્મરણરતિ થાય છે. કથામાં શ્રવણ કીર્તનાત્મક રમણ એ શ્રોતા અને વક્તામાં પરસ્પર થાય છે. જેમકે, દામોદારદાસજી અને મહાપ્રભુજીનું અને ગુસાંઈજી અને ચાચાજીનું છે. અખંડ લીલાનું અનુસંધાન એ કથાની માનસી છે. અખંડ ભગવત્સુખાનુસંધાન એ સેવાની માનસી છે. સેવાની માનસીમાં ઠાકુરજીએ એ ભગવદીયનો અંગીકાર સેવાકર્તારૂપે કર્યો હોય છે, તેથી ભક્ત અહીં actor હોય છે. લીલાની માનસીમાં

ભક્ત spectator હોય છે, પણ એ વખતે એ ભગવદીય, લીલામાં પોતાનું identification કરી દે, તો તે પણ લીલામાં કેવલ સાક્ષિભાવ ન રાખતાં લીલાની માનસીમાં active બની જાય છે. દિનકરશેઠ આમ લીલાની માનસીના actor છે. તેથીજ લીલામાં પણ શેઠજી **"सदा श्रीस्वामिनीजीकी वार्ता सुनीं ठाकुरजीको कहेतीं ।"** આમ દિનકરશેઠને પોતાનું identification છે. એમની વાર્તા કહે છે ; **"श्रीआचार्यजी कथा सुनाय अपने स्वरूपको अनुभव जतायो ।"**

દિનકર શેઠ **आवेशात्तु विकला** કે **अन्यासक्ता** નથી, પણ અવિરત ભગવદ્રતિના કારણે સદા ભગવદ્વિકલતા, વિહ્વળતામાં અભિરમે છે. એમની વિકલતા ભગવદ્રતિના કારણે સ્થિર હોવાથી એ positive વિકલતા છે. સાધનથી થાકી ગયેલ ધીધવાતા જીવ જેવી negative વિકલતા નથી. આવી અસ્ખલિત ભગવદ્રત્યવસ્થામાં દિનકર શેઠનું પ્રભુ માટેનું માહાત્મ્યજ્ઞાન પણ તિરોહિત થઈ ગયું છે, કારણકે દિનકર શેઠ ફલનિરોધમાં વિરમે છે. દિનકર શેઠ ઉત્તમ શ્રોતા છે કારણકે કથાના શબ્દ, અર્થ અને ભાવ (સચ્ચિદાનંદ) એમ ત્રણેને ગ્રહણ કરનાર છે. જે ભાવમાં પરાયણ નથી તેવા શ્રોતા મધ્ય કોટિના છે અને અર્થ અને ભાવમાં પરાયણ ન હોનારા શ્રોતા સૌથી ન્યૂન કોટીના છે.

## ૨૫૨વૈષ્ણવ વાર્તા ૫૨ - રાજનગરના શેઠ (લીલાનું નામ - "પયોનિધિ") રાજસ ભક્ત

---

ઉત્તમ વક્તા પાસે ભગવત્કથા સાંભળવા સુયોગ્ય શ્રોતા બનવું કેટલું દુર્લભ છે, તે આ વાર્તાથી સમજાય છે.

આ રાજનગરના શેઠ દસ હજાર વૈષ્ણવો સાથે રુપિયા દસ હજારની ભેટ શ્રીગુસાંઈજીને મોકલી ત્યારે શ્રીગુસાંઈજી ચાચા હરિવંશજીને જોઈને મુસકાય છે. હરિવંશજી એનો ભાવ જણાવવા શ્રીગુસાંઈજીને વિનન્તી કરે છે. ચાચાજી ઉત્તમ શ્રોતા છે, એટલે ઉત્તમ વક્તા શ્રીવિઠ્ઠલેશ ચાચાજીને ભેદ સમજાવે છે. "जो-भेंट-मनोरथ दोई प्रकारको हैं । एक तो द्रव्य कों तुच्छ जानि कै मनोरथ करत हैं । तिनकों संकोच दैन्यता बोहोत होत है । ता करि प्रभु बेगि प्रसन्न होत हैं । और जो द्रव्यकों पदार्थ जानि कै भेंट करत हैं तिनकों दैन्यता सिद्धि नाहीं होत है । उनकों अपनो उत्कर्ष मनमें रहत हैं, जो-यह मनोरथ आछी भांति भयो । या प्रकार ऊपर दिखावें, सबकों जतावें । ता मनोरथमें भगवत-संतुष्टि नाहीं है ।" यह सुनि कै ऊ दस हजार वैष्णवनमें चारि वैष्णव बहोत समुझत हते । પંચપદ્યાનિ ગ્રંથમાં વર્ણિત શ્રોતા કેટલા દુર્લભ છે ? દસ હજારમાંથી કેવલ ચાર જ વૈષ્ણવ શ્રીવિઠ્ઠલેશને પ્રશ્ન કરે છે. "सो तिननें श्रीगुसांईजी सो विनन्ती करी, जो-महाराज ! हम तो अपने देसमें सेठके समान और कोइकों जानत नाहीं है । सो आप उनकी बडाई सुनि कै प्रसन्न नाहीं होत ताकों कारन कहा है ? तब श्रीगुसांईजी हँसिकै कहे, जो-वैष्णव धर्म बहोत कठिन है । सूक्ष्म है । काहूतें जान्यो जात है नाहीं । जब संग करि कै झीनी दृष्टी सों उनके हृदयकौ भाव देखिए तब जान्यो जाँइ । तब उन चारों वैष्णवन श्रीगुसांईजीसों विनन्ती कीनी, जो-महाराज ! ऐसें वैष्णवकों आपु कृपा करि बतावो तो चारि रात्रि उनकौ संग करिए । तब श्रीगुसांईजी उन चारों

**वैष्णवनकों कृपा करि कहे, जो-आगरेमें स्त्री पुरुष कनोजिया ब्राह्मन रहत है, तिनको संग करियो ।"**

ચારે વૈષ્ણવો આગ્રા આવી આ સ્ત્રીપુરૂષને ભગવત્સ્મરણ કરે છે. ચાચા હરિવંશજીના સત્સંગથી પંચપદ્યાનિ કથિત ઉત્તમ શ્રોતા આ સ્ત્રી પુરૂષ છે. ચારેય વૈષ્ણવો પતિ-પત્નીને એટલું જ કહે છેકે, એ શ્રીગોકુલથી આવ્યાં છે અને શ્રીવિઠ્ઠલેશ પ્રભુએ એમને આ સ્ત્રી પુરૂષ પાસે મોકલ્યાં છે. એ સાંભળતા જ આ પતિ પત્નીમાં ઉત્તમ શ્રોતાના લક્ષણના દર્શન વાર્તા કરાવે છે. "**या प्रकार श्रीगुसांईजीकौ, श्रीगोकुलकौ नाम सुनत मात्र ही वा पुरुषकौ मन विह्वल होइ गयो । सो तत्काल अपरस में तें दोरिकै चारों वैष्णवनकों परम प्रीतिसों मिले ।"** સદા વ્રજભક્તોના ભાવની ભાવના કરતાં આ સ્ત્રી પુરૂષ **अनिर्वृता लोकवेदे** છે. એમની સરાહના કરતાં શ્રીગુસાંઈજી સ્વયં આજ્ઞા કરે છે કે, "**उनके मनमें लौकिकावेश एक दिनहु नाहीं आवत है । सदा भगवद्भावमें मगन रहत है ।"** અર્થાત્ **श्रीकृष्णरसविक्षिप्त मानसारतिवर्जिता** છે. નિત્ય સંતદાસજીનો સત્સંગ શ્રવણ કરે છે. એટલે **श्रवणोत्सुक** પણ છે. એટલે એ મુખ્ય શ્રોતા છે. આવા ભગવદીયના ભાવની છાપ આ ચારેય વૈષ્ણવો પર પડે એવી કૃપા કરીને શ્રીગુસાંઈજી એમને આ પતિ-પત્ની પાસે મોકલે છે.

શ્રીગુસાંઈજીએ એમની સુધી કરીને આ ચાર વૈષ્ણવોને પોતા પર કૃપા કરીને એમના ઘેર મોકલ્યાં એના ભાવાવેશમાં આ પુરૂષ સુધબુધ ભૂલી જાય છે. "**सो वैष्णव अपने घर आई ता आनंदमें न्हाइबेकी, पात्रकी सुधि रही नाहीं"** એટલે

બજારમાંથી ઘી લાવીને અપરસ કર્યા વગર સેવામાં પહોંચી રાજભોગ ધરી "**मानसी सेवाकौ भाव स्त्री-पुरुष विचारत हते ।**"

આ સ્ત્રી પુરૂષના સંબંધિત ચારેય વૈષ્ણવો અંદરોઅંદર વાત કરવા લાગ્યાં "**जो-श्रीगुसांईजी हमकों पठाए हैं । सो वैष्णवतो आछो है । स्नेह बहोत हैं । परंतु आचार क्रिया तो कछू नाहीं है ।**" શ્રીગુસાંઈજી જલભેદમાં કથિત ઉત્તમ વક્તા છે. છતાંય એમની વાણી પર આ ચારેયને વિશ્વાસ ન આવ્યો એટલે **पंचपद्यानि** ગ્રંથમાં કહેલ અધમ શ્રોતાના લક્ષણથી પણ વંચિત થઈ ગયાં. એમને વિપરીત વિચાર આવ્યો. "**सो कोई वैष्णवनें श्रीगुसांईजीके आगे याकी बडाई करि है । तातें श्रीगुसांईजी तो बालक हैं । परम भोरें हैं । सो जानें, जो-यह वैष्णव बोहोत आछो है । जो-भली भई, जो वाके घरकौ कछू जलपान महाप्रसाद नाहीं लियो । नातरुं सगरी बुद्धि भ्रष्ट हो जाती ।**" સ્ત્રી પુરૂષના ઘેર પ્રસાદ લીધા વિના આ ચારેય વૈષ્ણવો પાછા વળ્યાં. જતાં પહેલાં એ પતિ પત્નીના ઠાકુરજીના દર્શન કરવા સન્મુખ થયાં. "**सो श्रीठाकुरजीने जान्यो, जो-मोसों यें कपट करि दरसन करन कों आए हैं । मेरो दास निष्कपट है, जासों यह कपट कियो । तातें इनकों दरसन देनो उचित नाहीं है । या प्रकार श्रीठाकुरजी बिचारिकै उनकों दरसन न दिये । तब इन तीनों जनेंन अपने मनमें जानी, जो-यह वैष्णव ऊपरतें दिखाइवे के लिये प्रेम करत हैं । भगवद्धर्म नाहीं है । सो श्रीठाकुरजी तो हैं नाहीं ।**" આ ચારેયને શ્રીગુસાંઈજીની

વાણીમાં અવિશ્વાસ આવવાથી સ્ત્રી પુરુષના ભજનીય સેવ્ય સ્વરૂપ એમની સામે બિરાજતાં હોવા છતાંય એમને દર્શન ન થયાં.

શ્રીમહાપ્રભુજી શ્રીગુસાંઈજીની વાણીમાં વિશ્વાસ ન રાખનાર પર શ્રીઠાકુરજી કેટલા અપ્રસન્ન છે એ આ પ્રસંગથી સમજાશે. તદ્‌વિપરીત પરે ભૈયાની વાર્તા છે. એ કેટલા ઉત્તમ શ્રોતા છેકે, શ્રીગુસાંઈજી "પરે" ઉચ્ચારે છે ત્યારે શ્રીવિઠ્ઠલેશની વાણીને અતિ વિશ્વાસથી આ શ્રોતા ઝીલે છે, તો તત્ક્ષણમાં એમના માટે "પરે ઠાકુર" નો અવતાર થઈ જાય છે. અહીં ભાવને કારણે શબ્દ પ્રધાન થઈ ગયો. ઉત્તમશ્રોતા ઉત્તમ વક્તાની વાણીને સ્વરૂપાત્મક માને છે.

આ ચારેય વૈષ્ણવો જ્યારે શ્રીગુસાંઈજી પાસે ગોકુલ પાછા આવે છે ત્યારે અતિ અપ્રસન્નતાથી શ્રીગુસાંઈજી એમને પીઠ દે છે. હરિરાયજી કહે છેકે, "**प्रभुके पींठीमें बर्हिर्मुखता रहत है । सो जाने जो ए चारो वैष्णव बर्हिर्मुख है ।**" શ્રીગુસાંઈજી એમના પર બહુજ ખિજ્યા ત્યારે ચારેય વૈષ્ણવોને જ્ઞાન થયું. "**जो श्रीगुसांईजी आपुनको पठाए हते । सो श्रीगुसांईजी के वचनको विश्वास नाहीं रह्यो ।**" આ ચારેય વૈષ્ણવને દીનતા આવી ત્યારે શ્રીવિઠ્ઠલની વાણી એમના હૃદયમાં ઉતરી. તેથી તુરત જ એ ચારેય વૈષ્ણવો પુનઃઆગ્રાના સ્ત્રીપુરૂષ પાસે આવ્યાં. બહુજ દીનતાથી એમનો અપરાધ ક્ષમા કરવા વિનન્તી કરી. ચારેયને મહાપ્રસાદ લેવડાવી, ગાયને પાતળ ધરી અને પોતે પ્રસાદ લઈ આ સ્ત્રીપુરૂષ આ ચારેય વૈષ્ણવ પાસે આવે છે. હવે પછી જે

પ્રસંગ આવે છે તે "જલભેદ" અને "પંચપદ્યાનિ" ગ્રંથના એક વિલક્ષણ રહસ્યને પ્રકટ કરે છે. અધમ શ્રોતા હોય, પણ એ જલભેદ ઉક્ત ઉત્તમ વક્તા પાસે ભગવદ્‌વાર્તા સાંભળે તો આવો અધમ શ્રોતા પણ ઉત્તમ શ્રોતા બની જાય છે. શરત એટલી કે શ્રોતાને આવા ઉત્તમ વક્તામાં અને એમની વાણીમાં આદર અને વિશ્વાસ હોવો જોઈએ. એક મનથી અને દીનતાથી સાંભળવી જોઈએ. "**स्त्रीपुरुष भगवद्‌चर्चा करन लागे । सो उत्थापन कै समै उठे । पाछें सेनलों पहोंचिके चारों वैष्णवनकों महाप्रसाद लिवाए । स्त्री-पुरुष एक समै लेते, फेरि नाहीं लेते । पाछें रात्रिको फेरि भगवद्‌वार्ता करन बैठे । सो मंगलाके समैं उठे । या प्रकार पंद्रह दिन बीते । सो चारों वैष्णवनके रोमरोममें भगवद्‌रस भरि गयो । सो चारों वैष्णव उन स्त्री-पुरुषको दंडवत् करिकै कहे, जो-धन्य तुम वैष्णव हो, जिनकों यह रस श्रीगुसांईजी दान किये है । पाछें चारो जने जब दरसन करन गए तब श्रीमदनमोहनजी कृपादृष्टि सों अवलोकन किये । ता करकै चारों वैष्णवके रोम रोम प्रफुल्लित होइ गए ।**"

એકજ વ્યક્તિમાં શ્રોતાભેદ કેમ થઈ શકે, આ વાર્તા એનું અદ્‌ભુત પ્રમાણ છે. "પંચપદ્યાનિ" માં કહેલ ઉત્તમ શ્રોતાના લક્ષણો ચારેય વૈષ્ણવમાં પ્રકટ થાય છે. "**श्रीकृष्णरसविक्षिप्तमानसारतिवर्जिताः ।**" ભગવદ્‌રસના આવેશમાં આગ્રાથી ગોકુલ જવા નિકળ્યાં. "**सो ऐसे भगवद्‌रसमें छके, जो-गेल में चल्यो नहीं जाँइ । सो बारह दिनमें श्रीगोकुल उत्थापन के समय आए । ता समै श्रीगुसांईजी आप पोढि उढिकै गादी-तकिया ऊपर बिराजे हते । सो**

चारों वैष्णवकों दूरितें श्रीगुसांईजीने भगवद्रसमें मगन आवत देखें । तब चाचा हरिवंशजी सों श्रीगुसांईजीने कही, जो-चाचाजी ! अब इन चारोंनकों वैष्णवनकौ संग भयो ।" એમની આ અવસ્થાનું કારણ પ્રકટ કરતાં શ્રીવિઠ્ઠલેશ આજ્ઞા કરે છેકે, "सो वैष्णव के संग बिना, मार्ग हृदयारुढ न होइ ।" પંચપદ્યાનિના શ્રોતા બનવાનું આવું રહસ્ય છે. ભગવદીય માટે "अरति वर्जिता" હોવું અનિવાર્ય છે.

## ૨૫૨વૈષ્ણવ વાર્તા ૫૪ - એક પટેલ કુનબી જેના માટે શ્રીનાથજીએ ગાડી મોકલી (લીલાનું નામ - "અંગુરી") સાત્ત્વિક ભક્ત

---

એક વખત એક સંગ ગુજરાતથી શ્રીગોકુલ આવવા નીકળ્યો. શ્રીગોવરધનનાથજી અને શ્રીગુસાંઈજીના દરસન કરવા. એમાં એ પટેલ પણ સાથે ચાલ્યાં. એમની પાસે દ્રવ્ય ન હતું. શ્રીનાથજી દ્વારા પહોંચવા થોડુંક અંતર રહ્યું ત્યારે આ પટેલને તાવ આવ્યો. "मजलि एक जब श्रीनाथजीद्वार रह्यो तब वा पटेलने अपने संगके वैष्णवनसों कह्यो, जो-भाई ! काल्हि मोकों कोई गाड़ी ऊपर चढायकै लै चले तो हों तुम्हारे प्रताप तें श्रीगोवर्धननाथजी के दरसन पाऊं । तब वे तो सब द्रव्यपात्र हुते । सो द्रव्य के मदमें काहूने याकी बात मानी नाहीं ।" આવા ભગવદ્ભક્તની પ્રભુના દર્શનાર્થ વિનન્તી ભરી વાણીના શ્રોતા થવા કોઈ તૈયાર ન થાય ત્યારે એના શ્રોતા શ્રીગોવર્ધનધર સ્વયં બને છે. "सो याको ताप श्रीगोवर्धननाथजी आप सहि न सके ।" શ્રીગુસાંઈજીને પ્રભુએ આ વાત કરી અને એ પટેલને સૌથી

પહેલા દર્શન કરાવવા શ્રીવિઠ્ઠલેશે પોતાની ગાડી મોકલી. પટેલ જેવા **श्रीकृष्णरसविक्षिप्तमानस** વાળા ભગવદીયનો અનાદર સંગના અન્ય જનોએ કર્યો, કારણકે એ દ્રવ્યના મદમાં હતાં. અર્થાત્ લોકવેદમાં અનિર્વૃત્ત નહોતાં. પંચપદ્યાનિમાં કહ્યું તેમ એ "**केचित् ये अन्यासक्ता**" હતાં.

ઉપર સ્ત્રીપુરુષની વાર્તામાં જોયું કે શ્રીગુસાંઈજીની વાણીમાં અવિશ્વાસ લાવનાર અને ભગવદીય એવા સ્ત્રીપુરુષનો અનાદર કરનાર ચાર વૈષ્ણવને એમના સેવ્ય સ્વરૂપે સન્મુખ હોવા છતાંય દર્શન ન આપ્યાં તેમ આ પટેલ ભગવદીયનો અનાદર કરનાર એમના માટે "અરતિવર્જિતા" ન રહેનાર, સંઘને શ્રીજીએ દર્શન આપવાની ના કહી.

પંચપદ્યાનિ ગ્રંથની આવી વિશાળતા છે. આ ગ્રંથ કેવલ કથા શ્રવણ સુધીજ શ્રોતાભેદ ન બતાવતાં, ગુરુ અને ભગવદીયની વાણીના અનાદર કરનારને અધમાધમ શ્રોતાની કક્ષામાં રાખે છે અને એમને ઠાકુરજીના દર્શનથી વંચિત કરે છે. ભગવદીય માટે અરતિવર્જિત રહેવાનો આવો રહસ્યમય ઉપદેશ આ ગ્રંથ આપે છે. તેથી આ બંને વાર્તા પંચપદ્યાનિ ગ્રંથની corrollary છે.

## ૨૫૨વૈષ્ણવ વાર્તા ૫૩ - રજપૂત ગરાસિયા
## (લીલાનું નામ - "કેલિની") (તામસ ભક્ત)

---

ચાચા હરિવંશજી આ રજપૂત ગરાસિયાને ઘેર આવે છે. "**तब हरिवंशजी वाके श्रीठाकुरजीके मंदिरमें गए । टेरा सरकायकै देख्यो । तब वा रजपूतने हू देख्यो । सो देखे तो**

श्रीठाकुरजी उलंबि कै भोजन करे हैं । सो चौकी दूर हती । तब वह रजपूत पांचों कपरा पहेरें ठाडो हतो । सो मंदिरमें जाँइकै चौकी सरकाई । तब यह हरिवंशजी देखि के चुप व्है रहे । सो कछू कह्यो नाहीं । सो पाछें भोग सरायो । तब वा राजपूतने हरिवंशजीसों कही । जो-महाराज लेहु । तब हरिवंशजीने कह्यो, जो-मैं तो मेरे हाथसों करि कै लेत हों । काहेतें, जो तहां आचार नाहीं देख्यो । और कपरा पहेरे हाथ धोए नाहीं । चौकी एसेंही सरकाई ।"

આ વાત હરિવંશજી શ્રીગુસાંઈજીને કહે છે, "वाके इहां महाप्रसाद तो नहीं लीनो । और आचार कछू देख्यो नाहीं ।" ત્યારે શ્રીવિઠ્ઠલેશપ્રભુ ચાચાજીને આજ્ઞા કરે છેકે, "तुम वा वैष्णव रजपूतके घर आचार देखिवेको गए है सो देखि आए । परि और हू कछू तुमने देख्यो ? और वाको स्नेह वात्सल्यता तो नहीं देख्यो । और यह आचार देख्यो । परि हमकों तो वैष्णवकों प्रेम प्रींति है और मनकी दैन्यता है सो देखनी है । वाकी कृति सों कहा काम है ?" પંચપદ્યાનિ કથિત ઉત્તમ શ્રોતા અને જલભેદ કથિત ઉત્તમ વક્તા ચાચા હરિવંશજી છે. ભગવદ્ ભક્ત માટે **अरतिवर्जिताः** નો ભાવ સર્વ માટે અનિવાર્ય છે, એ સિદ્ધાંતને પ્રકટ કરવા શ્રીગુસાંઈજી ચાચાજીને માધ્યમ બનાવી આ લીલા પ્રકટ કરે છે.

❖ ❖ ❖ ❖ ❖ ❖

# संन्यासनिर्णयः ।

पश्चात्तापनिवृत्त्यर्थं परित्यागो विचार्यते ।
स मार्गद्वितये प्रोक्तो भक्तौ ज्ञाने विशेषतः ॥ १ ॥

कर्ममार्गे न कर्तव्यः सुतरां कलिकालतः ।
अत आदौ भक्तिमार्गे कर्तव्यत्वाद्विचारणा ॥ २ ॥

श्रवणादिप्रवृत्त्यर्थं कर्तव्यत्वेन नेष्यते ।
सहायसंगसाध्यत्वात् साधनानां च रक्षणात् ॥ ३ ॥

अभिमानान्नियोगाच्च तद्धर्मैश्च विरोधतः ।
गृहादेर्बाधकत्वेन साधनार्थं तथा यदि ॥ ४ ॥

अग्रेपि तार्दशैरेव संगो भवति नान्यथा ।
स्वयं च विषयाक्रान्तः पाषण्डी स्यात्तु कालतः ॥ ५ ॥

विषयाक्रांतदेहानां नावेशः सर्वदा हरेः ।
अतोत्र साधने भक्तौ नैव त्यागः सुखावहः ॥ ६ ॥

विरहानुभवार्थं तु परित्यागः प्रशस्यते ।
स्वीयबन्धनिवृत्त्यर्थं वेषः सोत्र न चान्यथा ॥ ७ ॥

कौण्डिन्यो गोपिकाः प्रोक्ता गुरवः साधनं च तत् ।
भावो भावनया सिद्धः साधनं नान्यदिष्यते ॥ ८ ॥

विकलत्वं तथाऽस्वास्थ्यं प्रकृतिः प्राकृतं न हि ।
ज्ञानं गुणाश्च तस्यैवं वर्तमानस्य बाधकाः ॥ ९ ॥

सत्यलोके स्थितिर्ज्ञानात् संन्यासेन विशेषितात् ।
भावना साधनं यत्र फलं चापि तथा भवेत् ॥ १० ॥

तादृशाः सत्यलोकादौ तिष्ठन्त्येव न संशयः ।
बहिश्चेत् प्रकटः स्वात्मा वह्निवत् प्रविशेद्यदि ॥ ११ ॥

तदैव सकलो बन्धो नाशमेति न चान्यथा ।
गुणास्तु संगराहित्याज्जीवनार्थं भवन्ति हि ॥ १२ ॥

भगवान् फलरूपत्वान्नात्र बाधक इष्यते ।
स्वास्थ्यवाक्यं न कर्तव्यं दयालुर्न विरुध्यते ॥ १३ ॥

दुर्लभोयं परित्यागः प्रेम्णा सिध्यति नान्यथा ।
ज्ञानमार्गे तु संन्यासो द्विविधोपि विचारित : ॥ १४ ॥

ज्ञानार्थमुत्तरांगं च सिद्धिर्जन्मशतैः परम् ।
ज्ञानं च साधनापेक्षं यज्ञादिश्रवणान्मतम् ॥ १५ ॥

अतः कलौ स संन्यासः पश्चात्तापाय नान्यथा ।
पाषण्डित्वं भवेच्चापि तस्माज्ज्ञाने न संन्यसेत् ॥ १६ ॥

सुतरां कालिदोषाणां प्रबलत्वादिति स्थितम् ।
भक्तिमार्गेपि चेद्दोषस्तदा किं कार्यमुच्यते ॥ १७ ॥

अत्रारम्भे न नाशः स्याद् दृष्टान्तस्याप्यभावतः ।
स्वास्थ्यहेतोः परित्यागाद्बाधः केनास्य सम्भवेत् ॥ १८ ॥

हरिरत्र न शक्नोति कर्तुं बाधां कुतोपरे ।
अन्यथा मातरो बालान्न, स्तन्यैः पुपुषुः क्वचित् ॥ १९ ॥

ज्ञानिनामपि वाक्येन न भक्तं मोहयिष्यति ।
आत्मप्रदः प्रियश्चापि किमर्थं मोहयिष्यति ॥ २० ॥

तस्मादुक्तप्रकारेण परित्यागो विधीयताम् ।
अन्यथा भ्रश्यते स्वार्थादिति मे निश्चिता मतिः ॥ २१ ॥

इति कृष्णप्रसादेन वल्लभेन विनिश्चितम् ।
संन्यासवरणं भक्तावन्यथा पतितो भवेत् ॥ २२ ॥

॥ इति श्रीमद्वल्लभाचार्यचरणप्रकटितः संन्यासनिर्णयः समाप्तः ॥

# ગ્રંથ - સંન્યાસનિર્ણય

૮૪ વૈષ્ણવ વાર્તા ૭૨ - નરહરિ સંન્યાસી
(લીલાનું નામ - "ગુલાબી")

૨૫૨ વૈષ્ણવ વાર્તા ૨૧૬ - બલાઈ સ્ત્રી પુરૂષ (તમાસ ભક્ત)
(લીલાનું નામ - પુરૂષ-"શૂરી", સ્ત્રી-"પૂરી")

૨૫૨વૈષ્ણવ વાર્તા ૨૧૪- ધાનીપુનીવારી પ્રયાગકી
(લીલાનું નામ- "અનન્તી") (સાત્વિક ભક્ત)

૨૫૨વૈષ્ણવ વાર્તા ૨૧૫- દ્વારકાદાસ ગોરવા ક્ષત્રી
(લીલાનું નામ - "ગોપા") (રાજસ ભક્ત)

સંન્યાસના પથ પર અભિગમન કરવા માટે ત્યાગ અને વૈરાગ્યનું સાહચર્ય અનિવાર્ય છે. વૈરાગ્ય વિનાનો ત્યાગ સંન્યાસ નથી. તેલીની પત્નીના પ્રસંગમાં નરહરી સંન્યાસીએ પોતાના વૈરાગ્યની ચલિતતા જોઈ લીધેલ. દૈવી જીવ હોવાથી એમને હવે વિચાર આવી રહ્યો છે કે એમના ઉદ્ધાર માટે સંન્યાસથી કોઈ ઉત્તમ રસ્તો હશે, જે એમની પ્રકૃત્તિ અને વરણને અનુકૂલ હોય. તેથી નરહરી સંન્યાસી આચાર્યચરણને વિનન્તી કરે છેકે, "**तब मारगमें नरहरी संन्यासीने श्रीआचार्यजीसों प्रश्न कियो, जो-हमारे मनमें एक संदेह है, जो-महाराज ! संन्यास धर्म बडो के वैष्णव धर्म बडो ? तब श्रीआचार्यजी कहें, इनको प्रकार सब न्यारो है । संन्यास धर्म कलियुगमें सिद्ध होनो कठिन है । संन्यास लिये पाछे जहां तक जीवे तहां तांइ नारायण बिना कहुं चित्त जाय, तब सगरे जन्मको संन्यास धर्म नास होय ।**" શ્રીમહાપ્રભુજી,

નારાયણમાં ચિત્ત લગાડીને સંન્યાસ ધર્મ નિભાવવાની આજ્ઞા નરહરી સંન્યાસીને કરે છે, કારણકે આપ સંન્યાસનો નિર્ણય કેવલ વૈરાગ્યના સંદર્ભમાં કરવા નથી માંગતાં. ત્યાગ કે વૈરાગ્ય કોઈ માર્ગ નથી. કર્મ, જ્ઞાન કે ભક્તિ, એ ત્રણેયમાંથી કોઈપણ એક સાથે વૈરાગ્ય પ્રકટ હોય તો ત્યાગ કે વૈરાગ્યનો વિચાર સુસંગત થાય છે.

આધુનિક કાલમાં કર્મમાર્ગીય સંન્યાસ સંભવિત નથી. જ્ઞાનમાર્ગીય સંન્યાસ બહુજ વિકટ અને અતિ કષ્ટસાધ્ય છે. સંન્યાસનિર્ણય ગ્રંથમાં આચાર્યજી પુષ્ટિભક્તિમાર્ગીય સંન્યાસના દર્શન કરાવે છે. તૈલીની સ્ત્રીના દુ:સંગથી, સંન્યાસથી ભ્રષ્ટ થયેલા નરહરીદાસને શ્રીમહાપ્રભુજી ભક્તિમાર્ગમાં પ્રેરિત કરતાં, બહુજ સુંદર વિકલ્પ આપે છે. "**और भक्तिमार्गमें, दु:संगतें भ्रष्ट हू होय जाय, परन्तु भक्ति-बीज जाय नहीं । कबहू सत्संग पाय फेरि बढे । सो श्रीभागवतमें कहे हैं, जडभरतकों मृगके संगतें तीन जन्मको अंतराय भयो । पाछे कृतार्थ भयो । चित्रकेतु पार्वतीके शाप करि वृत्रासुर भयो, असुर जोनिमें, तोहू भक्ति बढी । इतनो तारतम्य है, और या कलियुगमें भगवन्नाम हीं तें चाण्डाल पर्यन्त पवित्र होय, उद्धार होय, सो तुमही मनमें विचारो । तें तपस्या हू करी, संन्यासके धर्महू साध्यो । परन्तु कछु सिद्ध भयो ?**" આવા થોડાક જ શબ્દોમાં શ્રીવાક્પતિએ દુ:સાધ્ય એવા સાધનમાર્ગ પર ચાલનાર નરહરી સંન્યાસીના મનને ફેરવી દીધું. "**तब नरहरी संन्यासी दंडवत् करि विनंती करी, महाराज ! अब जा प्रकार उद्धार होय सो करो ।**" નરહરી સંન્યાસી પોતાની નિ:સાધનતા પ્રકટ કરે છે.

**"मैं सगरे धर्ममें दुःख ही पायो । परन्तु मन निर्मल न भयो । तब श्रीआचार्यजी कहे, तुम संन्यासी हो, जगतमें पूज्य हो । सेवक हूं करत हों । सो सेवक होइके तो दास होनों परै । सो तुम स्वामी पदमें हो, दास भाव कैसे होयगो ? तातें स्वामी पदकों छोडो तब सरनि होऊ । तब वैष्णवधर्म बढे ।"** વૈષ્ણવ થવા માટે સંન્યાસીને પોતાના **सोऽहं** ને **दासोऽहम्** માં પરિણમિત કરવું પડશે, એમ શ્રીવલ્લભ સમજાવે છે. વૈષ્ણવ થવાનો સંકલ્પ કરી લીધેલા નરહરી, હવે શ્રીવલ્લભને વિનન્તી કરે છેકે, **"मैं अब स्वामी पद छोडयो । अबतो मैं आपको दास हों ।"** બીજા દિવસે આચાર્યચરણ એમને વ્રત કરાવી, એમની ઈન્દ્રિયોને શુદ્ધ કરાવી, નામ આપી નિવેદન કરાવે છે.

પુષ્ટિભક્તિમાર્ગીય ત્યાગનું સ્વરૂપ શ્રીમહાપ્રભુજી "ભક્તિવર્ધિની" ગ્રંથમાં કહે છે ; **"बीजभावे दृढे तु स्यात्त्यागाच्छ्रवणकीर्तनात् ।"** પરંતુ આવો ગૃહત્યાગ કઈ અવસ્થામાં અને કયા હેતુથી પુષ્ટિ ભક્તે કરવો જોઈએ, એનો ખુલાસો આચાર્યજી "સંન્યાસનિર્ણય" ગ્રંથમાં આપે છે. જે પુષ્ટિભક્તથી સ્વગૃહમાં ભગવત્સેવા નીભતી ન હોય, વ્યસનાવસ્થા એમને સિદ્ધ થઈ ગઈ હોય અને વિપ્રયોગની અનુભૂતિ માટે એમને ગૃહ બાધક લાગતું હોય, એવા પુષ્ટિભક્તને જ આચાર્યચરણ ગૃહનો ત્યાગ કરવાની છૂટ આપે છે, આગ્રહ નથી કરતાં. **"तादृशस्यापि सततं गेहस्थानं विनाशकम् । त्यागं कृत्वा यतेद्यस्तु तदर्थार्थैकमानसः ।"** બીજભાવ દૃઢ થયા વગરના ગૃહત્યાગમાં ભક્તિમાર્ગમાં બે દોષ નડે છે ; દુઃસંગ અને અન્નદોષ, જેનાથી

ભક્તિ કરનારનું અધ:પતન થાય છે. પુષ્ટિભક્તિમાર્ગીય સંન્યાસ શુષ્ક વૈરાગ્યથી પ્રેરિત નથી પણ પ્રભુના મધુર ગુણોથી લાલાયિત થઈ અનુરાગ પ્રેરિત છે. અહંતામમતા વિસ્મૃતિપૂર્વક, ભગવદાસક્તિરૂપ, ભક્તિમાર્ગીય સંન્યાસ છે. આચાર્યચરણે, "સંન્યાસનિર્ણય" ગ્રંથ નરહરી માટે પ્રકટ કર્યો છે, પોતાને માટે નહીં, કારણકે શ્રીમહાપ્રભુજીને પોતાને ગૃહનો ત્યાગ કરી સંન્યાસ લેવાનું કોઈજ પ્રયોજન નથી. આપને ભક્તિબીજભાવને દૃઢ કરવાની કોઈ સમસ્યા નથી. તદુપરાંત આપની તો વ્યસનોત્તર ફલનિરોધાવસ્થા છે. એટલેજ સંન્યાસનિર્ણય ગ્રંથના ઉપદેશનું પરિપાલન કરવા આપ સ્વયમ્ અધિકારીજ નથી. આ ગ્રંથમાં મધ્યમાધિકારીના ત્યાગનો પ્રકાર પ્રતિપાદિત છે. સંન્યાસનિર્ણય ગ્રંથને આપે નરહરી સંન્યાસીને ઉપદેશ આપવા પ્રકટ કર્યો છે, પોતાના માટે નહીં.

"सो एक समय नरहर संन्यासी बद्रिकाश्रम फिरते फिरते आये । तहां श्रीआचार्यजी महाप्रभु पधारे । सो नरहर संन्यासीकों दरसन भये । तब नरहर संन्यासी श्रीआचार्यजी महाप्रभुनसों विनती कियो, महाराज ! मैं पहिलें संन्यास ग्रहण कियो हतो । पाछे आपकी कृपातें भक्तिमारगमें आयो । सो संन्यासको प्रकार है, सो तो मैं जानत हों और भक्तिमारगको का प्रकार है सो मैं जानत नाहीं । सो मोकों कृपा करि कहिये । तब श्रीआचार्यजी कहें, तोसों भक्तिमारगके संन्यासको प्रकार कहत हों । तब श्रीआचार्यजी "संन्यासनिर्णय" ग्रंथ करि नरहर संन्यासीकों पढाय भाव कहि सुनाये । तब नरहर संन्यासीके हृदयमें पुष्टिमारगको सिद्धांत स्थित भयो ।

**तब श्रीठाकुरजीकी लीलाको अनुभव भयो, सो मगन हो गये । पाछें श्रीआचार्यजी आगें पधारे । नरहर संन्यासी स्वरूपानंदमें मगन होय फिरिवो करते ।"** નરહરીદાસનો સંન્યાસ હવે શુષ્ક વૈરાગ્યરૂપ ન રહેતાં પ્રચુર ભગવત્પ્રેમપૂર્વક વૈરાગ્યયુક્ત બન્યો. વાર્તા કહે છેકે, એમને "**श्रीठाकुरजीकी लीलाको अनुभव भयो ।"** સંયોગ પછી વિરહાનુભૂતિ થાય. એટલે શ્રીમહાપ્રભુજી નરહરી સંન્યાસીને સૌથી પ્રથમ પ્રભુના સ્વરૂપનો અને ભગવાનની લીલાનો અનુભવ કરાવે છે. તત્પશ્ચાત્ નરહરીદાસ ઉત્તરદલનો અખંડિત અનુભવ કરશે. આ પ્રસંગનો નિષ્કર્ષ એ છે કે, આરંભની સ્થિતિમાં પુષ્ટિજીવે અવશ્ય ભગવત્સેવા કરવી, જેથી એ સ્નેહપૂર્વક પ્રભુનું દર્શન કરી શકે, પ્રભુના વિવિધ અંગોનું સ્પર્શન કરી શકે. એના થકી પુષ્ટિભક્તને શ્રીઠાકુરજીના અંગેઅંગના સંગની ઉત્કંઠા જાગે છે. આવી વિરહની અવસ્થા, સંયોગોત્તર, ભગવદ્સ્નેહના આધિક્યના કારણે છે. કેવલ દૃઢ બીજભાવવાળા ભક્ત માટે શ્રીવલ્લભ આજ્ઞા કરે છેકે, "**विरहानुभवार्थं तु परित्याग प्रशस्यते ।"**

શ્રીમહાપ્રભુજીની કૃપાથી, નરહરી સંન્યાસીની પ્રભુમાં દૃઢ ભગવદ્રતિ સિદ્ધ થઈ ગઈ છે. તેથી વ્રજભક્તોનાં ભાવયુક્ત વિકલત્વ અને અસ્વાસ્થ્ય એમના ભાવની પ્રકૃત્તિ બની ગયાં છે.

શ્રીઆચાર્યજીએ સ્વયં, વિરહનો અનુભવ કરવા સંન્યાસ નથી લીધો. આપ તો સાક્ષાત્ વૈશ્વાનર સ્વરૂપ છે. દૈવિજીવોનો ઉદ્ધાર કરવા, નિજધામમાંથી આપ ભૂતલ પર પધાર્યા, ત્યારથીજ શ્રીવલ્લભ, વિપ્રયોગાવસ્થામાં બિરાજે છે. તેથી

વિરહાનુભવ એ શ્રીમહાપ્રભુજીના સંન્યાસ ગ્રહણનું પ્રયોજન નથી. ઠાકુરજીની **लोकगोचर परित्याग** ની આજ્ઞાનું પરિપાલન કરવા માટે આપે સંન્યાસ વેષ ગ્રહણ કર્યો છે. સંન્યાસના સમય દરમ્યાન લોકો બાધા ન કરે એના માટેજ સંન્યાસનો વેષ છે. તદુપરાંત વેદકથિત સંન્યાસાશ્રમ આચાર્યજીથી અસ્પર્શિત ન રહે, એ સંન્યાસ ગ્રહણ પાછળ આપનો અવાન્તર પ્રયોજન છે.

ભક્તિમાર્ગીય સંન્યાસ લેવાના પુષ્ટિ ભક્ત માટે બે હેતુ છે. (૧) ભક્ત્યર્થ સંન્યાસ ગ્રહણ, (૨) ભક્ત્યુત્તર સંન્યાસ અનુસરણ. ભક્ત્યર્થ સંન્યાસના બે પ્રયોજન છે. ભક્તિ સાધક શ્રવણાદિકના નિર્વાહાર્થ અને ભક્તિ બાધક એવા ગૃહાદિનો ત્યાગ કરવા. ભક્ત્યુત્તર સંન્યાસના ય બે લક્ષણ છે. (૧) વિરહાનુભવાર્થ, (૨) પ્રપંચ વિસ્મૃતિપૂર્વક ભગવદાસક્તિના સ્વભાવની રૂહે. શ્રીમહાપ્રભુજી પાસે સંન્યાસનિર્ણય ગ્રંથનો ભાવ હૃદયગત કર્યા પછી નરહરી સંન્યાસીએ ભક્ત્યોત્તર સંન્યાસની આવી ઉભયાવસ્થાને ઉપલબ્ધ કરી છે. વ્રજવલ્લવીઓની જેમ નરહરી સંન્યાસીએ, પ્રભુની ગાઢ પ્રીતિમાં પોતાના લોક, વેદ અને આત્માનોય ત્યાગ કર્યો છે. ભગવાનનું મિલન ન હોય ત્યારે એમને આત્માનુંય પ્રયોજન નથી દેખાતું.

શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, દાસ્ય, સાખ્ય અને આત્મનિવેદન એ નવધા ભક્તિના સાધક અંગો છે. ભક્તિમાર્ગીય સંન્યાસ લેતી વખતે પાંચ મુઝવણો આવે છે.

(૧) સંન્યાસ ધર્માનુસાર વ્યક્તિને નિરપેક્ષ અને એકાકી

વિચરણ કરવું પડે છે. ભક્તિના નવવિધ અંગમાં શ્રવણાદિ માટે સત્સંગની આવશ્યકતા છે. જે અન્યજન સાપેક્ષ છે.

(૨) કીર્તન અને સ્મરણ માટે ગ્રન્થ, તુલસીમાળા, ગૌમુખી અને પાદસેવન, અર્ચન માટે ભગવદ્વિગ્રહ આદિ આવશ્યક છે, જે સંન્યાસના અપરિગ્રહ નિયમથી વિપરીત છે.

(૩) સંન્યાસીને નિરન્તર એકાકી પરિભ્રમણ કરવું પડે છે.

(૪) નવધા ભક્તિનું અંતિમ પ્રયોજન ભગવત્સેવાર્થ યોગ્યતા પ્રાપ્ત કરવાનું છે, પરંતુ સંન્યાસ ગ્રહણ કરવાથી સંન્યાસીને ભગવત્સ્વરૂપ સેવાથી અયોગ્ય બનવું પડે છે.

(૫) સંન્યાસીને બધા સ્વામીજી કહે છે. ભક્તિમાં દૈન્ય અપેક્ષિત છે. દાસત્વ રાખવું પડે છે. અહીંતો આચાર્યજી જેવા સર્વલક્ષણસંપન્ન મહાદાતા છે અને નરહરી સંન્યાસી જેવા ભક્તિમાર્ગીય સંન્યાસી છે. તેથી શ્રીઆચાર્યજીએ ઉપર કથિત ચાર સમસ્યાઓ નરહરી સંન્યાસીને સ્પર્શવાય ન દીધી. "**नरहर संन्यासी स्वरूपानंदमें मग्न होय फिरिवो करते ।**" એ અન્યથી નિરપેક્ષ બની ગયાં.

સ્વામિત્વની પાંચમી સમસ્યાને તો શરણે લીધાં પહેલાંજ મહાપ્રભુજીએ નિવૃત્ત કરી. નરહરી સંન્યાસી આચાર્યજીને વિનન્તી કરે છે, "**मैं अब स्वामी पद छोडयो । अब तो मैं आपको दास हों । जो आज्ञा करो सोइ मैं करो ।**"

શ્રીવલ્લભની કૃપાથી નરહરી સંન્યાસીને કેવા ભાવની સમૃદ્ધિ પ્રાપ્ત થઈ તેના દર્શ, "સંન્યાસનિર્ણય" ગ્રંથ અને

નરહરીદાસના ૨૫૨ વૈષ્ણવની વાર્તામાં પ્રકટ એમના સાત્વિક, રાજસ, તામસ ભાવયુક્ત ભક્તોની વાર્તાના આધારથી કરી લઈએ.

સંન્યાસનિર્ણય ગ્રંથનો ભાવ નરહરીદાસને આચાર્યજીએ સમજાવ્યો તે પછી એમનો ભક્તિબીજ ભાવ દૃઢ ગઈ ગયો. વ્યસનાવસ્થા સિદ્ધ થઈ ગઈ. ભક્તિરસની અપરિપક્વ અવસ્થામાં નરહરી સંન્યાસીને પ્રભુ માટે જે અદ્વૈતનો ભાવ હતો તે હવે પ્રભુ માટે દ્વૈતનો અનુભવ કરવા લાગ્યાં. ત્યારે પ્રભુ પણ પોતાનું આત્મારામત્વ છોડી નરહરી સંન્યાસીના જે "સ્વતંત્ર ભાવ ના shades" છે એની સાથે પ્રભુ ખેલવાં લાગ્યાં. પ્રભુ દેશકાલની મર્યાદા છોડી નરહરી માટે પોતાનું નિરંકુશ આત્મતંત્રત્વ પ્રકટ કર્યું ; "પરમાનંદ વેદસાગરકી મર્યાદા રહી તૂટ." આમ, ભગવદ્અનુરક્તિયુક્ત વૈરાગ્યમૂલક ભક્તિમાર્ગીય સંન્યાસને નરહરીદાસ જીવ્યાં. વિગાઢભાવ અને સર્વાત્મભાવ દ્વારા એમનું ચિત્ત સદા ભગવદ્વિયોગજન્ય તાપની અનુભૂતિના કારણે પ્રભુમાં એકતાન થઈ ગયું. ભગવત્સ્વરૂપાનંદની ચારેય અવસ્થાઓને નરહરીએ વિવિધ સમયે અનુભૂત કરી. બાહ્ય સંયોગ આંતરવિરહ, આંતરસંયોગ બાહ્યવિરહ, બાહ્યાભ્યંતર સંયોગ અને બાહ્યાભ્યંતર વિયોગ.

આવા ભક્તિમાર્ગીય સંન્યાસના ગુરુ ગોપીજન છે. સ્નેહના પ્રાચુર્યના કારણે વિરહાવસ્થામાં, વ્રજવલ્લવીઓએ ઠાકુરજીનું અન્વેષણ કરતાં વૃક્ષાદિને પુછ્યું કે પ્રભુ કયાં છે. કૌંડિન્યઋષિએ પણ વિરહભાવથી વૃક્ષાદિને પુછ્યું કે અનંત કયાં છે ? તેથી કૌંડિન્યઋષિ મર્યાદા માર્ગ કથિત

ત્યાગ પંથના ગુરુ છે. "**कौण्डिन्यो गोपिकाः प्रोक्ता गुरवः ।**" નરહરી સંન્યાસી ગોપીપથગામી ભક્તિમાર્ગીય સંન્યાસમાં વિચરે છે. એ જાણે છે કે, પ્રભુને મળવા માટે કોઈ સાધન કામ નહીં આવે. શ્રીવલ્લભની કૃપાથીજ એમનો ભક્તિમાર્ગીય નિર્વાહ સિદ્ધ થઈ રહ્યો છે. એટલે નિ:સાધનતા અને દીનતાનો ભાવ નરહરી સંન્યાસીને સદા સ્થિર છે. નરહરી સંન્યાસી ભગવત્સેવા કરી શક્તા નથી એટલે ઠાકુરજી મથુરાગમન કરે છે એ વખતનો ગોપીજનોનો જે વિરહભાવ છે તે નરહરીદાસને સિદ્ધ છે. અર્થાત્ દેશાંતર વિરહનો ભાવ. આપણા હૃદયમાં ભાવ ન હોય પણ એને જગાડવાનો પ્રયાસ કરીએ તે ભાવના છે. અર્થાત્ ઈચ્છાથી કરીએ તે ભાવના છે અને વગર ઈચ્છાએ અનાયાસ થઈ જાય એ ભાવ છે. નરહરી સંન્યાસી અનાયાસ ભાવ દશામાં વિરમે છે. "**तब श्रीठाकुरजीकी लीलाको अनुभव भयो, सो मग्न होय गये ।**"

શરણે આવ્યાં પહેલાં નરહરીનો સંન્યાસ પ્રપંચના દોષ દર્શન મૂલક છે. પ્રપંચથી ડરી જઈને એમાંથી મુક્ત થવા માટે સંન્યાસ લીધો છે. પરંતુ હવે તો પ્રભુના ભગવદ્રતિના કારણે એમની પ્રપંચ વિસ્મૃતિ થઈ ગઈ છે. વિરહાનુભવાર્થ જે પરિત્યાગ છે, એમાં તદનુકૂલ ભાવનાઓને પોષવાથી, ભાવનાની સરિતા વહેતી વહેતી ક્યારેક ભાવસાગરમાં પ્રવેશી જાય છે. "**भावो भावनया सिद्धः ।**" "ભજ સખી ભાવ ભાવિક દેવ" આ પ્રક્રિયાથી નરહરી સંન્યાસીના હૃદયમાં ભગવત્પ્રેમનો સાગર લહેરાયો છે. ભગવત્પ્રેમના આવેગમાં એમના દેહ, ઈન્દ્રિય, પ્રાણ, અંત:કરણ, આત્માદિ પ્રેમના આવેશથી પ્લાવિત થઈ ગયાં છે. નરહરીને ક્યારેક

ચક્ષુરાગ થાય છે તો ક્યારેક મનની સાથે ભગવત્સંયોગ, ક્યારેક નિદ્રાચ્છેદ થાય છે તો ક્યારેક એમને મૂર્છા આવી જાય છે. પ્રેમ વિરહની ઉત્કંઠા અવસ્થામાં નરહરીદાસ ભગવદ્ગુણગાનથી પ્રાણ ટકાવે છે. પ્રભુના ગુણગાન અને માહાત્મ્યજ્ઞાન ભગવદ્વિરહમાં બાધક છે. "**ज्ञानं गुणाश्च तस्यैवं वर्तमानस्य बाधकाः ।**"

**भावो भावनया सिद्धः** ની આજ્ઞા કરતાં શ્રીવલ્લભ, ભગવદ્ભાવ સિદ્ધ કરવા માટે ભાવનાને મુખ્ય સાધન રૂપે કહે છે. પુષ્ટિભક્તિમાર્ગમાં ભાવનાનું અનિર્વચનીય માહાત્મ્ય છે, કારણકે ભાવના, ભગવત્સ્નેહ જનક છે અને ભાવના થકીજ સેવા અને ભક્તિ લીલાત્મક બને છે. ભાવના પુષ્ટિજીવને નિત્યલીલામાં લઈ જનારી છે. પ્રભુને નિતાન્ત સુખ આપનારી છે. ભાવનાનું આવું વિલક્ષણ મહત્ત્વ હોવાથી પુષ્ટિભક્તે કેવી કેવી ભાવનાઓ કરવી જોઈએ એનો સહેજ વિસ્તાર અહીં કરી લઈએ. આનાથી નરહરી સંન્યાસીના પ્રભુ સંગના ભાવાત્મક વિલાસોનો પરિચય થશે અને આધુનિક વૈષ્ણવનેય આવી ભાવનાઓ, ભગવદ્ભાવની સિદ્ધિ કરવા ઉપયોગી બની શકશે.

વિલક્ષણતા તો એ છે કે, પુષ્ટિભક્તિની ભાવનાનું મૂલ સ્વયં ભાવાત્મક પ્રભુજ છે. અર્થાત્ ભાવનાનો પ્રારંભ પ્રભુએ કર્યો છે. ભગવાને અનેક થવાની ભાવના કરી, ત્યારે એક બ્રહ્મની જડરૂપે અને જીવરૂપે અનેકરૂપતા થઈ. બ્રહ્મ કે પરમાત્મા ભાવાત્મક નથી પણ ભગવાન ભાવાત્મક છે. ભગવાન ભક્તસાપેક્ષ છે, કારણકે ભક્તના કારણે બ્રહ્મ ભગવાન બને છે. પ્રભુએ જ્યારે એવી ભાવના કરી કે

મારો ભક્ત એવો હોવો જોઈએ કે એ મને એના ભાવાનુરૂપ ઢાળે, મારા ભજનાનંદને માણવા ઉત્સુક બને અને મારા સ્વરૂપાનંદમાં તલ્લીન થઈ જાય, ત્યારે વ્રજભક્તો પ્રકટ થયાં, અને કૃષ્ણએ વ્રજભક્તોના ભાવાત્મક સ્વરૂપે વ્રજલીલા કરી. વ્રજભક્તોના કારણે કૃષ્ણ વ્રજાધિપ કહેવાયાં. પુષ્ટિભક્તિમાર્ગમાં પ્રભુ આમ ભક્તને અનુરૂપ થાય છે અને ભક્ત ભગવાનના અનુરૂપ. "**अपनो मन और वा ढोटाको एकमेक कर सान्यो ।**" જેવી રીતે પ્રભુએ ભક્ત માટે ભાવના કરી તેવી રીતે ભગવાન પણ અપેક્ષા રાખે છે કે ભક્ત પણ પ્રભુના સ્વરૂપ અને લીલાની ભાવના કરી ભાવભાવના કરે. ભક્તના હૃદયની ભાવના જાણવા અને માણવામાં પ્રભુને પોતાના અંતર્યામી ધર્મનું સાર્થક્ય લાગે છે. આધુનિક પુષ્ટિભક્ત માટે પણ પ્રભુ પોતાનો સ્વભાવ છોડી, ભક્તનું સામર્થ્ય સ્વીકારી, ભક્તના ભાવમાં વશ થઈ જાય છે. નરહરી સંન્યાસીની વાર્તા આનું પ્રમાણ છે. વાર્તા કહે છે, "**नरहरी संन्यासी स्वरूपानंदमें मगन होइ फिरिवो करते ।**" વ્રજભક્તોના ભજનાનંદ જેવી એમની દશા છે.

પુષ્ટિભક્તિમાર્ગના પથગામીને, સૌથી પ્રથમ તો પોતાના માથે બિરાજતા સેવ્ય સ્વરૂપની પંચાત્મક ભાવના કરવી જોઈએ. આપણા ઘરમાં આપણે માથે બિરાજતા ઠાકુરજી સર્વવ્યાપી બ્રહ્મ છે. નામ, રૂપ, કર્મથી એ જ જગતમાં વ્યાપ્ત છે આવું માહાત્મ્યજ્ઞાન કેળવવાથી આપણી બુદ્ધિ પ્રભુને સમર્પિત રહે છે. સર્વના આત્માની ભીતર બિરાજતાં પરમાત્મા જ આપણા સેવ્ય સ્વરૂપ છે, એવી ભાવના કરવાથી, આપણા આત્માના આત્મા એવા પરમાત્મામાં

પ્રિયત્વને કારણે, આપણી મમતા સમર્પિત રહે છે. એમાંથી ભગવત્સ્નેહ જાગે છે. માહાત્મ્યજ્ઞાન અને સ્નેહ સહિત થયેલી ભક્તિ રસરૂપ બને છે. તેમજ આપણે માથે બિરાજતું સ્વરૂપ ભગવાન પણ છે. એવી નિશ્ચયાત્મક ભાવના કરી પ્રભુની શ્રવણ, કીર્તનાદિ નવધા ભક્તિમાં પ્રવૃત્ત થવાથી આપણા કાન, વાણી, નેત્ર, હસ્ત, ચરણ, નાક આદિ મન સહિત પ્રભુમાં સમર્પિત બને છે. તદુપરાંત આપણે માથે બિરાજતું સ્વરૂપ જ, સારસ્વત કલ્પમાં વ્રજમાં પ્રકટ થયેલ અને વ્રજભક્તો સંગ વિવિધ લીલા કરેલ પરબ્રહ્મ નંદનંદન શ્રીકૃષ્ણ છે. એ જ શ્રીકૃષ્ણ, શ્રીઆચાર્યજીની કાનીથી, આપણે માથે આપણી સેવા લેવા અને આપણો ઉદ્ધાર કરવા આપણે ઘેર અવતર્યા છે. તેથી જ, આપણા સેવ્ય સ્વરૂપ સંગ સારસ્વત કલ્પની કૃષ્ણલીલા જોડી અને વ્રજભક્તોના ભાવથી એમની સેવા કરવાથી, ગદ્યમંત્રમાં નિવેદિત કરેલ આપણી અહંતા મમતાની સર્વવસ્તુ એના ધર્મ સહિત ભાવથી સમર્પિત બનશે, ત્યારે પુષ્ટિભક્તિ ખીલશે. નરહરીદાસની ભક્તિ વ્રજભક્તોના ભાવથી ભાવિત છે. વાર્તા કહે છેકે, "**तब नरहरी संन्यासीके हृदयमें पुष्टि मारगको सिद्धांत स्थित भयो ।** " માર્ગનો એક વિલક્ષણ સિદ્ધાંત એ છે કે, શ્રીવલ્લભે, વ્રજલીલામાંથી પોતાના નિર્ગુણભાવને અનુરૂપ લીલાઓને ચુની છે. આ લીલાઓ થકી નરહરીદાસે ઠાકુરજીને પોતના સોહામણાં, લડામણાં અને સર્વતોધિક સુદૃઢ સ્નેહથી લડાવ્યાં છે. ચોરાસી બસોબાવન વૈષ્ણવથી લઈને આજસુધી અને આજ પછી ચિરકાલ સુધી, પુષ્ટિજીવના ઘરઘરમાં બિરાજતાં ઠાકુરજી, શ્રીઆચાર્યજીના ભાવાત્મક છે અને રહેશે. આ આપણા સેવ્યસ્વરૂપ માટેની હાર્દભાવના છે. નરહરી સંન્યાસીને

અવિરત અનુભૂત થતું કૃષ્ણનું ભાવાત્મક આધિદૈવિક સ્વરૂપ, શ્રીઆચાર્યજીના ભાવથી ભાવિત છે, એવો અખંડિત ભાવ નરહરીદાસનો છે. પુષ્ટિભક્તિમાર્ગનો આવો ગૂઢ સિદ્ધાંત એમને સિદ્ધ છે. **"नरहरीदासके हृदयमें पुष्टिमार्गको सिद्धांत स्थित भयो ।"**

આપણે માથે બિરાજતાં ઠાકુરજી મહાપ્રભુજીના ભાવથી ટેવાયેલાં છે. શ્રીઆચાર્યચરણને વશ છે. તેથી મહાપ્રભુજીનું અતિક્રમણ કરી સીધા વ્રજભક્તોના ભાવોમાં આપણે પ્રવેશી ન શકીએ ; દા.ત. વ્રજભક્તોએ ઠાકુરજીને ગાળો આપી. આચાર્યજીના ભાવના પ્રકારમાં ઠાકુરજીને ગાળો ન અપાય કે ખંડિતાનો ભાવ આપણા વતી અભિવ્યક્ત ન થાય. એ સંબંધિત કીર્તનો પ્રભુ સમક્ષ ગાઈએ ત્યારે ઠાકુરજીને આપણે એ યાદી અપાવીએ છીએ કે, કૃષ્ણાવતારમાં આપનો mood વ્રજભક્તોની ગાળોનો આનંદ લેવાનોય હતો. તેમજ વાત્સલ્યભાવથી પ્રચુર યશોદાજી ઠાકુરજીને દંડવત્ ન કરે. આચાર્યજીનો સેવક વાત્સલ્ય ભાવાનુગામી હોય તોય પ્રભુને દંડવત્ કરે. પ્રત્યેક વ્રજભક્તોનો ભાવ કાંતો વાત્સલ્યયુક્ત છે, કાંતો માધુરી ભર્યો, કાંતો સાખ્યભાવ સભર, એમનો એકાકી ભાવ છે. શ્રીમહાપ્રભુજીએ આપણને સર્વભાવથી ઠાકુરજીની સેવા કરવાની આજ્ઞા કરી છે. **सर्वदा सर्वभावेन भजनीयो व्रजाधीपः ।** તેથીજ, પુષ્ટિભક્તિમાર્ગીય સેવા પ્રકારમાં આપણે ઠાકુરજીની મંગલા કરતી વખતે એવી ભાવના કરીએ છીએ કે, પ્રભુને યશોદાજી જગાડી રહ્યાં છે. ખંડિતા ગાતી વખતે વ્રજસુંદરીઓના ભાવની ભાવના થાય છે. શીતકાલમાં રાજભોગ વખતે નંદભવનની કે વ્રજભક્તોના ઘેર ભોજનની ભાવના કરીએ છીએ. તેમજ

ઉત્થાપનમાં પુલિંદીઓના ભાવનું સ્મરણ થાય છે. સેનમાં નંદાલય કે સ્વામિનીઓના ભવનની ભાવના છે. દિવસભર, સેવા વેળા ઠાકુરજી માટે વિવિધ ભાવો પાંગર્યા હોવાથી, સેન પછી, આશ્રય અને દીનતાના પદ ગવાય છે, જેથી પુષ્ટિજીવનો દાસભાવ પુનઃઆવેશિત થાય છે. પોતે ભગવદ્અંશ છે એની સ્ફૂર્તિ તાદ્રશ થઈ જાય છે. પ્રભુ જ્યાં સુધી એક specific ભાવનું દાન ન કરે ત્યાંસુધી આપણે આવી અનેકવિધ ભાવનાઓથી ઠાકુરજીને લાડ લડાવવાના છે કારણકે, પ્રભુ શ્રીમહાપ્રભુજીના ભાવથી ભાવિત છે અને શ્રીમહાપ્રભુજીની આજ્ઞા છેકે, "**सर्वदा सर्वभावेन भजनीयो व्रजाधीपः ।**" પ્રભુ સંબંધિત ભાવના કરતી વખતે, વ્રજનો કોઈપણ સ્નેહયુક્ત ભાવ વિસર્જિત નથી. પૂતના, અઘાસુર, બકાસુર આદિ લીલાની ભાવના ન થાય, કારણકે એમાં પ્રભુ સંબંધિત સ્નેહ અને સુખનો વિચાર નથી.

વ્રજભક્તોના ભાવ સંબંધિત શ્રીઆચાર્યચરણે ચાર ભાવ સ્વીકાર્યા છે. સ્વકીયાભાવ, પરકીયાભાવ, નિત્યસિદ્ધા અને નિર્ગુણભાવ. પોતાનો ભક્ત નિર્ગુણભાવથી ભક્તિ કરે એવી આચાર્યચરણની ભાવના છે.

આમ, પુષ્ટિભક્તિ ભાવાત્મક હોવાથી, રસરૂપ છે. એનો આલંબન વિભાવ પ્રભુ છે અને ઉદ્દીપન વિભાવ ભગવદ્લીલા છે. પરંતુ ઉદ્દીપન વિભાવ એટલો નહીં વધારવો કે આલંબન વિભાવ વિસ્મૃત થાય. તેવીજ રીતે, લીલાની ભાવના રહિત, કેવલ આલંબન વિભાવથી ભક્તિ ન વિલસે. પુષ્ટિજીવના હિત માટે શ્રીગુસાંઈજી આજ્ઞા કરે છે કે ભાવના

કરતી વખતે, જીવે પોતાના અધિકારનો વિચાર કરી ભાવના કરવી, નહીંતો અનધિકાર ચેષ્ટા થઈ જાય.

નરહરી સંન્યાસી માટે વાર્તા કહે છેકે, "**तब नरहर संन्यासी बडो भगवदीय कृपापात्र भयो ।**" જેને પ્રભુએ વ્રજભક્તના ભાવનું દાન કર્યું છે એ બડો કૃપાપાત્ર ભગવદીય છે. વ્રજભક્તના ભાવની ભાવના કરવાથી વ્રજભક્ત બનાય, ઠાકુરજી પ્રસન્ન થાય. તો અહીં પ્રશ્ન થશે કે વ્રજભક્તોના ભાવની ભાવના કેવી રીતે કરવી ? તે અષ્ટસખાના પદો શીખવાડશે. શ્રીમદ્ ભાગવતના દશમ સ્કંધમાં વર્ણિત થયેલ કૃષ્ણલીલા અને શ્રીસુબોધિનીજી સમજાવશે. શ્રીગુસાંઈજી, શ્રીહરિરાયજી અને શ્રીદ્વારકેશજીએ પ્રકટ કરેલ ભાવભાવનાના શ્લોકો સમજાવશે.

પુષ્ટિભક્તિમાર્ગમાં ભાવનાનું આવું વિલક્ષણ મહત્વ છે. એનું અપ્રતિમ સાધનત્વ છે કારણકે સેવક, સેવ્ય, સેવા કે સેવાસામગ્રી આદિ સર્વે ભાવાત્મક છે. તેથીજ સંન્યાસનિર્ણયમાં આચાર્યચરણ આજ્ઞા કરે છેકે, "**भावो भावनया सिद्धः ।**" વિવિધ ભાવનાઓના સાતત્યથી નરહરી સંન્યાસીના અંતરમાં પ્રભુ માટે પ્રેમ, આસક્તિ, વ્યસન આદિ દશાઓ વ્યતીત થઈ ગઈ છે. પ્રેમજન્ય વિકલતા અને અસ્વાસ્થ્ય નરહરીનો સ્વભાવ બની ગયાં છે. "**विकलत्वं तथाऽस्वास्थ्यं प्रकृतिः प्राकृतं न हि ।**" આ લૌકિક અસ્વસ્થતા જેવી સ્થિતિ નથી. પોતાના પ્રિયતમ પ્રભુને નરહરી સંન્યાસી ગાઢ પ્રેમાલિંગન દઈને એક પ્રેમાદ્વૈતની અવસ્થા અનુભવે છે, છતાંય એ દશામાં પ્રભુ અને ભક્તનું

એક મધુર દ્વૈતપણું છે, જે નરહરીને વિકલતા અને અસ્વાસ્થ્યની સતત અનુભૂતિ કરાવે છે.

ભક્તિમાર્ગીય સંન્યાસી નરહરી, પોતાની પ્રબલ ભગવદ્‌ભાવનાઓના બલ પર, વ્યાપિવૈકુંઠમાં નિત્ય નૌતમ ચાલતી ભગવાનની વ્રજલીલાઓમાં અવસ્થિત થઈ ગયાં છે. એમને પંચાત્મક પુષ્ટિભક્તિની ઉત્તમાવસ્થા સિદ્ધ છે. જેવીકે, નિર્ગુણભાવ, સમર્પણ, માનસીસેવા, ભક્તિની વ્યસનાવસ્થા અને ફલનિરોધ. એમને ભાવની એકાગ્રતા અને સર્વગ્રાહ્યતા સિદ્ધ છે. સર્વાત્મભાવથી ગ્રાહ્ય થતાં પ્રભુ સર્વગ્રાહ્ય છે. નરહરીદાસ અને એમના પ્રભુની પરસ્પર નિર્ભરતા છે. પુષ્ટિભક્તિ માર્ગના સંન્યાસી નરહરીની આવી અપ્રતિમ અવસ્થા છે. એનાથી અતિન્યૂન ગતિ, જ્ઞાનમાર્ગીય સંન્યાસીની છે. પોતાના સાધનબલથી સત્યલોકમાં પહોંચતા જ્ઞાની સંન્યાસીઓના સર્વદોષો નાશ પામી શકતા નથી. લાકડામાં સુષુપ્ત અગ્નિ રહે છે પણ તે અગ્નિ જેમ લાકડાને બાળવામાં શક્તિમાન નથી, તેમ જીવના અંતરમાં રહેલા અંતર્યામી પ્રભુ, અંતરના દોષ બાળવા શક્તિમાન નથી. પરંતુ લાકડાનું મંથન થવાથી, તેમાં ગુપ્ત રહેલો અગ્નિ, બહાર પ્રકટ થઈને અંતરના અગ્નિ સાથે મળીને, લાકડાને બાળી ભસ્મ કરે છે, તેવીજ રીતે નરહરી સંન્યાસીના અંતરમાં ગુપ્ત રહેલા અંતરાત્મા પ્રભુ, પૂર્ણ વિરહ વડે બહિ:પ્રકટ થાય છે અને આવા બહાર પ્રકટ થયેલ પ્રભુ જ્યારે પાછા અંતર્યામી સાથે મળે છે, ત્યારે અંતરના તમામ મેલને બાળીને અંતરને શુદ્ધ કરી દે છે. આવું શુદ્ધ અંતર, પ્રભુને પધરાવવા લાયક બને છે.

"बहिश्चेत् प्रकटः स्वात्मा बह्निवत् प्रविशेद्यदि ॥
तदैव सकलो बन्धो नाशमेति न चान्यथा ।"

આ પ્રક્રિયાથી નરહરી સંન્યાસીના અંતરમાં સ્થાયી ભાવથી બિરાજેલા પરમાનંદાત્મક શ્રીકૃષ્ણ જ્યારે આલંબન વિભાવના રૂપમાં એકવાર બહાર પ્રકટ થઈ, પછી તિરોહિત થાય છે, ત્યારે નરહરીના દેહાદિના બંધનો સર્વે તૂટી જાય છે. આ સ્થિતિમાં પહોંચ્યા પછી, વિયોગાગ્નિથી પ્રચુર નરહરી સંન્યાસીના પ્રાણોને કેવલ પરમાનંદના ગુણગાન જ ટકાવે છે, કારણકે ભગવદ્‌ગુણ અને ગુણવાળા ભગવાનમાં સમાન સામર્થ્ય છે. પરંતુ એ ગુણગાનથી નરહરી સંન્યાસીનો વિરહ થોડો શાંત થયા પછી, પુનઃ વિકલત્વ અને અસ્વસ્થના કારણે, નરહરીદાસ વિરહથી વિહ્‌વળ થઈ જાય છે. ગાઢ વિરહમાં આસક્તિ ભ્રમ ન્યાયથી એમના અંતરમાં પ્રભુની સર્વ લીલાઓની અનુભૂતિ થાય છે. વાર્તા કહે છે, "**तब श्रीठाकुरजीकी लीलाको अनुभव भयो, सो मग्न होइ गये ।**"

વિપ્રયોગાનુભૂતિની આવી અવસ્થામાં નરહરી સંન્યાસીને ભગવાનના રસાત્મક સ્વરૂપની અનુભૂતિ પૂર્ણતયા થઈ રહી છે. રસશાસ્ત્રકારોએ રતિને દ્વિદલાત્મક કહી છે. અર્થાત્ પ્રેમ, સંયોગ અને વિયોગાત્મક છે. તેથી નરહરી સંન્યાસીને પ્રભુ માટે થતો વિકલત્વ અને અસ્વાસ્થ્યનો વિરહાનુભવ ભગવાનના રસાત્મક અનુભવનો જ એક અંગ છે. તેથી એમનો તાપકલેશ દુઃખાત્મક નથી પણ રસાત્મક છે. એવી વિરહાવસ્થાના અપૂર્ણ અનુભવ વેળા, પ્રભુ સ્વયં પ્રકટ થઈને, વિરહમાં બાધક થતાં નથી. નરહરી સંન્યાસીના વિપ્રયોગને પ્રભુએ પૂર્ણરીતે ખીલવા દીધો છે. આવા તાપને

આશ્વાસનના વચન કહીને પ્રભુ શાંત કરે તો ફલમાં વિલંબ થાય. એમ કરવાથી પ્રભુનાં દયાલુતાના ગુણમાં ખલન થાય. "**गोपिकाः प्रोक्ता गुरवः**" ગોપીજનોના વિરહને શાંત કરવા કૃષ્ણએ ઉદ્ધવજી દ્વારા જ્ઞાનનો સંદેશો મોકલ્યો, પણ ભગવાનના આવા સ્વાસ્થ્ય વાક્ય સંદેશાને વ્રજાંગનાઓએ સ્વીકાર્યો નહીં. આ ઘટના પછી પ્રભુ કોઈપણ ભક્તનો વિરહ પરિપાક થાય, એમાં બાધક થવાની ચેષ્ટા કરતા નથી. શ્રીવલ્લભ આજ્ઞા કરે છે, "**भगवान् फलरूपत्वान्नात्र बाधक इष्यते । स्वास्थ्यवाक्यं न कर्तव्यं दयालुर्न विरुध्यते ।**" માતાએ, જે બચ્ચાને પોતાના સ્તનનું દૂધ પીવડાવીને પોષ્યો અને ઉછેર્યો છે, એનો એ ઘાત ન કરે. એવી જ રીતે પ્રભુએ જેના ભક્તિ બીજને અંકુરિત, પુષ્પિત, ફલિત કર્યું છે, એવા ભક્તિના કલ્પવૃક્ષને પ્રભુ સ્વયં જ ન કાપી શકે. તેથી જ નરહરી સંન્યાસીના ફલાત્મક વિપ્રયોગમાં પ્રભુએ કયારેય અવરોધ નથી કર્યો.

"**दुर्लभोयं परित्यागः प्रेम्णा सिध्यति नान्यथा ।**" મહાપ્રભુજી નિબંધના ભક્તિ પ્રકરણમાં સર્વે ઉત્સુક પુષ્ટિજીવો માટે આજ્ઞા કરે છેકે, આવો ભગવત્પ્રેમ થવો દુર્લભ છે, પણ એ જાણીને એનો શોક ન કરવો કે અમને એ ક્યારે સિદ્ધ થશે. પ્રયત્ન વડે અભ્યાસથી અને ભગવત્કૃપાથી એ ઉપલબ્ધ થાય છે. આળસ અને બીકણપણાનો ત્યાગ કરી, સાધનભક્તિમાં અગ્રેસર થઈ, સર્વાત્મભાવ થયા બાદ, સ્વતંત્ર ભક્તિમાં પ્રવેશ કરાય છે. વિરહાનુભવના પંથથી થઈને સર્વાત્મભાવ સુધી પહોંચવા માટે સાચા હૃદયથી પ્રયત્ન કરનાર ભગવદીયને, ભગવાન પણ સહાય કરે છે,

કારણકે સર્વાત્મભાવની મંઝીલ પર પોતાના જીવને પહોંચાડીને પ્રભુ પણ નિર્ભય થઈ જાય છેકે, આનાં દેહેન્દ્રિયાદિ હવે એ મને જ સદા સમર્પિત રહેશે, બીજે નહીં જાય.

ભક્તિમાર્ગીય સંન્યાસના પથ પર જતાં નરહરીદાસને પ્રપંચવિસ્મૃતિપૂર્વક ભગવદાસક્તિ સિદ્ધ થયેલ છે, પણ જ્યારે જ્યારે એમને જગત દ્રષ્ટવ્ય થાય છે ત્યારે એમને પ્રભુ માટે વ્યાકુલીય ભાવ ગોપીજન માફક પ્રકટ થાય છે.

આમ, નરહરી સંન્યાસીને અદ્‌ભુત વિરુદ્ધધર્માશ્રય સિદ્ધ થયો છે. ભગવદ્ આસક્તિરૂપ નિરોધાવસ્થામાં જે પ્રપંચની એમને વિસ્મૃતિ છે, એ જ જગત સહજ મહેસૂસ થતાં જ એમને પ્રભુ માટે વ્યાકુલીય ભાવ પ્રકટ કરનાર બને છે. આવી અખંડિત ભગવદાસક્તિ એમને સિદ્ધ છે.

પ્રભુ માટે અસ્વાસ્થ્ય અને વિકલતા અનુભવનાર નરહરી સંન્યાસીને સદા નવોઢા ભાવ રહે છે. પ્રભુ જ્યારે દર્શન આપે ત્યારે પહેલી જ વાર એ પ્રભુના દર્શન કરતાં હોય એમ એમને મહેસૂસ થાય છે. આવા વ્યાકુલીય ભાવવાળા પુષ્ટિભક્ત માટે ઠાકુરજીને નિતપ્રતિ નવું રૂપ ધરવું પડે છે. "આજ ઔર કાલ ઔર દિનપ્રતિ ઓર ઓર, દેખિયે રસિક ગિરિરાજધરણ." નરહરીદાસના સ્નેહના નાવિન્યનો ઠાકુરજી આવી રીતે નૂતન નૂતન રૂપ ધરી પ્રતિભાવ દર્શાવે છે.

નરહરી સંન્યાસીએ ભગવત્સેવા નથી કરી, તોય એ પ્રભુના અનેકવિધ ભાવાત્મક મનોરથો પ્રભુ સુખાર્થ સદા કરે છે. એ એમના તામસભાવ રૂપ સ્ત્રીપુરુષ બલાયની

વાર્તાથી સમજાય છે. આ સ્ત્રીપુરુષ યથાશક્તિ ઠાકુરજીના નિત્ય મનોરથો કરતાં. ત્યાં ભાવપ્રકાશમાં હરિરાયજી આજ્ઞા કરે છેકે, "**जो-वैष्णवकों अपने प्रभुनके नित्य नए मनोरथ करने । हृदयमें ठाकुरके सुखके अनेक प्रकारके भाव विचारने । काहेतें ? जो-यह पुष्टिमार्गमें सीतल भाव उचित नाहीं ।**" નરહરી સંન્યાસીની પ્રકૃત્તિ, શ્રીવલ્લભ સંન્યાસનિર્ણય ગ્રંથમાં સમજાવે છે. "**विकलत्वं तथाऽस्वास्थ्यं**" રૂપ છે. તેથી એમનો ભાવ સીતલ નથી, ઉગ્ર છે.

બલાઈ સ્ત્રીપુરૂષને અષ્ટાક્ષર સિદ્ધ છે. એમની વાર્તા આ પ્રમાણે કહે છે "**तब श्रीगुसांईजीने दोऊ स्त्रीपुरुषनकों अष्टाक्षर मंत्र सुनायो । "श्रीकृष्णः शरणं मम ।" यह मंत्र आप कृपा करिकै उनको कर्ण द्वारा देह-मनमें स्थापन किए ।**" બલાઈ સ્ત્રીપુરૂષ નરહરી સંન્યાસીના ભાવરૂપ હોવાથી, નરહરીદાસને પણ અષ્ટાક્ષરમંત્ર શ્રીવલ્લભની કૃપાથી સિદ્ધ છે, એમ અનુમાન થઈ શકે. બલાઈની વાર્તામાં હરિરાયજી એમ પણ આજ્ઞા કરે છેકે, "**श्रीआचार्यजी महाप्रभु आप अग्निरूप है । सो मंत्र द्वारा तुम्हारे हृदयमें स्थापित करत हैं ।**" શ્રીગુસાંઈજીએ મહાપ્રભુજીનું અગ્નિસ્વરૂપ મંત્ર દ્વારા બલાઈ પતિપત્નીના હૃદયમાં સ્થાપિત કર્યું છે. અર્થાત્ શ્રીવલ્લભે, વૈશ્વાનર સ્વસ્વરૂપ, નરહરી સંન્યાસીમાંય પ્રસ્થાપિત કર્યું છે. એટલેજ તો આપના અગ્નિસ્વરૂપના પ્રભાવથી નરહરી સંન્યાસીને પ્રભુ માટે પ્રચુર વ્યાકુલીય ભાવ છે અને એટલેજ તો નરહરીદાસ વિપ્રયોગાનુભૂતિરૂપ ભક્તિમાર્ગીય સંન્યાસની ચરમસીમાને નિભાવી શક્યાં છે. બલાઈ સ્ત્રીપુરૂષની વાર્તામાં પ્રકાશ વિરહના દર્શન છે.

એટલે નરહરીદાસનેય પ્રસંગ વિશેષ પર પ્રકાશ વિરહ થયો જ હશે. પરંતુ એ એકાંતવાસ કરતાં હોવાથી નરહરીદાસનો પ્રકાશ વિરહ જગતમાં પ્રકાશિત ન થયો. નરહરી સંન્યાસીના પ્રગાઢ પ્રચ્છન્ન વિરહની અનુભૂતિ એમના ૨૫૨ વૈષ્ણવના સાત્વિક આવિર્ભાવ ધાનીપુની બાઈની વાર્તાથી થશે. નરહરી સંન્યાસીને પૂરણ પુરુષોત્તમ પ્રભુ વશ છે, તે ધાનીપુની બાઈની વાર્તાથી અવગત થશે. એમને જે પુરુષોત્તમ વશ છે અને જેમાં નરહરીદાસને સ્વરૂપાસક્તિ છે એ પ્રભુ સાક્ષાત્ મન્મથ મન્મથ સ્વરૂપ છે. એનું પ્રમાણ એમના બસોબાવન વૈષ્ણવના રાજસભાવયુક્ત દ્વારકાદાસ ગોરવાની વાર્તામાંથી મળશે.

નરહરી સંન્યાસીનો હાર્દભાવ છે, પ્રભુ માટે વિકલત્વ અને અસ્વાસ્થ્ય. તદ્જનિત પ્રભુ અર્થ એમને જે ભાવભાવના પ્રકટ થાય છે તે સુરદાસજીની પંક્તિની સુદ્ધી કરાવે છેકે, "ભજ સખી ભાવ ભાવિત દેવ." ગોપાંગનાઓની જેમ, નરહરી સંન્યાસી, ભગવાન જેવા નિદોર્ષ, પૂર્ણગુણવાળા અને ભાવથી આનંદાત્મક છે.

## ૨૫૨વૈષ્ણવ વાર્તા ૨૧૬- બલાઈ સ્ત્રીપુરુષ

(લીલાનું નામ - પુરુષ-"શુરી", સ્ત્રી-"પૂરી")

(તામસ ભક્ત)

---

**"विकलत्वं तथाऽस्वास्थ्यं प्रकृतिः प्राकृतं न हि ।"** ભગવદ્રતિના આવેશમાં નરહરી સંન્યાસીનો જે વિકલત્વ અને અસ્વાસ્થ્યનો ભાવ છે તેના આ સ્ત્રીપુરુષમાં સ્પષ્ટ દર્શન થાય છે. **"सो जूठन लेत मात्र वा बलाईकी दिव्य**

दृष्टि भई । सो श्रीगुसांईजी आपकौ साक्षात् नंदकुमारकौ दरसन भयो ।" શ્રીવિઠ્ઠલેશપ્રભુથી છૂટા થવાનો પ્રસંગ આવે છે ત્યારે બલાઈ પુરુષ કહે છેકે, "और अब मोपें आपुके दरसन बिना रह्यो न जाइगो ।" એમની સ્ત્રીની દશા ય અવલોકનીય છે. "सो स्त्रीकों जूंठनि लेत मात्र साक्षात् श्रीकन्हैयालालजीकौ दरसन भयो । ---- सो जब तांई वा स्त्रीकों श्रीगुसांईजीकौ दरसन भयो तोलों ता गेलमें ठाडी होंई कै दरसन कर्‌यो करी । और जब दरसन न भयो तब उह स्त्री मूर्च्छा खाईके गिरि परी ।"

વિરહાવસ્થામાં નરહરી સંન્યાસીની કેવી સ્થિતિ થતી હશે એની કાંઈક ઝાંખી આ સ્ત્રીપુરુષ બલાઈની વાર્તામાં કરી લઈએ. વિરહીજનની અદ્ભુત ઝાંખી છે. "सो कितनेक दिनमें श्रीगुसांईजी आप श्रीगोकुल आय पहोंचे । तब नावमें बैठिके श्रीगुसांईजी पार उतरे । ता पाछें श्रीगुसांईजी अपनी बैठकमें पधारे । तब इन स्त्रीपुरुषनकों विरह करिकै ज्वर चढ़ि आयो । सो श्रीयमुनाजीके ठकुरानी घाट पर परि रहे । तब बहोतही आतुर भये । सो मुखमेंतें नेत्रमेंते अग्नि की सी ज्वाला उठे । और सरीरमें तें धूंआ उठ्यो । और नेत्रनकों मूदें । और मुखमें तें वास आवत हैं । ताही समय एक वैष्णव उहां स्नान करत हतो । सो वाने सब देख्यो । तब उह स्नान करीके श्रीगुसांईजीसो सब समाचार कहे, जो-महाराजाधिराज ! उन स्त्रीपुरुषके प्रान जात हैं । वे दोऊ जने घड़ी दोईमें प्रान छोडेंगे । सो ऐसे सब सुनी । तब श्रीगुसांईजी आप तो परम दयाल हैं । और इनके जीव संबंधकौ ज्ञान है । सो ताही समै श्रीगुसांईजी उहां परम कृपा करिकै ठकुरानी घाट पर पधारे । तब सब कोऊकों दूरी किये ।

तब श्रीगुसांईजीने इन दोऊनकों चरन-स्पर्श करवाए । सो वे दोऊ सावधान होइकै हाथ जोरिके उठि ठाढ़े भये । तब आपुने पूछि, जो-कहा समाचार है ? तब उह बलाइ हाथ जोरिके स्त्री सहित श्रीगुसांईजीसों विनंती करी, जो-महाराजाधिराज ! आपके दरसन विना हम जीवेंगे नाहीं । जो अबतो हमारी यह बिवस्था है । तातें आप भलो जानो सो करो ।”

નરહરી સંન્યાસીની ભીતર સ્થિર દૈન્ય અને નિ:સાધનતાના ભાવનાય દર્શન બલાઈની વાર્તામાં કરી લઈએ. “और हम तुच्छ जीव कहा कहें ? हमकों तो हमारे भले बूरेकी खबरि नाहीं परत है । परि हमारे प्रान संबंधि आधार तो और नाहीं है । और आप अंतरजामी अंत:करनकी जानत हो । सो तो हम नाहीं जाने । और देह संबंधी तो महा निषिद्ध है । सो तो प्रसिद्ध ही दीसत है । हमकों तो कछु सुधि नाहीं । सो कहा उपाय कीजे ? हमतो जीव हैं । ताहू में नीच योनि संबंधी हैं । सो याहीतें हमारी बुद्धि है सो ऐसी है । तातें आप भली जानो सो करो । परि अबतो आपु कौ विप्रयोग सहि सकत नाहीं । सो जैसे मीन जल बिना जीवे नाहीं सो अब ऐसी आयकै बनी है । सो याहीतें आप कृपा करीकै जैसे श्रीमुखतें आज्ञा करो तैसेही हम करें । परि आपके चरनकमलकौ आश्रय सदैव बढ़े सो उपाय कीजे । सो ऐसे बचन या बलाइके सुनिके श्रीगुसांईजी बहोत प्रसन्न भए । और आज्ञा किये, जो-एक बातकौ उपाय तो मैं बताऊं । सो तुम करो । जो-काहेतें ? जो-अलौकिक (वारेन कों) संसारकी कठिन हैं । क्यों ? जो-कोऊ कछू अलौकिक व्यवहारमें तो समुझत नाहीं है । और आप करिकै वैष्णवकी अलौकिक दृष्टि है । तुम दोऊ

स्त्रीपुरुष भरतार हमारे हो । सो या बातमें कछू संदेह नाहीं है । जो यहां हू लौकिकमें निंदा नाहीं होय और उपाय (हु) कियो चाहिये ।" શ્રીવિઠ્ઠલેશ ઉપાય બતાવે છે કે, "અંતર્વેદ કુરુક્ષેત્ર" ની આગળ એક પર્વત છે ત્યાં એક સુંદર કંદરા છે. ત્યાં બન્નેને એકાંતવાસ કરવાની આજ્ઞા કરે છે. સ્ત્રીપુરૂષ વિરહીજનો છે એટલે શ્રીગુસાંઈજી એમની સાંત્વના માટે આજ્ઞા કરે છેકે, "और तुमकों मेरी श्रीपादुकाजी और उपरेना देत हों । सो तुम इनकी नीकी भांतिसों सेवा करीयो ---- और जब तुमकों मेरो विरहताप होइ तब तुम इन श्रीपादुकाजीके दर्शन करियो । तब तुमकों मेरो दरसन होइगो ।---- और उहां तुम्हारी वैष्णवता सेवा और भगवद्‌भजन कार्य कीर्तन कोई जानेगो नाहीं । सो गोप्य सेवा भक्तकों बहोत ही फलरूप होत है । और सब जाने तब कीर्ति प्रतिष्ठामें सब जात रहे ।" ભક્તિના ઉત્તમાધિકારી બનાવવા શ્રીવિઠ્ઠલેશ સ્ત્રીપુરુષને ભગવત્સેવા અને ભગવદ્‌ગુણગાન સ્મરણાદિમાં પ્રવિષ્ટ કરાવે છે. સંન્યાસગ્રહણ નથી કરાવતા, પરંતુ ભક્તિમાર્ગીય સંન્યાસવત્ એમની ભગવત્સેવા સહિત એકાંતવાસ છે. ગૃહત્યાગ નથી. નરહરી સંન્યાસી ગૃહત્યાગી છે પણ ભગવત્સુખાર્થ એ નિત્યનૂતન ભાવાત્મક મનોરથો કરે છે. એ ભાવ આ સ્ત્રીપુરુષમાં પ્રતિબિંબિત છે. એના દર્શન કરી લઈએ. "पाछें श्रीपादुकाजीकों कछू मनोरथपूर्वक सामग्री करते । और थोरी थोरी सामग्री करिकै श्रीठाकुरजी आपकों भोग समर्पते । सो ऐसे यथाशक्ति कछू मनोरथ करत हुते । सो श्रीठाकुरजी आपु सानुभावता जतावन लागे । सो श्रीठाकुरजी आप मांगि-मांगिके आरोगते । और आप बातें करते ।" નરહરી સંન્યાસીના સાથે ઠાકુરજી વાર્તાલાપ કરતાં એ ય નિર્વિવાદ છે.

## ૨૫૨વાર્તા ૨૧૪ - ધાનીપુનીવારી પ્રયાગકી (લીલાનું નામ- "અનન્તી") (સાત્વિક ભક્ત)

એક ગોસ્વામિ બાલકે આ માજીને આજ્ઞા કરીકે, "**तेरे श्रीठाकुरजी हमकों देउ । हम खेलेंगे । सो तब डोकरीने अपने श्रीठाकुरजी पधराय दिये । तब आपु सेवा करन लागे । तब श्रीठाकुरजी "धानीपुनी" करते । सो तब आपुने कही, जो-श्रीठाकुरजी धानीपुनी वारी बाई सों राजी हैं । सो श्रीठाकुरजी वाकों पाछें पधराइ दिये ।**" ધાનીપુની બાઈનું જે પોતાના સેવ્ય સ્વરૂપ માટે પ્રગાઢ વિકલત્વ છે, પ્રચ્છન્ન વિરહ છે એ ઠાકુરજી સહી ન શક્યાં. ઠાકુરજીએ પણ અર્ધપ્રકાશ વિરહ અને અર્ધ પ્રચ્છન્નવિરહ અંગીકાર કર્યો, એટલે કેવલ "ધાનીપુની" એટલુંજ બોલતાં. વિશેષ બોલી ન શક્યાં. ભક્ત માટે આ પ્રભુનું વિકલત્વ અને અસ્વાસ્થ્ય છે. બલાઈની વાર્તામાં પ્રકાશ વિરહના દર્શન થાય છે અને ધાનીપુનીવાળી બાઈમાં પ્રચ્છન્ન વિરહના. અર્થાત્ નરહરી સંન્યાસી ઉભયાવસ્થામાં વિચરે છે. એ એકાંતવાસ કરતા હોવાથી એમનો પ્રકાશ વિરહ જગતે ન જાણ્યો.

ધાનીપુનીવાળી બાઈને એમના ઠાકુરજી વશ છે. આ વાર્તાના ભાવપ્રકાશમાં હરિરાયજી આજ્ઞા કરે છેકે, "**श्रीठाकुरजी स्नेहके बस है । जो-कोऊ प्रीतिसों सेवा करत हैं वाके आपु आधीन व्है रहत हैं ।** અર્થાત્ નરહરી સંન્યાસીનેય રસાત્મક પુરૂષત્તમ વશ છે.

## ૨૫૨વાર્તા ૨૧૫ - દ્વારકાદાસ ગોરવા ક્ષત્રી (લીલાનું નામ - "ગોપા") (રાજસ ભક્ત)

શ્રીગુસાંઈજીએ દ્વારકાદાસને શ્રીનાથજીની સન્નિધાનમાં નિવેદન કરાવ્યું. "**तब श्रीनाथजीने द्वारकादासकों साक्षात् मन्मथ-मन्मथ रूपसों दरसन दिए ।**" નરહરીદાસની જેમ દ્વારકાદાસજી ય સ્વરૂપાનંદમાં મગ્ન રહે છે. દ્વારકાદાસની વાર્તા કહે છેકે, "**सो स्वरूपके आनंदमें मगन होई जाते ।**" ઠાકુરજીના જે ભાવાત્મક સ્વરૂપના આનંદમાં એ વિભોર થઈ ગયા છે, એ સ્વરૂપને ઘડવાવાળા કલાકાર પણ આ ભગવદીય જ છે. આવો ભક્ત પરાગતિવાળો હોવાથી, ભગવાનને જ્યારે એ ઘડે છે, ત્યારે પ્રભુ પોતાની મર્યાદાને છોડીને ભક્તભાવાનુસારી સ્વરૂપ ધરે છે અને એતદ્ અનુસાર ભગવાન ગુણ અને લીલા પણ પ્રકટ કરે છે. ભગવદીયના ભાવથી ઘડાવવું એ રસાત્મક પુરુષોત્તમનું વિલક્ષણ લક્ષણ છે. પ્રભુ એને પોતાનું ભાગ્ય માને છે, અને એવા ભગવદીયો માટે સૌભાગ્યમદ અંગીકાર કરે છે. નરહરી સંન્યાસી જેવા મહાન ભગવદીયો, સર્જક એવા ભગવાનનું ભાવાત્મક સર્જન કરનાર હોવાથી, સ્વતંત્ર ભક્તિયુક્ત છે. એમના ભગવત્સ્નેહનું આવું અનિર્વચનીય સામર્થ્ય છે.

❖ ❖ ❖ ❖ ❖ ❖

# निरोधलक्षणम् ।

यच्च दुःखं यशोदायाः नन्दादीनां च गोकुले ।
गोपिकानां तु यद्दुःखं तद् दुःखं स्यान्मम क्वचित् ॥ १ ॥

गोकुले गोपिकानां तु सर्वेषां ब्रजवासिनाम् ।
यत्सुखं समभूत् तन्मे भगवान् किं विधास्यति ॥ २ ॥

उद्धवागमने जात उत्सवः सुमहान् यथा ।
वृन्दावने गोकुले वा तथा मे मनसि क्वचित् ॥ ३ ॥

महतां कृपया यावद्भगवान् दययिष्यति ।
तावदानन्दसन्दोहः कीर्त्यमानः सुखाय हि ॥ ४ ॥

महतां कृपया यद्वत् कीर्तनं सुखदं सदा ।
न तथा लौकिकानां तु स्निग्धभोजनरूक्षवत् ॥ ५ ॥

गुणगाने सुखावाप्तिर्गोविन्दस्य प्रजायते ।
यथा तथा शुकादीनां नैवात्मनि कुतोन्यतः ॥ ६ ॥

क्लिश्यमानान् जनान् दृष्ट्वा कृपायुक्तो यदा भवेत् ।
तदा सर्वं सदानन्दं हृदिस्थं निर्गतं बहिः ॥ ७ ॥

सर्वानन्दमयस्यापि कृपानंदः सुदुर्लभः ।
हृद्गतः स्वगुणान् श्रुत्वा पूर्णः प्लावयते जनान् ॥ ८ ॥

तस्मात् सर्वं परित्यज्य निरुद्धैः सर्वदा गुणाः ।
सदानन्दपरैर्गेयाः सच्चिदानन्दता ततः ॥ ९ ॥

अहं निरुद्धो रोधेन निरोधपदवीं गतः ।
निरुद्धानां तु रोधाय निरोधं वर्णयामि ते ॥ १० ॥

हरिणा ये विनिर्मुक्तास्ते मग्ना भवसागरे ।
ये निरुद्धास्त एवात्र मोदमायान्त्यहर्निशम् ॥ ११ ॥

संसारावेशदुष्टानामिन्द्रियाणां हिताय वै ।
कृष्णस्य सर्ववस्तूनि भूम्न ईशस्य योजयेत् ॥ १२ ॥

गुणेष्वाविष्टचित्तानां सर्वदा मुरवैरिणः ।
संसारविरहक्लेशौ न स्यातां हरिवत्सुखम् ॥ १३ ॥

तदा भवेद्दयालुत्वमन्यथा क्रूरता मता ।
बाधशंकापि नास्त्यत्र तदध्यासोपि सिध्यति ॥ १४ ॥

भगवद्धर्मसामर्थ्याद्विरागो विषये स्थिरः ।
गुणैर्हरिसुखस्पर्शान्न दुःखं भाति कर्हिंचित् ॥ १५ ॥

एवं ज्ञात्वा ज्ञानमार्गादुत्कर्षो गुणवर्णने ।
अमत्सरैरलुब्धैश्च वर्णनीयाः सदा गुणाः ॥ १६ ॥

हरिमूर्तिः सदा ध्येया संकल्पादपि तत्र हि ।
दर्शनं स्पर्शनं स्पष्टं तथा कृतिगती सदा ॥ १७ ॥

श्रवणं कीर्तनं स्पष्टं पुत्रे कृष्णप्रिये रतिः ।
पायोर्मलांशत्यागेन शेषभागं तनौ नयेत् ॥ १८ ॥

यस्य वा भगवत्कार्यं यदा स्पष्टं न दृश्यते ।
तदा विनिग्रहस्तस्य कर्तव्य इति निश्चयः ॥ १९ ॥

नातः परतरो मन्त्रो नातः परतरः स्तवः ।
नातः परतरा विद्या तीर्थं नातः परात्परम् ॥ २० ॥

॥ इति श्रीमद्वल्लभाचार्यचरणप्रकटितं निरोधलक्षणम् समाप्तम् ॥

# ગ્રંથ - નિરોધલક્ષણ

૮૪ વૈષ્ણવ વાર્તા ૩૫ - રાજાદવે માધોદવે
(લીલાનું નામ - "કુંજરી" અને "રસાલિકા")

૨૫૨વૈષ્ણવ વાર્તા ૧૦૩- ગુજરાતના બે ભાઈ સાંચોરા જેમણે વૈષ્ણવનું સમાધાન કર્યું
(લીલાનું નામ - "વૈષ્ણવી" મોટાભાઈ, "વલ્લભા" નાનાભાઈ) (સાત્ત્વિક ભક્ત)

૨૫૨વૈષ્ણવ વાર્તા ૧૦૪- ગુજરાતનો રાજા જેણે નાનાભાઈને મારી નંખાવેલ
(લીલાનું નામ- "ગૌરોચની") (રાજસ ભક્ત)

૨૫૨ વૈષ્ણવ વાર્તા ૧૦૫ - પ્રયાગના સ્ત્રીપુરૂષ હીરાની ધરતી ઓળખતાં
(લીલાનું નામ- પુરૂષ-"છાયા" સ્ત્રી-"માયા") (તામસ ભક્ત)

રાજાદવે અને માધોદવેના માતાપિતા જ્યારે દ્વારકામાં દેહ છોડે છે, ત્યારે બંને ભાઈને સૂતક લાગે છે. એ વખતે શ્રીઆચાર્યજી દ્વારકામાં જ બિરાજેલા છે. સૂતકમાં બન્ને ભાઈનો સમય વ્યતીત નથી થતો, એટલે આચાર્યચરણની કથા સાંભળવા આવે છે. **"श्रीआचार्यजी नंदमहोत्सव को वर्णन श्रीभागवत दशमस्कंधके पांचमें अध्यायको वर्णन किये । सो नंदालयकी लीलाको प्रगट अनुभव दोऊ भाईनकों कराय दिये ।"**

નિરોધના દાન માટે શ્રીવલ્લભે કેવા પાત્રને ચુન્યા છે એની અહીં ઝાંખી છે. આપ આજ્ઞા કરે છેકે, "जो-तुम दोउ हमारे हो, सूतक पाछें अंगीकार करेंगे ।"

સૂતક ઉતર્યા પછી, શ્રીવલ્લભ, બન્નેને નામ સંભળાવી બ્રહ્મસંબંધ આપે છે અને આજ્ઞા કરે છેકે, "तुम भगवत्सेवा करो ।" નિરોધલક્ષણ ગ્રંથમાં કેવલ કથા પક્ષજ નથી, પણ ઉત્તમ ભક્ત બનવા માટે સેવા પક્ષ પણ અનિવાર્ય છે. એ વાતને શ્રીમહાપ્રભુએ સૌથી પહેલા અહીં સ્થાપિત કરી છે. પછી "श्रीआचार्यजी श्रीठाकुरजीकों पंचामृत स्नान कराइ राजादूबे माधोदूबे के माथे पधराए । और आज्ञा किये सब ठोरतें मन छुडाइ निरोध करि भगवत्सेवा करियो ।" બધે ઠેકાણેથી મન કેમ છૂટે ? સંયોગાવસ્થામાં ભગવત્સેવા કરવાથી અને અનોસરમાં પ્રભુના ગુણનું શ્રવણ કીર્તન, ચિંતન અને પ્રભુનું ધ્યાન કરવાથી મન સર્વ સ્થળેથી હટે છે. तब राजा दूबे माधो दूबेने विनन्ती करी, जो-महाराज ! निरोधको स्वरूप कहा है ? तब श्रीआचार्यजी कहें, निरोध दोइ प्रकारको । एक साधनदशाको, एक सिद्धदशाको । साधनदशाके निरोधके लक्षन यह, जो संसार लौकिक वैदिक मनमें सुहाय नहीं । यहीं मनमें रहे, जो-कब भगवत्सेवा करुं ? कब कथा वार्ता करुं ? यामें रुचि उपजे । मन कछुक लौकिकमें जाय तो, फेरि खेंचि सेवामें लगावें । यह जानें, जो-एक भगवानहीके आश्रयतें सब कार्य सिद्ध होत हैं । यह साधनदशाको निरोध । और फलदशाको निरोध यह, जो-मनको स्वतः ही सिद्ध यही सुभाव परे, जो-श्रीठाकुरजीके

**स्वरूपके ध्यान बिना और ठौर जाय नाहीं । लौकिक वैदिक कार्य हु करें, परंतु मन श्रीठाकुरजी बिना और ठौर जाय नाहीं । यह फल दशाको निरोध । तिनकों यह संसारको दुःख सुख अनेक ताप हैं सो, लगे नाहीं । मन श्रीठाकुरजी और उनके लीलारसमें मग्न रहै । यह निरोधको प्रकार है ।"** આચાર્યજીના આ વચનામૃતો ભક્તિમાર્ગીય નિરોધનું "તત્ત્વ" છે. નિરોધલક્ષણ ગ્રંથ એના "સૂત્રો" છે અને રાજદવે અને માધાદવેનું જીવન નિરોધનું "ભાષ્ય" છે. જાણે **तत्त्वसूत्रभाष्यप्रदर्शकः ।**

**"तब राजादूबे माधादूबे विनन्ती किये, महाराजाधिराज ! हमकों तो दोइ प्रकारको निरोध दुर्लभ हैं । तातें जैसे आपु हमकों संसार समुद्रमेंतें डूबते बांहि पकरिके सरनि लिये हैं, याही प्रकार निरोधको दान आपु करोगे तो हमकों कछु सिद्ध होयगो । और प्रकार हमारो तो सामर्थ्य नाहीं है ।"** નિરોધ ભગવદ્દત્ત હોવાથી આવી દીનતાની પૂર્વાવસ્થા જેના હૃદયમાં સ્થિર થાય, તે નિરોધપથગામી બની શકે. સુબોધિનીજીમાં આચાર્યચરણ આજ્ઞા કરે છે કે, પ્રભુનું ભક્તોની વચ્ચે પ્રાકટ્ય થાય એ સાધનનિરોધ છે. અર્થાત્ રાજાદવે માધાદવેને માથે ઠાકુરજી પધરાવ્યા એ સાધનનિરોધ છે. પ્રભુ જ્યારે બન્ને ભાઈથી પકડાઈ જશે ત્યારે ફલનિરોધ થશે. પ્રભુ પકડાઈ જાય એવી વિનન્તી બન્ને ભાઈ આચાર્યજીને કરે છે, **"या प्रकार दोऊ भाईकी दीनता, सरल स्वभाव देखिके दशमस्कंध (जाकों) निरोध स्कंध कहैं हैं, ताको आपु "निरोधलक्षन" ग्रंथ करि, दोऊ भाईनको पाठ करायकें कहें, तुम दोऊ भाईनकों निरोध सिद्ध होइगो ।"** આ છેલ્લું વાક્ય સાંભળતા બન્ને ભાઈઓને સાધન દશાનો નિરોધ સિદ્ધ થઈ ગયો.

"**यह कहि आपनो चरणामृत दोऊ भाईनकों दिये ।**" ચરણામૃત લેતાંજ એમને ફલાવસ્થાનો નિરોધ સિદ્ધ થઈ જાય છે. સાધનદશા અને ફલદશાની સિદ્ધિ થઈ જાય છે. સાધનદશા અને ફલાદશાની સિદ્ધિ વચ્ચે વાર્તામાં કેવલ એક જ વાક્યનો અંતરાય બતાવ્યો છે. શ્રીવલ્લભનું આવું કૃપાબલ છે.

"**सो तत्काल दोऊ भाईको मन अलौकिक व्है गयो । लीलारसको अनुभव होंन लग्यो । तब श्रीआचार्यजी कहें, अब अपने घर जाय सेवा करो । जाकों निरोध भयो वाकों बहुत बोलनो, देश फिरनो नाहीं । तातें घर जाऊ, दैवि जीव आवें तिनकों नाम दीजो । तुमकों तो निरोध सिद्ध भयो । और, जो-तुम्हारो संग मन लगायके करेगो, ताहुकों निरोध सिद्ध होईगो ।**" રાજાદવે માધોદવેની વાર્તાનો આવો અનિર્વચનીય પ્રભાવ છે, અન્યને નિરોધ સિદ્ધ કરાવવાવાળો.

આચાર્યજીની આજ્ઞા લઈને બન્ને ભાઈઓ પોતાના ગામ મણુંદમાં આવ્યાં. "**घरमें आइ दोऊ भाई भगवत्सेवा करन लागे । कछूक द्रव्य घरमें हतो तामें निर्वाह करें । काहुसो बहोत बोले नाहीं । जो-आवे ता पर दया करिके खानपानको समाधान करें । भगवद्वार्ता करी दोऊ भाई श्रीठाकुरजीकी लीलारसमें मगन रहेते ।**" શ્રીકૃષ્ણ સદાનંદરૂપ છે. તેવી રીતે ઠાકુરજીની લીલા પણ સદાનંદ છે. "**यथा स्वरूपं सदानन्दरूपम् तथा तल्लीला अपीति ।**" આ બન્ને ભાઈઓ સંયોગમાં ભગવત્સેવામાં અને અનોસરમાં ભગવદ્લીલામાં મગ્ન રહે છે. શ્રીમહાપ્રભુજીની કૃપાથી એમની સેવા કથાત્મિકા થઈ ગઈ છે અને કથા સેવાત્મિકા.

આ બન્ને ભાઈ માટે વાર્તા કહે છેકે, "**काहूसों बहोत बोले नाहीं । लीलारसमें मगन रहेते ।**" એમના અંતઃકરણમાં અલૌકિક ભાવતરંગોનું કેવું વૈવિધ્ય પલપલમાં પ્રકટિત થાય છે, એની ઝાંખી નિરોધલક્ષણ ગ્રંથના આધારથી કરી લઈએ.

પ્રપંચ વિસ્મૃતિપૂર્વક ભગવદાસક્તિ થવી એ ભક્તિમાર્ગીય નિરોધનું સ્વરૂપલક્ષણ છે. ભાગવતજીના નિરોધરૂપ દશમ સ્કંધમાં આવ્યું છે તે પ્રમાણે, આ બન્ને ભાઈઓના ઠાકુરજી એમનામાં અને એ બન્ને પોતાના ઠાકુરજીમાં સદા તલ્લીન રહે છે. તેથી જાગતાં, સૂતાં, ચાલતાં, બેસતાં, વાર્તાલાપ કરતાં, ભોજન કરતાં આદિ સર્વ અવસ્થામાં એ પોતાના સેવ્ય સ્વરૂપમાં જ તલ્લીન રહે છે. એમનો દેહ, ઈન્દ્રિય, પ્રાણ, મન, બુદ્ધિ, અહંકાર, ચિત્ત, આત્મા અને સર્વે આત્મીય પ્રભુ ભજનમાં નિરુદ્ધ છે.

એમને આવો નિરોધ સિદ્ધ થવાનું અસાધારણ કારણ લક્ષણ છે, આચાર્યચરણનું વચનામૃત અને ચરણામૃત. "**निरुद्धानां तु रोधाय निरोधं वर्णयामि ते ।**" મહાપ્રભુજીના ચરણ પ્રતાપબલથી, પ્રભુએ એમને એમના સ્વભાવાનુકુલ એવી લીલાઓમાં આસક્ત કરી દીધાં છે, જેના થકી એમનો નિરોધ સુલભ થઈ જાય છે.

હવે રાજાદવે માધોદવેને સિદ્ધ થયેલ નિરોધનું કાર્યલક્ષણ પણ જોઈ લઈએ. ભગવત્સેવામાં એમને પરમાનંદની બાહ્યાનુભૂતિ છે અને અનોસરમાં તેઓ એક ક્ષણ પણ પ્રભુનો વિયોગ સહી નથી શકતાં. એટલે એમને ભગવત્સ્વરૂપ અને લીલાની આંતરાનુભૂતિય છે. ભક્તિવર્ધિની કથિત વ્યસનની સમકક્ષ આ ફલનિરોધની અવસ્થા છે.

બન્ને ભાઈના નિરોધનું પ્રયોજનલક્ષણ છે, વ્યસનોત્તર કૃતાર્થતા. એને સર્વાત્મભાવ કે માનસી સેવાથી ઓળખીયે કે ફલનિરોધ કે સેવાફલમાં કહેલ અલૌકિક સામર્થ્ય કહીયે, એ સર્વે પર્યાયવાચક જ છે. આ અવસ્થામાં આ બન્ને ભાઈઓને જે જે લૌકિક પદાર્થોમાં ભગવદાસક્તિને કારણે ભગવદાવેશ થયો છે, એ સર્વે પદાર્થો અને ભાવોમાં તિરોહિત ચિદંશ અને આનંદાંશ પુન: પ્રકટ થઈ ગયો છે. સચ્ચિદાનંદના પુન:પ્રાકટ્યથી એ બ્રહ્માત્મક થઈ ગયાં છે.

રાજાદવે માધોદવે માટે ભગવાનની ફલાત્મિકા લીલા કરણ છે અને એ લીલાનો વ્યાપાર માનસી સેવા સર્વાત્મભાવરૂપે પ્રકટ છે. આ ફલનિરોધાવસ્થામાં એમને એમના સેવ્ય સ્વરૂપનો બાહ્યાભ્યંતર અનુભવ અવિરત ચાલે છે. એમની અલૌકિક સ્થિતિ "**तन्मनस्का, तदालापा, तदात्मका** ની છે. તેથી એમને દેહ ગેહની સુદ્ધી જ નથી રહી. ભજનાનંદની પરાકાષ્ઠાની અવસ્થામાં એ સતત વિલસે છે. એમને પ્રભુના સ્વરૂપ અને ગુણ એમ ઉભયકૃત નિરોધ સિદ્ધ છે. અર્થાત્ "નટવરવપુ:" રૂપ દ્વિદલાત્મક સ્વરૂપની પ્રત્યક્ષ અને પરોક્ષાનુભૂતિનું ચક્ર ગતિમાન છે.

ભગવલ્લીલાને કરણાત્મક નિરોધ માનેલો છે એટલે શ્રીવલ્લભની કૃપાથી એમના સ્વભાવાનુકુલ લીલાની અનુભૂતિ થાય છે. જેથી પ્રભુમાં મન પ્રતિપલ આકર્ષાય છે. એતદ્ દ્રષ્ટિથી જોઈએ તો નિરોધલક્ષણ ગ્રંથ સ્વયં જ રાજાદવે માધોદવેના સ્વભાવાનુકુલ છે, કારણકે આ ગ્રંથની ય અપરિચ્છિન્ન લીલાત્મક ગતિઓ છે. આચાર્યચરણના પ્રત્યેક

ગ્રંથની આવી ખૂબસુરતી છે કે, જેના માટે આપે જે ગ્રંથ પ્રકટ કર્યો છે કે જેને એ ભણાવ્યો છે, એ ગ્રંથ, એ ભક્તના સ્વભાવાનુકૂલ હોવાથી, એ પુષ્ટિભક્ત, એ ગ્રંથની લીલાઓમાં વિભોર થઈ જાય છે. જેમકે, બૂલામિશ્રને કૃષ્ણાશ્રયના ભાવમાં મગ્ન કરી આચાર્યજીએ માનસી સિદ્ધ કરાવી. નારાયણદાસ કાયસ્થને બાલબોધ ગ્રંથ ભણાવી **क्वासि** ભાવમાં વિભોર કર્યાં.

આ ભૂમિકાને મધ્યસ્થ રાખીને હવે જોઈ લઈએ કે નિરોધલક્ષણ ગ્રંથ દ્વારા કેવી લીલાભાવનાવાળો કરણનિરોધ બન્ને ભાઈ માટે શ્રીવલ્લભે પ્રકટ કર્યો છે.

આચાર્યશ્રીએ બેઉ ભાઈઓને આજ્ઞા કરી કે, "**तुम दोऊ भाईनको निरोध सिद्ध होइगो ।**" ત્યારે એમને સાધન દશાનો નિરોધ સિદ્ધ થયો. એની વિવિધ ગતિઓ નિરોધલક્ષણગ્રંથમાં અવલોકીએ.

સારસ્વત કલ્પમાં, કૃષ્ણાવતાર વેળા, ઠાકુરજી જ્યારે સાયંકાલે ગોચારણ કરીને ગોકુલ પધારતાં ત્યારે વ્રજભક્તો સંયોગલીલાની અનુભૂતિ કરે છે. આધુનિક કાલમાં આના સ્થાને ભગવત્સેવા છે. ગોચારણ માટે ઠાકુરજી જ્યારે વૃન્દાવન પધારે છે, ત્યારે વ્રજસુંદરીઓ પ્રભુના ગુણગાન કરે છે ; "દિવસે સર્વે શ્યામા મળી રસરૂપ તણો જશ ગાએજી." તેથીજ રાજાદવે અને માધોદવેને મહેસૂસ થઈ ગયું છે કે, સેવાવેળા ગોકુલની ભાવભાવના કરવાની છે અને અનોસરમાં વૃન્દાવન લીલાની વિરહવેદનાની. નિરોધલક્ષણ ગ્રંથના પહેલાં અને બીજા શ્લોકમાં વિયોગ અને સંયોગાવસ્થાના

દર્શન છે. અંતઃકરણમાં જ્યારે આ ઉભય ભાવનાઓ રમતી રહે ત્યારે કેવલ ભગવદ્ભક્તિ નહીં રહેશે, પણ પ્રપંચ વિસ્મૃતિપૂર્વક ભગવદાસક્તિ પણ ઉદ્ભવશે. દા.ત. : સંધ્યાઆર્તિવેળા કોઈ વૈષ્ણવ એવી ભાવના કરે કે, ઠાકુરજી સાક્ષાત્ ગોચારણ લીલામાંથી પધારી રહ્યા છે અને એ ભાવથી પુષ્ટિજીવ પોતાના સેવ્ય સ્વરૂપને પહોંચે, ત્યારે એવા ભક્તની સેવા કથાત્મિકા બની જાય છે.

નિરોધલક્ષણ ગ્રંથના પ્રથમ શ્લોકમાં કહ્યું **तद् दुःखं स्यान्मम क्वचित्** અને બીજા **श्लोक** માં આચાર્યચરણ આજ્ઞા કરે છેકે, "**भगवान् किं विधास्यति ।**" આવી ભાવના થવી એ સાધનનિરોધ છે અને આ શ્લોકોમાં વર્ણવેલ વ્રજભક્તોના વિરહ અને સંયોગને સતત અનુભવવો એ ફલ નિરોધ છે.

"**उद्धवागमने जात उत्सवः सुमहान् यथा ।**" જે વૈષ્ણવોથી સેવા પક્ષ ન નીભતો હોય એવા મધ્યમાધિકારીઓ, દશમસ્કંધનાં રાજસ પ્રમેય પ્રકરણમાં વર્ણિત તીવ્ર વિપ્રયોગની વેદનાની ભાવના કરવી જોઈએ અને પછી કથા શ્રવણકાલમાં, અંતરનિષ્ઠાની સાથે, આંતરસંયોગ સુખની ભાવના કરવી જોઈએ. આવી દશામાં વિભોર પુષ્ટિભક્તોની જ્યારે દૃષ્ટિ જગત પર જાય છે, ત્યારે એ વિકલત્વ અને અસ્વાસ્થ્યનો અનુભવ કરે છે. એટલેજ મહોત્સવના ભાવથી કથા સાંભળ વાથી ઉદ્ધવાગમન વેળાનો ઉત્સવ પ્રકટ થશે. કેવલ કથા પક્ષ પર નિર્ભર રહેનાર પુષ્ટિભક્ત, પ્રભુ મથુરા પધાર્યા છે, એ મારી પાસે નથી, દૂર બિરાજે છે, એવો દેશાંતરનો વિપ્રયોગ કરે તો ઉત્સવ બની જશે.

પ્રભુના ગુણગાનને, પોતાના ભાવને સ્વસેવ્ય સ્વરૂપ સાથે જોડવાથી, ભગવદાનુભૂતિ વ્યક્તિગત બની શકશે. સારસ્વતકલ્પના સમયે પ્રકટ થયેલ કૃષ્ણલીલાને પોતાના સેવ્યસ્વરૂપ સાથે જોડવાથી, લીલા અને સેવાની સંગતિ સુગમ બને છે. પહેલા ત્રણે શ્લોકમાં સંયોગ અને વિયોગની પ્રભુ સંબંધિત અનુભૂતિઓ છે. એટલે આ નિરોધના કાર્ય લક્ષણરૂપ છે.

મહાપ્રભુજી હવે નિરોધના કારણ લક્ષણનો ઉલ્લેખ કરે છે. "**महतां कृपया यावद् भगवान् दययिष्यति ।**" રાજાદવે માધોદવે સુસ્પષ્ટતાથી સમજી ગયાં છેકે, ગમે તેટલી ભાવભાવના કરવા છતાં **महद्** ની કૃપા વિના ભાવોદય ન થાય. **महतां कृपया** માં કર્તા ભગવાન છે, ક્રિયા દયા છે, અને કરણ અથવા instrument મહદ્‌ની કૃપા છે. મહદ્‌ની કૃપાને પ્રભુ instrument બનાવી, દયા કરે એ પુષ્ટિમાર્ગીય કહેવાય. આડી અને કાનીનો આ માર્ગ છે. મહદ્‌ના instrument રૂપ કૃપા થકી રામાનંદ પંડિત અંગીકાર થયેલ. એટલે આચાર્યચરણે ત્યાગ કર્યો તો પણ પ્રભુની દયા નિવૃત્ત ન થઈ. બન્ને ભાઈને શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી છે ; "**निरोध सिद्ध होइगो**" એટલે એમને સાધનનિરોધ સિદ્ધ થઈ ગયો.

**गुणगाने सुखावाप्ति** । પ્રભુને હૃદયમાં પધરાવવા છે, તો નિત્ય ગુણગાન કરવાં જોઈએ. વાર્તામાં આવે છેકે, "**भगवद्वार्ता करि दोऊ भाई श्रीठाकुरजीकी लीलारसमें मगन रहेते ।**"

"क्लिश्यमानान् जनान् दृष्ट्वा कृपायुक्तो यदा भवेत् । तदा सर्वं सदानन्दं हृदिस्थं निर्गतं बहिः ।" શ્રીવલ્લભની પ્રથમવારનીજ કથા સાંભળી બન્ને ભાઈઓની શી દશા થઈ ? "श्रीआचार्यजी नंदमहोत्सवको वर्णन श्रीभागवत दशमस्कंधके पांचमें अध्यायको वर्णन किये । सो नंदालयकी लीलाको प्रकट अनुभव दोऊ भाईनकों कराय दिये ।" અહીં પ્રશ્ન થાય કે આ પ્રસંગ બન્ને ભાઈ શરણે આવ્યાં તે પહેલાનો છે. એ વખતે એમને કૃષ્ણરતિ નથી, ઠાકુરજી એમની ભીતર બિરાજતાં નથી, તો બહાર પ્રકટ કેમ થાય ? વાક્પતિ શ્રીવલ્લભની વાણી લીલાપ્રચુર અને સ્વરૂપાત્મક છે. એ આ ભાઈઓના કર્ણમાં પ્રવેશતાં જ વેણુનાદ શ્રવણની જેમ, એની સુધા એમની ભીતર પધારી અને એમાંથી ભગવત્સ્વરૂપ એમના અંતરમાં પ્રકટ થયું. પછી આચાર્યચરણના વાક્ અનલમાંથી પ્રકટ થયેલી વિરહવેદનાથી, એ સ્વરૂપ, બહાર સાક્ષાત્ પ્રકટ થયું. એટલે વાર્તામાં સ્પષ્ટ આજ્ઞા કરે છેકે ; "नंदालयकी लीलाको प्रकट अनुभव दोऊ भाईनकों कराय दिये ।" શ્રીમહાપ્રભુજીતો મહદ્‌ના પણ મહદ્ છે. એમના સામર્થ્યની શી વાત કરવી ? એનું જ્ઞાન બન્ને ભાઈને થઈ ગયું છે એટલે શ્રીઆચાર્યજીને વિનન્તી કરે છેકે, "अब हमारो जन्म सुफल भयो, जो आपको दर्शन भये ।"

સાધનનિરોધ દશામાં આ ભાઈઓના હૃદયમાં જે ભગવદાસક્તિ રૂપ સ્થાયીભાવ છે, તે કથા સમયે, ભગવદ્‌વિરહ કલેશના કારણે તાપયુક્ત થઈ જાય છે. ત્યારે હૃદયસ્થ ભાવાત્મા સદાનંદ પ્રભુ કૃપાયુક્ત થઈ બહાર પ્રકટ થાય છે અને આલંબન વિભાવ બને છે. સાક્ષાત્કાર

પછી પ્રભુ હૃદયમાં પુનઃપધારે છે, ત્યારે એમના ગુણગાન સંપૂર્ણ અનુભવયુક્ત હોવાથી, પ્રભુની કૃપાના કારણરૂપ બને છે. આ સુદુર્લભ અવસ્થા છે. **कृपानंद सुदुर्लभ** પ્રભુના દર્શન બહાર કરવા દુર્લભ છે, પણ અંતરમાં કરવાં સુદુર્લભ છે. તેમ પ્રભુના ગુણગાન અંતરમાં કરવા દુર્લભ છે. બહાર કરવા સુદુર્લભ છે. ગુણગાન બહાર થયા ત્યારે કહેવાય, જ્યારે ગુણલીલાવિશિષ્ટ પુરૂષોત્તમ બહાર પ્રકટ થઈ જાય. અનોસરમાં ભગવદાંતરાનુભૂતિ થાય એ સુદુર્લભ અંતરઅવસ્થા છે. રાજાદવે માધોદવે માટે આવા બાહ્યાભ્યંતર ભેદ નિવૃત્ત થઈ ગયાં છે.

**अहं निरुद्धो रोधेन निरोधपदवीं गतः ।**
**निरुद्धानां तु रोधाय निरोधं वर्णयामि ते ॥**

રાજાદવે માધોદવેના અંતઃકરણમાં સ્થિર થઈ ગયું છે કે, નિરોધના વાસ્તવિક સ્વરૂપના ઉપદેશક કેવલ શ્રીમહાપ્રભુજી છે. શ્રીઆચાર્યચરણનું ભૂતલ પર પ્રકટ થવું એજ આપનું ભક્તોમાં નિરુદ્ધત્વ દર્શાવે છે. "**सर्वासक्तो भक्तमात्रासक्त ।**" પોતાના પુષ્ટિમાર્ગીય જીવોને પ્રપંચ વિસ્મૃતિપૂર્વક ભગવદાસક્તિમાં કાંઈપણ બાધક ન થાય, એના માટે, આપે ત્રણ-ત્રણવાર પૃથ્વી પરિક્રમા કરી છે અને આપ પોતેજ પ્રપંચવિસ્મૃતિપૂર્વક ભગવત્સેવા અને ભગવત્કથાનું ઉદાહરણ પોતાની જીવન પ્રણાલીથી દર્શાવે છે. આ વ્યાપારનિરોધને અહીં "રોધેન" શબ્દથી કહે છે. આ વ્યાપારનિરોધના કારણે બન્ને ભાઈઓને ફલનિરોધ સિદ્ધ થાય છે. "**निरुद्धानां तु रोधाय ।**" રાજાદવે માધોદવેમાં નિરોધનો ન્યાસ શ્રીવલ્લભે, પોતાનું ચરણામૃત આપીને કર્યો છે. "**सो तत्काल दोऊ**

**भाईको मन अलौकिक व्है गयो । लीलारसको अनुभव होंन लाग्यो ।"** ફલનિરોધ સિદ્ધ થયો એટલે આચાર્યશ્રી આજ્ઞા કરે છેકે, **"तुमकोंतो निरोध सिद्ध भयो ।"**

**संसारावेशदुष्टानामिन्द्रियाणां हिताय वै ।**
**कृष्णस्य सर्ववस्तूनि भून्म ईशस्य योजयेत् ॥**

પુષ્ટિજીવનો ઈન્દ્રિયાધ્યાસ યમુનાજીમાં રહેલ કાલિનાગ જેવો છે. સંસારાસક્તિ કાલીનાગના વિષ જેવી છે. ઈન્દ્રિયો, મુરવૈરી ભગવાનની સાથે જોડવાથી, કાલિય રૂપી ઈન્દ્રિયના મસ્તક પર, કૃષ્ણ પધારી એનું દમન કરે છે અને કૃષ્ણ સાથે આપણો ખેલ શરૂ થાય છે. મુર એ ઈન્દ્રિયોની વિષયાસક્તિનો અધિષ્ઠાતા દેવ છે. એટલે શ્લોકમાં ઠાકુરજીને મુરવૈરી કહે છે. પ્રભુ જે પુષ્ટિજીવ સાથે આમ ખેલતાં હોય, તેવા જીવ માટે, આપ સ્વયં કાલિયદમન કરવા સપ્રયત્ન થાય છે. યોગની પ્રક્રિયાથી ઈન્દ્રિયોનો નિગ્રહ કરવાથી, ઈન્દ્રિયની અગતિ થાય છે. સંસારમાં જોડવાથી દુર્ગતિ થાય છે અને એજ ઈન્દ્રિયોને પ્રભુમાં જોડવાથી ઈન્દ્રિયોને કૃષ્ણરતિ થાય છે. રાજાદવે અને માધોદવેને તો ભૂમા સુખ પ્રાપ્ત છે. અર્થાત્ એમને સિદ્ધ સર્વાત્મભાવ છે. તેથી એમની દશ કર્મ અને જ્ઞાનેન્દ્રિયોની વૃત્તિઓ, ચાર અંતઃકરણની વૃત્તિઓ, એક દેહ સંબંધિત વૃત્તિ, એક પ્રાણ સંબંધિત વૃત્તિ અને એક આત્માસંબંધિવૃત્તિ, એમ સત્તર પ્રકારની વૃત્તિઓ ભગવદ્ ઉપયોગીત્વમાં સદાય જોડાયેલી છે. રાસસ્ત્રીનું આ સ્વરૂપ છે. **रासस्त्रीभावपूरितः** શ્રીવલ્લભ છે. રાજાદવે માધોદવેને પણ રાસસ્ત્રીભાવયુક્ત બનાવ્યા છે કારણકે આપ **महोदारचरित्रवान्** છે. **निरोधपदवीं गतः** છે.

**गुणेष्वाविष्टचित्तानां सर्वदा मुरवैरिणः ।** કેવળ ગુણકૃત નિરોધમાં મન, વાણી અને શ્રવણેન્દ્રિયોનો જ ભગવદ્‌વિનિયોગ છે. સકલેન્દ્રિયનો નહીં. મુરવૈરી ભગવાનના ગુણોમાં આસક્તિ થવાથી અને પ્રપંચ વિસ્મૃતિ સિદ્ધ થઈ જવાથી, સંસાર કે ભગવદ્ વિરહ કલેશની અનુભૂતિ થતી નથી. ભગવાનના ગુણગાનમાં પણ ભગવત્સ્વરૂપ જેટલુંજ સામર્થ્ય છે. કેવલ ગુણકૃત નિરોધદ્વારા ય ભગવાન સુખદાન ન કરે, તો પ્રભુ દયાલુની બદલે, ક્રૂર લાગે. બન્ને ભાઈઓને સેવા અને કથા એમ બન્ને પક્ષ સિદ્ધ છે. બન્ને ભાઈઓમાં ભગવાન જેવી દયાલુતા છે. હરિકૃષ્ણ સાંચોરાએ ભાભીના મેણાથી બન્ને ભાઈઓને એટલુંજ કહ્યું કે, "**सो मैं तिहारी सरनि हो । मेरो दुःख दूरि करिये ।**" તો એને નામ આપી, અષ્ટાક્ષરની બે માલા કરાવી, એમના સર્વ દુઃખ નિવૃત્ત કર્યાં. "**तदा भवेत् दयालुत्वं ।**"

"**बाधशंकापि नास्त्यत्र तदध्यासोपि सिद्धति ।**" આપણે સર્વચીજને આપણી માનીએ છીએ એનો આપણને અધ્યાસ છે, એ અધ્યાસનો વિષય હરિને બનાવવાથી, એક વિલક્ષણ અલૌકિક અધ્યાસની અનુભૂતિ થાય છે. હું હરિનો છું અને હરિ મારો છે. અહંતા મમતા હરિ સંબંધમાં જોડાઈ જવાથી, ભગવદ્ ધર્મનું સામર્થ્ય આપણામાં પ્રકટે છે. "**भगवद्धर्मसामर्थ्यात् ।**" રાજાદવે માધોદવેમાં હરિનું સામર્થ્ય છે. આ વાતનો ઉદ્‌ઘોષ આચાર્યજી સ્વયં કરે છે, "**जो तुम्हारो संग मन लगाइके करेगो, ताहुकों निरोध सिद्ध होइगो ।**"

"**अमत्सरैरलुब्धैश्च वर्णनीयाः सदा गुणाः ।**" હરિકૃષ્ણ પર દયા કરી, એ જ આ બન્ને ભાઈઓની અમત્સરતાનું દ્રષ્ટાંત છે. બન્નેની પ્રભુમાં નિષ્કામ ભક્તિ છે. નિરુપાધિક સ્નેહ છે. કોઈપણ લોભ નથી. હરિકૃષ્ણ એમને રુપિયા, કપડાં અને સો મણ અનાજ ધરે છે, ત્યારે માધોદવે કહે છેકે, "**अन्नकों बेचिके दाम करो, यह सब श्रीआचार्यजीको है । यामें हमारो तुमारो कहा है ?**" કેવો નિર્લોભ છે.

**हरिमूर्तिः सदा ध्येया संकल्पादपि तत्र हि ।** આપણી ઈન્દ્રિયોને ભગવાનમાં કેવી રીતે જોડવી એની ભાવનાનો અદ્‌ભુત ઉપાય શ્રીવલ્લભ બતાવે છેકે, અષ્ટાક્ષર મંત્ર જપતાં, માથે બિરાજતાં સ્વરૂપના ચરણ કમલનું ધ્યાન કરવું અને પંચાક્ષર મંત્ર જપતાં, સ્વરૂપના મુખારવિંદનું ધ્યાન કરવું. અનોસરમાં ગુણગાન ગાઈએ છીએ ત્યારે આપણા સેવ્ય સ્વરૂપના એ ગુણગાન છે, એવા સંકલ્પથી ગાવાં. આપણા માથે બિરાજતાં પ્રભુનું ધ્યાન કરવું. ધ્યાનમાં પ્રભુ ન આવે તો ? તો એટલો સંકલ્પ તો કરવો જ કે મને મારા માથે બિરાજતાં સ્વરૂપનું ધ્યાન કરવું છે. આ સંકલ્પથી જ વાત બની જશે.

એટલે આચાર્યજી ભાર મૂકીને આજ્ઞા કરે છેકે, "**संकल्पादपि तत्र हि ।**" આવા દૃઢ સંકલ્પથી, પોતાના સેવ્ય સ્વરૂપ, પોતાના માટે એક વ્યક્તિગત અવતારરૂપ થઈ જાય છે. આચાર્યજીએ આસુરવ્યામોહલીલા અંગીકાર કરી, ત્યારે ય કડાના અચ્યુતદાસજીને ઘેર ભક્તવત્સલરૂપે ભગવદ્‌અવતાર સિદ્ધ જ હતો ને ? એમના માટે ક્યાં અનવતાર હતો ?

ભગવાનના કૃપામય સંકલ્પથી અને ભક્તના આવા ભાવનામય સંકલ્પથી કરવામાં આવતું હરિમૂર્તિનું ધ્યાન, અન્યરૂપોને ભૂલાવનારું છે. રાજાદવે  માધોદવેને ભગવાનના સ્વરૂપમાં આવો અંત:કરણનો નિરોધ સિદ્ધ છે. પ્રભુને નેત્રથી જોવાની અને સર્વેન્દ્રિયથી સ્પર્શનની આતુરતા અવિચ્છિન્ન છે. અર્થાત્ સંયોગાવસ્થામાં એમને પ્રભુનું સાક્ષાત્ દર્શન સ્પર્શન આદિ છે અને અનોસરમાં ભાવાત્મકરૂપે છે.  રાજાદવે માધોદવેના સેવ્ય સ્વરૂપનો બન્ને ભાઈમાં નિરોધ અને બન્નેભાઈનો તેમના સેવ્યસ્વરૂપમાં, એમ પરસ્પર નિરોધ સિદ્ધ છે. "જો પે વિરહ પરસ્પર વ્યાપે."

પ્રત્યેક પુષ્ટિજીવ માટે શ્રીવલ્લભ આજ્ઞા કરે છેકે, જે ઈન્દ્રિયનો  સાક્ષાત્ કે પરંપરાથી ભગવત્સ્વરૂપમાં વિનિયોગ કે ભગવત્કાર્યાર્થ ઉપયોગ ન થતો હોય એનો નિગ્રહ કરવો.

નિરોધથી ઉત્કૃષ્ટ કોઈ મંત્ર, સ્તુતિ, વિદ્યા કે તીર્થ નથી, કારણકે નિરોધ સિદ્ધ થનારને માથેજ ભગવદ્ અવતાર પ્રકટ થઈ ગયો છે. વ્રજભક્તોનો ભાવ દૃઢતમ થઈ ગયો છે. તેથીજ વાર્તાના અંતમાં, ભાવપ્રકાશમાં હરિરાયજી આજ્ઞા કરે છેકે, "**सो इनके हृदयको अलौकिक भाव है, लीला संबन्धी सो कह्यो न जाइ ।**"

**नातः परतरो मंत्र** એ શ્લોકમાં એક નિગૂઢ વાત પ્રસ્ફુટ થાય છે. નિરોધથી પર કાંઈ પણ નથી અને આચાર્યચરણ સ્વયં **નિરોધપદવીંગત:** છે. અર્થાત્ આચાર્યચરણના ચરણકમલના દૃઢાશ્રયથી પર કોઈ મંત્રાદિ નથી. રાજાદવે

માધોદવેને મહાપ્રભુજીએ આપેલું ચરણામૃત એનું અનિર્વચનીય પ્રમાણ છે. શ્રીવલ્લભની અનાવતાર અવસ્થામાં આપનો દૃઢાશ્રય જ આપના ચરણામૃતનું ફલ આપે છે. તેથીજ દ્વારકેશજી કહે છેકે, "**आश्ररो दृढ एक श्रीवल्लभाधीशको ।**" આ દૃઢ આશ્રયની ફલશ્રુતિ ય તુરત જ ગાએ છે ; "**मानसी रीतकी मुख्य सेवा व्यसन ।**"

રાજાદવે અને માધોદવેનો હાર્દભાવ છે ; **महतां कृपया यावद् भगवान् दययिष्यति ।** તેથી એ ભાવનું પ્રતિબિંબ એમના ૨૫૨ વૈષ્ણવોના પ્રાકટયમાં સ્પષ્ટ દર્શાશે.

## ૨૫૨વૈષ્ણવ વાર્તા ૧૦૩- ગુજરાતના બે ભાઈ સાંચોરા જેમણે વૈષ્ણવનું સમાધાન કર્યું

(લીલાનું નામ - મોટાભાઈ-"વૈષ્ણવી"
નાનાભાઈ-"વલ્લભા")
(સાત્ત્વિક ભક્ત)

---

આ બન્ને ભાઈ માટે વાર્તા કહે છેકે, "**सो साँचोरा ब्राह्मन परम भगवदीय भए । सो उनकों श्रीप्रभुजी सानुभाव हते । और वैष्णवमें बोहोत स्नेह ममत्व हतो ।**"

એક વખત ગુજરાતનાં વૈષ્ણવો શ્રીગુસાંઈજીનાં દર્શન માટે ગોકુલ જઈ રહ્યાં છે. ત્યાં માર્ગમાં આ બન્ને ભાઈનું ઘર આવતાં, વૈષ્ણવો રાત્રિ એમને ત્યાં રહ્યાં. પરંતુ આ બન્ને ભાઈના ઘરમાં કાંઈ નહીં હોવાથી, નાના ભાઈએ, એમની પાસે રહેતાં એક વાણિયાની દુકાનનો તાળો તોડી,

જોઈતી સર્વ સામગ્રી લઈ, ઘેર આવ્યાં. નાનાભાઈને કોટવાલાના માણસો પકડી રાજા સમક્ષ ફરિયાદ કરે છે. રાજા એમને મોતની સજા ફરમાવે છે. એમને મારીને કોટવાલના માણસો નાનાભાઈનું શીશ ગામના દ્વાર પર લટકાવે છે અને એમનું ધડ એક વૃક્ષ સાથે બાંધે છે. "**पाछें दूसरे दिन बडी सवारेही उठीकै सब वैष्णव मिलिकै बिदा होंइकै चले । तब बडो भाई थोरीसी दूरि कों पहोंचावन कों गयो । तब छोटे भाईको धड़ बांध्यो ताकीं नेक दूरि तें विदा किये । तब वह धड़ हू हाथ जोरत है, और कंठसों लगावत है ।**" ત્યાં હરિરાયજી સમજાવે છેકે, "**भगवद् आवेशसों या धडने वैष्णवको श्रीकृष्ण-स्मरन कियो ।**" આ બન્ને ભાઈઓએ પ્રભુને પોતાના અધ્યાસનો વિષય બનાવ્યો છે. "**तदध्यासोपि सिध्यति ।**" એટલે ભગવદાવેશમાં ધડ ભગવત્સ્મરણ કરે છે. કોટવાલાના માણસોએ એમને માર્યા ત્યારે પણ એ નિર્ભય છે, કારણકે તે પ્રપંચ વિસ્મૃતિપૂર્વક ભગવદાસક્તિની અવસ્થામાં છે. ત્યારેતો એમનો ભગવદ્ આવેશ ધડ દ્વારા અભિવ્યક્ત થાય છે.

એમના ઘેર વૈષ્ણવો આવે છે ત્યારે "**घरमें देखे तो घरमें कछू हतो नाहीं ।**" અર્થાત્ એમને નિર્લોભ છે. "**अलुब्धैश्च वर्णनीयाः सदा गुणाः ।**"

આ વાર્તા દ્વારા રાજાદવે માધોદવેના હાર્દભાવનો પરિચય થાય છે. શ્રીવલ્લભની કૃપા જ રાજા અને માધોદવેનો કરણ નિરોધ છે. એ એમનો સ્થાયીભાવ છે. "**महतां कृपया यावद् भगवान् दययिष्यति ।**" તેથી આ વાર્તામાંય આ બન્ને

ભાઈઓને "**वैष्णवमें बोहोत स्नेह ममत्व**" છે. વૈષ્ણવ માટે એમને મહદ્‌નો ભાવ છે. એટલે ભગવત્સેવા અને ગુણગાન ઉપરાંત વૈષ્ણવની સેવા પણ એમના નિરોધનું કાર્ય લક્ષણ છે. મહદ્‌ માટેનો એમનો આવો મહદભાવ છે. એટલે નાનાભાઈને સજીવન કરવાનો "વ્યાપાર નિરોધ" મહદ્‌ દ્વારા જ થાય છે. "**पाछें सब वैष्णव उहां ते धड़ छोरि ल्याए । और सीस दरवाजेतें छोरि ल्यायो । सो सीस धड़के उपर धर्‍यो । ता पाछें श्रीआचार्यजी श्रीगुसांईजीकौ स्मरन करिकै नाम लें, चरनोदक-महाप्रसाद कंठमें मेल्यो, और मुखमें मेल्यो । ता पाछें महाप्रसादी उपरना हतो सो कंठमें बांध्यौ । तब वह सीस धड़ मिलि गयो ।**" અને નાનાભાઈ સજીવન થઈને "**सब वैष्णवके उह पाँवन परयो ।**" રાજાદવે માધોદવેના હૃદયનો હાર્દ ભાવ મહદ્‌ની કૃપા છે, એટલે તો આ નાનાભાઈને પુનર્જીવિત કરનાર મહદ્‌ પણ, એમના મહદ્‌ શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીનું સ્મરણ કરી, નામ લઈ, ચરનોદક આપી, મહાપ્રસાદ આપીને, નાનાભાઈને જીવંત કરે છે. મહદ્‌ માટેનો આવો દુર્લભ ભાવ, સંપૂર્ણ નિઃસાધનતાના ભાવની ઝાંખી કરાવે છે.

આ બન્ને ભાઈઓના ફલનિરોધને અનુલક્ષીને વાર્તા આજ્ઞા કરે છેકે, "**सो उनको श्रीप्रभुजी सानुभाव हते ।**"

"**गुणगाने सुखावाप्ति गोविंदस्य प्रजायते**" ની પંક્તિના અહીં બહુજ વિલક્ષણ રીતે દર્શન થાય છે. અહીં બન્ને ભાઈ અને ઘેર આવેલા વૈષ્ણવો, રાતના ભેગા મળીને, ઠાકુરજી અને મહદ્‌ એમ બન્નેના ગુણગાન કરે છે. "**पाछें सब वैष्णव**

**कीर्तन किये । और श्रीआचार्यजी महाप्रभुजीके सेवकनकी वार्ता तथा श्रीगुसांईजीके सेवकनकी वार्ता और ग्रंथनकी टीका सब वैष्णव मिलि के आपुसमें चर्चा करन लागे ।"** શ્રીગોકુલનાથજીએ વાર્તા સાહિત્ય પ્રકટ કર્યું, તે પહેલાંએ, ૮૪, ૨૫૨ ની વાર્તાઓ એ સમયના વૈષ્ણવો કરતાં એ અહીં સુસ્પષ્ટ થાય છે. તદ્ઉપરાંત આ ભગવદીયો, શ્રીમહાપ્રભુજીની વાણી અને વૈષ્ણવોની વાર્તાને એકમેક કરીને પ્રમાણ અને પ્રમેયનું એકસાથે અવગાહન કરતાં, કારણકે એમના માટે શ્રીવલ્લભની વાણી, ચોરાસી બસોબાવનની વાર્તારૂપ છે અને ચોરાસી બસો બાવન વૈષ્ણવો મહાપ્રભુજીની વાણીનું મૂર્તિમાન રૂપ છે. આચાર્યજીના ઉપદેશનું લીલાત્મક સ્વરૂપ છે. ષોડશગ્રંથની આચાર્યજીની વાણી, આ ભગવદીયોના અંતરમાં રહેલ લીલાભાવનાઓનાં રહસ્યથી ભરપૂર છે.

રાજાદવે માધોદવેનો દયાનો ગુણ આ વાર્તામાંય પ્રતીત થાય છે. એટલે રાજાએ જ્યારે નાનાભાઈ વિરુદ્ધ ફરિયાદ કરનારને ખતમ કરવા ફરમાન કર્યું, ત્યારે આ વૈષ્ણવોએ, એને બચાવ્યો. એટલે હરિરાયજી ભાવપ્રકાશમાં આજ્ઞા કરે છે ; **"वैष्णवकों जीव मात्र पर दया राखनी, काहूकों बुरो होन न दे । "तदाभवेद् दयालुत्वं ।"** ઠાકુરજી માટે કહ્યું, તેમ અહીં મહદ્ માટેય છે.

**"भगवद्धर्मसामर्थ्याद्विरागो विषये स्थिरः ।"** મહદ્ ભેગા થઈને નાનાભાઈને જ્યારે સજીવન કરે છે, ત્યારે હરિરાયજી ભાવપ્રકાશમાં આજ્ઞા કરે છેકે, **"कट्यो भयो सिर कैसें जुरे ?**

तहां कहत है, जों-भगवदीय वैष्णवनके हृदयमें प्रभु आप साक्षात् बिराजत हैं । तातें उनमें अलौकिक सामर्थ्य हैं । ये चाहे जो करि सकत हैं ।" આ બન્ને ભાઈને દૃઢ વૈરાગ્ય છે. એટલે હરિરાયજી ભાવપ્રકાશમાં આજ્ઞા કરે છેકે, "भगवद्धर्म आगें लौकिक वैदिक तुच्छ करि जानने ।" અર્થાત્ બન્ને ભાઈઓને પ્રપંચ વિસ્મૃતિપૂર્વક ભગવદાસક્તિ સિદ્ધ છે.

## ૨૫૨વૈષ્ણવ વાર્તા ૧૦૪- ગુજરાતનો રાજા જેણે નાનાભાઈને મારી નંખાવેલ (લીલાનુ નામ - "ગૌરોચની") (રાજસ ભક્ત)

---

આ વાર્તામાંય રાજાદવે માધોદવેના હાર્દભાવના દર્શન છે. "महतां कृपया यावद् भगवान् दययिष्यति ।" આ ભાવની ઝાંખી કરી લઈએ. "पाछें वा गाम को राजा इन दोऊ भाई सांचोरा ब्राह्मन के पास आयो । और बोहोतही घिघियाइकै विनन्ती कीयो, जो-तुम मेरो अपराध क्षमा करो । हों बिनु जाने तुम्हारो अपराध कियो । अब तुम कृपा करि मोकों अपनो सेवक करो । जो तुम महापुरुष हो । सो मोकों सरनि लेहु ।" રાજા બન્ને ભાઈને મહદ્ માનવા લાગ્યો. આ બન્ને ભાઈ પોતે જેમને મહદ્ માને છે એમના શરણે જવા રાજાને કહે છે. "हमतो काहूकों सेवक करत नाहीं । हमारे धनी श्रीगुसांईजी श्रीविट्ठलनाथजी श्रीगोकुलमें बिराजत है । उनकी तुम सरनी जाऊ ।" એ જ રાજાદવે માધોદવેની દયાલુતા આ બન્ને ભાઈમાં વિદ્યમાન છે. પોતાને

મારનારનોય અલૌકિકમાં ઉદ્ધાર કેવી રીતે થાય એનો ઉપાય બતાવે છે.

**"तब दोऊ भाई सांचोरा ब्राह्मन श्रीगुसांईजीसों विनन्ती किये, जो महाराज ! ये राजा आपकी सरनि आयवेकी अभिलाषा करत है । तातें कृपा करि आप इनकों सरनि लीजिए । तब श्रीगुसांईजी दोऊ भाईनकी और प्रसन्नतापूर्वक देखि आज्ञा किये, जो-इनको सरनी लेनो उचित तो नाहीं, काहेतें, जो-इन वैष्णवको अपराध कियो है । परि तुम विनन्ती करत हो तातें इनको सरनि लेइंगे ।"** મહદ્દની આડીથી શ્રીગુસાંઈજી રાજાને કુટુંબ સહિત નામ નિવેદન કરાવે છે. આમ, રાજાદવે માધોદવેના સાત્વિક અને રાજસ પ્રાકટયની બે વાર્તામાં, મહદ્દનું આટલું પ્રાધાન્ય હોવાથી, **महतां कृपया यावद् भगवान् दययिष्यति**, એ આ દવે ભાઈઓનો શ્રીમહાપ્રભુજી પ્રત્યે પ્રધાન ભાવ છે તે સિદ્ધ થાય છે.

## ૨૫૨વાર્તા ૧૦૫ - પ્રયાગના સ્ત્રીપુરૂષ હીરાની ધરતી ઓળખતાં
(લીલાનુ નામ- પુરૂષ-"છાયા" સ્ત્રી-"માયા")
(તામસ ભક્ત)

ઉપર લિખિત વાર્તા ૧૦૩માં કહેલ બન્ને ભાઈઓ લીલામાં જેમ શ્રીયશોદાજીના સખી છે, તેમ આ સ્ત્રીપુરુષ પણ છે. એટલે નિરોધલક્ષણ ગ્રંથના પ્રારંભમાંજ શ્રીઆચાર્યજી શ્રીયશોદાજીને યાદ કરે છે. **यच्चदुःखं यशोदाया** થી લઈને આજ શ્લોકમાં કહેલ વિરહ વ્યથાનું દર્શન આ

વાર્તામાં થાય છે.

હીરાની ધરતી પરખી અને એમાંથી બહુજ સંપત્તિ કમાઈ આ પુરુષ ઘેર પાછા આવે છે, ત્યારે અગિયાર ઠગો એમને મારવા તૈયાર થયા છે. એ વૈષ્ણવે ઠગોને કહ્યું કે હું સ્નાન કરી આવું પછી મને મારજો. "**तब वैष्णव कपड़ा उतारिकै जलमें ठाढ़ो भयो । तब तहां महादुःख करिकै श्रीगुसांईजीको स्मरन करिकै बोहोत आर्तिसों विनती करी जो महाराज ! मेरो कौन अपराध है सो घर न पहोंचन पायो । श्रीठाकुरजीके चरनपरस हू न करन पायो । और आपके हू दरसन न भए । द्रव्य मिलेतें प्रान जात है । द्रव्य भगवद् विनियोग हू न भयो ।**" પોતાના ઠાકુરજીના દર્શન, ચરનસ્પર્શન અને એમને સમર્પણ કરવા, અહીં પણ, વ્રજભક્તો જેવી આર્તિ પ્રકટ છે.

"**क्लिश्यमानान् जनान् दृष्ट्वा कृपायुक्तो यदा भवेत् । तदा सर्वं सदानंदं हृदिस्थं निर्गतं बहिः ॥**" આ વૈષ્ણવે બહુજ આર્તિ કરીને શ્રીગુસાંઈજીને વિનન્તી કરી ; "**तब श्रीगुसांईजी आपतो परम दयाल हैं । सो तहांई प्रगट होंइकै दरसन दिये ।**"

દસ ઈન્દ્રિય અને અગિયારમાં મનને મારતી વિષય વાસનાના પ્રતીકરૂપ આ અગિયાર ઠગ છે. "**संसारावेशदुष्टानामिन्द्रियाणां हिताय वै । कृष्णस्य सर्ववस्तूनि भूम्न इशस्य योजयेत् ॥**" આ શ્લોક અનુસાર, આ ભગવદીય, આ અગિયારે ઠગોને શ્રીગુસાંઈજીનાં શરણે લઈ જાય છે અને એમને કૃષ્ણને સમર્પિત કરાવે છે. આ વાર્તામાં પણ મહદ્‌ની કૃપાથી

શ્રીગુસાંઈજી ઠગોને અંગીકાર કરે છે. આ ભગવદીયનો ય શ્રીગુસાંઈજી માટેનો મહદ્ભાવ અવલોકનીય છે. "तब वैष्णवने श्रीगुसांईजीकों हीराकौ हार पहराए । तब श्रीगुसांईजी वैष्णवसों कहे, जो-यह हार तो श्रीनाथजी लायक है । तब वैष्णवने कही, जो-हमारे तो सर्वस्व धनी आपु हो । सो यह सुनिकै श्रीगुसांईजी बोहोत प्रसन्न भए । जो-वैष्णव को एसोई चाहिये ।"

આ વૈષ્ણવની વાર્તાનું શીર્ષક છે ; "स्त्रीपुरुष प्रयागके हीरानकी धरती पहेचानते ।" અર્થાત્ ધરતી પર પ્રકટ થયેલ શ્રીગુસાંઈજી રૂપ મહદ્ હીરાને પિછાણવાવાળા છે. એટલે તો વાર્તાનાં પ્રારંભમાં જ શ્રીગુસાંઈજીને આ વૈષ્ણવ સ્ત્રી પુરૂષ વિનન્તી કરે છે ; "हमको तो आपके स्वरूपमें आसक्ति भई है ।"

નિરોધના કાર્યલક્ષણની અને ફલ નિરોધની ઝાંખી આ વાર્તામાં કરી લઈએ. "पाछे भगवत्सेवा भावपूर्वक करन लागे । सो इनकों श्रीठाकुरजी सानुभावता जनावन लागे । और श्रीगुसांईजी हू दरसन देन लागे ।"

❖ ❖ ❖ ❖ ❖ ❖

# सेवाफलम् ।

यादृशी सेवना प्रोक्ता तत्सिद्धौ फलमुच्यते ।
अलौकिकस्य दाने हि चाद्यः सिध्येन्मनोरथः ।। १ ।।

फलं वा ह्यधिकारो वा न कालोऽत्रनियामकः ।
उद्वेगःप्रतिबन्धो वा भोगो वा स्यात्तु बाधकः ।। २ ।।

अकर्तव्यं भगवतः सर्वथा चेद् गतिर्नहि ।
यथा वा तत्वनिर्धारो विवेकः साधनं मतम् ।। ३ ।।

बाधकानां परित्यागो भोगेप्येकं तथाऽपरम् ।
निष्प्रत्यूहं महान् भोगः प्रथमे विशते सदा ।। ४ ।।

सविघ्नोल्पो घातकः स्याद् बलादेतौ सदा मतौ ।
द्वितीये सर्वथा चिन्ता त्याज्या संसारनिश्चयात् ।। ५ ।।

नन्वाद्ये दातृता नास्ति तृतीये बाधकं गृहम् ।
अवश्येयं सदा भाव्या सर्वमन्यन्मनोभ्रमः ।। ६ ।।

तदीयैरपि तत् कार्यं पुष्टौ नैव विलम्बयेत् ।
गुणक्षोभेपि द्रष्टव्यमेतदेवेति मे मतिः ।। ७ ।।

कुसृष्टिरत्र वा काचिदुत्पद्येत स वै भ्रमः ।। ८ ।।

इति श्रीमद्वल्लभाचार्यविरचितं सेवाफलम् संपूर्णम् ।।

# ગ્રંથ - સેવાફલ

૮૪ વૈષ્ણવ વાર્તા ૫૦ - વિષ્ણુદાસ છીપા
(લીલાનું નામ - "કમલા")

૨૫૨વૈષ્ણવ વાર્તા ૧૪૮- આગ્રાના સ્ત્રી પુરૂષ કનોજિયા બ્રાહ્મણ
(લીલાનું નામ - પુરૂષ - "મૃદુભાષિની"
સ્ત્રી - "કોમલાંગી") (સાત્ત્વીક)

૨૫૨વૈષ્ણવ વાર્તા ૧૫૦- ઉદ્ધવ ત્રવાડી
(લીલાનું નામ - "રેણુકા") (રાજસ)

૨૫૨વૈષ્ણવ વાર્તા ૧૪૯- સુરતવાળા વહુ જેનો ન્યાય શ્રીગુસાંઈજીએ કર્યો
(લીલાનું નામ - "નવોઢા") (તામસ)

પુષ્ટિમાર્ગીય દૈવીજીવનો ઉદ્ધાર કરવો હોય તો સંસારમાંથી એને શોધવાનો પ્રારંભ પ્રભુને કરવો પડે છે. ત્યારપછી પુષ્ટિજીવ પ્રભુને શોધવા પ્રેરિત થાય છે. તેથીજ શ્રીઆચાર્યજીનું એક નામ છે "**देवोद्धारप्रयत्नात्मा** ।" આનું અદ્ભુત દૃષ્ટાંત વિષ્ણુદાસજીની વાર્તા છે. "**सो ऐसे करत एक समय श्रीआचार्यजी आगरे पधारे** ।" વિષ્ણુદાસને શોધતાં શ્રીવલ્લભ આગ્રા પધારે છે. આની પ્રતિક્રિયા રૂપે. "**सो विष्णुदास सुंदर छींट के थान ले आगरे गये । तब श्रीआचार्यजीने कृष्णदाससों कही, यह छीपा के पास छींट आछी है, सो तु ले, जो मांगे सो दे** ।" શ્રીમહાપ્રભુજી વિષ્ણુદાસ માટે,

કેવી નાજુકતાથી કૃષ્ણદાસ મેઘનને સંકેત કરે છે કે આના પર ભક્તિનો રંગ ચડે એવો ઉત્તમ જીવ છે. કોઈપણ મૂલ્ય પર એને છોડવો નથી. એટલે કૃષ્ણદાસ મેઘન પણ વિષ્ણુદાસને એમની છીંટ માટે ચાર ગણું વિશેષ મૂલ્ય આપવા તૈયાર થાય છે. "**तब विष्णुदासने कहीं तुम महापुरुष हो, ताते तिहारो द्रव्य घरमें आये सगरो घर वैरागी होईगो । याते मैं नाहीं तुमको बेचत । जो थान देउ नाहीं तो यह रुपैया हू राखो, और थान हू राखो । परन्तु रुपैया तिहारो मोको पचे नाहीं । तब कृष्णदासने कहीं यह थान श्रीआचार्यजीने श्रीमुखसो सराहना करिके कहे लेउ, सो तू कोटीन उपाई करे तो (हू) यह थान फिरे नाहीं । और श्रीआचार्यजी बिना सेवक, औरको कछु लेत नाहीं । तातें रुपैया तेरे मन आवे सो ले जा । तब विष्णुदासने कही, श्रीआचार्यजी कहा हैं ?**" આ વાક્યથી વિષ્ણુદાસની ખોજ શરૂ થાય છે.

વિષ્ણુદાસની છીંટ પર શ્રીઆચાર્યચરણનું પ્રસન્ન થવું એ કરણનિરોધ છે. "**श्रीआचार्यजी कहा हैं ?**" એમ વિષ્ણુદાસે પૂછ્યું તે વ્યાપાર નિરોધ છે અને સેવા કર્યા પહેલા જ વિષ્ણુદાસને શ્રીમહાપ્રભુજી "સેવાફલ" નું દાન કરે છે એ ફલનિરોધ છે. પુષ્ટિજીવની અંગીકૃતિમાં કારણ છે "**यमैवेष वृणुते तेन लभ्यः ।**"

વિષ્ણુદાસ શ્રીઆચાર્યજી પાસે નામનિવેદન પામ્યા પછી આપને વિનન્તી કરે છે કે, "**महाराज मैं मूर्ख हों, सो ऐसी कृपा करो, जो-श्रीभागवत आदि आपके ग्रंथमें कछु ज्ञान**

होई । आपुके मार्गको सिद्धांत जान्यो जाई । तब श्रीआचार्यजी "सेवाफल" ग्रन्थ करि विष्णुदासकों सुनाये । सो सुनिके विष्णुदासने विनन्ती करी महाराज ! सेवाफल ग्रंथके सुनेंतें सगरे शास्त्र पुराणको ज्ञान भयो" અર્થાત્ સિદ્ધાંતમુક્તાવલિ કથિત બ્રહ્મબોધન થઈ ગયું. "परन्तु सेवाफल ग्रंथको अभिप्राय समुझिवेमें नाहीं आयो । तब श्रीआचार्यजी कहै, ग्रंथ सेवाफल एसोही कठिन हैं । भली करी तू पूछयो । पाछे आप "सेवाफल की टीका" करिके सुनाये । तब सगरे मार्गको सिद्धान्त विष्णुदास के हृदयारुढ भयो । सो मगन होई गये । ---- सो विष्णुदास थोडो सो कपडा छापें और सगरे दिनरात मानसी सेवा, श्रीआचार्यजीके ग्रंथ, श्रीसुबोधिनीजीके भावमें मगन रहें ।" વિષ્ણુદાસજીને માનસી સેવા સિદ્ધ છે. સિદ્ધાંતમુક્તાવલી ગ્રંથમાં કહેલ તનુવિત્તાજા સેવાનું ફલ માનસી સેવા છે. "સેવાફલ" ગ્રંથમાં શ્રીવલ્લભ, સેવાના મુખ્ય ફલરૂપે "અલૌકિક સામર્થ્ય" નો નિર્દેશ કરે છે એજ ફલાત્મિકા માનસી છે. અર્થાત્ વિષ્ણુદાસજીને સેવાનું મુખ્ય ફલ અલૌકિક સામર્થ્ય સિદ્ધ છે. આને જ વ્યસનોત્તર કૃતાર્થતા કે સર્વાત્મભાવ કહેવાય છે. અલૌકિક સામર્થ્ય ભૂતલ પર ઉપલબ્ધ થાય છે, પારલૌકિકમાં નહીં. એટલેજ એને યમુનાષ્ટકમાં તનુનવત્વ તરીકે ઓળખાવેલ છે. મૃત્યુ પછી વૈકુંઠાદિમાં પ્રાપ્ત થયેલ સેવોપયોગી અલૌકિક દેહ એ તનુનવત્વ નથી પણ નવતનુત્વ છે. વિષ્ણુદાસને આવું તનુનવત્વ પ્રાપ્ત થયેલ છે. આને ફલનિરોધ પણ કહેવાય છે. નિરોધની સાધનાવસ્થાનું નિરૂપણ "નિરોધલક્ષણ" ગ્રંથમાં

થયેલ છે. એમ જ સેવાની સાધનાવસ્થાની ઝાંખી સિદ્ધાંતમુક્તાવલિ અને સિદ્ધાંતરહસ્ય ગ્રંથમાં છે અને બંને ગ્રંથની ફલાવસ્થાના દર્શન "સેવાફલ" માં છે.

"સેવાફલ" ગ્રંથ ની ટીકામાં વિવિધ વિદ્વાનો એ અલૌકિક સામર્થ્યરૂપ ફલનું કેવું અર્થઘટન કર્યું છે તે સહેજ અવલોકી લઈએ. તેથી અલૌકિક સામર્થ્યની અનિર્વચનીય અવસ્થાનો અને વિષ્ણુદાસના ભાવનો પરિચય થશે. શ્રીકલ્યાણરાયજી આજ્ઞા કરે છેકે, અલૌકિક સામર્થ્ય એટલે નિત્યસિદ્ધ ભક્તોની પેઠે ભગવાન સાથે ગાવાનું સામર્થ્ય. આ ગાનમાં ભક્તોનું ગાન મુખ્ય છે અને અંતરંગી ભક્તોના ગાનથી પ્રેરિત પ્રભુએ કરેલું ગાન ગૌણરૂપ દર્શાય છે. એવી અહીં પ્રભુની ભક્તવત્સલ લીલા છે. શ્રીગોપેશજી અલૌકિક સામર્થ્યને સમજાવતાં કહે છેકે, એવા સામર્થ્યયુક્ત ભગવદીયો, અલૌકીક ભજનાનંદના અનુભવમાં સ્વરૂપયોગ્યતા પ્રાપ્ત કરે છે. દેવકીનંદનજી આજ્ઞા કરે છેકે, વ્રજભક્તોની રીતથી સર્વાત્મભાવથી ઉપલબ્ધ થયેલ ભજનાનંદરૂપ અલૌકિક સામર્થ્ય છે. બીજા પ્રમાણોથી અગોચર અને અન્ય સાધનોથી અપ્રાપ્ય હોવાથી એ અલૌકિક છે. હરિરાયજી આજ્ઞા કરે છે કે કોટિ સૂર્યાદિરૂપ ભગવાનને જ્યારે આત્યંતિક ફલ દેવાની ઈચ્છા થાય છે ત્યારે સર્વલીલા સહિત પ્રભુ ભક્તના હૃદયમાં પધારે છે. પ્રભુ આવા ભક્તને સર્વલીલા વિશિષ્ટ ઠાકુરજીના અનુભવનાં સામર્થ્યનું દાન કરે છે. અલૌકિક સામર્થ્યને વલ્લભજી, સર્વાભોગ્યસુધાના અનુપાનનું સામર્થ્ય માને છે. પુરૂષોત્તમજી, આવી અવસ્થાને રસાત્મક ભગવાનના પૂર્ણ સ્વરૂપાનંદના આદ્ય મનોરથની સિદ્ધિ માને છે. લાલુભટ્ટજી

કહે છેકે, શ્રીવૃન્દાવનાદિ સ્થળોમાં શ્રીકૃષ્ણના દર્શન, સ્પર્શન આદિ કૃતિ કરવાનું એ સામર્થ્ય છે. અલૌકિક સામર્થ્યને વિવરણ ટિપ્પણીકાર આવી રીતે સમજાવે છે. આધુનિક ભક્ત પણ પૂર્ણ અલૌકિક એવા ઐશ્વર્ય, વીર્યાદિ ગુણયુક્ત બની, ભગવાન સમાન રતિ અને રસોદ્‌બોધ થાય એવી અલૌકિક સામર્થ્યની અવસ્થાને પ્રાપ્ત કરે છે. આમ, સર્વ ટીકાકારોનો સમન્વય પુષ્ટિજીવનાં અસામાન્ય અધિકારની દ્રષ્ટિથી થાય છે. તેથી અલૌકિક સામર્થ્યનું ફલ એ જીવકૃતિ કે પ્રભુના સાધારણ અનુગ્રહથી લભ્ય નથી. પ્રભુ અત્યધિક અનુગ્રહ કરે છે ત્યારે તે ઉપલબ્ધ થાય છે. એટલે શ્લોકમાં કહ્યું કે, **अलौकिकस्य दानेहीं ।** કેવલ સ્વરૂપ પરાયણ સ્વતંત્ર ભક્તો આ ફલનો આસ્વાદ લઈ શકે છે.

વિષ્ણુદાસ છીપા આ કક્ષાના ભગવદીય છે. વિષ્ણુદાસજી પાસે એમના ભાવાત્મક પ્રભુ પોતાના સ્વબ્રહ્મત્વ અને આત્મરામત્વાદિ ધર્મોને ત્યજીને, શાસ્ત્ર અને સ્વરૂપની મર્યાદાનું ઉલ્લંઘન કરીને, કેવલ ભક્તાધીન થઈને રહે છે. સકલ જગતને નચાવનારી જેની માયા છે એવા પુષ્ટિના ઠાકુરને ગોપીજનની પ્રેમરૂપી માયા નચાવે છે. વિષ્ણુદાસનુંય આવું અલૌકિક સામર્થ્ય છે. જયગોપાલ ભટ્ટને છોડીને સર્વ ટીકાકારોએ અલૌકિક સામર્થ્યની અવસ્થાને ઉત્તમ માની છે. પ્રલયાનલથી પણ કોટીગણું અસહ્ય વિપ્રયોગાનલ છે, એને અપ્રાકૃત દેહેન્દ્રિયાદિથી વિષ્ણુદાસ સહન કરે છે, એવું એમનું અલૌકિક સામર્થ્ય છે. સર્વેન્દ્રિયથી ભગવદાનંદના અંગે અંગનો અનુભવ કરતાં વિષ્ણુદાસજીને આવું દાન શ્રીવલ્લભે કર્યું છે. વિષ્ણુદાસ છીપાની ભક્તિનું સ્વાતંત્ર્ય

છે અને એમના ભાવાત્મક પ્રભુનું પારતંત્ર્ય છે. સાધનદશામાં જે આધારરૂપ છે તે ફલાત્મક અવસ્થામાં આધેય બને છે અને પૂર્વદશામાં જે આધેય છે તે ફલસ્થિતિમાં આધાર બને છે. વિષ્ણુદાસના ભાવાત્મક પ્રભુ વિષ્ણુદાસને પોતાના **अप्राकृतनिखिलधर्म** અને **रूप** નો આધાર માને છે. પ્રભુનો સમસ્ત નિર્વાહ, સદા વિષ્ણુદાસ થકી જ છે. એવી એમના પ્રભુની દૃઢ ભાવના છે. અલૌકિક સામર્થ્યનું ફલ પ્રાપ્ત કરેલ વિષ્ણુદાસનો ગૂઢ પુંભાવ અને એમના ઠાકુરજીનો ગૂઢ સ્ત્રીભાવ પ્રકટ થઈ ગયાં છે.

માનસી સેવાની સિદ્ધાવસ્થામાં વિષ્ણુદાસજી "રસોવૈસ:" એવા પૂર્ણ પુરુષોત્તમની અનુભૂતિ કરે છે. રસશાસ્ત્રમાં રતિ અથવા પ્રીતિને રસ અર્થાત્ સ્થાયી ભાવ તરીકે ઓળખાવ્યા છે. જે વ્યક્તિના સંબંધમાં રતિ કે પ્રીતિ થાય એ વ્યક્તિને આલંબન વિભાવ કહેવાય છે. રતિ અથવા પ્રીતિને રસશાસ્ત્ર ધર્મીરૂપે માને છે અને પ્રિયતમ અથવા આલંબન વિભાવને ધર્મરૂપે ઓળખે છે. એટલેજ પ્રિયતમના ગુણધર્માદિ, રસશાસ્ત્ર માટે, પ્રેમના જનક અને પ્રેમના આલંબન વિભાવના રૂપમાં સ્વીકૃત છે. સ્વતંત્રતયા નહીં. એટલે રસશાસ્ત્રની દ્રષ્ટિએ જોઈએ તો વિષ્ણુદાસની એમના ઠાકુરજી પ્રત્યેની પ્રીતિ ધર્મીરૂપા છે અને એમના ઠાકુરજી ધર્મરૂપ છે.

બ્રહ્મશાસ્ત્રીય પરિભાષાથી અવલોકીએ તો ભગવાનનું ધર્મીરૂપે નિરૂપણ છે અને પ્રભુની લીલાની અંગભૂત ભક્તિ અને ભક્તોનું ધર્મરૂપે ઉલ્લેખન છે. આ પરિભાષાના માધ્યમથી જોઈએ તો વિષ્ણુદાસના આલંબનરૂપ એમના ઠાકુરજી ધર્મી

છે અને એમના ઠાકુરજી માટે વિષ્ણુદાસજીની જે પ્રીતિ છે તે ધર્મ છે.

વિષ્ણુદાસના સ્નેહનો આધાર અને વિષય ભગવાન જ હોવાથી એમનામાં ભગવદ્દજ્ઞાન, ઐશ્વર્યાદિ ગુણોનું સંક્રમણ છે. કાષ્ટની નિકટ અગ્નિ આવે ત્યારે કાષ્ટમાં ઉષ્ણતા પ્રકટે. એવીજ રીતે જેમ જેમ પુષ્ટિભક્તમાં પ્રભુનું નિકટત્વ વધે છે, તેમ તેમ જીવમાં ભગવદ્દધર્મરૂપ પ્રીતિનું પણ વર્ધન થાય છે. આચાર્યશ્રી આજ્ઞા કરે છેકે, "**प्रीतिस्तु भगवद्धर्मा ।**" અર્થાત્ પ્રીતિએ ભગવાનનો આત્મરતિરૂપ ધર્મ છે અને ભગવાનની સેવાદિથી પ્રભુની નિકટ જવાથી ભગવત્પ્રીતિ ભક્તના હૃદયમાં પણ વૃદ્ધિ પામે છે. આ પ્રક્રિયાથી વિષ્ણુદાસમાં પૂર્ણ ભગવત્પ્રીતિ છે, કારણકે એમને શ્રીઆચાર્યજીના આર્શીવાદ છેકે, "**तुम सदा भगवत्सेवामें मग्न रहोगे ।**" પ્રેમ, પ્રિયતમના કારણે, પ્રેમીમાં થાય છે. વિષ્ણુદાસને એમના પ્રભુમાં પ્રીતિ અતિ ગાઢ છે. રસશાસ્ત્રમાં રસાનુભૂતિના બે પ્રકાર છે. એક પ્રકાર એવો છેકે, સ્થાયીભાવ ધર્મીરૂપ પ્રેમ અને આલંબન વિભાવ ધર્મરૂપ પ્રિયતમ એમ બંનેની અનુભૂતિ થતી હોય, દ્વિતીય પ્રકારમાં આલંબન વિભાવ ધર્મરૂપ પ્રિયતમ ઉપસ્થિત ન હોય પરંતુ સ્થાયીભાવ ધર્મીરૂપ પ્રેમની અનુભૂતિ થતી હોય. આ દ્વિતીય પ્રકારમાં આલંબન વિભાવરૂપ પ્રિયતમનું કેવલ નાટન છે. જેમ નાટકમાં નટને જોઈને ભાવ જાગૃત થાય તેમ. એ વેળા નટ, દ્રષ્ટા અને શ્રોતાઓના આલંબન વિભાવરૂપ નથી, પણ એ કેવલ નાટન જ કરે છે. જેના લીધે દ્રષ્ટા અને શ્રોતા જનમાં રસનિષ્પત્તિ થાય છે. વિષ્ણુદાસજી માટે

સંયોગાવસ્થામાં આલંબન વિભાવ અને સ્થાયીભાવ બન્ને ઉપસ્થિત છે. અર્થાત્ એમના નેત્રની સામે એમના ભાવાત્મક સ્વરૂપ બિરાજે છે અને એમના હૃદયમાં સ્થાયીભાવ રૂપ ભગવદ્રતિ પણ વિદ્યમાન છે. "**बर्हापीडं नटवर वपु**" ની વ્યાખ્યામાં શ્રીમહાપ્રભુજી "**नटवत् वरवत् वपु**" એમ આજ્ઞા કરે છે. અર્થાત્ વિષ્ણુદાસજીને સંયોગાવસ્થામાં ઠાકુરજીની "**वरवत्**" અનુભૂતિ છે. વિયોગાવસ્થામાં આસક્તિભ્રમ ન્યાયથી એમને જે ભગવદનુભૂતિ થાય છે તે "**नटवत्**" છે. અર્થાત્ વિષ્ણુદાસજીની વિયોગ અવસ્થામાં પ્રભુ એમના હૃદયમાં રસાભિનય કરે છે. સંયોગની અવસ્થામાં વિષ્ણુદાસજીને "વરવત્" અનુભવ કરાવનાર અને વિયોગાવસ્થામાં એમને "નટવત્" અનુભવ કરાવનાર પ્રભુ સ્વયં એકકાલાવચ્છિન્ન છે. ભજનીય અને ભાવનીય પ્રભુનું તાદાત્મ્ય છે.

વિયોગાવસ્થામાં ભગવદ્અનુભૂતિ માટે જેમ સર્વાત્મભાવ અનિવાર્ય છે તેમ સંયોગાવસ્થામાં પણ સર્વાત્મભાવ સ્વીકૃત છે. તેથીજ ભ્રમરગીતમાં વિપ્રયોગકાલીન સર્વાત્મભાવનું વર્ણન છે અને વેણુગીતમાં સંયોગકાલીન. વિપ્રયોગ વિના, સંયોગસુખમાં ચમત્કૃતિ નથી. તેથી દ્વિદલાત્મક અનુભવ વિલક્ષણ છે. વિષ્ણુદાસજીને આ દ્વિદલાત્મક શૃંગારરસની અનુભૂતિનું સાતત્ય છે. આચાર્યજીએ કહ્યું છેકે, "**बाह्याभावे तु आन्तरस्य व्यर्थता**" અને એમ પણ કહ્યું છેકે, "**आन्तरन्तु महाफलम्**" આચાર્યચરણ વેણુગીતની સુબોધિનીજીમાં સકલ ઈન્દ્રિયોનો ભગવાનમાં જે વિનિયોગ થાય છે તેને સર્વાત્મભાવ કહ્યો છે. વાણીથી પ્રભુ સંગ સંલાપ, નેત્રોથી દર્શન, બાહુથી

આલિંગન, હાથથી સેવા, ત્વચાથી સ્પર્શ, રસનાથી અધરામૃત પાન, કાનથી વેણુકુજનનું શ્રવણ, નાસિકાથી ભગવદ્‌ગંધનું ગ્રહણ, ચરણથી પ્રભુની નિકટ ગમન, અંતઃકરણથી ભગવત્સ્વરૂપની ભાવના આદિ વેણુગીતમાં ઈન્દ્રિયવાળાઓનું આવું પરમફલ બતાવ્યું છે. પ્રપંચ વિસ્મૃતિપૂર્વક ભગવદાસક્તિ પછી સર્વાત્મભાવથી ભગવત્ સ્વરૂપાનંદની અનુભૂતિ છે. વિષ્ણુદાસની આવી અવસ્થા છે. આ અલૌકિક સામર્થ્ય કે તનુનવત્વ છે. "સેવાફલ" માં કહેલ આ પરમોત્કૃષ્ટ ફલ વિષ્ણુદાસજીને પ્રાપ્ત છે. આ ફલ જેને મળે તે સેવાફલમાં કહેલ સાયુજ્યમુક્તિના દ્વિતીય ફલથી મુક્ત થઈ શકે છે. સાયુજ્ય એટલે પુરુષોત્તમમાં લીન થઈ જવું.

હવે "સેવાફલ" માં વર્ણિત અલૌકિક સામર્થ્યથી અતિરિક્ત ફલાવસ્થાઓ જોઈ લઈએ. આ અવસ્થાઓ આવી છે. વૈકુંઠાદિમાં સેવોપયોગી દેહની પ્રાપ્તિ અથવા પુરુષોત્તમમાં સાયુજ્યમુક્તિ ઉપરાંત સેવોપયોગી દેહનીય પ્રાપ્તિ અથવા કેવલ સાયુજ્યમુક્તિ. આવી વિવિધ ફલાવસ્થાઓ છે, પરંતુ ઈન્દ્રિયોવાળાનું મુખ્યફલ તો અલૌકિક સામર્થ્ય અથવા સર્વાત્મભાવ છે. ગૌણ ફલ સાયુજ્ય છે. જેમાં ભગવાનના દર્શન, સ્પર્શન, શ્રવણાદિક સુખથી રહિત એવી મુક્તિ છે. વિષ્ણુદાસ એવી મુક્તિને નથી ચાહતાં.

"સેવાફલ" ગ્રંથમાં શ્રીઆચાર્યજીએ સેવાના ત્રણ ફલ નથી કહ્યાં પણ સેવામાંજ ત્રણ ફલ વિદ્યમાન છે એને દર્શાવ્યા છે. આ ફલત્રય છે,

(૧) <u>અલૌકીક સામર્થ્ય</u> - ઉપર જોઈ ગયાં તેમ આ સર્વાત્મભાવરૂપ હોવાથી, સંયોગ અને વિયોગ એમ બંને અવસ્થાઓમાં ફલ નિરોધરૂપ છે. આ જ તનુનવત્વ છે કે જીવનમુક્તિ રૂપ કે માનસી સેવાની સિદ્ધિ છે. વિષ્ણુદાસજીની આ અવસ્થાનું અદ્‌ભુત વર્ણન કરતાં વાર્તા કહે છેકે, **"सो विष्णुदास थोरोसो कपडा छापें । सो आगरे बेचि आवें, जामें देह निर्वाह होइ । और सगरे दिनरात मानसी सेवा श्रीआचार्यजी के ग्रंथ श्रीसुबोधिनीजीके भावमें मगन रहेते ।"** લૌકિકમાં રહીને, કપડાં વેચીને, આ દશા વિષ્ણુદાસે પ્રાપ્ત કરી એટલે એને અલૌકિક સામર્થ્ય કહેવાયું. કપડાં છાપતી વખતે ય માનસી સેવા એમને સિદ્ધ છે. આ તનુનવત્વ અર્થાત્ જે તનુ ધારણ કર્યો છે એમાં જ અલૌકિક "**नवत्व**" આવી ગયું છે. આમ ભૂતલ પર રહીને વિષ્ણુદાસે વિષયની બદલે પ્રભુનો આનંદ અસ્ખલિત લીધો છે. એમની ભગવત્સેવા માનસી ભાવાત્મિકા છે અને સેવાફલ મળ્યા પછી પણ એમની માનસી સેવા તો ચાલુ જ છે. જેમનું તનુનવત્વ ભૂતલ પર નથી થયું એની દશા ગૌણ છે. અર્થાત્ કાં તો એ પુરુષોત્તમમાં લીન થઈ જઈને સાયુજ્ય મુક્તિને પામે છે અથવા તો વૈકુંઠ આદિ લોકમાં સેવોપયોગી દેહની પ્રાપ્તિ કરે છે, જે "નવતનુત્વ" છે. આને બ્રહ્મભાવાપત્તિ કે આશ્રયભાવાપત્તિ પણ કહ્યું છે. તનુનવત્વમાં સર્વેન્દ્રિયથી ભગવત્સ્વરૂપાનંદમાં ભગવદીય વિલસે છે. વૈકુંઠાદિમાં સેવોપયોગી દેહ પ્રાપ્ત કરનાર પુષ્ટિ જીવને ભગવાન સાથે અલૌકિક કામભોગનો અધિકાર ન હોવાથી એને માત્ર સેવામાં ઉપયોગી થાય એવો નવતનુત્વ

પામેલો દેહ મળ્યો છે.

"**फलं वा ह्यधिकारो वा न कालोऽत्रनियामकः ।**" પુષ્ટિભક્તિમાર્ગમાં "**भगवानेव हि फलं**" છે. એટલે કાલ, કર્મ, કર્તા, મન્ત્ર, દ્રવ્ય, દેશ, સ્વભાવાદિ સાધનોને ભગવાન અધીન નથી. તેથી અલૌકિક સામર્થ્ય, જે પુષ્ટિમાર્ગીય ફલાત્મિકા સેવા છે અથવા તો સાયુજ્ય કે વૈકુંઠાદિમાં સેવોપયોગી દેહની પ્રાપ્તિ જે પુષ્ટિમાર્ગીય અધિકારાત્મિકા સેવા છે, એમાં કાલ નિયામક નથી. અલૌકિક સામર્થ્ય કે તનુનવત્વ સાથે ભૂતલ પર ભગવત્સેવા થાય તો એ સેવાની ફલરૂપતા છે. સેવાના કારણે પુરુષોત્તમમાં સાયુજ્ય કે ભૌતિક દેહ છૂટયા પછી ભક્તને વૈકુંઠાદિમાં નવતનુત્વ પ્રાપ્ત થાય તો એવા ભક્તની ભગવત્સેવા અધિકારાત્મિકા છે. ફલ હોય કે અધિકાર હોય પણ પુષ્ટિમાર્ગમાં કેવલ ભગવાન જ નિયામક છે. કાલકર્માદિ નહીં.

અંત:ગૃહગતાની જેમ, સાયુજ્ય મુક્તિ પામેલા ભક્તોને, વિપ્રયોગ થતાં, પુન:સેવા ફલાધિકાર મળી શકે છે.

હવે "સેવાફલ" ગ્રંથ સાથે વિષ્ણુદાસની વાર્તા કેટલી એકતાલ ચાલે છે તે પણ જોઈ લઈએ. શરૂઆતમાં જ સેવાફલમાં બાધક તત્ત્વોને દર્શાવતાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છેકે, "**उद्वेग प्रतिबंधो वा भोगो वा स्यात्तु बाधकः ।**" જેમ સેવાફલ ત્રણ પ્રકારના છે તેમ એમાં વિઘ્નકર્તા પણ ત્રણ તત્વો છે, ઉદ્વેગ, ભોગ અને પ્રતિબંધ. મનમાં ચિંતા રહેતી હોય એ ઉદ્વેગનું સ્વરૂપ છે. ભય અને ચાંચલ્ય ઉદ્વેગનું

લક્ષણ છે. મન લગાવીને સેવા કરવામાં લૌકિક અને ભગવત્કૃત અંતરાય નડે, તે પ્રતિબંધરૂપ છે. કલ્યાણરાયજી અને હરિરાયજી આજ્ઞા કરે છેકે, સેવા કરતી વેળા લૌકિક અને વૈદિક વિષયોમાં આસક્તિ અને અન્યકૃત અંતરાય વગેરે પ્રતિબંધો છે. ભોગ એટલે લૌકિક ભોગ છે. અહીં શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધમાં, આસક્તિથી દેહ અને ઈન્દ્રિય ભોગ માટે લલચાય છે. એનાથી સેવામાં ચિત્તની સ્થિરતા નથી રહેતી.

સેવામાં ઉદ્વેગ દુ:ખરૂપે બાધક છે, ભોગ સુખને કારણે અને પ્રતિબંધ સુખ અને દુ:ખ બન્નેરૂપે બાધક છે.

ઉદ્વેગ, પુષ્ટિજીવની ભક્તિમાં કે સ્નહેમાં બાધક છે. પ્રતિબંધ સેવામાં બાધરૂપ છે અને ભોગ સમર્પણમાં. ભોગ, અહંતામમતાત્મક હોવાથી, દેહેન્દ્રિયાદિનો ભગવદ્‌વિનિયોગ થતો રોકે છે. જે કારણથી ઉદ્વેગ, ભોગ અને પ્રતિબંધ થાય છે એ કારણનો કે સાધનનો ત્યાગ કરવાથી બાધકનો નાશ થાય છે. અલૌકિક સામર્થ્યની ઘડતરમાં આ ત્રણેય બાધક તત્ત્વનો અભાવ છે અને અલૌકિક સામર્થ્યયુક્ત ભગવદીયમાં સેવા, સમર્પણ અને ભગવત્સ્નેહની સભરતા છે.

આ ત્રણેય બાધક તત્ત્વોનું વિષ્ણુદાસ છીપાએ કેવી રીતે નિરાકરણ કર્યું તે અવલોકનીય છે. "વિષ્ણુદાસ નિસવાસર, ભજો શ્રીવલ્લભપદ, ચિંતા મતિ કરો ધની શ્રીવિઠ્ઠલેશ પાઈકે", "ભજો શ્રીવલ્લભપદ" કહેતાં વિષ્ણુદાસના લૌકિક ભોગનો વિનાશ થાય છે. "ચિંતા મતિ કરો" થી ઉદ્વેગનો અને "ધની શ્રીવિઠ્ઠલેશ પાઈકે" થી એમના પ્રતિબંધ

નિવૃત્ત થાય છે.

શરણે આવ્યા પહેલાં જ વિષ્ણુદાસજીએ લૌકિક પ્રતિબંધ નિવારવાનો સંકલ્પ કર્યો છે. "**तब श्रीआचार्यजी कहें, तुमकों शरनि कैसें लेय ? तुम छीपनमें रहत हो । आचार, क्रिया, पुष्टिमार्गीय धर्म कैसे निबहेगो ? तब विष्णुदासने विनन्ती करी, महाराज ! अब आपको सेवक भयो । तब ज्ञाति व्योहार को डर कहा है ? मा-बाप मानेंगे, आपुके सेवक होइंगे, तो भेले उनके रहुंगो, नाहीं तो न्यारो घर करि रहुंगो ।**" વિષ્ણુદાસજીએ શરણે આવ્યા પછી વાસ્તવમાં એમ જ કર્યું. "**तब मा-बाप कहैं, न्यारो रहिवेको कारन कहा ? तब बिष्णुदासने कह्यो, मेरो मन यही कहत है । सो न्यारो रहौं । पाछे स्त्री आई, तब स्त्रीसों कहें, तू श्रीठाकुरजीकी सेवा करे तो अडेल चलिके तोकों सेवक कराऊँ । तेरे हाथको जल तब लेउंगो, नहीं तो तू मेरे पास मति आवे । तब स्त्री दस बीस गारी देकें रूठि गई । कह्यो, तैं श्रीठाकुरजीकी पूजा करनको नाम लियो सो मैं तेरो मुख न देखूंगी । तब विष्णुदास मनमें प्रसन्न भये, जो-श्रीठाकुरजीने बलाय काढी । भली भई यह आपुते छोडि गई ।**" આ પ્રસંગમાં વિષ્ણુદાસના લૌકિક પ્રતિબંધ અને ભોગ બન્ને નિવૃત્ત થયાં. "**सेवाफल**" ગ્રંથની total discipline વિષ્ણુદાસની વાર્તામાં છે. એમનો ભોગત્યાગ કેટલો સુદૃઢ છે એ શ્રીગુસાંઈજીના સસરા મથુરાના ભટ્ટજીના પ્રસંગમાં આવે છે. ભટ્ટજીને ત્યાં ભોજન કરીને શ્રીગુસાંઈજી ગોકુલ પધારે છે. પછી વિષ્ણુદાસ શ્રીવિઠ્ઠલેશની જૂઠની લે છે, પણ ભટ્ટજીના આગ્રહ અને ક્રોધ હોવા છતાંય સામગ્રી નથી

લેતાં. "**तब विष्णुदासने (भट्टजीसों) कही, मोकों तिहारो नाहीं चाहिये । जो मेरी पातरमें डारोगे तो मेरी पातर छूट जायगी ।**" જેની રસના ભગવદ્‌ગુણગાનમાં નિબદ્ધ હોય, એને લૌકિક પકવાનના ભોગની વૃત્તિ કદાપિ ન હોય. ઈન્દ્રિયના ભોગથી છૂવાઈ જવાનો એમનો દૃઢ ભાવ છે.

સેવાફલમાં બાધક આ ત્રણ વસ્તુઓનું નિવારણ પુષ્ટિજીવે કેવી રીતે કરવું ? ઉદ્વેગને નિવારવાના ઉપાયો શ્રીમહાપ્રભુજી "નવરત્ન" ગ્રંથમાં દર્શાવે છે. ચિંતા રહેતી હોવા છતાંય પુષ્ટિજીવ ભગવત્સેવા ન છોડે, તો સમય જતાં, ભગવત્કૃપાથી એની ચિંતાનો નાશ થશે અને એ સેવાફલાધિકારીય બની શકશે.

પ્રતિબંધ બે પ્રકારના હોય છે. સાધારણ પ્રતિબંધનું નિવારણ લોકચાતુરીથી કરવું. એનાં ઉપાયો "વિવેકધૈર્યાશ્રય" ગ્રંથમાં છે. સાધારણ પ્રતિબંધ, સગાવહાલાં અને દેહના આલસ્યાદિથી થાય છે. ભગવત્કૃત પ્રતિબંધનું નિવારણ જીવના સામર્થ્યની બહાર છે. દા.ત. પ્રભુની ઈચ્છા ન હોય તો જીવનું મન સેવા કે ગુણગાનમાં ન જ લાગે. એવા જીવ માટે પ્રપત્તિ માર્ગ છે. વિષ્ણુદાસે સાધારણ પ્રતિબંધનું નિવારણ તો કર્યું, પણ એમને ભગવત્કૃત પ્રતિબંધ કેમ ન થયો ? એનો ઈલાજ આચાર્યશ્રીએ સ્વયં કર્યો છે. શ્રીવલ્લભ વિષ્ણુદાસને કહે છેકે, "**तुम सरीखे वैष्णवके लिये तो लीलामेतें पधारे हैं । और परिक्रमा करत हैं ।**"

ભોગના પ્રતિબંધનો ઉપાય બતાવતાં શ્રીવલ્લભ આજ્ઞા કરે છેકે, "**असमर्पित वस्तुनां तस्माद्वर्जनमाचरेत् ।**" એનાથી

વૈરાગ્ય જન્મે છે. સમર્પિત પદાર્થનો ભોગ કરવાની પણ એટલીજ આવશ્યકતા છે. ભગવદ્નિવેદિત વસ્તુનો ભગવત્પ્રસાદરૂપે ઉપભોગ કરવાથી, એ ભોગ, અલૌકિક બને છે. પોતે કિંકર છે, એમ માનીને પોતાના સ્વામીનો પ્રસાદ લેવો. આવા અલૌકીક ભોગમાં ભાવાત્મક પ્રભુ જ બિરાજે છે. અલૌકિક ભોગ વખતે પ્રભુ જ રસરૂપે અનુભવાય છે. આમ શબ્દ, સ્પર્શ, રુપ, રસ, ગંધાદિનો ભોગ પણ સમર્પણથી અલૌકિક બની શકે છે. એના અલૌકિક ઉપભોગથી, સેવાફલ ગ્રંથ કથિત અલૌકિક સામર્થ્યના પથગામી થવાય છે. આ "**निष्प्रत्यूहं महान्भोग**" છે. તેથી જ પુષ્ટિજીવ વસ્ત્ર, અલંકાર, અન્ન, ગૃહ, પારિવારિક આદિ પ્રભુને સમર્પિત કરીને એનો ઉપભોગ કરે છે એ સર્વે એની સેવાનો અંગ બની જાય છે. આના સેવનથી પુષ્ટિજીવને સંસારમાં મોહ ઉત્પન્ન થતો નથી. બલ્કે એ ભગવદ્ભાવ વર્ધક બને છે. બ્રહ્મને સમર્પિત થયેલ વસ્તુ બ્રહ્માત્મક થઈ જાય છે. ગંદુ જલ ગંગાજીમાં પ્રવેશ્યા પછી ગંગાજલ થઈ જાય, તેમ ઠાકુરજીને સમર્પિત કરીને પછી જો પુષ્ટિજીવ એ વસ્તુને માણે, તો એ અલૌકિક સામર્થ્યનો જ અંગ બને છે. ભક્ત જેટલો પ્રભુને સમર્પિત રહે, તેટલું એનું અલૌકિક સામર્થ્ય વૃદ્ધિ પામે છે. સમર્પણ વિનાની જે જીવન પ્રણાલી છે તેને શ્રીમહાપ્રભુજી "કુસૃષ્ટિ" કહે છે.

ભગવન્માર્ગમાં ભગવદ્ ઈચ્છા સિવાય અન્ય કોઈપણ વિઘ્ન આવી ન શકે અને ભગવદ્ ઈચ્છાથી આવેલા વિઘ્નનું નિવારણ કોઈપણ દેવ, દેવી કે સાધન ન કરી શકે. ઠાકુરજી ભગવત્કૃત પ્રતિબંધ શા માટે કરતાં હશે એના બે દૃષ્ટાંતો

જોઈ લઈએ. ભગવદીયના સંગથી અથવા આકસ્મિક યોગથી, અસુર જીવ, કદાચ સેવામાં પ્રવૃત્ત થાય, તો પ્રભુ એનું સેવામાં મન ન લગાવી પ્રતિબંધ પણ કરે, અથવા તો ભક્ત પક્ષપાતી પ્રભુ, ભગવદીયનો દ્વેષ કરનારની ફલપ્રાપ્તિમાં પ્રતિબંધ કરે. મહદ્‌ના દ્વેષથી તો શુભ પ્રારબ્ધ પણ નષ્ટ થાય છે. ભગવત્કૃત પ્રતિબંધના કારણે જે જીવ ભગવત્સેવા કે ગુણગાન નથી કરી શકતો, એવા જીવ પર પણ દયા વિચારી, **महाकारुणिक** શ્રીવલ્લભ એમને વિવેકધૈર્યાશ્રય ગ્રંથમાં કહેલ પથ પર જવાનો રસ્તો બતાવે છેકે, "કૃષ્ણાશ્રય" ગ્રંથ કથિત પ્રપત્તિ માર્ગ પર જવાનું કહે છે, જેનાથી એનું કલ્યાણ થાય. જે જીવને એમ લાગતું હોય કે એને પ્રભુએ સંસારમાં રાખવાનો જ વિચાર કર્યો છે, એવા જીવ માટે "**कृष्ण एव गतिर्मम**" મુખ્ય રસ્તો છે. ભગવત્કૃત પ્રતિબંધ વેળા જીવે, મૂલતઃ ફલની ચિંતા છોડી દેવી, જેથી શોકની નિવૃત્તિ થાય.

આ ગ્રંથમાં વર્ણિત ત્રણેય ફલાવસ્થા, માનસી સિદ્ધ થયા પછી પ્રાપ્ત થાય છે. "સેવાફલ" ગ્રંથોક્ત ત્રણ પ્રકારના સેવાફલ પુષ્ટિપુષ્ટિ, મર્યાદાપુષ્ટિ અને પ્રવાહપુષ્ટિના જીવો માટે છે. શુદ્ધ પુષ્ટિના જીવોને અનુલક્ષીને આ ગ્રંથ નથી. એમને તો અવિચ્છિન્ન નિર્વિકારી સેવારૂપી ફલ આપવામાં પ્રભુ વિલંબ કરતા નથી. "**पुष्टौ नैव विलंबयेत्** ।"

વિષ્ણુદાસને સિદ્ધ થયેલ અલૌકિક સામર્થ્ય, એ ભજનાનંદનો અનુભવ અને પ્રચુર વિપ્રયોગને સહન કરવાની શક્તિવાળો છે.

મર્યાદાપુષ્ટિના જીવોને માનસી સિદ્ધ થતાં એમને શ્રીપુરુષોત્તમમાં સાયુજ્ય મળે છે અને વિપ્રયોગ થતાં સેવોપયોગી દેહ પણ મળે છે. પ્રવાહીપુષ્ટિ જીવને માનસી સેવા સિદ્ધ થતાં વૈકુંઠાદિમાં સેવોપયોગી દેહની પ્રાપ્તિ થાય છે.

ભગવત્સેવા નિત્ય કર્યા છતાંય, અલૌકિક સામર્થ્યના પ્રાકટયના ચિન્હો ન દેખાય, તોય સેવાની ન્યૂનતા ન સમજવી, પરંતુ આપણે આધિદૈવિક સેવા કરી શકીએ એવી ભગવદ્ઈચ્છા નથી લાગતી એમ માનવું. આધિદૈવિક સેવાના સુખની પાત્રતા પ્રભુના દાતૃત્વ પર અવલંબિત છે. એમાં કોઈપણ સાધનાભિમાન કામ નહીં કરે. તેથી ભગવાન પુષ્ટિફલદાતા છે અને ઉદ્વેગ, ભોગ, પ્રતિબંધના નાશકર્તા પણ પ્રભુ જ છે, એવી ભાવના સદાય કરવી. ભગવત્કૃપા જ શુદ્ધ પુષ્ટિ સુધી લઈ જનારી છે. પ્રભુના આવા કૃપાવગાહનમાં વિષ્ણુદાસની સદા ચિત્તવૃત્તિ છે.

## ૨૫૨વાર્તા ૧૪૮ - આગ્રાના સ્ત્રીપુરૂષ કનોજિયા બ્રાહ્મણ

(લીલાનું નામ - પુરૂષ - "મૃદુભાષિની"
સ્ત્રી - "કોમલાંગી")
(સાત્વિક ભક્ત)

---

વિષ્ણુદાસ છીપાને શ્રીઆચાર્યજી કહે છેકે, "**तुम सरीखे वैष्णवके लिये तो लीलामेंतें पधारे हैं । और परिक्रमा करत हैं ।**" દેવીના કહેવાથી આ સ્ત્રીપુરુષ જ્યારે ચાચા હરિવંશજીને શરણે આવે છે, ત્યારે ચાચાજી પણ આવા જ ભાવોદ્ગાર

શ્રીવિઠ્ઠલેશ માટે કરે છે. "जो-श्रीगुसांईजीको प्रागटय दैवी जीवन के उद्धारार्थ ही हैं । सो जीवनके लिये तहां तें जगतमें पधारे हैं । इतनो श्रम कियो है । सो हम ढील करें सो उचित नाहीं हैं । तातें जीवको ले कै अवश्य अब ही जानो उचित है ।"

બન્ને સ્ત્રીપુરૂષ શરણે આવ્યાં તે પહેલાં ચાચાજીને દંડવત્ કરે છે ત્યારે ચાચાજી કહે છેકે, "सो तुम हमकों दंडवत् करी सो बोहोत अनुचित बात करी । यह सुनिके ब्राह्मन-ब्राह्मनीने बिनती करी, जो-तुमकों दंडवत् किये तें हमारे कोटानकोटि प्रतिबंध-पाप दूरि होत हैं ।" સેવાફલ સંબંધિત આ વાર્તા છે, એટલે એમના પ્રતિબંધ નિવારણનો ઉપાય શરણે આવતાં પહેલાંજ થઈ ગયો છે. એ પણ ચાચાજી જેવા મહાનુભાવી થકી.

નામ નિવેદન પામતા પહેલાંય આ બન્ને પતિ-પત્ની ને કોઈ ઉદ્વેગ નથી. કોઈ ભોગનીય એમને અપેક્ષા નથી. એમને દૃઢ વૈરાગ્ય છે. સેવાફલ ગ્રંથને જીવવા એમની આવી પૂર્વ તૈયારી છે. એમની બન્નેની સરાહના ચાચાજી મનોમન કરે છે. "घर आदिमें इनको वैराग्य अधिक है । तातें इनकों दानहू अधिक होइगो ।"

ઉદ્વેગ, પ્રતિબંધ, ભોગ રહિત અવસ્થામાં આ બ્રાહ્મણ બ્રાહ્મણી ચાચાજી સંગ ગુસાંઈજીને શરણે જવા ગોકુલ જાય છે, ત્યારે માર્ગમાંજ ચાચાજીના સંગથી, એમનામાં અલૌકિક સામર્થ્યના ચિન્હો દેખાવા લાગે છે. "सो मार्गमें भगवद्वार्ता,

पुष्टिमार्गको सिद्धांत चाचाजी चार वैष्णवनसों कहत चले । सो चारों वैष्णव और दोउ ब्राह्मन-ब्राह्मनी कौ मन महारसमें जाँय पर्‌यो । सो काहूकों देहाध्यास बाधक न भयो । कोईकों तृषा लधी कछू न लगी । और रात्रि परी ताहूकी सुधि नाहीं ।"

ઉપર લિખિત સર્વ પ્રસંગનો સાર એ છેકે, પ્રભુની જેમ, ભગવદીયની મહદ્દની કૃપા હોય તો અલૌકિક સામર્થ્ય સિદ્ધ થવું દુર્લભ નથી.

જેને અલૌકિક સામર્થ્યનું દાન થવાનું છે એવા જીવના લક્ષણો અવલોકવા જેવા છે. શરણે આવ્યા પહેલાં બ્રાહ્મણ બ્રાહ્મણી શ્રીગુસાંઈજીને દંડવત્ કરીને વિનન્તી કરે છેકે, "हम महादुष्ट हैं । सदा लौकिकासक्ति करिकै पसुकी नांइ होइ रहे हैं । सो हम ऊपर कृपा करिकै सरनि लैकैं हमारो उद्धार करिये । यह दैन्यताके वचन सुनिके श्रीगुसांईजी प्रसन्न भए ।" અલૌકિક સામર્થ્યના પથગામી માટે દીનતા અનિવાર્ય છે. અલૌકિક સામર્થ્યના ફલ માટે મહાત્મ્યજ્ઞાનપૂર્વક સુદ્રઢ સ્નેહની આવશ્યકતા છે. એ ભેદને ખોલતાં શ્રીગુસાંઈજી આ સ્ત્રીપુરુષને કહે છેકે, "माहात्म्यज्ञान सहित सरनि आवत हैं ताको दान विसेस होत है । ---- पाछें तुलसीदल ले प्रभुनके चरनारविंद आगें समर्पन किये । ताही समै ब्राह्मन-ब्राह्मनीनकों महारसकौ दान भयो । सो लीला सहित श्रीनवनीतप्रियाजीके दरसन भये । और श्रीगुसांईजी के निज स्वरूपको दरसन भयो ।" જગતમાં (લૌકિકમાં) રહીને આવી અલૌકિક અનુભુતિ તનુનવત્વથી થાય છે.

વિષ્ણુદાસજીના પ્રસંગમાં જોઈ ગયાં કે જેટલું પુષ્ટિજીવનું, પ્રભુ અર્થ સમર્પણ વધે છે, એટલો એનો અલૌકિક સામર્થ્ય માટેનો અવકાશ વધે છે. જે પોતાને અતિપ્રિય છે અને સર્વસ્વ છે, એનું સમર્પણ ઉત્તમ છે. આ સિદ્ધાંત સ્ત્રીપુરુષ શીખવાડે છે. **"और पुरुषने सालिग्राम देवीकी मूरति, भागवतकी पोथी और दुर्गापाठकी पोथी भेंट करी । तब श्रीगुसांईजी कहे, जो-तुम ब्राह्मन हो, अपनी पूजा और पोथी क्यों भेंट करत हो ? तब स्त्रीपुरुषने कही, जो-महाराज ! हम इनकों सर्वस्व जानत हते सो हम अब समर्पन किये । स्त्रीकौ सर्वस्व द्रव्य हतो सो भेंट कियो ।"**

અલૌકિક સામર્થ્ય કે તનુનવત્વ પ્રાપ્ત કરવું હોય એને કેવી રીતે ભગવદ્‌મય જીવન બનાવવું જોઈએ એની શિક્ષા શ્રીગુસાંઈજી બ્રાહ્મન-બ્રાહ્મનીને આપે છે. **"आछे स्नेहपूर्वक भगवत्सेवा करियो, नेम सहित । तैसें ही नेमपूर्वक संतदासके कहिवेमें रहियो । और "सर्वोत्तम" के पाठ नेम करि जो बने सो अवस्य करियो ।"** સર્વોત્તમજીના પાઠથી મહાપ્રભુજીની દુર્બોધ વાણી સુબોધ બને છે, પુષ્ટિજીવની ભક્તિને ઉદ્દીપન કરે છે. સર્વોત્તમજી ભક્તિમાં આવતા પ્રતિબંધનો વિનાશ કરે છે, **"विनियोगो भक्तियोग प्रतिबंध विनाशने ।"**

શ્રીગુસાંઈજીને આ પતિ-પત્નીને અલૌકિક સામર્થ્યનું દાન કરવાનું સહેજમાં મન થઈ જાય એવો એમનો ભાવ છે. **"पाछें स्त्रीपुरुष दोऊ जनें श्रीगुसांईजीके चरनकमलको बारबार नमस्कार करिकै बिदा भये । तब श्रीगुसांईजीको हृदय भरि आयो । जो-एसो स्नेह वैष्णवकौ हमारेमें हैं ।**

**परि कहा करिये, बिदा किये बिना नाहीं चलत । तातें बिदा करियत हैं ।"** શ્રીઆચાર્યજી અને શ્રીગુસાંઈજીમાં સ્નેહ રાખનારને અલૌકિક સામર્થ્ય સુલભ છે, એવો ગૂઢ ભાવ છે. શ્રીગુસાંઈજીની કૃપાથી સ્ત્રીપુરૂષને સિદ્ધ થયેલ અલૌકિક સામર્થ્યના દર્શન કરી લઈએ. **"पाछें अत्यंत स्नेह संयुक्त भगवत्सेवा दोऊ जनें करते । भाव करि विप्रयोग दसामें अष्ट प्रहर रहते ।"** અષ્ટપ્રહર કહેવાથી સેવાનો સમય પણ આવી જાય છે. તત્સુખ ભાવનામાં, આ પતિ-પત્ની સેવામાં જેટલું ભગવત્સુખ વિચારે છે, તેટલું તેમને ઓછું લાગે છે. એનોય તાપ છે. એમને સંયોગમાં વિપ્રયોગ સ્થિર છે તેમ વિપ્રયોગ જનિત વિરહમાં ભાવાત્મક સંયોગાનુભૂતિ પણ છે. જેને તનુનવત્વ પ્રાપ્ત થાય છે, એવા મહાભાગ્યશાળી ભગવદીયો ભૂતલ પર રહીને આવો અનુભવ કરી શકે છે ; વિરહાન્તર્ગત સંયોગ અને સંયોગાન્તર્ગત વિરહનો.

## ૨૫૨વાર્તા ૧૫૦ - ઉદ્ધવ ત્રવાડી
## (લીલાનું નામ - "રેણુકા") (રાજસ ભક્ત)

શ્રીગુસાંઈજી અને ઉદ્ધવત્રવાડીનો વાર્તાલાપ સાંભળવાથી સ્પષ્ટ સમજાશે કે આ ભૂતલ પર રહીને અલૌકિક સામર્થ્ય કોને સિદ્ધ થાય. **"उद्धव त्रवाडीने श्रीगुसांईजीसों विनती कीनी, जो-महाराज ! जिनके उपर आपकी कृपा होंइ तिनकों अन्य संबंध कैसें होंई ?"** અન્ય સંબંધથી અહીં કેવલ અન્યાશ્રય ન લેવો, પણ નિવેદિત સર્વ વસ્તુનો, પ્રભુ સિવાય અન્ય વિનિયોગ થવો એય અન્યસંબંધ છે.

"तब श्रीगुसांईजीने कह्यो, "जो-जिनके हृदयमें स्वरूप दृढ भयो है तिनकों अन्यसंबंध उपजे नाहीं । यह सुनिकै उद्धव त्रवाडी बोहोत प्रसन्न भए । पाछे उद्धव त्रवाडीने श्रीगुसांईजीसों बिनती कीनी, जो-महाराज ! आपकी कृपा जीवकों बताओ तब जानि परे । और आपको स्वरूप हृदयारूढ होइ तब अन्याश्रय करे नाहीं । तब जानिये, जो-जीवकों श्रीआचार्यजी महाप्रभुनकौ स्वरूप हृदयारूढ भयो । मार्ग सगरो स्फुरयो । तब श्रीगुसांईजी आप श्रीमुखतें आज्ञा किये, जो-त्रवाडी ! है तो ऐसेंई ।" આ વાર્તાના ભાવપ્રકાશમાં શ્રીહરિરાયજી સારરૂપ એક અદ્દભુત વાત કહે છે ; "जो-श्रीआचार्यजी श्रीगुसांईजीके स्वरूपमें दृढ निष्ठा होंई तब सगरो पुष्टिमार्ग स्फुरायमान होई । और अन्यसंबंध हू न होंई ।" અર્થાત્ શ્રીઆચાર્યજી અને પ્રભુચરણના કૃપાબલથી, અલૌકિક સામર્થ્ય સંપાદન કરેલ ઉદ્ધવ ત્રવાડીનું ચિત્ત અષ્ટપ્રહર ભગવત્સેવા, સ્મરણ, ધ્યાનાદિમાં વિરમે છે.

## ૨૫૨વાર્તા ૧૪૯ - "સુરતવાળા વહુ" જેનો ન્યાય શ્રીગુસાંઈજીએ કર્યો
## (લીલાનું નામ - "નવોઢા") (તામસ ભક્ત)

અકબર બાદશાહ પણ જેનો ન્યાય ન કરી શક્યો, એવા આ સુરતવાળા શાહુકારની સ્ત્રીનો, મ્લેચ્છ વિરુદ્ધ, શ્રીગુસાંઈજીએ ન્યાય કર્યો અને એમના ઉદ્વેગ અને પ્રતિબંધનું આપે ચાતુર્યથી નિવારણ કર્યું. શ્રીવિઠ્ઠલેશપ્રભુએ, તત્પશ્ચાત્ એમને નામ નિવેદન કરાવી, માથે લાલનની સેવા પધરાવી આપી. સુરત જવા એ વહુ જ્યારે શ્રીગુસાંઈજીથી વિદાય લે છે

ત્યારે પ્રભુચરણ એમના સસરા અને ધણીને જે આજ્ઞા કરે છે એમાં અલૌકિક સામર્થ્યવાળા ભગવદીયના લક્ષણના દર્શન થાય છે. "**यह अलौकिक जीव है, आधिदैविक है । या समान धीर कोऊ नाहीं । जो अत्यंत दुःख पड़े धीरज राख्यो । अपनो धर्म खोयो नाहीं ।**" અર્થાત્ અલૌકિક સામર્થ્યના પથગામીને ધૈર્ય રાખવું અનિવાર્ય છે. "ધૈર્યમામૃતે". પ્રભુ ક્યારે કૃપા કરશે એની વાટ જોવાની છે. એમાંથી દૈન્ય જાગે છે અને ભગવદ્ઈચ્છા અનુકૂલ રહેવા માટે મન તત્પર થાય છે. **स्वस्य असामर्थ्य भावनात्** અર્થાત્ નિઃસાધનતા ઉદ્ભવે છે. તનુનવત્વવાળાનું સ્વરૂપ સમજાવતાં શ્રીગુસાંઈજી આજ્ઞા કરે છેકે, "**यह अलौकिक जीव है, आधिदैविक है ।**" આ વાર્તાના ભાવપ્રકાશમાં શ્રીહરિરાયજી આજ્ઞા કરે છેકે, "**जो-वैष्णव कैसो हू संकट आवे तामें धीरज न छोरे । जानें-जो, प्रभु सब भली करत है । तातें या प्रकार विश्वास राखि उनहीको आश्रय करे । तातें सब कारज सिद्ध होंई ।**" અલૌકિક સામર્થ્યવાળા ભક્તો પોતાના કાર્યોની સિદ્ધિ પ્રભુના આશ્રયબલથી કરે છે.

સુરતવાળા વહુનું લીલાનું નામ "નવોઢા" છે. અલૌકિક સામર્થ્ય સિદ્ધ થનારને ચિર "નવલવધુ" નો ભાવ સિદ્ધ છે. વિષ્ણુદાસ છીપાનો ય આવો ભાવ છે. પ્રભુ સંગના પ્રત્યેક પલના મિલનમાં, સંયોગાવસ્થામાં, નૂતન અલૌકિક રોમાંચ છે. પ્રત્યક્ષ વિરહ જેને થતો હોય એ આ ભાવને માણી શકે. ૨૫૨ વૈષ્ણવોની વાર્તાથી, વિષ્ણુદાસના નાજુક ભાવની પિછાણ મળે છે.

❖ ❖ ❖ ❖ ❖ ❖

ओर "श्रीगोकुलनाथजी आपु कथा कहते। सो एक दिन श्रीगोकुलनाथजी आपु दामोदरदास संभरवाले की वार्ता करत हुते। तब एक वैष्णवने पूछ्यो जो महाराज ! आज कथा न कहोगे? तब श्रीगोकुलनाथजी आपु श्री मुखते कह्यो जो आज कथा को फल कहत हैं।"

